# પુલ્પિટ હેલ્પ્સ

ભાગ-૧



રેવ. બી. એસ. પરમાર

# Pulpit Hepls

## ( પુલ્પિટ હેલ્પ્સ )

ભાગ - ૧

ઉપદેશ માટે
ઉપયોગી
ઉદાહરણો

: રૂપાંતરકાર :

રેવ. બી. એસ. પરમાર

પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧

પ્રથમ આવૃત્તિ : નકલ ૧૦૦૦
દ્વિતીય આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૯૯
નકલ : ૧૦૦૦
કિંમત : રૂા. ૩૦/-

મુદ્રક :
**ફોટ્રોનિક્સ**
ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ સામે,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ફોન : ૬૪૨૭૪૪૮

# સ્વ. કેથેરાઈનબહેન સિરિલભાઈની જીવનઝરમર

ઈશ્વરપરાયણ કેથેરાઈનબહેનનો જન્મ લોટિયા ભાગોળ, આણંદના મહિડા કુટુંબમાં જૂન ૨૦, **૧૯૦૩માં** થયો હતો. આખું કુટુંબ સાલ્વેશન આર્મીનું સભ્ય હતું. બાળપણમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવતાં, ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોનું આ કુટુંબ મુશ્કેલીમાં મુકાયું હતું. ઉંમરમાં બહેનો નાની હતી તથા બીજી જવાબદારીઓ પણ હતી. પ્રભુપિતાની કૃપાથી એક ભાઈને આફ્રિકામાં સગાંવહાલાંઓની મદદથી બોલાવી લીધા અને ત્યારબાદ બીજા બન્ને ભાઈઓને પણ જવાનું થયું. બે બહેનોનાં લગ્ન લેવાયાં, પરંતુ ભાઈઓ આફ્રિકા જાય તે પહેલાં કેથેરાઈનબહેનને શિક્ષણ અર્થે આણંદમાં કેથોલિક મિશનની છોકરીઓની બોર્ડિંગમાં મૂક્યાં. સાત ધોરણનું શિક્ષણ પૂરું કરતાં નાની ઉંમરમાં જ મુંબઈ સ્થિત શ્રી સિરિલભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. બન્નેનું જીવન પ્રભુમય, સેવાભાવી, પરોપકારી અને પ્રાર્થનામય વીતતું ગયું. કુટુંબમાં પ્રભુએ ચાર પુત્રો તથા ચાર પુત્રીઓનું દાન આપ્યું. સંજોગોવશાત્ મુંબઈ છોડીને આણંદમાં આવ્યાં. પ્રભુપિતાની કૃપાથી પોતાનો આગવો નાનો ધંધો શરૂ કર્યો. પરંતુ જયેષ્ઠ પુત્રને ૧૯૪૫મા ટ્રેઈનના અકસ્માતમાં ગુમાવતાં કેથેરાઈનબહેનનો જીવનમાંથી રસ ઊડી ગયો. પુત્રના વિરહમાં તેમણે કેટલીક વસ્તુઓ આહારમાં જીવન જીવતાં સુધી નહિ લેવાનું નક્કી કર્યું તથા એક સાધ્વી જેવું જીવન જીવવાનું શરૂ કર્યું.

તેમનું સ્વપ્ન હતું કે બાળકો સારું શિક્ષણ મેળવે તથા ખ્રિસ્તી શિક્ષણ ધારણ કરે અને પ્રભુના કામમાં વપરાય અને તેના

નમૂનારૂપે તેઓએ બાળકોને શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કર્યા. તેઓ બધાં બાળકોને તેમની ભાવિ આવકમાંથી જે કાંઈ શક્ય બને તે પ્રભુના નામમાં આપવું તેવું શિક્ષણ આપતાં હતાં. બાળકો પણ તેમના ઉપર એટલો જ પ્રેમ કરતાં, પરંતુ સંજોગોએ બાળકોનું સુખ જોવાની તેમને તક મળી નહીં.

જૂન ૧૯૫૮માં અચાનક પેટમાં દુઃખ ઊપડ્યું અને પેટમાં ગાંઠ છે તેમ જણાતા આઈ. પી. મિશન, આણંદના લીમડાવાળા દવાખાનામાં દાખલ કર્યાં. ડો. રૂધરફોર્ડ સાહેબે ઓપરેશન કર્યું. પરંતુ ત્રણ માસ પથારીવશ માંદગીમાં રહ્યાં. ત્રણ માસની પથારીવશ માંદગીમાં થાકી ગયાં અને કહેતાં કે, "મને પરમ શાંતિમાં ઊંઘવા દો, મને ઉઠાડશો નહિ." અને એમ આખા કુટુંબને છોડીને ઓગસ્ટ ૧૭, ૧૯૫૮માં પ્રભુપિતાની પરમ ગોદમાં હમેશને માટે ઊંઘી ગયાં.

તેમના નમૂનારૂપ જીવનની સુવાસ તેમના કુટુંબમાં તથા ખ્રિસ્તી સમાજમાં મૂકતાં ગયાં. આજે તેમનાં બાળકો તથા બાળકોનાં બાળકો પણ પ્રભુપિતાની અસીમ કૃપાથી પ્રભુમય શાંત જીવન જીવી રહ્યાં છે.

– પુત્ર પૉલ સિરિલ બિશ્વાસ

# પ્રસ્તાવના

પ્રભુ ઈસુએ પૃથ્વી પરની સેવા દરમિયાન દૃષ્ટાંતો અને વાર્તાઓ દ્વારા શિક્ષણ આપ્યું. ઈશ્વરનો પ્રેમ સમજાવવા 'ઉડાઉ દીકરાની' વાર્તા અને પડોશી ધર્મ સમજાવવા કહેલી 'ભલા સમરૂની'ની વાર્તાને કોણ ભૂલી શકે? કોઈકે કહ્યું છે કે ઈશ્વરવિદ્યાના અને ફિલોસોફીના અઘરા શબ્દોમાં કહેવાએલું સત્ય સમજાવવામાં નિષ્ફળતા મળે છે, ત્યારે ઉદાહરણ કે વાર્તાના સહેલા શબ્દો દ્વારા કહેવાએલું સત્ય સમજાવવામાં સફળતા પ્રાપ્ત થાય છે. ઉદાહરણ દ્વારા શ્રોતાજનોનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે, રસ ઉત્પન્ન કરી શકાય છે અને જે અલ્પ કહેવું છે તેને વધુ સ્પષ્ટ રીતે સમજાવી શકાય છે.

ઉદાહરણને સંદેશાની બારી કહેવામાં આવે છે. "Windows of the Sermon" આપણા મકાનમાં બારીઓ ખૂબ જરૂરી છે. બારી દ્વારા ઘરમાં પ્રકાશ આવે છે, તાજી હવા આવે છે અને મકાનની શોભામાં વધારો થાય છે. જો મકાનમાં એક પણ બારી ના હોય તો અંધારું રહે છે, હવાની અવર-જવર થતી નથી, પરિણામે એ મકાન રહેવા લાયક લાગતું નથી. એમ જ ઉદાહરણરૂપી બારી દ્વારા સંદેશાના મુદ્દા ઉપર વધુ પ્રકાશ પાડી શકાય છે. ઉદાહરણ દ્વારા શ્રોતાજનો સંદેશામાં કહેવાયેલા સત્યને સ્પષ્ટ સમજી શકે છે. ઉદાહરણ દ્વારા ઉપદેશક શ્રોતાજનોને સંદેશામાં જોવાની ફરજ પાડે છે. આમ ઉદાહરણો સંદેશામાં બારીની ગરજ પૂરી પાડે છે.

હવે જેમ મકાનમાં તેમ સંદેશામાં બારીની જરૂર તો ખરી જ, પણ કેટલી બારીઓ મૂકવાની? જો મકાનમાં એક પણ બારી ના હોય તો તે અંધારીઓ ખંડ બની જાય, અને જો નરી બારીઓ જ હોય તો દીવાલ ક્યાં? મકાનની મજબૂતી ક્યાં? મકાનની ગુપ્તતા ક્યાં? એમ જ ઉપદેશકના સંદેશામાં ઉદાહરણોરૂપી નરી બારીઓ જ હોય તો સંદેશો ક્યાં? સંદેશાનું હાર્દ ક્યાં? અલ્પ શું? આથી જ જેમ મકાનમાં તેમ સંદેશામાં પણ પ્રમાણસરની બારીઓ જ શોભે. ઉદાહરણ એ સંદેશો નથી, ફક્ત સંદેશાને સ્પષ્ટ અને સરળ રીતે સમજાવનાર બારી છે.

ત્રીસ વર્ષની મારી એકધારી પાળકીય સેવામાં સંદેશાની સેવા આનંદદાયક પણ અતિ ગંભીર જવાબદારીવાળી લાગી છે. નવા કરારના સુવાર્તિક તરીકે અને જૂના કરારના પ્રબોધક તરીકે સંદેશો આપવાનો છે. દેવનાં વચનોમાંથી આવેલો સંદેશો મારા શ્રોતાજનોને સરળ રીતે સમજાવવામાં અને અસરકારક બનાવવામાં ઉદાહરણો મને ઘણાં ઉપયોગી લાગ્યાં છે, કોઈને મુખેથી સાંભળેલાં, પુસ્તકો, મેગેઝિનો અને સમાચારપત્રોમાંથી વાંચેલાં ઉદાહરણો, વાર્તાઓ નોટબુકોમાં ટપકાવી લેવાની મારી જૂની પુરાણી આદતે સારાં એવાં ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. સંદેશો તૈયાર કરતી વખતે દરેક ઉપદેશકને ઉદાહરણ શોધવાની મુશ્કેલી તો લાગે છે. ગુજરાતીમાં આપણી પાસે આને માટે ખાસ પુસ્તકો પણ નથી. આથી જ હું કોઈ લેખક ન હોવા છતાં લખ્યા વગર રહી શક્યો નહિ. મારી પાસે જે છે તે મારા સાથી પાળક મિત્રો-ઉપદેશકોને ઉપયોગી થાય એ જ આની પાછળ મારી નમ્ર અને શુદ્ધ ભાવના

છે. વેરવિખેર પડેલાં ઉદાહરણોને એકઠાં કરી પુસ્તકરૂપે મૂકવાનો મને આનંદ થાય છે.

સર જેમ્સ સિમ્પસનને પૂછવામાં આવ્યું કે, તેઓ પોતાની કઈ શોધને મહાન ગણાવે છે? "ક્લોરોફોમ" કહેવાને બદલે તેમણે કહ્યું, "મારી મહાન શોધ ડિસેમ્બર ૨૫, ૧૮૬૧ ના રોજ થઈ અને તે એ કે 'હું પાપી છું અને ઈસુ મારો તારનાર છે.' "

મિત્રો, ઉદાહરણો તમારા સંદેશાને સરળ રીતે સમજાવવામાં ઉપયોગી બનશે પણ સંદેશો અસરકારક અને સામા હ્રદયને વીંધનાર તો ત્યારે જ બનશે જ્યારે જેમ્સ સિમ્પસનના જેવી શોધ તમે કરી હશે.

"If there is unction on the pulpit, there will be action in the pews."

ખ્રિસ્ત ઈસુની મંડળીના બધા અભિષિક્ત પાળક-ઉપદેશક બોધક બંધુઓને સપ્રેમ સમર્પણ.

**– રેવ. બી. એસ. પરમાર**

# પ્રથમ આવૃત્તિ

પાળકો અને ઉપદેશકો માટે ગુજરાતી ભાષામાં જે પુસ્તકની ખૂબ જ જરૂર હતી તે પૂરી પાડવા માટે રેવ. બી. એસ. પરમારને મારાં હાર્દિક અભિનંદન.

આ પુસ્તકનું આમુખ લખતાં હું આનંદ અનુભવું છું, કારણ કે, હું પણ એક પાળક છું.

જ્યારે આ પુસ્તકની હસ્તપ્રત મેં વાંચવાં હાથમાં લીધી ત્યારે એકે એક ઉદાહરણ એટલું બધું રસિક અને અર્થપૂર્ણ લાગ્યું કે પુસ્તક હાથમાંથી નીચે મૂકવાનું મન ના થાય. કેટલાંક ઉદાહરણો સાથે બાઈબલની કલમો પણ ટાંકી છે જે ઉદાહરણને વધુ અસરકારક બનાવે છે.

રેવ. બી. એસ. પરમારને લગભગ છેલ્લાં ૩૦-૩૨ વર્ષથી હું અંગત રીતે ઓળખું છું. તેમના ઉપદેશ મેં ઘણી વખત સાંભળ્યાં છે. તેમનો ઉપદેશ વિષય કેન્દ્રિત, સચોટ અને વ્યવહારુ. આ ઉપદેશમાં એકાદ બે ઉદાહરણ પણ હોય છે.

તેમના પરિચયથી એ પણ જણાયું કે, તેઓ એક સારા ઉપદેશક પાળક નહિ પરંતુ સારા લેખક પણ છે. વાચકવર્ગે તેમના લેખો 'ખ્રિસ્તીબંધુ'માં વાંચ્યાં હશે.

રેવ. પરમારે ગુજરાત કોન્ફરન્સમાં આણંદ, નડિયાદ અને અમદાવાદ શાહપુર જેવી મંડળીઓમાં પાળક તથા ડિ. સુ. તરીકેની લાંબી સેવાઓ આપી છે. હાલ તેઓ પાળક તથા કોન્ફરન્સ ટ્રેઝરર તરીકે બેવડી જવાબદારી ઉપાડી રહ્યાં છે.

પ્રભુના એક સેવક/પાળકે કહ્યું છે કે "A sermon without illustratious is like a house without windows" ઉદાહરણ કે દાખલા વગરનો ઉપદેશ તે બારીઓ વગરના મકાન જેવો છે, આ વિધાન કેટલું બધું સાચું છે!

ઉદાહરણ કે દાખલા શ્રોતાજનોને ધ્યાનગ્રસ્ત રાખે છે, ઉદાહરણ કે દાખલો યાદ આવતાં ઘણી વાર સાચો સંદેશો યાદ રાખી શકાય છે. પરંતુ જેમ રેવ. પરમારે આ પુસ્તકમાં સૂચના કરી છે તેમ ઉદાહરણોનો યોગ્ય સ્થળે યોગ્ય સમયે જ આપણા ઉપદેશમાં ઉપયોગ કરીએ.

''થોડીક પળો'' ''સમયનો સદ્ઉપયોગ''ને લગતાં ઉદાહરણો આ પુસ્તકમાં આપ્યાં છે. રેવ. પરમારે તેનો અમલ કર્યો છે, કારણ કે, જ્યારે ડિસે. ૧૯૯૨ અને જાન્યુઆરી ૧૯૯૩માં અમદાવાદ શહેર અઠવાડિયાં સુધી સંચારબંધીમાં જકડાયેલું હતું ત્યારે જ આ પુસ્તક પણ લખવામાં આવ્યું. આ પુસ્તક વાંચવાથી વાચકવર્ગને એક વાતની સારી અસર થશે કે રેવ. પરમારનો અનુભવ અને વાંચન બહુ જ બહોળા છે.

એક પાળકે તેમના અંગત અને બહોળા અનુભવ પછી લખેલું આ પુસ્તક વાચકવર્ગને ઘણું જ ઉપયોગી બની રહેશે એવી આશા તથા શુભેચ્છા સાથે.

ખ્રિસ્તમાં સાથી પાળક, **રેવ. ડૉ. આર. એમ. રાઠોડ**

તા. ૨-૨-૯૩

# આવકાર

'પુલ્પિટ હેલ્પ્સ'ના પ્રથમ ભાગની આ બીજી આવૃત્તિ બહાર પડે છે, તે આપણ સૌને માટે આનંદની વાત છે. આપણે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ કે તેમણે આપણને સ્તુતિ, ભક્તિ, આરાધના અને પાપકબૂલાતનો સમય આપ્યો છે. એથી જ મોટા ભાગના ખ્રિસ્તીઓ માટે રવિવારની સવારની ભક્તિસભા એ ઈશ્વરની આરાધના માટેનો એક ઉત્તમ પ્રસંગ બની જાય છે.

'આપણે એકઠાં થવાનું પડતું ન મૂકીએ.' એ ઈશ્વરી વિધાનના ઘણા બધા ફાયદા છે. સીધા અને આડકતરા, વ્યક્તિગત અને કૌટુંબિક. એમાંયે ચોક્કસ વાત તો એ છે કે ઘણા શ્રોતાઓ વક્તાની ઘણી બધી વાતો ભૂલી જાય છે, સમયની સાથે એ વીગતો અને દલીલો સ્મરણપટમાંથી ભૂંસાઈ જાય છે, પરંતુ જે જીવંત અને સચોટ પ્રસંગો કે ઉદાહરણો હોય છે તે શ્રોતાઓ ભાગ્યે જ ભૂલી શકે છે. એ તો એમના સ્મરણપટમાં અને જીવનમાં રમ્યા કરે છે. દલીલોથી જે સમજાવી ન શકાય, ઈશ્વરવિદ્યાથી પણ જે સરળ ન બની શકે એવી કેટલીયે બાબતો અને સિદ્ધાંતો જીવંત ઉદાહરણોથી અત્યંત સરળ અને આકર્ષક બની જાય છે.

ઈસુ ખ્રિસ્ત જેમ બધી બાબતોમાં તેમ આમાં પણ સૌથી અસરકારક વક્તા સાબિત થયા છે; કારણ કે, તેમણે પોતાની લગભગ બધી જ વાતો દૃષ્ટાંતોમાં કે ઉદાહરણોમાં કહી છે. 'ઉડાઉ દીકરો' એમનું એક સર્વોત્કૃષ્ટ દૃષ્ટાંત છે.

આવા ઘણાં બધાં 'ઉપદેશ માટે ઉપયોગી ઉદાહરણો' જુદા

જુદા દેશોમાંથી સંસ્કૃતિઓમાંથી અને સમાજોમાંથી, ઈતિહાસ અને ભૂગોળમાંથી - આ પુસ્તકના વિદ્વાન સંપાદક આપણી સમક્ષ લઈ આવ્યા છે, જે તેમની સરળ વિદ્વતા અને સઘન અભ્યાસનિષ્ઠાનાં ઉત્તમ પરિણામ છે. તેથી જ આવાં પુસ્તકો આપણે માટે દીવાદાંડી સમાન, અંધકારમાંથી પ્રકાશ તરફ અને નિરાશાની ખીણમાંથી આશાની હરિયાળી તરફ દોરી જાય છે.

આવાં અસરકારક અને પ્રેરણાદાયી પુસ્તકો રેવ. બી. એસ. પરમાર સાહેબ તરફથી સતત મળતાં રહે એ જ પ્રાર્થના અને શુભેચ્છા.

આ પુસ્તકના પુનઃમુદ્રણ માટે નૈરોબીના **શ્રી પૉલ બિશ્વાસ** સાહેબ તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** નું ઉમદા દાન મળ્યું છે, તેથી શ્રી અને શ્રીમતી પૉલ બિશ્વાસ તથા કુટુંબનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**– ભગવતપ્રસાદ ચૌહાણ**
**સેક્રેટરી**

# અનુક્રમણિકા


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ભલા શુક્રવારના સારા સમાચાર | ૧ |
| ૨ | નમ્રસેવા | ૨ |
| ૩ | ભૂલ આપણા બેઉની | ૩ |
| ૪ | ઉત્તેજન | ૪ |
| ૫ | શબ્દ સદેહ થઈને....વસ્યો | ૫ |
| ૬ | લોહી વગર માફી નથી | ૬ |
| ૭ | પ્રભુમાં સદા આનંદ કરો | ૭ |
| ૮ | કારણ કે હું એક મા છું | ૮ |
| ૯ | ઉત્પતિ ૧ ; ૧ | ૯ |
| ૧૦ | તમે કોણ છો? | ૧૦ |
| ૧૧ | ધનદોલત | ૧૧ |
| ૧૨ | મનીઓર્ડર | ૧૨ |
| ૧૩ | મારી યાદગીરીમાં આ કરો | ૧૩ |
| ૧૪ | ગાડી | ૧૪ |
| ૧૫ | પ્રિન્સ અને પ્રિન્સેસ | ૧૫ |
| ૧૬ | નિગ્રો છોકરી | ૧૬ |
| ૧૭ | ભારતનો કરોળિયો | ૧૭ |
| ૧૮ | માણસ | ૧૮ |
| ૧૯ | મોટા માણસોની નાની વાતો | ૧૯ |
| ૨૦ | કામની કદર | ૨૧ |
| ૨૧ | બીજી તક | ૨૨ |

| | | |
|---|---|---|
| ૨૨ | રાત્રે મરણ - સવારે સેવા | ૨૩ |
| ૨૩ | તક નથી | ૨૫ |
| ૨૪ | સમયને સાચવો | ૨૬ |
| ૨૫ | ગુડ નાઈટ | ૨૮ |
| ૨૬ | નાગરિકત્વ | ૩૦ |
| ૨૭ | મને ચિંતા થાય છે | ૩૧ |
| ૨૮ | પ્રિન્સ | ૩૨ |
| ૨૯ | ગુલાયો | ૩૩ |
| ૩૦ | સર વોલ્ટર રેલે | ૩૪ |
| ૩૧ | જીવતા કે મરેલા | ૩૫ |
| ૩૨ | પાપ સંતાડી શકાય નહિ | ૩૬ |
| ૩૩ | તારા રાજ્યમાં મને યાદ કરજે | ૩૮ |
| ૩૪ | દાન આપતાં નમવું જોઈએ. | ૪૦ |
| ૩૫ | કબૂલાત | ૪૧ |
| ૩૬ | પ્રજાજનો ખાતર | ૪૨ |
| ૩૭ | મરવું એ નક્કી છે | ૪૩ |
| ૩૮ | મારા પિતા વેપારી નથી | ૪૪ |
| ૩૯ | રાબ્બીનો વિલાપ | ૪૫ |
| ૪૦ | હિસાબ આપવો સહેલું નથી | ૪૬ |
| ૪૧ | દુઃખ સહન કરવા લાયક | ૪૭ |
| ૪૨ | વ્યાજ સાથે | ૪૮ |
| ૪૩ | ઘંટ વાગ્યો નહિ | ૪૯ |
| ૪૪ | ચિઠ્ઠી | ૫૦ |
| ૪૫ | બીજા નવ ક્યાં છે? | ૫૨ |

| | | |
|---|---|---|
| ૪૬ | ઈસુ વિષે વાત કરો | ૫૩ |
| ૪૭ | આત્માની ચિંતા | ૫૪ |
| ૪૮ | સાજાપણું આપતો પડછાયો | ૫૫ |
| ૪૯ | ઈશ્વરને વચ્ચે લાવો | ૫૬ |
| ૫૦ | પાગલ બાદશાહ | ૫૭ |
| ૫૧ | નુકસાનનો ફાયદો | ૫૮ |
| ૫૨ | પીલર | ૫૯ |
| ૫૩ | વિદાયની પ્રાર્થના | ૬૦ |
| ૫૪ | ડાબા હાથની ત્રીજી આંગળી | ૬૧ |
| ૫૫ | દેવનું પુસ્તક | ૬૨ |
| ૫૬ | ફરિયાદની ટોપલી | ૬૩ |
| ૫૭ | ઈસુ તરફ જુઓ | ૬૪ |
| ૫૮ | રાષ્ટ્રની આબરૂ ખાતર પુત્રનું બલિદાન | ૬૬ |
| ૫૯ | સ્વજનોના ઘા | ૬૭ |
| ૬૦ | વત્સલ પિતાનો કરુણ અંજામ | ૬૮ |
| ૬૧ | ધુમ્મસ ઊડી ગયું | ૬૯ |
| ૬૨ | વીતી ગએલી ઘટના | ૭૦ |
| ૬૩ | મને કોઈ ડર નથી | ૭૧ |
| ૬૪ | નારંગીનો સ્વાદ | ૭૨ |
| ૬૫ | માતાને પત્ર | ૭૩ |
| ૬૬ | વહાણના સઢ ચઢાવો | ૭૪ |
| ૬૭ | લઘુમતી | ૭૫ |
| ૬૮ | માનો પ્રેમ | ૭૬ |
| ૬૯ | કયા જોનને ઓળખો છો? | ૭૭ |

| | | |
|---|---|---|
| ૭૦ | પડદા પાછળની સેવા | ૭૮ |
| ૭૧ | ખ્રિસ્તમાં હા | ૮૦ |
| ૭૨ | મરણપ્રસંગે સ્તુતિ | ૮૧ |
| ૭૩ | સાહિત્યની અસરો | ૮૨ |
| ૭૪ | પારસમણિ | ૮૪ |
| ૭૫ | ઈશ્વરી ગૌરવનું સન્માન | ૮૫ |
| ૭૬ | લગ્ન જીવનના નિયમો | ૬૮ |
| ૭૭ | આકાશમાં દીવો | ૮૭ |
| ૭૮ | માનું વચન | ૮૮ |
| ૭૯ | પંદર વર્ષનો વધારો | ૮૯ |
| ૮૦ | બુટ પોલીશ | ૯૦ |
| ૮૧ | રસ્તો મળી ગયો | ૯૧ |
| ૮૨ | એસ્પ્રીન કંપનીને પત્ર | ૯૨ |
| ૮૩ | ઉપદેશ | ૯૩ |
| ૮૪ | મિશનરી ઈન વ્હીલચેર | ૯૪ |
| ૮૫ | માફીનો મહિમા | ૯૫ |
| ૮૬ | સફળતાની સીડી | ૯૬ |
| ૮૭ | નાની સેવાનું પરિણામ | ૯૭ |
| ૮૮ | ત્યાગપૂર્ણ દાન | ૯૮ |
| ૮૯ | ઈસુને કોણે વધસ્તંભે જડ્યા? | ૯૯ |
| ૯૦ | વ્યક્તિગત સુવાર્તાપ્રચાર | ૧૦૦ |
| ૯૧ | ઉત્તમ મિત્ર | ૧૦૧ |
| ૯૨ | ભારે કિંમત | ૧૦૨ |
| ૯૩ | કુરબાની | ૧૦૩ |

| | | |
|---|---|---|
| ૯૪ | રાજાની હજૂરમાં | ૧૦૪ |
| ૯૫ | આનંદી માણસ | ૧૦૫ |
| ૯૬ | આપવાની ધન્યતા | ૧૦૬ |
| ૯૭ | છાપરા વગરનું ઘર | ૧૦૭ |
| ૯૮ | બલઆમની ગધેડી | ૧૦૮ |
| ૯૯ | આ પણ જતું રહેશે | ૧૦૯ |
| ૧૦૦ | મજબૂત કારણ બતાવો | ૧૧૧ |
| ૧૦૧ | દુઃખને તમે જાણો છો | ૧૧૨ |
| ૧૦૨ | એ ત્યાં હતો | ૧૧૩ |
| ૧૦૩ | મારા બાપા દોરડું પકડે તો | ૧૧૪ |
| ૧૦૪ | મારા દીકરા, હું તને ચાહું છું | ૧૧૫ |
| ૧૦૫ | શોધ | ૧૧૭ |
| ૧૦૬ | બાઈબલ | ૧૧૮ |
| ૧૦૭ | ગેટ કીપર | ૧૧૯ |
| ૧૦૮ | ટીકા | ૧૨૧ |
| ૧૦૯ | ધાર્મિકતા | ૧૨૩ |
| ૧૧૦ | ધોળો રંગ જોવાની ટેવ પાડો | ૧૨૪ |
| ૧૧૧ | દોરડું પકડી રાખજો | ૧૨૫ |
| ૧૧૨ | પ્રાર્થનાનો જવાબ | ૧૨૬ |
| ૧૧૩ | મહત્ત્વનો સમય | ૧૨૭ |
| ૧૧૪ | દરવાજો બંધ કરો | ૧૨૮ |
| ૧૧૫ | હું આવવા તૈયાર છું | ૧૨૯ |
| ૧૧૬ | આપણે ગીત ગાઈએ | ૧૩૦ |
| ૧૧૭ | ખાલી હાથ | ૧૩૧ |

| | | |
|---|---|---|
| ૧૧૮ | નો રિગ્રેટસ | ૧૩૩ |
| ૧૧૯ | છેતરનાર વચન | ૧૩૫ |
| ૧૨૦ | ખાલી કવરનો સંદેશો | ૧૩૬ |
| ૧૨૧ | બેનહર | ૧૩૭ |
| ૧૨૨ | ચૂપ રહેવાનો સમય | ૧૩૯ |
| ૧૨૩ | ફરી મળીશું | ૧૪૧ |
| ૧૨૪ | યિર્મેયા અને આકાશના તારા | ૧૪૨ |
| ૧૨૫ | પૃથ્વીનો આધાર | ૧૪૪ |
| ૧૨૬ | લોહીમાં જીવન છે | ૧૪૫ |
| ૧૨૭ | પૃથ્વી ગોળ છે | ૧૪૬ |
| ૧૨૮ | ખૂટતી કડી | ૧૪૭ |
| ૧૨૯ | ઈશ્વરની અજાયબ વ્યવસ્થા | ૧૪૮ |
| ૧૩૦ | વૈજ્ઞાનિકોનાં મંતવ્યો | ૧૪૯ |
| ૧૩૧ | વ્યવસ્થા - ગજબની | ૧૫૦ |
| ૧૩૨ | એક વેધક સવાલ | ૧૫૧ |
| ૧૩૩ | દારૂ પીશો? | ૧૫૨ |
| ૧૩૪ | હિંમતનો વિજય | ૧૫૪ |
| ૧૩૫ | પ્રામાણિક માણસ | ૧૫૬ |
| ૧૩૬ | અદ્‌ભુત યંત્ર | ૧૫૭ |
| ૧૩૭ | પડ્યું રે પડ્યું, મોટું બાબેલોન પડ્યું | ૧૫૮ |
| ૧૩૮ | આગમનના સમાચાર | ૧૫૯ |
| ૧૩૯ | વિવેકી જુવાન | ૧૬૦ |
| ૧૪૦ | રાજ્યના ગુનેગાર | ૧૬૨ |
| ૧૪૧ | સેવામાં મહત્ત્વ | ૧૬૩ |

| | | |
|---|---|---|
| ૧૪૨ | આપણા ઝઘડાઓ | ૧૬૪ |
| ૧૪૩ | ફુરસદની પળો | ૧૬૬ |
| ૧૪૪ | ભલે પધારો | ૧૬૯ |
| ૧૪૫ | ઈસુ તમને ચાહે છે | ૧૭૦ |
| ૧૪૬ | છાપરા ઉપર ઊંટ | ૧૭૧ |
| ૧૪૭ | માનવંત મહેમાનો | ૧૭૨ |
| ૧૪૮ | ઈખાબોદ | ૧૭૩ |
| ૧૪૯ | પક્ષીની સલાહ | ૧૭૪ |
| ૧૫૦ | નાટક | ૧૭૬ |
| ૧૫૧ | માફી આપતો પ્રેમ | ૧૭૭ |
| ૧૫૨ | એકંદરે સઘળું હિતકારક | ૧૭૮ |
| ૧૫૩ | કેપ્ટન | ૧૭૯ |
| ૧૫૪ | તું પણ જઈને એમ કર | ૧૮૦ |
| ૧૫૫ | ન્યાયી વિશ્વાસથી જીવશે | ૧૮૧ |
| ૧૫૬ | દુનિયાની માંદગીનો ઉપાય | ૧૮૨ |
| ૧૫૭ | આસ્તિક કે નાસ્તિક | ૧૮૪ |
| ૧૫૮ | હોટેલ | ૧૬૮ |
| ૧૫૯ | પાણીનો દ્રાક્ષારસ | ૧૮૭ |
| ૧૬૦ | અમાનત | ૧૮૯ |
| ૧૬૧ | જ્યોર્જ વોશિંગ્ટન | ૧૯૧ |
| ૧૬૨ | દોટ | ૧૯૨ |
| ૧૬૩ | વિદ્યાર્થી પાળક | ૧૯૩ |
| ૧૬૪ | પદાર્થપાઠ | ૧૯૫ |
| ૧૬૫ | લાગણી | ૧૯૭ |

| | | |
|---|---|---|
| ૧૬૬ | ધનવાન માણસ | ૧૯૮ |
| ૧૬૭ | સમાચારપત્ર | ૧૯૯ |
| ૧૬૮ | મારે માટે બંને સરખું છે. | ૨૦૦ |
| ૧૬૯ | સ્કોલરશીપ | ૨૦૧ |
| ૧૭૦ | સંસારની હોળી | ૨૦૩ |
| ૧૭૧ | ઉદ્ધીનું હૃદય | ૨૦૫ |
| ૧૭૨ | કીમતી આંસુ | ૨૦૬ |
| ૧૭૩ | સંપૂર્ણ થયું | ૨૦૭ |
| ૧૭૪ | સત્ય | ૨૦૮ |
| ૧૭૫ | ટેલિવિઝન | ૨૧૦ |
| ૧૭૬ | દિનુનું બીલ | ૨૧૧ |
| ૧૭૭ | કર્તવ્યપાલન | ૨૧૨ |
| ૧૭૮ | મેં મારી ફરજ બજાવી છે | ૨૧૩ |
| ૧૭૯ | શાંત પૂરી શાંત | ૨૧૪ |
| ૧૮૦ | આપણું શરીર | ૨૧૫ |
| ૧૮૧ | અંદર-બહાર | ૨૧૭ |
| ૧૮૨ | ધન્ય છે તેઓને... | ૨૧૮ |
| ૧૮૩ | તૂરનો માર્ટિન | ૨૨૦ |
| ૧૮૪ | સંપૂર્ણ ભરોસો | ૨૨૧ |
| ૧૮૫ | રોગ અને રસ્સી | ૨૨૨ |
| ૧૮૬ | પ્રાર્થનાનું મહત્ત્વ | ૨૨૪ |
| ૧૮૭ | કારખાનામાંથી કેન્દ્ર | ૨૨૬ |
| ૧૮૮ | ભલું નામ | ૨૨૭ |
| ૧૮૯ | મા | ૨૨૮ |

| | | |
|---|---|---|
| ૧૯૦ | આત્મવિશ્વાસ | ૨૩૧ |
| ૧૯૧ | જેલ અને સાહિત્ય | ૨૩૩ |
| ૧૯૨ | અભયદાન | ૨૩૪ |
| ૧૯૩ | નવો ધર્મ | ૨૩૫ |
| ૧૯૪ | ઈસુને હાથ સલામત | ૨૩૬ |
| ૧૯૫ | પ્રેમનો અનુભવ | ૨૩૭ |
| ૧૯૬ | ગુસ્સો | ૨૩૮ |
| ૧૯૭ | મિશનરીઓ મોકલો | ૨૪૦ |
| ૧૯૮ | ખ્રિસ્ત વગરનો ખ્રિસ્તી ધર્મ | ૨૪૨ |
| ૧૯૯ | આભારસ્તુતિ | ૨૪૩ |
| ૨૦૦ | માનવતાનો માંડવો | ૨૪૪ |
| ૨૦૧ | ચૂંટેલાં ફૂલ અને વીણેલાં મોતી | ૨૪૬ |
| ૨૦૨ | છેલ્લા શબ્દો | ૨૪૮ |

# ૧. ભલા શુક્રવારના સારા સમાચાર

શિકાગો શહેરમાં બહુ મોટી કોન્ફરન્સ મળી હતી, જેમાં દુનિયાના લગભગ બધા જ ધર્મોના આગેવાનો મળ્યા હતા. એક સેશનમાં ડૉ. જોસફ કૂક બધા પ્રતિનિધિઓને સંબોધી રહ્યા હતા. તેમણે કહ્યું, ''મિત્રો, એક સ્ત્રીને હું તમારી આગળ રજૂ કરું છું, જે ઘણી દુઃખી છે. આ સ્ત્રીએ એક ખૂન કર્યું છે અને એ ખૂનના ડાઘા તેના હાથ પર પડેલા છે. આ ડાઘ સાફ કરવા તેણે ઘણા પ્રયત્નો કર્યા પણ લોહીના ડાઘા જતા નથી. આ સ્ત્રી ઘણી બેચેન છે. તમારા ધર્મમાં શું એવી કોઈ બાબત છે જે આ સ્ત્રીના હાથ પરના ડાઘા દૂર કરે અને તેને શાંતિ આપે?'' ડૉ. કૂક થોડી વાર થોભ્યા, પછી આકાશ તરફ જોઈને બોલ્યા, ''સંત યોહાન, શું તમે કહી શકશો કે આ સ્ત્રી કેવી રીતે શાંતિ અનુભવે?'' પછી થોડી વાર થોભીને બોલ્યા, ''સાંભળો, સંત યોહાન શું કહે છે?'' ''તેના દીકરા ખ્રિસ્ત ઈસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.''

ભલા શુક્રવારના શુભ સમાચાર તે આજ છે. આપણા પાપના ડાઘ ધોઈ નાખવા માટે ખ્રિસ્તે વધસ્તંભ પર પોતાનું લોહી વહેવડાવ્યું છે - આ શુભ સમાચાર છે.

◆◆◆

# ૨. નમ્ર સેવા

વૉશિંગ્ટનનો એક મુત્સદી માર્શફિલ્ડમાં ડેનીઅલ વેબસ્ટરની મુલાકાતે ગયો. ઘર તરફનો ટૂંકો રસ્તો લેવા જતાં એક ઝરણા પાસે આવ્યો, જેને તે પાર કરી શક્યો નહિ. મદદ માટે આમ તેમ જોતો હતો એવામાં ગ્રામીણ જેવા લાગતા એક ખેડૂતને જતાં જોયો. તેને બોલાવી કહ્યું, "જો તું મને આ ઝરણું પાર કરાવી આપે તો હું તને થોડા પૈસા આપીશ." પેલા ખેડૂત જેવા લાગતા માણસે તેને પોતાને ખભે બેસાડી ઝરણું પાર કરાવ્યું, પણ પૈસા લેવાની ના પાડી. જ્યારે પેલો મુત્સદી મુલાકાતખંડમાં ગયો ત્યારે તેના આશ્ચર્ય વચ્ચે એ જ ગ્રામીણ ખેડૂતનો પરિચય મિ. વેબસ્ટર તરીકે અપાયો.

બે બાળગોઠિયા નિશાળમાંથી છૂટીને ઘરને રસ્તે પડ્યા. રસ્તામાં કુસ્તી કરવાનું મન થયું. દંગલ ખેલાયું. એક જીત્યો, બીજો હાર્યો. હારેલાએ કહ્યું, "તું જીત્યો એમાં શી ધાડ મારી? તારી જેમ મનેય ખાવા-પીવાનું મળતું હોત તો તને જીતવા ન દેત!" જીતનારો તનથી જીત્યો, મનથી હાર્યો. ખાવા-પીવામાંથી રસ ઉડી ગયો. પ્રસંગ હતો મામૂલી પણ શિખામણ મહામૂલી. પછી તો એ ભણી ગણીને મોટો ડૉકટર બન્યો. ધીકતી કમાણી - પણ પેલા પ્રસંગે પેટાવેલી ચિનગારી જલતી હતી. યુરોપની ધરખમ પ્રેકિટસ છોડી અંધારખંડ આફ્રિકા આવ્યો. સ્નેહીઓએ સમજાવ્યો, "ભાઈ, આવી અઢળક કમાણી છોડી, કેમ જાય છે?" જવાબ મળ્યો, "દવા છોડીને દુવા લેવા જાઉં છું, અહીં દવા દેનાર ઘણા છે, જ્યાં દુવા દેનાર કોઈ નથી ત્યાં જાઉં છું." આફ્રિકાના નાગા ભૂખ્યા હબસીઓને પ્રેમથી પંપાળનાર અને સ્વજનોની માફક સારવાર કરનાર એ માનવતાના પૂજારી અને ખ્રિસ્તના સંદેશવાહક હતા આફ્રિકાના મહાન મિશનરી આલ્બર્ટ સ્વાઈટ્ઝર.

◆◆◆

# ૩. ભૂલ આપણા બેઉની

હાવર્ડ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ અને પ્રખ્યાત વકીલ મિ. વ્હાઈટમેન જ્યારે ધારાસભાના સભ્ય તરીકે ચૂંટાયા ત્યારે પોતાના ખેતરમાંથી જ ગામડિયો પોષાક પહેરીને બોસ્ટન આવ્યા, અને એક હોટલમાં ગયા, ત્યાં હોટલમાં બીજા કેટલાક સદ્‌ગૃહસ્થ દેખાતા માણસો બેઠા હતા. તેમણે ટીકા કરી, ''આ એક સાચો ગામડિયો આવી ગયો!'' તેઓ તેમની મશ્કરી અને મજાક કરવા લાગ્યા. મિ. વ્હાઈટમેને ઊભા થઈને કહ્યું, ''સજ્જનો અને સન્નારીઓ, બાહ્ય દેખાવ છેતરામણો છે. તમે મને મારાં પોષાક ઉપરથી ગામડિયો અને ગમાર માનવાની ભૂલમાં પડ્યા, જ્યારે હું તમારા સારા પોષાકથી તમને સજ્જનો અને સન્નારીઓ માનવાની ભૂલમાં પડ્યો! ભૂલ આપણા બેઉની છે.''

એ જ વખતે પ્રમુખ કાલેબ સ્ટ્રોંગ પ્રવેશ્યા અને મિ. વ્હાઈટમેનને હસ્તધૂનન કરી આગળ દોરી જતાં જતાં તેઓ પેલા ટોળા તરફ જોઈને એટલું જ બોલ્યાં, ''ગુડ નાઈટ.''

પેલુ ટોળું તો આશ્ચર્યથી જોતું જ રહ્યું.

માણસો બહારના દેખાવ તરફ જુએ છે, પણ ઈશ્વર હૃદય તરફ જુએ છે.

◆◆◆

# ૪. ઉત્તેજન

લંડનમાં એક છોકરો સ્ટોરમાં કામ કરતો હતો. રોજ સવારે ૫ વાગે ઊઠીને સ્ટોરની સફાઈ કરવાની અને આખો દિવસ ગદ્ધાવૈતરું કરવાનું. રોજના ૧૪ કલાકની આવી મજૂરીથી કંટાળીને એક દિવસ સવારે પંદર માઈલ ચાલીને એની મા પાસે પહોંચ્યો. માને કહ્યું, "હવે કામ પર પાછો જવા માગતો નથી. અને જો તમે પરાણે પાછો મોકલશો તો હું આપઘાત કરીશ." તેણે પોતાના એક શિક્ષક પર પત્ર લખ્યો. તેમાં જણાવ્યું, કે મારું મન તૂટી ગયું છે, મને જીવવાની ઇચ્છા રહી નથી. તેના શિક્ષકે તેને મળીને ઉત્તેજન આપ્યું, દિલાસો અને હિંમત આપી, તેની પ્રશંસા કરી અને જો તેની ઇચ્છા હોય તો તેને શિક્ષકની નોકરી અપાવવાની તૈયારી બતાવી. આ મળેલા ઉત્તેજન અને હિંમતને કારણે તેનું જીવન બદલાઈ ગયું, અને અંગ્રેજી સાહિત્યને અમર ખજાનો મળ્યો; કારણ કે, ત્યાર પછી આ છોકરાએ મોટા થઈને ૭૭ ગ્રંથો લખ્યા અને લાખો ડોલર કમાયો. આ છોકરાનું નામ એચ. જી. વેલ્સ હતું. જે પાછળથી ખૂબ પ્રખ્યાત થયો.

કોઈને ઉત્તેજન આપવાની સેવા કેવી મહાન બની રહે છે! ૨ તિમોથી ૧; ૧૫-૧૮માં પ્રેરિત પાઉલ ઓનેસિમસ માટે સાક્ષી આપતાં લખે છે કે "તેણે વારે વારે મને ઉત્તેજન આપ્યું."

◆◆◆

# ૫. શબ્દ સદેહ થઈને... વસ્યો

૧૮૭૩માં ફાધર જોસફ ડેમીઅને મોલોકાઈમાં વસતા ૬૦૦ રક્તપિત્તિયાંઓમાં જઈને સેવા કરવાનો નિર્ણય કર્યો. આ રક્તપિત્તિયાંઓ એકાંત જગ્યામાં જંગલી જાનવરની જેમ રહેતા હતા. ડેમીઅને તેઓને માટે ત્યાં ઘરો બાંધ્યાં, પાણીની યોગ્ય વ્યવસ્થા કરી. ડૉક્ટર અને નર્સ ત્યાં આવીને મદદ કરે માટે તેવી વ્યવસ્થા કરી. થોડા વખતમાં ત્યાં એક નાનું પ્રભુમંદિર પણ બાંધ્યું. એક દિવસ તેણે પોતાનો એક પગ ગરમ પાણીમાં મૂક્યો પણ તેને દાઝવાની કોઈ લાગણી થઈ નહિ. આથી તેમને ખાતરી થઈ કે હવે તેને પોતાને પણ રક્તપિત્તનો રોગ થયો છે. બીજા રવિવારે ભક્તિસભામાં સંદેશો આપતાં તેમણે જણાવ્યું, "હવે હું પણ તમારામાંના એક જેવો થયો છું."

દેવનો શબ્દ ઈસુ ખ્રિસ્ત માનવી દેહ ધારણ કરીને આપણી મધ્યે આવીને વસ્યો, આપણામાંના એકના જેવો બન્યો.

સંત ઓગસ્ટીન લખે છે કે, "મેં ઘણા અન્યધર્મી ફિલોસોફરોનાં પુસ્તકો વાંચ્યાં છે, પણ કોઈ જગ્યાએ આ વાંચ્યું નથી કે, "શબ્દ સદેહ થયો." આ ફક્ત ખ્રિસ્તી ધર્મમાં જ મળે છે."

◆◆◆

# ૬. લોહી વહેવડાવ્યા વગર માફી નથી

એક ખ્રિસ્તી માણસ એક યહૂદીની દુકાનમાં જઈ ચઢ્યો. તેણે પેલા યહૂદી દુકાનદારને કહ્યું કે, "હવે તમારે ખ્રિસ્તને સ્વીકારવા જોઈએ, કારણ કે મંદિરનો નાશ થયા પછી હવે બલિદાનો રહ્યાં નથી અને બલિદાન ચઢાવ્યા વિના પાપની માફી નથી." યહૂદીએ જવાબ આપ્યો કે, "તમને ખોટી માહિતી મળી લાગે છે. લેવીયના પુસ્તકમાંથી અર્પણો વિશે રોજ વાંચવાથી અર્પણો ચઢાવવા જેવો લાભ મળે છે અને ઈશ્વર તેને માન્ય કરે છે."

ખ્રિસ્તી માણસે કહ્યું, "ભલે, આપણે વાદ-વિવાદ નથી કરવો, હું તો તમારી દુકાનમાં ખરીદી કરવા આવ્યો છું," આમ કહી તેણે કેટલાંક શર્ટ, ટાઈ, મોજાં, બૂટ વગેરે ખરીદયાં અને બીલ માગ્યું. બીલ આપવામાં આવ્યું, એટલે ખ્રિસ્તી માણસે મોટેથી બીલ વાંચ્યું, તે પછી પૈસા ચૂકવ્યા વગર જ દુકાનનાં પગથિયાં ઊતરવા લાગ્યો. દુકાનદારે બૂમ પાડી, "અરે, સાહેબ તમે પૈસા આપવાના તો ભૂલી ગયા?" ત્યારે ખ્રિસ્તીએ કહ્યું, "કેમ, મેં આખું બિલ ના વાંચ્યું? અને તમારા રાબ્બીના કહેવા પ્રમાણે મેં બિલ વાંચ્યું એટલે પૈસા ચૂકવ્યા બરાબર જ ગણાય ને!"

ફક્ત બાઈબલ વાંચી જવાથી પાપની માફી મળી જતી નથી. લોહી વહેવડાવ્યા વગર પાપની માફી નથી, અને ઈસુએ આપણે માટે પોતાનું લોહી વહેવડાવ્યું છે, તેનો સંપૂર્ણ સ્વીકાર કરવો જરૂરી છે.

♦♦♦

# ૭. પ્રભુમાં સદા આનંદ કરો

ખ્રિસ્તી લોકોની એક ટોળી જ્યારે ભજન-કીર્તન માટે એકઠી મળતી ત્યારે તેઓ ખૂબ ગીતો ગાતા, મોટેથી બોલીને હાલેલૂયા પોકારતા, આથી ખૂબ ઘોંઘાટ થતો. આજુબાજુ રહેતા લોકોને આથી દખલ થતી. તેમણે શહેરના સત્તાવાળાઓને ફરિયાદ કરી કે આ ખ્રિસ્તી લોકોને એકઠા થતા બંધ કરો. આ માટે તેમણે એક અરજી તૈયાર કરી અને તેમાં બધાની સહીઓ લેવા માંડી. આવી સહીઓ લેતાં તેઓ એક યહૂદી વેપારી પાસે સહી લેવા ગયા. આ વેપારીએ કહ્યું, "હું આમાં સહી કરીશ નહિ. આ ખ્રિસ્તીઓનો કોઈ દોષ નથી. એમને જે તારણ મળ્યું છે, એનો જે આનંદ એમને મળે છે એવો આનંદ જો મને મળે તો હું છાપરા પર ચઢીને કૂદું અને નાચું અને આખી દુનિયાને જણાવું."

જેને તારણનો આનંદ મળે છે તે કેમ ચૂપ રહી શકે! તે ગાઈ શકે છે, નાચી-કૂદી શકે છે. દેવની સ્તુતિ કરી શકે છે.

આનંદ મેળવવાની ચાવી!

JOY

J - Jesus - પ્રથમ સ્થાને ઈસુ

O - Others - બીજા સ્થાને અન્ય

Y - Yourself - ત્રીજા સ્થાને પોતે.

◆◆◆

# ૮. કારણ કે હું એક મા છું

બ્રિટનમાં મહારાણી વિકટોરીઆ ખૂબ ચિંતામાં હતાં. તેમની દીકરી રાજકુમારી એલીસનો ૮-૧૦ વર્ષનો દીકરો એક વિચિત્ર રોગમાં સપડાયો હતો. લંડનની શાહી હોસ્પિટલમાં તે સારવાર નીચે હતો. ડૉકટરોના કહેવા પ્રમાણે આ નાના રાજકુમારને એવો રોગ હતો જેને કારણે તેના મોઢામાંથી નીકળતા શ્વાસમાં એક જાતની ઝેરી હવા નીકળતી હતી. જો કોઈ સામી વ્યક્તિના મોંમાં આ ઝેરી હવા જાય તો મોટું જોખમ થાય એવું હતું.

રાજકુમારી એલિસની હાલત ખરાબ હતી, કારણ કે ડૉકટરોની સલાહ પ્રમાણે એમણે પોતાના દીકરાથી દૂર રહેવાનું હતું. પરંતુ મા તરીકે પોતાના લાડકા દીકરાને છેલ્લી પળોમાં પોતાની છાતીએ વળગાડવા ખૂબ આતુર હતી. ડૉકટરોની મનાઈ છતાં તે પોતાની જાતને રોકી શકી નહિ. એણે દોડીને પોતાના દીકરાને છાતીએ વળગાડ્યો ને ચુંબનોથી નવરાવી દીધો. ડૉકટરો તરત દોડી આવ્યા ને એલીસને ઠપકો આપતાં કહ્યું, ‘‘તમે આ શું કર્યું? જાણી જોઈને મોતને આવકાર્યું!’’ એલિસે ફક્ત એટલું જ કહ્યું, ‘‘કારણ કે હું એક મા છું.’’

લંડનના શાહી કબરસ્તાનમાં એલિસની કબર ઉપર લખ્યું છેઃ-

‘‘કારણ કે હું એક મા છું.’’

‘‘જેમ કોઈ માણસને તેની મા દિલાસો આપે છે તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ.’’ યશા. ૬૬;૧૩.

◆◆◆

# ૯. ઉત્પતિ ૧; ૧

"વેલ્શ ચર્ચમેન"માં આ વાત રજૂ થયેલી તેને મેક્સ વ્હિરલીએ માર્ચ ૧૯૮૪ના "લિસનર"માં ટાંકી હતી, જેનું અવતરણ પ્રોફેટિક વિટનેસમાં આવ્યું હતું તે અવતરણઃ-

પૃથ્વીની ઉત્પતિ સમયે શું શું થયું હશે તે શોધી કાઢવા ઈજનેરોએ અને વૈજ્ઞાનિકોએ સપ્તાહો સુધી જંગી માહિતી એકઠી કરી. તેને ફરી ફરી ચકાસી, તપાસી અને મુદ્દાનો સવાલ કોમ્પ્યુટરમાં મૂકવામાં આવ્યો. અંતે મહત્ત્વની પળ આવી, કોમ્પ્યુટર આગળ બધા જિજ્ઞાસાભર્યા એકઠા થઈ ગયા. એક બટન દબાવ્યું. મશીન ઘરઘરવા લાગ્યું. ચક્કરો ગતિમાન થયાં, ખાનાં બંધ-ઉઘાડ થવા લાગ્યાં, બત્તીઓ સળગી ઊઠી, ઘંટડીઓ રણકી ઊઠી અને એક નાની ચબરખી કોમ્પ્યુટરમાંથી બહારની ટ્રેમાં આવી પડી. એ કાપલીમાં લખ્યું હતું : વાંચો ઉત્પતિ ૧; ૧.

◆◆◆

# ૧૦. તમે કોણ છો?

જ્યારે એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ ૨૧ વર્ષની ઉંમરના હતા, ત્યારે તેમના પિતા ઇંગ્લાંડના પમાં જ્યોર્જે તેમને તે સમયની દુનિયાની સફરે મોકલવાનો નિર્ણય કર્યો. બ્રિટિશ સામ્રાજ્યમાં પ્રિન્સ ફરે, જુએ અને લોકોને મળે એ તેમને માટે જરૂરી હતું. મુસાફરી માટે વીગતવાર આયોજન તૈયાર કરવામાં આવ્યું. એક લડાયક જહાજમાં પ્રિન્સ મુસાફરી કરશે અને નેવીનાં બીજાં વહાણો તેમની આજુ બાજુ રહી રક્ષણ કરશે. પ્રિન્સ પોતાના પિતાના આશીર્વાદ સાથે જવાના હતા. તેમના નીકળવાની આગલી રાત્રે રાજાએ પોતાના પુત્રને એક ખાનગી ઓરડામાં બોલાવી કેટલીક સલાહ - શિખામણ આપી.

એડવર્ડના શબ્દોમાં રાજાની પિતાની સલાહ આ પ્રમાણે હતી.

"દીકરા, આવતી કાલે સવારે તું ઘર છોડીને કેટલાય મહિનાની મુસાફરીએ જનાર છું. આ જગતમાં બહુ ઓછા લોકોને જે માન મળ્યું છે તે મળશે. તારો દરેક શબ્દ બીજાઓ માટે આજ્ઞા સમાન હશે. પણ એમાં જોખમ રહેલું છે. તું જુવાન છે. તારા પર અનેક પરીક્ષણો કે પ્રલોભનો આવશે. તને મારા છેલ્લા શબ્દો આ છે કે બધા સંજોગોમાં, ભલે ગમે તે થાય પણ યાદ રાખજે કે તું કોણ છે? તું બ્રિટનનો રાજકુમાર છે."

તમે ગમે ત્યાં હો, ગમે તે કરતા હો, પણ યાદ રાખો કે તમે ખ્રિસ્તના છો, એ રીતે વર્તો.

♦♦♦

# ૧૧. ધનદોલત

ઓગસ્ટીન બિરેલ ૧૯મી સદીમાં આયર્લેન્ડમાં સેનેટનો સભ્ય હતો. તે અને તેની પત્ની એક વખત મુસાફરી કરતાં હતાં. લંડનથી પસાર થતાં તેમણે એક મોટું એસ્ટેટ જોયું. આ મોટી જાગીર જોઈને તેની પત્ની બોલી કે, ''આ જાગીરનો માલિક કેટલો ધનવાન અને સુખી માણસ હશે!'' તેણે પૂછ્યું, ''આ કોની જાગીર છે?'' ઓગસ્ટીને કહ્યું, ''આ મોટી જાગીરનો માલિક મિ. બાર્ની બર્નાટો છે.'' પછી આગળ કહ્યું, ''પણ તે સુખી નથી.'' થોડી વાર અટકીને આગળ ઉપર બનેલો એક બનાવ જણાવતાં કહ્યું કે, ''દક્ષિણ આફ્રિકાથી પાછા ફરતાં મિ. બર્નાટોએ વહાણમાંથી કૂદી પડીને પોતાના દુઃખી જીવનનો અંત આણ્યો હતો.''

કોઈનું જીવન તેમની પુષ્કળ દોલતમાં રહેલું નથી. ધનદોલત, ખરો આનંદ અને સાચું સુખ આપી શકતાં નથી.

♦♦♦

# ૧૨. મનીઓર્ડર

એક વૃદ્ધ ગરીબ સ્ત્રી ભાડાના મકાનમાં રહેતી હતી. તે નિયમિત ભાડું ભરી શકતી નહિ. તેથી મકાન માલિક વારંવાર ભાડાની ઉઘરાણી કરતો.

એક દિવસ બપોરે બારણે ટકોરા પડ્યા. સ્ત્રી સમજી કે મકાન માલિક હશે તેથી તેણે બારણું ઉઘાડ્યું નહિ. ખાસ્સી વાર સુધી ટકોરા પડ્યા પછી બંધ થયા. સ્ત્રીએ માન્યું કે મકાન માલિક જતો રહ્યો. આથી તેણે ધીમેથી બારણું ઉઘાડ્યું અને બાજુવાળા ભાઈને પૂછ્યું, ''મકાન માલિક ગયો?'' પેલા પડોશીએ કહ્યું, ''એ મકાન માલિક નહોતો, પણ પોસ્ટમેન મનીઓર્ડર લઈને આપવા આવ્યો હતો પણ તમે બારણું ઉઘાડ્યું નહિ તેથી જતો રહ્યો.''

પ્રભુ માફી અને આશીર્વાદ લઈને આવે છે, બારણે ટકોરા મારે છે જો આપણે હૃદયનું દ્વાર ઉઘાડીએ નહિ તો તે નિરાશ થઈને પાછો જતો રહેશે.

''ના ના, એમ કરો નહિ કોઈ
છેલ્લો ટકોરો કદાચ આ હોય.''

♦♦♦

# ૧૩. મારી યાદગીરીમાં આ કરો

મહાન આર્મી કમાન્ડર નેલસનને સંત પૉલ કેથેડ્રલમાં દફનાવવામાં આવ્યા હતા. તેમના સિપાઈઓએ તેમની શબ પેટીને બહુ ધીમેથી, માનપૂર્વક કબરમાં ઉતારી. પછી જે રાષ્ટ્રધ્વજથી શબપેટીને વીંટાળવામાં આવી હતી તે ધ્વજના તેમણે ટુકડા કર્યા, અને દરેક સિપાઈએ એક એક ટુકડો લીધો. પોતાના વહાલા કમાન્ડર જે તેમના પર પ્રેમ રાખતા હતા તેમને યાદ કરવા અને પોતાનો પ્રેમ બતાવવા આ ધ્વજનો ટુકડો તેમણે સાચવી રાખ્યો. આ ધ્વજનો રંગીન ટુકડો જોઈને તેમનો પ્રિય કમાન્ડર તેમને હમેશાં યાદ રહે માટે એ અંગ્રેજ સૈનિકોએ આમ કર્યું.

ઈસુએ કહ્યું, "લો, ખાઓ, આ મારું શરીર છે જે તમારે માટે ભાંગવામાં આવ્યું છે. મારી યાદગીરીમાં આ કરો."

પહેલા વિશ્વયુદ્ધ વખતે ૨ મિલિયન (વીસ લાખ) આર્મેનિયન લોકો પોતાના વિશ્વાસ અને દેશ માટે તૂર્કોના હાથે શહીદ બની ગયા. આર્મેનિયન લોકોનું એક ટોળું શહીદ થવા તૈયાર ઊભું હતું. ટોળાના આગેવાન મેવીએ લશ્કરના અધિકારીને મરતાં અગાઉ ભજન કરવા દેવાની વિનંતી કરી, જે માન્ય રખાઈ. મેવીએ પ્રકટીકરણ ૨; ૧૦ના આધારે સંદેશો મળ્યો અને ગીત ગાયા બાદ પ્રભુભોજન પાળવામાં આવ્યું. રણભૂમિમાં રોટલી અને દ્રાક્ષારસ તો ક્યાંથી હોય! આથી મેવીએ ભોંય પરથી મુઠ્ઠીમાં રેતી લીધી અને બોલ્યો, "ખ્રિસ્તે કહ્યું, આ મારું શરીર છે, લો ખાઓ." દરેકે થોડી થોડી રેતી ખાધી અને તેઓને ગોળીએ વીંધી નાખવામાં આવ્યા. મરતાં અગાઉ મેવીએ પોતાના લોહીમાં તેની આંગળી ડબોળી અને બોલ્યો, "લો પીઓ, આ મારું લોહી છે' અને મરતા દરેક સૈનિકે પોતાના લોહીમાં આંગળીઓ પલાળી જીભ ઉપર મૂકી, અને એ રીતે છેલ્લું પ્રભુભોજન પાળી તેઓ શહીદીને ભેટ્યા.

♦♦♦

# ૧૪. ગાડી

રેલવે સ્ટેશન ઉપર આવતી અને જતી ગાડીઓનું નિરીક્ષણ કર્યું છે? ગાડી એક અજાયબ ચીજ છે. તેમાં આનંદ છે અને દુઃખ છે, આવકાર છે અને વિદાય છે. welcome છે અને good bye પણ છે.

ગાડી જ્યારે સ્ટેશને આવીને ઊભી રહે છે ત્યારે પ્લેટફોર્મ પર જાણે મેળો ભરાયો હોય તેવું લાગે છે. ગાડીમાંથી ઊતરનારા અને તેમને લેવા આવકારવા આવેલા માણસોના મોં ઉપર આનંદ હોય છે. એકબીજાને ભેટે છે, ચુંબન કરે છે, ફૂલહાર પહેરાવે છે. મળવાનો એક મહાઆનંદ દેખાય છે.

પણ થોડી વાર પછી એ જ ગાડી જ્યારે જવા ઊપડે છે ત્યારે આખું દશ્ય બદલાઈ જાય છે. કોઈનું વહાલું આ ગાડીમાં જતું હોય છે. મૂકવા આવનારના હ્રદયમાં વિદાયની લાગણી છે, મોં પર દુઃખ દેખાય છે. એ જ ફૂલહાર, એ જ ચુંબનો, એ જ ભેટ - પણ એમાં કેટલો બધો ફેર છે. આવજો, સંભાળજો, પત્ર લખજો વગેરેના અવાજો સંભળાય છે. અંતે ગાડી ઊપડે છે ત્યારે જનાર અને મૂકવા આવનારની આંખમાં વિદાય-જુદાઈનાં આંસુ જોવા મળે છે.

ગાડી એક જ - પણ બે દશ્યો, બે પ્રકારની લાગણી, બે પ્રકારનું વાતાવરણ. કેટલાકને માટે ગાડી એ સંગત અને આનંદ આપે છે. જ્યારે કેટલાકને જુદાઈ અને દુઃખ આપે છે.

પ્રભુ ઈસુના આવવાની વેળાએ પણ કંઈક આવું જ દશ્ય થશે.

♦♦♦

# ૧૫. પ્રિન્સ અને પ્રિન્સેસ

૧લી ડિસેમ્બર ૧૯૮૮ના રોજ જર્મન ન્યૂઝ પેપરમાં પ્રિન્સ લુડવીગ ઓફ હેનોવર, જે કૈસર વિલ્હેલ્મ બીજાનો પૌત્ર હતો, તેના અને તેની પત્ની ઇઝાબેલના કરુણ મરણના સમાચાર હતા. ઇઝાબેલ જુવાન હતી અને લગ્ન કર્યે એક જ વર્ષ થયું હતું, પણ તે વ્યસનોની બંધાણી હતી. કોકેઈનનો માદક પદાર્થ લેતી હતી. તેના મરણ પછી થોડી જ વારમાં તેના પતિએ પણ આત્મહત્યા કરી. તે પણ ડ્રગ એડિક્ટ હતો.

મરણની રાત્રે એક પાર્ટી હતી. ઘણા મહેમાનો આવ્યા હતા. રાત્રે ૧૦ વાગે પ્રિન્સેસ ઇઝાબેલ પાર્ટી છોડીને પોતાની રૂમમાં ગઈ અને કોકેઈનનો વધુ પડતો ડોઝ લઈને સૂઈ ગઈ. મધરાતે તેનો પતિ પ્રિન્સ રૂમમાં આવ્યો અને તેની પત્નીને મરેલી જોઈ. આથી લાગી આવતાં તેણે પોતાની રિવોલ્વરમાંથી પોતાની ઉપર ગોળી છોડી ને આપઘાત કર્યો. લોકો કહેતા હતા કે પ્રિન્સ અને પ્રિન્સેસ પાસે બધું જ હતું, પણ તેઓ અંદરથી સુખી નહોતાં.

બેલ્શાસાર રાજા પાસે બધું જ હતું પણ તે સુખી ન હતો.

સભાશિક્ષકનો લેખક જ્ઞાની રાજા સુલેમાન ગણાય છે. તેની પાસે પણ બધું જ હતું. ધન - દોલત, માન, કીર્તિ - બધું જ. તેમ છતાં તે એવા નિર્ણય પર આવે છે કે :-

“વ્યર્થતાની વ્યર્થતા, બધું વ્યર્થ.” વાતનું પરિણામ આ છે : “દેવનો ભય રાખ અને ઈશ્વરની આજ્ઞાઓ પાળ.”

◆◆◆

# ૧૬. નિગ્રો કે હબસી છોકરી

બ્રાયન ગ્રાન નામની મિશનરી એમના મિશન ફિલ્ડમાં બનેલી એક વાત લખે છે : તેમણે તેમના મિશન ફિલ્ડમાં રહેતા લોકોને સવાલ કર્યો, ''થોડાં વાક્યોમાં કહો કે આ મિશન ફિલ્ડમાં રહેવાથી તમને શો ફાયદો થયો અને ખ્રિસ્ત ઈસુ તમારે મન શું છે?'' એક નિગ્રો છોકરી ઊભી થઈ અને બોલી કે આ મિશન ફિલ્ડમાં મને ઈસુ ખ્રિસ્તનો પ્રેમ મળ્યો છે અને એ પ્રેમે મને એવી શક્તિ આપી કે હું મારા પિતાના ખૂનીને માફી આપી શકું.''

જેઓ માફી પામ્યા છે તેઓ જ બીજા ઉપર પ્રેમ કરી શકે છે અને માફી આપી શકે છે.

ઈસુ કહે છે : જેમ મેં તમને માફી આપી છે તેમ તમે એક બીજાને માફી આપો.

ઈટાલીની રાણી કેથેરાઈન ગર્વઘેલી અને અતિ ગુસ્સાવાળી ગણાતી. ભલભલાની ધૂળ કાઢી નાખવી એ તેનો સ્વભાવ હતો. એક વાર પોતાના પ્રધાન સાથે લશ્કરી કેમ્પમાં આવી. છૂપે પગલે તંબૂ પાસે પહોંચી અને કાન સરવા કરી સાંભળવા લાગી. પણ ત્યાં કાનના કીડા ખરી પડે એવી વાત સાંભળવા મળી. સૈનિકો રાણીને ન દેવાની ગાળો દેતા હતા અને તેના વિશે ગમે તેમ બોલતા હતા. રાણીનો પિત્તો ગયો. સાથેના પ્રધાને કહ્યું, ''આજ્ઞા આપો તો ગોળીએ દઈ દઉં.'' કોણ જાણે કેમ, પણ રાણીએ હુકમ આપ્યો નહિ. પણ એથી ઊલટું કહ્યું, ''મેં જીવનભર કોઈને માફી આપી નથી, પણ જીવનમાં એકાદ વાર મેં ક્રોધને જીત્યો છે અને સામાને માફી આપી છે એવું કહેવડાવવા ખાતર પણ આજે તેમને માફી આપું છું.'' પેલો પ્રધાન તો દંગ જ થઈ ગયો.

♦♦♦

# ૧૭. ભારતનો કરોળિયો

ઓસ્ટ્રેલિયાનો એક વૈજ્ઞાનિક જુદા જુદા દેશોના કરોળિયાનો અભ્યાસ કરી રહ્યો હતો. એક ભારતીય વૈજ્ઞાનિક ત્યાં પહોંચ્યો અને સંશોધન વિશે જાણવાની ઇચ્છા બતાવી. ઓસ્ટ્રેલિયને ચાલુ કર્યું....

આ બ્રાઝિલનો કરોળિયો... તેની આ વિશિષ્ટતા. આ ઇંગ્લેંડનો કરોળિયો... તેની આ વિશિષ્ટતા. આ ભારતનો...

આ દરમિયાન ભારતીય વૈજ્ઞાનિકે જોયું તો તમામ દેશના કરોળિયાની બરણીઓને ઢાંકણ વાસેલું હતું, પણ ભારતીય કરોળિયાની બરણી ઉઘાડી હતી. તેણે સવાલ પૂછ્યો કે, "આમ કેમ?" ઓસ્ટ્રેલિયને જવાબ આપ્યો કે, "ભારતીય કરોળિયો છટકી જશે એવી મને બીક નથી, કારણ કે એક બહાર નીકળવા ઉપર જશે તો તરત બીજો નીચેથી ઉપર જનારાના પગ ખેંચી નીચે પાડશે!"

બીજાંઓ સાથે આપણો વ્યવહાર કેવો છે? મદદ કરવાનો કે પગ ખેંચવાનો? આપણે ક્યારેય પ્રશંસા કરી છે ખરી કે ટીકાઓ કરવામાંથી ઊંચા જ આવ્યા નથી?

♦♦♦

# ૧૮. માણસ

સોક્રેટિસને જ્યારે ઝેર આપવામાં આવ્યું ત્યારે તેનો ચેલો ધોળે દિવસે હાથમાં ફાનસ લઈને આખા શહેરમાં ફરતો હતો. રસ્તે મળતી તમામ વ્યક્તિઓને તે રોકતો અને પૂછતો કે, "તમે કોણ છો?" તેને ઘણા શિક્ષક, પત્રકાર, વૈજ્ઞાનિક, રાજકારણી મળ્યા. છતાં તેનું ફરવાનું તો ચાલુ જ રહ્યું. આખરે લોકોએ તેને પૂછ્યું કે, "તું તમામ ક્ષેત્રની વ્યક્તિઓને મળ્યો તેમ છતાં કંઈ કહેતો નથી, તો તું શું શોધે છે?"

ચેલાએ જવાબ આપ્યો, "માણસને!" હું "માણસને શોધું છું, પણ અફસોસ કે મને તે ક્યાંય મળ્યો નહિ."

જેનામાં સ્પંદન હોય, જેનામાં લાગણી હોય, ભાવ હોય, પ્રેમ હોય, જેનામાં સેવાભાવનો આત્મા જાગૃત હોય એવો માણસ ક્યાં મળે?

"હું માનવી માનવ થાઉં તો ઘણું." સુંદરમ.

જ્યોર્જ મૂલરને તેમની સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું. તેમણે જવાબ આપતાં કહ્યું કે, "એક દિવસ મારા જીવનમાં આવ્યો જ્યારે હું મરણ પામ્યો. મારી ઇચ્છા, મહત્ત્વકાંક્ષા સંબંધી મરણ પામ્યો."

પ્રે. પાઉલ લખે છે - "અમે મરણ પામેલા જેવા છતાં, જીવીએ છીએ." ૨ કોરિંથી ૬; ૯.

◆◆◆

# ૧૯. મોટા માણસોની નાની વાતો

૧. થોમસ હાર્ડી ખૂબ જ પ્રખ્યાત લેખક અને કવિ હતા. બહુ મોટી હસ્તી હતી. એમનાં લેખો-કાવ્યો છાપવા તંત્રીઓ પડાપડી કરતા. પણ આ થોમસ હાર્ડી કેટલીક વાર પોતાનાં લેખ સાથે ટિકિટ ચોંટાડેલું કવર મોકલતા, જેથી તેમનો લેખ કે કાવ્યનો અસ્વીકાર થાય તો પાછો મોકલી શકે.

૨. પ્રિન્સિપાલ કેઈરન્સ મહાન વિભૂતિ હતા. તેઓ કોઈ ઘરમાં કે પ્રોગ્રામમાં જાય ત્યારે કદી પહેલાં પ્રવેશ કરે નહિ. તેમની પાછળની વ્યક્તિને આગળ કરે અને કહે, ''તમે પહેલાં જાઓ. હું તમારી પાછળ આવીશ.''

૩. કીટસ નામના મહાન વૈજ્ઞાનિકે પોતાના મરણ અગાઉ સૂચવ્યું હતું કે, ''મારી કબર ઉપર એવો લેખ કોતરાવજો કે ''અહીં એક માણસ સૂતો છે જેનું નામ પાણી ઉપર કોતરેલું છે.'' (પાણી પર નામ રહેતું હશે?)

૪. મેથોડિસ્ટ મંડળીના સ્થાપક જોન વેસ્લીએ તેમના જીવનના અંત ભાગમાં કહ્યું કે, ''હું મારી પાછળ એવું કશું મૂકી જતો નથી, જેને લોકો જોઈ શકે.''

૫. આથેન્સમાં આવેલી એક કોલેજમાં ગ્રીક જુવાનો અભ્યાસ કરવા આવતા. ત્યાં ત્રણ વર્ષનો કોર્સ હતો.

પ્રથમ વર્ષમાં દાખલ થનાર જુવાનોને ''બુદ્ધિશાળી'' જુવાનો તરીકે ઓળખવામાં આવતા.

જ્યારે એ જ વિદ્યાર્થીઓ બીજા વર્ષમાં આવે ત્યારે તેમને ''જ્ઞાનને પ્રેમ કરનાર'' તરીકે ઓળખવામાં આવતા. અને એ જ

વિદ્યાર્થીઓ જ્યારે ત્રીજા વર્ષમાં આવે ત્યારે તેમને ‘‘શીખનાર’’ તરીકે ઓળખવામાં આવતા.

## કોણ મર્યું?

અમદાવાદનાં કોમી હુલ્લડોમાં એક સ્થળે લોકોનું ટોળું વળ્યું છે, ખાબોચિયું લોહીથી ભરાએલું છે. લાશને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી છે. લોકો અંદરો અંદર પૂછે છે, એક બીજાનાં કાનમાં - ‘‘કોણ મર્યું? હિંદુ કે મુસ્લિમ? પુરુષ કે સ્ત્રી?’’

જવાબ મળે છે, ‘‘મારા ભાઈ, એ તો કેમ ખબર પડે? આ લોહી ઉપરથી! લોહી તો દરેકનું લાલ જ હોય છે ને!’’

♦♦♦

# ૨૦. કામની કદર

હોલિવુડની પ્રખ્યાત ફિલ્મોના કલા દિગ્દર્શક અને અમેરિકાના ધનાઢ્યોની નગરી લોસ એન્જેલસમાં રહેતા તેમ જ ફિલ્મી દુનિયાનું સર્વશ્રેષ્ઠ પારિતોષિક ગણાતું 'ઓસ્કાર' ઈનામ મેળવનાર ફક્ત ૪૭ વર્ષના એન્ટોન ફર્સ્ટે ૮૦ ફૂટ ઊંચે આવેલા કારપાર્કિંગના સ્થળ પરથી કૂદીને આપઘાત કરેલો. આપઘાતનું કારણ એ હતું કે, તેમને એવી લાગણી થઈ આવી, કે દુનિયાને મારી કશી કદર નથી. તેઓ લંડનની રૉયલ કોલેજ ઓફ આર્ટ્સમાં અભ્યાસ કરીને સંગીત અને સિનેમાની દુનિયામાંથી તે દામ અને નામ બંને કમાયા હતા. તેમને એક ફિલ્મમાં કામ કરવાની મંજૂરી નહિ મળવાથી લાગી આવ્યું અને આપઘાત કરીને મરણ પામ્યા.

દરેક માણસને ઊંડે ઊંડે મનમાં એવી ઝંખના હોય છે કે મારા કામની કદર કરવામાં આવે. મારી પ્રશંસા કે સ્વીકારના સારા બે શબ્દો બોલવામાં આવે. જ્યારે માણસની કદર કરનાર કોઈ જ હોતું નથી ત્યારે તે ભાંગી પડે છે.

જે ચાકર પાંચ તાલંતમાંથી (તાલંત એ હિબ્રૂ નાણું છે) દસ તાલંત કમાયો હતો તેની પ્રભુ ઈસુએ કદર કરી. "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર," અને તેને ઈનામ પણ આપવામાં આવ્યું.

ઈસુએ કહ્યું, "આ સ્ત્રીએ જે કર્યું છે તે તેની યાદગીરી માટે કહેવામાં આવશે." (માથ્થી ૨૬; ૧૩)

◆◆◆

# ૨૧. બીજી તક

નકશીકામ કરનાર એક કારીગરને ત્યાં એક માણસ મુલાકાતે ગયો. કારીગરે અનેક દેવદેવીઓનાં પૂતળાં તૈયાર કર્યાં હતાં. આમાં એક વિચિત્ર પૂતળું હતું. આ પૂતળાંનું મુખ તેના વાળથી ઢાંકેલું હતું અને બંને પગ પર બે પાંખો હતી. મુલાકાતીએ પૂછ્યું, ‘‘આ પૂતળાંનું નામ શું?’’ કારીગરે કહ્યું, ‘‘તેનું નામ ‘તક’ છે.’’ મુસાફરને કશી સમજ પડી નહિ, તેથી ખુલાસો પૂછ્યો, ‘‘આનું મોં કેમ ઢાંકેલું છે? અને પગ પર પાંખો કેમ છે?’’ જવાબ મળ્યો, ‘‘તેનું મોં ઢાંકેલું છે, કારણ કે તેનું આવવું માણસ ભાગ્યે જ જાણી શકે છે અને પગ પર પાંખો છે, કારણ કે, તક ક્યારે જતી રહે છે તેની માણસને ખબર પડતી નથી અને એકવાર જાય છે પછી તે કદી પાછી ફરતી નથી.’’

બાઈબલ બીજી તકનો સંદેશો આપે છે. બાઈબલનો પ્રભુ એ બીજી તકનો પ્રભુ છે. હોશિયાનું પુસ્તક અને તેનો સંદેશો એ બીજી તકનો સંદેશો છે. પીતર અને માર્ક બીજી તકના જીવંત દાખલા છે.

◆◆◆

# ૨૨. રાત્રે મરણ - સવારે સેવા

"સાંજે મારી સ્ત્રી મરણ પામી,
સવારે આજ્ઞા પ્રમાણે કર્યું."
હેઝકીએલ ૨૪; ૧૮

એક સ્ત્રી હતી. એના પર ઘણા દુઃખ પડ્યાં. એનો પતિ મરણ પામ્યો, બાળકો અને ધન બધું ગુમાવ્યું. આવા દુઃખમાં તેણે પ્રભુ પાસે મરણ માગ્યું, પણ મળ્યું નહિ. દુઃખમાં અને ગુસ્સામાં એણે એની બધી ફરજો બંધ કરી, સેવાઓ કરવાની બંધ કરી, દેવળમાં જવાનું બંધ કર્યું. શોકમાં જ બેસી રહેતી. એક રાત્રે તેને સ્વપ્ન આવ્યું કે તે સ્વર્ગમાં ગઈ. ત્યાં તેણે એના પતિને જોયો ને આનંદથી તેને મળવા દોડી. એના મનમાં હતું કે એનો પતિ આનંદથી તેનો આવકાર કરી ભેટી પડશે, પણ એના પતિ તરફથી એવો આવકાર મળ્યો નહિ. તેનો પતિ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો, અને બોલ્યો, "તું અહીં ક્યાંથી? તું આટલી વહેલી અહીં આવશે એવું મને કહેવામાં આવ્યું નથી." સ્ત્રી નિરાશ થઈને તેનાં મા બાપને મળવા દોડી. તેના આશ્ચર્ય વચ્ચે તેનાં મા બાપે પણ કોઈ આવકાર આપ્યો નહિ. એના બદલે એ જ આશ્ચર્ય બતાવવામાં આવ્યું, અને એ જ સવાલ પૂછાયો. હવે સ્ત્રીએ કહ્યું, "હું મારા પ્રભુ ઈસુ પાસે જઈશ. બીજા કોઈ મારો આવકાર નહિ કરે પણ મારો તારનાર તો જરૂર મને આવકારશે." તે જઈને ઈસુને મળી. ઈસુએ હાસ્ય સહિત તેની સામે જોયું ને તરત સવાલ પૂછ્યો, "દીકરી, ત્યાં નીચે પૃથ્વી પર તારું કામ કોણ કરે છે, તારે બજાવવાની ફરજો કોણ બજાવે છે?"

આ સ્ત્રી સમજી ગઈ. હજી મારે સ્વર્ગમાં આવવાનો સમય થયો નથી. હજી મારે પૃથ્વી પર મારી ફરજો બજાવવાની છે. સેવાનું કામ ચાલુ રાખવાનું છે.

વહાલાઓના મરણના શોકમાં ગરકાવ થઈ જઈને જેઓ જીવતાં છે તેમનામાંથી રસ ગુમાવી દેવો, ફરજ અને કામકાજ બંધ કરી દેવું એ કેટલું યોગ્ય છે? રાત્રિનો શોક તો આવશે. કબર ખોદવી પડશે. દફનક્રિયા કરવી પડશે. પણ પછી શોક ક્યાં સુધી? આગળની ફરજો અને સેવાનું શું ?

હઝકીએલની પત્ની રાત્રે મરણ પામી અને બીજી સવારે ઈશ્વરે તેને જે સેવા સોંપી હતી તે પ્રમાણે તેણે સેવા શરૂ કરી.

ઈબ્રાહિમનો બાપ તોરાહ માર્ગમાં મરણ પામ્યો. ઈબ્રાહિમે તેને દાટ્યો, પણ પછી તે કબર આગળ શોકમાં ને શોકમાં બેસી રહ્યો નથી, પણ કનાન તરફની એની મુસાફરીમાં તે આગળ વધ્યો.

◆◆◆

# ૨૩. તક નથી

ઇંગ્લાંડમાં દક્ષિણ પ્રદેશમાં લાકડાની એક કેબિનમાં રહેતી એક કાળી સ્ત્રીને ત્રણ દીકરા હતા. તેઓ એટલા ગરીબ હતા કે એ ત્રણ ભાઈઓ વચ્ચે પહેરવા માટે બે જ પેન્ટ હતાં. આ સ્ત્રી ગરીબ છતાં પોતાના છોકરાઓને ભણાવવા ઘણી ઉત્સુક હતી, અને વારા પ્રમાણે તેમને શાળામાં મોકલતી. શાળાની શિક્ષિકાએ જોયું કે આમાંનો દરેક છોકરો ત્રણ દિવસ એક વાર શાળાએ આવે છે અને એક જ પાટલૂન પહેરેલું હોય છે. આવી ગરીબાઈ હોવા છતાં તે સ્ત્રીએ શક્ય એટલી કેળવણી પોતાના છોકરાઓને આપી અને છોકરાઓએ તેમને ભણવાની મળેલી અમૂલ્ય તકનો બને તેટલો લાભ ઊઠાવ્યો. આગળ જતાં આમાંનો એક સધર્ન કોલેજમાં પ્રોફેસર બન્યો, બીજો ડૉકટર બન્યો અને ત્રીજો પાળક કે ધર્મગુરુ.

"તક નથી" એવાં બહાનાં કાઢીને જીવનને વેડફી નાખનારા છોકરાઓ છોકરીઓ માટે આ કેવો મોટો બોધપાઠ છે!

ગયેલી સંપત્તિ કરકસર અને મહેનતથી પાછી મેળવી શકાય છે. ગુમાવેલું જ્ઞાન અભ્યાસથી પાછું મેળવી શકાય છે. ગુમાવેલી તંદુરસ્તી સારવાર-દવાથી પાછી મળી શકે છે, પરંતુ ગુમાવેલી તક સદાને માટે જતી રહે છે.

◆◆◆

## ૨૪. સમયને સાચવવો

જે કામ કોઈ પણ સમયે થઈ શકે છે તે ક્યારેય થતું નથી.

૧. હિંદના લશ્કરી વડા તરીકે કોલિન કેમ્પબેલને નીમવામાં આવ્યા અને એમને પૂછ્વામાં આવ્યું કે, "ક્યારે નીકળો છો?"

જવાબ મળ્યો, "આજે."

૨. જ્યારે મંત્રીઓ મોડા આવવાનું બહાનુ કાઢતાં કહેતા કે, "અમારી ઘડિયાળ પાછળ હતી." ત્યારે વોશિંગ્ટન જવાબ આપતાં કે, "કાં તો તમારે ઘડિયાળ બદલવી જોઈએ, કાં તો મારે મંત્રીઓ બદલવા પડશે."

૩. નેપોલિયને એકવાર પોતાના સેનાપતિઓને ભોજન માટે નોતર્યા, પણ તેઓ નિયત કરેલા સમયે આવ્યા નહિ. આથી નેપોલિયને ખાવાનું શરૂ કરી દીધું. જમીને તેઓ ટેબલ પરથી ઊઠતા હતા ત્યારે જ નોતરેલા સેનાપતિઓ આવી પહોંચ્યા. નેપોલિયને કહ્યું, "સદગૃહસ્થો, ભોજનનો સમય પૂરો થયો છે અને આપણે હવે કામ શરૂ કરીએ."

૪. અમેરિકાના પ્રેસિડેન્ટ વોશિંગ્ટનનો જમવાનો સમય નિશ્ચિંત હતો. મહેમાનો મોડા આવે તો તેઓ કદી રાહ જોતા નહિ. તેઓ કહેતા કે, "મારો રસોઈઓ ક્યારેય પૂછતો નથી કે, "મહેમાનો આવ્યા?" પણ એ એમ જ પૂછે છે, "સમય થયો?"

૫. સર વોલ્ટર રેલેને પૂછ્વામાં આવ્યું કે, "તમે આટલું બધું કામ આટલા ટૂંકા સમયમાં કેવી રીતે કરી શકો છો?" તેમણે જવાબ આપ્યો કે, "જે કામ આજે થવું જોઈએ તેને હું કદી કાલ ઉપર ઠેલતો નથી."

"આવતી કાલ" એ શેતાનનું સૂત્ર છે.

૬. કંડકટરની ઘડિયાળ પાંચ મિનિટ પાછળ છે અને એક ભયંકર ટ્રેન અથડામણ સર્જાય છે. એક નિર્દોષ માણસને ફાંસીને માંચડે લટકાવું પડે છે, કારણ કે એનું માફીપત્ર લાવતો સંદેશાવાહક પાંચ મિનિટ મોડો પડ્યો. એક માણસ નક્કામી વાતોમાં પાંચ મિનિટ બગાડે છે અને ટ્રેન કે બસ ચૂકી જાય છે. ઘણી વેડફાએલી જિંદગીઓના ભંગાર નીચે વેડફાએલી આવી પાંચ મિનિટો રહેલી છે. ઘણા પરાજીત માણસોની કબરના પથ્થર પર વાંચી શકાય છે : "મોડા પડ્યા." થોડી મિનિટો ઘણીવાર વિજય અને પરાજય વચ્ચે, સફળતા અને નિષ્ફળતા વચ્ચે ભેદ પાડે છે.

સમયને સાચવશો તો સમય પણ તમને સાચવશે.

◆◆◆

# ૨૫. ગુડનાઈટ અને ગુડબાય

એક વિશ્વાસી લેમેન (ધર્મગુરુ નહિ તેવા માણસ) મરણપથારીએ હતા. તેમને લાગ્યું કે હવે તે વધારે જીવી શકશે નહિ. તેમની પત્ની તથા બાળકો તેમના ખાટલાની આજુ બાજુ ઊભાં હતાં. પેલા માણસે તેની સ્ત્રીને પાસે બોલાવીને કહ્યું, ''વહાલી, તેં મારી ઘણી સેવા કરી છે, તારો આભાર. તું પ્રભુમાં વિશ્વાસુ છે તેનો મને આનંદ છે.'' પછી તેની પત્નીનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, **''ગુડ નાઈટ,** સવારે ફરી મળીશું.''

પછી મોટી દીકરીને પાસે બોલાવી તેનો હાથ હાથમાં લઈને કહ્યું, ''બેટા, તું મારું પ્રથમ સંતાન છે, તારા પર મને ગર્વ છે. વળી તું ઈસુને ચાહે છે તેનો પણ મને આનંદ છે, બેટા, **ગુડ નાઈટ,** સવારે ફરી મળીશું.''

બીજા દીકરાને પણ એ જ શબ્દો કહ્યા, **''ગુડ નાઈટ,** સવારે ફરી મળીશું.''

પણ જે સૌથી નાનો દીકરો હતો તેને કહ્યું, ''બેટા, હું તારા પર ખૂબ પ્રેમ કરું છું, પરંતુ તું પ્રભુના માર્ગમાં નથી. મિત્રોની સોબતે તું ચઢી ગયો છે; અનંતકાળ તરફ ફરવાને બદલે તું જગતનાં વાનાં તરફ આકર્ષાયો છે. **ગુડ બાય.**''

આ છોકરાએ પિતાને પૂછ્યું, ''પિતાજી, તમે બધાંને ગુડ નાઈટ કહ્યું, પણ મને ગુડબાય કેમ કહ્યું?'' પિતાએ જવાબ આપ્યો, ''દીકરા તું પ્રભુમાં નથી અને એટલા માટે તને સ્વર્ગમાં ફરી મળવાની મને આશા નથી.''

છોકરો પોતાના ઘૂંટણો પર પડી ગયો. આંખમાં આંસુ સાથે કહેવા લાગ્યો, "પિતાજી, મને મદદ કરો જેથી તમે મને પણ ગુડ નાઈટ કહી શકો." પિતાએ કહ્યું, "દીકરા ઘૂંટણો પર પડીને પ્રભુની આગળ તારાં પાપ કબૂલ કર અને માફી માગ. ઈસુ ખ્રિસ્તને તારા તારનાર તરીકે સ્વીકાર, પછી જ હું તને ગુડ નાઈટ કહી શકીશ." થોડી વાર પછી છોકરો પોતાના ઘૂંટણો પરથી ઊઠ્યો, આંખમાં આંસુ હતાં. અને પિતાને કહ્યું, "પિતાજી, તમારા કહેવા પ્રમાણે મેં કર્યું છે. મને ખાતરી મળી છે કે ઈસુએ મારાં પાપ માફ કર્યાં છે અને તે મારો તારનાર બન્યો છે."

બાપે આનંદથી દીકરાને ચૂમી લીધો, અને કહ્યું, "બેટા, ગુડ નાઈટ, સવારે ફરી મળીશું."

## દશાંશ શું છે?

૧) ગણિતની દૃષ્ટિએ દશમો ભાગ છે. (ઉત્પ. ૨૮; ૨૨)

૨) બાઈબલની દૃષ્ટિએ પણ ઓછું ગણાય. (પુન. ૧૪; ૨૨)

૩) નૈતિક દૃષ્ટિએ એ દેવું છે. (માલાખી ૩; ૮)

૪) આર્થિક દૃષ્ટિએ એ રોકાણ છે. (લૂક ૬; ૩૮)

૫) આત્મિક દૃષ્ટિએ એ આશીર્વાદ છે. (માલાખી ૩; ૧૦)

◆◆◆

# ૨૬. નાગરિકત્વ

બીજા વિશ્વયુદ્ધ બાદ બેનિટો મુસોલિનીએ હુકમ બહાર પાડ્યો કે, ‘‘પરવાનગી વગર કોઈએ ઈટાલી છોડવું નહિ.’’ આ હુકમથી બે ઈટાલિયનો જેઓ અમેરિકામાં રહેતા હતા અને થોડા વખતથી ઈટાલી આવ્યા હતા તેઓને માટે પ્રશ્ન ઊભો થયો. આમાંનો એક મોટો વેપારી હતો. ધનવાન હતો, સરસ અંગ્રેજી બોલી શક્તો હતો પણ અમેરિકાનો નાગરિક બન્યો ન હતો. આ માણસ અમેરિકા જવા માટે વીસા લેવા અમેરિકન કોન્સ્યુલેટમાં ગયો. પણ તેને અમેરિકા જવાની પરવાનગી મળી નહિ, કારણ કે તે હજી ઈટાલીનો નાગરિક હતો. તેણે વિરોધ કર્યો પણ તેનું કશું ચાલ્યું નહિ. તેનાં અપટુડેટ કપડાં, તેનું ધન, તેનું સુંદર ફાંકડુ ઇંગ્લીશ- એમાંનું કશું તેને વીસા (અમેરિકા જવાનો પરવાનો) અપાવી શક્યું નહિ.

જ્યારે બીજો એક સામાન્ય માણસ હતો. એ થોડા વખતથી જ અમેરિકા ગયો હતો. તેનું ઇંગ્લીશ પણ સારું ન હતું. પણ તેણે અમેરિકાનું નાગરિકત્વ મેળવી લીધું હતું. આથી તે જ્યારે વીસા માટે ગયો ત્યારે તેનાં પેપર્સ જોઈને અધિકારીએ તરત વીસાનો સિક્કો મારી દીધો. અધિકારીએ કહ્યું, ‘‘તમે અમેરિકાના નાગરિક છો આથી તમને મુસોલિનીનો હુકમ લાગુ પડતો નથી. તમે અમેરિકા જઈ શકો છો.’’

સ્વર્ગમાં જવા માટેનાં આપણાં પેપર્સ તૈયાર છે? ત્યાંનું નાગરિકત્વ મેળવ્યું છે? જો એમ હોય તો આ જગતના અધિકારીનો કોઈ હુકમ આપણને લાગુ પડતો નથી.

◆◆◆

# ૨૭. મને ચિંતા થાય છે

એક સ્ત્રી ડૉક્ટરની રૂમમાં ધસી ગઈ અને કહેવા લાગી કે, ''મને સૌ પ્રથમ તપાસમાં આવે.'' બે મિનિટ પછી ડૉક્ટર તેને પાસે બેસાડીને તપાસવા લાગ્યાં.

સ્ત્રીએ કહ્યું, ''ડૉક્ટર, હું બેચેન બની ગઈ છું, તમે મારો કેસ જાણો છો. તમે ઘણા વર્ષોથી મારા ફેમિલી ડૉક્ટર છો. તમે જાણો છો કે મને ઘણી બધી બાબતોની ચિંતા રહે છે. વાતાવરણની ચિંતા થાય છે. સરકારની ચિંતા થાય છે. મારા કુટુંબની ચિંતા કરું છું. મોટે ભાગે દરેક બાબતની મને ચિંતા થયા કરે છે, પરંતુ આજે સવારે કંઈ અવનવું અને ભયંકર બની ગયું હોય એવું લાગે છે. ડૉક્ટરે પૂછ્યું, ''એવું તે શું થયું કે તમે આટલી બધી ચિંતામાં પડી ગયાં?'' પેલી સ્ત્રીએ કહ્યું, ''ડૉક્ટર, આજે સવારે હું ઊઠી ત્યારે જીવનમાં પહેલી વાર મને કશી ચિંતા થઈ નહિ અને એની મને ચિંતા થાય છે.''

ગુજરાતી કહેવત આ પ્રમાણે છે : ''ચિંતા ચિતા સમાન''

''અને ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાનું કદ એક ઇંચ પણ વધારી શકે છે?'' બાઇબલ.

◆◆◆

## ૨૮. પ્રિન્સ

સને ૧૯૬૧ની સાલમાં ઇંગ્લાંડના રાણીના પતિ પ્રિન્સ ફિલિપે ઇંગ્લાંડની સફર કરવાનો નિર્ણય કર્યો. એક ખાસ ટ્રેનમાં તેમની મુસાફરી શરૂ થઈ. એક રાતે આ ટ્રેન એક નાના ગામની પાસેની એક જગ્યાએ થોભાવી દેવામાં આવી, જેથી પ્રિન્સ ફિલિપ રાત્રે આરામ કરી શકે. હવે બન્યું એવું કે તે રાત્રે એ જ જગ્યાએથી બીજી પાંચ પેસેન્જર ગાડીઓ પસાર થવાની હતી. જો આ ગાડીઓ પ્રિન્સની ગાડીની બાજુમાંથી પસાર થાય તો તેના અવાજથી પ્રિન્સના આરામમાં દખલ થાય. આથી આ વાતને ધ્યાનમાં રાખી રેલવે સત્તાવાળાઓએ આ પ્રશ્નનો નિકાલ કરવા માટે એવું નક્કી કર્યું કે, રાત્રે આવતી પાંચ પેસેન્જર ગાડીઓને પ્રિન્સની ગાડીથી પાંચ માઈલ દૂર થોભાવી દેવી અને તેમાંના બધા મુસાફરોને બસોથી, ટેક્ષીઓ દ્વારા રોડના માર્ગે આગળ લઈ જવા અને ત્યાંથી બીજી ટ્રેનમાં બેસાડવા. આમ કરવાથી પ્રિન્સ ફિલિપની ઊંઘમાં દખલ પડશે નહિ. અને આવું જ બન્યું.

આની સાથે બીજા એક પ્રિન્સને કે રાજકુમારને સરખાવો. જ્યારે આ શાંતિનો રાજકુંવર એટલે પ્રભુ ઈસુ આ પૃથ્વી પર આવ્યા ત્યારે તેમને માથું મૂકવાનું ઠામ ઠેકાણું પણ નહોતું.

◆◆◆

# ૨૯. ગુલામ

વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓમાં ગુલામો જ રહેતા. તેમના માલિકો તેમને ત્યાં ખેત-મજૂરી કરાવતા. ગુલામો સિવાય ત્યાં કોઈ જઈ શકતું નહિ. આવા લોકોને ખ્રિસ્તની વાત કહેવા તેમને સુવાર્તા આપવા કેવી રીતે ત્યાં જવાય?

મોરેવિયન મંડળીના કેટલાક જુવાનોએ નક્કી કર્યું કે, અમે ત્યાં ગુલામ બનીને જઈશું. અને પોતે ગુલામો તરીકે વેચાઈ જઈશું અને એ રીતે ત્યાં પહોંચીને ત્યાંના ગુલામોને ખ્રિસ્ત વિશે સાક્ષી આપીશું. આવા ઉત્સાહી, સમર્પિત અને પવિત્ર આત્માના અગ્નિથી સળગતા કેટલાક જુવાનો ગુલામોના બજારમાં જઈને ઊભા રહ્યા. પોતે વેચાઈ ગયા અને ગુલામો બનીને એ ટાપુઓમાં પહોંચી ગયા. ત્યાં મજૂરી કરતાં કરતાં બીજા હબસી ગુલામોને ખ્રિસ્તનો સંદેશો આપ્યો, સુવાર્તા સંભળાવી અને આથી ઘણા હબસી ગુલામો ખ્રિસ્તી બન્યા. પાછળથી તેમના માલિકો પણ ખ્રિસ્તી બન્યા અને ધીમે ધીમે ત્યાંથી ગુલામીની પ્રથા નાબૂદ થઈ.

પ્રેરિત પાઉલ કહે છે : ''ખ્રિસ્તની સુવાર્તાની ખાતર હું યહૂદીઓની સાથે યહૂદી જેવો થયો, બર્બરોની સાથે બર્બરો જેવો થયો, જેથી ખ્રિસ્તની સુવાર્તા હું તેમને આપી શકું.''

◆◆◆

# ૩૦. સર વોલ્ટર રેલે

કવીન એલિઝાબેથ સેનેટમાં ભાષણ આપવા જતાં હતાં. સેનેટના પગથિયાં આગળ વરસાદને કારણે થોડું કીચડ થયું હતું. રાણી એવા કીચડમાં પોતાનો પગ મૂકતાં ખચકાતા હતાં. વોલ્ટરના ધ્યાનમાં આ આવી જતાં તેઓ પાસે દોડી ગયા અને પોતાનો મોટો ઓવરકોટ કાઢી તે કાદવ પર નાખ્યો. આથી કાદવ ઢંકાઈ ગયો અને રાણી કોટ ઉપર પગ મૂકીને પસાર થઈ ગયાં.

ભાષણ પૂરું થયા પછી રાણીએ પૂછ્યું કે, ‘‘એ માણસ કોણ હતો જેણે પોતાનો ઓવરકોટ કાઢી કાદવ પર નાખ્યો હતો? તેને મારી આગળ બોલાવો.’’ વોલ્ટરને રાણી આગળ લાવવામાં આવ્યા. રાણીએ ખુશ થઈને શાબાશી આપી અને ‘સર’નો ઈલ્કાબ આપ્યો. ત્યારથી તેઓ સર વોલ્ટર રેલે તરીકે ઓળખવા લાગ્યા.

એક દિવસ એમ જ આપણો પ્રભુ કહેશે, ‘‘એ કોણ છે, જેણે મારે નામે સેવા કરી છે, દુઃખ-સતાવણીઓ વેઠ્યાં છે, ભોગ આપ્યો છે? તેને મારી આગળ લાવો. તેને ઈનામ આપવામાં આવશે.’’

‘‘શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું તારા પ્રભુના આનંદમાં પેસ.’’

◆◆◆

# ૩૧. જીવતાં કે મરેલાં ?

વિયેટનામના યુદ્ધમાં લડતો એક અમેરિકન સૈનિક બોમ્બ પડવાને કારણે સખત ઘવાયો હતો. ડૉક્ટરે એને તપાસ્યો પણ તે જીવતો છે એની કોઈ સાબિતી મળી નહિ. એની પલ્સ ચાલતી નહોતી, હૃદયના ધબકારા સંભળાતા નહોતા, તેથી ડૉક્ટરે એને મરેલો જાહેર કર્યો. એના શબને અમેરિકા મોકલવાની તૈયારીઓ થવા લાગી. જે માણસ આ શબને તૈયાર કરતો હતો તે કોઈ પ્રકારનું ઈન્જેક્શન આપતો હતો, જેથી શબ સચવાઈ રહે અને તેમાં દુર્ગંધ આવે નહિ. જ્યારે તે ઈન્જેક્શન આપતો હતો ત્યારે તેણે પેલા શબના ડાબા હાથને જરા હાલતો જોયો. આથી તરત ડૉક્ટરને બોલાવવામાં આવ્યાં. ડૉક્ટરે ફરી તપાસ્યો, ઉપચારો કર્યા અને તે માણસમાં ચેતનાનો સંચાર થયો ને જીવતો થયો. અને તે જીવતો જ અમેરિકા ગયો.

આ બનાવ બતાવે છે કે, કેટલીક વખત માણસ મરેલો છે કે જીવતો છે તે પારખવું ડૉક્ટરો માટે અઘરું બની રહે છે. મોટે ભાગે ડૉક્ટરો તરત પારખી લે છે કે, આ માણસ જીવે છે કે મરી ગયો છે. શારીરિક રીતે આ પારખવું સહેલું બનતું હોય પણ માણસ આત્મિક રીતે જીવે છે કે મરી ગયો છે તે પારખવું અઘરું છે. બાહ્ય રીતે માણસ જીવતો લાગતો હોય, પણ આંતરિક રીતે કદાપિ મરેલો હોઈ શકે. ઈસુ કહે છે, "તમે મને પ્રભુ કહો છો, પણ તમારાં મન મારાથી વેગળાં છે."

♦♦♦

# ૩૨. પાપ સંતાડી શકાય નહિ

ચંદ્ર આપણાથી ઘણો દૂર છે છતાં તેમાં જે ડાઘા છે તે આપણે જોઈ શકીએ છીએ. ચંદ્ર પોતામાં રહેલાં ડાઘ છુપાવી શક્તો નથી. આ ડાઘ શું છે એ જાણવા માટે વિજ્ઞાને પ્રયત્નો કર્યા અને પરિણામે માનવી ચંદ્ર ઉપર પહોંચ્યો.

એક જૂની કવિતા :

"મોગરાની વેલ મારી ઝૂમે રે ઝૂમે,
તે પર ભમરો આવી બેઠો સાહેલી,
તેનો કાળો ડાઘ ફૂલને લાગ્યો સાહેલી,
ચંદ્રે ધોયું, સૂર્યે ધોયું,
તોય પેલો ડાઘ ના ગયો, સાહેલી."

ગમે તે કારણસર પાપ કર્યું હોય પણ તેને છુપાવી શકાતું નથી. પાપના ડાઘ સંતાડી શકાતા નથી. પાપ આખરે ખુલ્લું થાય છે અને બહાર પડે છે. બાઈબલમાં એના દાખલા અનેક મળે છે.

૧. કાઈનની માફક ખાનગીમાં ખૂન કર્યું હોય તોપણ તે જાહેર થાય છે. તેના ભાઈનું લોહી કબરમાંથી પોકારી ઊઠે છે.

૨. યોસેફના ભાઈઓની માફક ઘણાં વરસો પહેલાં કર્યું હોય તોપણ....

૩. આખાનની માફક ખૂબ સાવધાનીથી કર્યું હોય તોપણ....

૪. શામશૂનની માફક રાજીખુશીથી ના કર્યું હોય તોપણ....

૫. બાલ્શાઝારની માફક દારૂના નશામાં કર્યું હોય તોપણ....

૬. આહાબની માફક અન્યની ચઢવણીથી કર્યુ હોય તોપણ....

૭. હેરોદની માફક મૂર્ખાઈ ભર્યું વચન આપવાથી થયું હોય તોપણ....

૮. ઈસુને ક્રૂસે જડવાની આજ્ઞા આપનાર પિલાતની માફક લોકોને ખુશ કરવા માટે કર્યું હોય તોપણ....

૯. યહૂદીઓની માફક અજ્ઞાનમાં કર્યું હોય તોપણ....

પાપને સંતાડવાને બદલે તેની કબૂલાત કરી માફી માગી લેવી એ જ યોગ્ય માર્ગ છે. ફક્ત ઈસુના લોહીમાં જ આપણાં પાપ ઢાંકી શકાય છે.

◆◆◆

## ૩૩. તારા રાજ્યમાં મને યાદ કરજે

વધસ્તંભ પર મરતાં ચોરે એક પ્રાર્થના કરી : "પ્રભુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને યાદ કરજે." તેણે જીવનમાં કરેલી તેની આ છેલ્લી પ્રાર્થના સાંભળવામાં આવી.

નિકોલસ કોપરનિકસ નામનો પ્રખ્યાત ખગોળશાસ્ત્રી હતો. પોટલેન્ડમાં ૧૯ ફેબ્રુઆરી ૧૪૯૩માં તે જન્મ્યો હતો. તે મહાન ગણિતશાસ્ત્રી પણ હતો, એની સિદ્ધિઓએ જગતના માણસોના વિચારો બદલી નાખ્યા. ઉપરાંત તે જાણીતો લેખક પણ હતો. તે મહાન ખગોળશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી અને વિદ્વાન લેખક હતો, પણ એ બધા ઉપરાંત તે ઈસુ ખ્રિસ્તનો શિષ્ય હતો. ઈસુને પોતાના તારનાર તરીકે કબૂલ રાખતો હતો.

જ્યારે તે તેની છેલ્લી માંદગી વખતે પથારીવશ હતો ત્યારે તેનું નવું છપાઈને આવેલું પુસ્તક તેના હાથમાં હતું. તેના જીવનના અંતે તે પોતે મહાન ખગોળશાસ્ત્રી છે કે ગણિતશાસ્ત્રી છે તે વિશે વિચારતો નહતો, પણ ઈસુમાં મળતી પાપની માફી વિશે વિચારતો હતો. તેણે પોતાની કબર ઉપર નીચે પ્રમાણે લખવાની સૂચના આપી હતી.

"પ્રભુ, તેં પીતર ઉપર જે ભલાઈ દર્શાવી એવી ભલાઈની વિનંતી હું કરતો નથી, પ્રેરિત પાઉલને જે કૃપા આપી એવી કૃપા માગવાની પણ હું હિંમત કરતો નથી. પણ પેલા મરતા ચોર ઉપર જે દયા બતાવી એવી દયા મારા ઉપર રાખો એવી મારી પ્રાર્થના છે. પ્રભુ તારા રાજ્યમાં મને યાદ કરજે."

## હાડેસની કે મૃત્યુલોકની સત્તાનું જોર ચાલશે નહિ

સતાવણી વેઠતી મંડળીઓની અજાયબ વૃદ્ધિ થતી રહી છેઃ-

તા. ૧૧-૮-૮૮ના રોજ પેપરમાં સમાચાર હતા કે અરુણાચલ પ્રદેશમાં દશ વર્ષ અગાઉ પાંચ હજાર ખ્રિસ્તીઓ હતા. છેલ્લાં દશ વર્ષમાં ખ્રિસ્તીઓની સંખ્યા ૬૦ હજારની થઈ છે.

ગુજરાતમાં પણ જ્યાં સતાવણી ચાલે છે તેવા વલસાડ જિલ્લાના ધરમપુરમાં નવા ખ્રિસ્તીઓની સંખ્યા ૨૦,૦૦૦ થી વધારે છે.

કોરિયામાં અજાયબ ધર્મજાગૃતિ ચાલી રહી છે, ત્યાંના એક ચર્ચમાં ૫૦,૦૦૦ અને બીજામાં એક લાખથી વધુ સભ્યો છે અને ૩૦૦ પાળકો એ મંડળીમાં સેવા આપે છે.

સિંગાપોરની કેટલીક મંડળીઓમાંના ૫૦ ટકા સભ્યો નવો જન્મ પામેલા છે. આજથી દશ વર્ષ પહેલાં ત્યાંની એક મંડળીમાં માંડ ૧૦ સભ્યો હતા; આજે ૬૦૦૦ સભ્યો છે. આ મંડળીએ દેશ-પરદેશમાં ૪૦ નવી મંડળીઓ સ્થાપન કરી છે.

♦♦♦

## ૩૪. દાન આપતાં નમવું જોઈએ

પ્રખ્યાત ફ્રેન્ચ અભિનેતા અને નાટ્યકાર ગુઈથેએ પોતાના સંસ્મરણોમાં આ વાત ટાંકી છે.

"એક સાંજના સમયે હું મારા પિતા સાથે પેરિસની સડક પર ફરવા ગયો હતો. અમારી નજર એક અંધ ભિખારી પર પડી. મારા પિતાજીએ મને એ માણસને આપવા ચાર સિક્કા આપ્યા. મેં પેલા માણસ પાસે જઈને એ સિક્કા એના ટોપામાં નાખ્યાં, ને પાછો આવ્યો. પિતાજીએ કહ્યું, "તારે ઝૂકીને એ સિક્કા તેના ટોપામાં નાખવા જોઈતા હતા." મેં પૂછ્યું, "શા માટે?" ત્યારે પિતાજી બોલ્યાં, "દાન આપતી વખતે હંમેશાં નમવું જોઈએ."

આપણે કેવી રીતે દાન આપીએ છીએ? નમ્રતાથી, નમીને દાન આપીએ છીએ કે અભિમાનના ભાવથી?

◆◆◆

# ૩૫. કબૂલાત

સ્પેનમાં બાર્સિલોના નામનું બંદર છે. ત્યાંના એક જહાજ ઉપર ધાડ, ચોરી અને લૂંટફાટના બનાવોમાં પકડાએલા એવા ઘણા ગુનેગાર કેદીઓ હતા. સ્પેનનો રાજકુમાર એક વાર પેલા જહાજ પર ગયો. પ્રત્યેક કેદી સાથે વાત કરતો ને પૂછતો કે, ''તમે અહીં કેમ આવ્યાં?'' દરેક કેદી કોઈ ને કોઈ કારણ - બહાનું બતાવતો. કોઈ કહે, ''ન્યાયાધીશે કઠોર બનીને મને અહીં મોકલ્યો છે,'' કોઈ કહેતો, ''મને અન્યાય કરવામાં આવ્યો છે તેથી હું અહીં છું.'' બીજો કોઈ કહેતો, ''જૂઠા સાક્ષીઓને કારણે મારે અહીં આવવું પડ્યું છે.'' કોઈ કહેતો, '' કેટલાક ઈર્ષાળુ લોકોએ મને પકડાવી દીધો'' - વગેરે વગેરે. અંતે એક કેદી બોલ્યો, ''સાહેબ, મારે અહીં જ હોવું જોઈએ. મેં ચોરી કરી હતી અને તેની મને શિક્ષા મળી છે એ બરાબર જ છે.'' આ કેદીની નમ્રતા, સચ્ચાઈ અને કબૂલાતથી રાજકુમાર ઉપર મોટી અસર થઈ, રાજકુમારે કહ્યું, ''તું એટલો ખરાબ કેદી છે કે તારે આ બધા બેગુનાહ અને નિર્દોષ, સારા એવા કેદીઓ સાથે રહેવું ન જોઈએ, જા, અહીંથી જતો રહે.'' આમ કહી કોઈ શરત વગર તેને છોડી મૂક્યો. માફી આપી.

જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો આપણને માફ કરવાને ઈશ્વર શક્તિમાન છે.

◆◆◆

# ૩૬. પ્રજાજનો ખાતર

સ્પેનની રાજધાની ઉપર મુસલમાન સૈનિકોએ આક્રમણ કર્યું હતું. સ્પેનના રાજા આલ્ફાન્ઝોએ તેમની સામે ટક્કર લીધી, પણ આખરે દુશ્મનો રાજાના દીકરાને ઊઠાવી ગયા. મુસ્લિમ સુલતાને નગરથી થોડે દૂર ફાંસીનો માંચડો બંધાવી રાજાના દીકરાને ત્યાં ખડો કર્યો. રાજા ઉપર સંદેશો મોકલ્યો, ''એલફાન્ઝો, કાં તો તારી રાજધાની મારા હવાલે કરી દે યા તો તારો બેટો ફાંસીને માંચડે ચઢશે.'' સંદેશો સાંભળી દરબારમાં સન્નાટો છ્વાઈ ગયો. બધા દરબારીઓ રાજાના ચહેરા પર મીટ માંડીને જોઈ રહ્યા. રાજા શું કરશે? પોતાની પ્રજાની કતલ થવા દેશે કે પછી પોતાના દીકરાનો મોહ છોડી દેશે? થોડી વાર વિચાર કરીને રાજાએ સંદેશો મોકલ્યો કે, ''સુલતાન, મારાં બેટાને હું તારે હવાલે કરું છું, જેથી મારી પ્રજા સલામત રહે.''

ઈશ્વરે તેના લોકોની સલામતી માટે, જગતના ઉદ્ધાર માટે, તમારી અને મારી માફી માટે પોતાના દીકરા ઈસુ ખ્રિસ્તને ફાંસીના માંચડે હોમી દીધો.

♦♦♦

# ૩૭. મરવું એ નક્કી છે

"આપણે બધાએ મરવું એ નક્કી છે."

૨ શમૂએલ ૧૪ ; ૧૪

૧. કાર્ડિનલ બેવફોર્ટ વિલાપ કરે છે : "શું હું આટલો ધનવાન છતાં મરણ પામીશ? જો મને મરણથી કોઈ બચાવી શકે તો મારું બધું ધન તેને આપી દેવા તૈયાર છું. શું મૃત્યું પાછું ઠેલી શકાય નહિ? નાણાં આપીને ખરીદી શકાય નહિ?"

૨. પ્રેસ્ટર જોન હંમેશા મરણ યાદ રહે માટે એની નિશાની પોતાના ટેબલ પર રાખી મૂકતો.

૩. મકદોનિયાના રાજા ફિલિપે એક છોકરો રાખ્યો હતો. તે રોજ તેને યાદ દેવડાવતો કે, "ફિલિપ, તમારે એક દિવસ મરવાનું છે."

૪. એક અંગ્રેજ વેપારી પોતાના ધંધામાં ખૂબ પરોવાએલો હતો. તેણે એક દિવસ પોતાના મિત્રને કહ્યું કે, "હું એટલો બધો કામમાં રોકાએલો છું કે મને મરવાનો પણ વખત નથી." આમ કહીને તે બીજા ઓરડામાં ગયો, ત્યાં તેને ચક્કર આવ્યા. તે નીચે પડી ગયો ને મરી ગયો.

૫. બોર્ગિયા નામનો એક મહાન માણસ મરતાં અગાઉ વિલાપ કરતાં કહે છે કે, "મેં જીવનમાં બધાંની તૈયારી કરી પણ કદી મરણની તૈયારી કરી નહિ; અને આજે હું તૈયારી વગર જ મરી જઈશ."

♦♦♦

## ૩૮. મારા પિતા વેપારી નથી

એક ગરીબ બાઈ પોતાના માંદા દીકરા માટે થોડી દ્રાક્ષ લેવા રાજાના બગીચામાં ગઈ. માળીને થોડા પૈસા આપતાં કહેવા લાગી કે, "મને થોડી દ્રાક્ષ આપો," પણ માળીએ આપવાની ના પાડી. બાઈએ થોડા વધારે પૈસા આપવાની લાલચ બતાવી તોપણ માળીએ દ્રાક્ષ આપવાની તૈયારી બતાવી નહિ. આથી આ બાઈ નિરાશ થઈને પાછી જતી હતી એટલામાં રાજાની કુંવરી જે આ બધું જોઈ રહી હતી તેણે બાઈને બોલાવી. કુંવરીએ બાઈને કહ્યું, "બાઈ, તારી ભૂલ થાય છે, મારા પિતા વેપારી નથી પણ રાજા છે. રાજા તરીકે દ્રાક્ષ વેચવાનો ધંધો કરતા નથી, પણ તેમનો ધર્મ ગરીબ ને દુઃખિત પ્રજાની મદદ કરવાનો તેમનો ધર્મ છે. જા, તારે જોઈએ તેટલી દ્રાક્ષ લઈ જા."

બાઈ ખુશ થતી દ્રાક્ષ લઈને ચાલી ગઈ.

ઈશ્વર વેપારી નથી, તે તો રાજાઓનો રાજા છે. વેચવાનો નહિ પણ આપવાનો તેનો ધંધો છે. દાતાર ઈશ્વર મફત આપે છે.

♦♦♦

# ૩૯. રાબ્બીનો વિલાપ

રાબ્બી જોન જાખીઅસ મરણપથારીએ હતો, ને વિલાપ કરતો હતો. તેના શિષ્યોએ તેને પૂછ્યું કે, "હે ઈઝરાયેલના પ્રકાશ અને જમણા હાથના (સ્તંભ) સમાન રાબ્બી, તમે કેમ શોક કરો છો?" ત્યારે તેણે જવાબ આપતાં કહ્યું કે, "જો અહીંથી મને કોઈ પૃથ્વી પરના રાજા પાસે લઈ જાય, અને એ રાજા મારા પર ગુસ્સે થાય તોપણ એનો ગુસ્સો ક્ષણિક હશે. જો તે મને કેદમાં નાખે તો તે કેદ પણ થોડા સમયની હશે. જો તે મને મારી નાખે તો તે મરણ પણ સદાકાળનું મરણ નહિ હોય. વળી એ રાજાને ધન આપીને કે લાંચ આપીને હું છૂટી પણ જઈ શકું. પરંતુ હવે હું રાજાઓના રાજાની પાસે જાઉં છું, જે પવિત્ર ઈશ્વર છે, જો તે મારા પર ગુસ્સે થશે તો તેનો ગુસ્સો સદાકાળનો હશે, જો તે મને કેદમાં નાખશે તો તે કેદ પણ સદાકાળની કેદ હશે. જો તે મને મારી નાખશે, તો મરણ સદાકાળનું હશે. વળી હું તેને છેતરી શક્તો નથી કે લાંચ પણ આપી શક્તો નથી. પછી કેમ ના રડું!"

◆◆◆

## ૪૦. હિસાબ આપવો એ સહેલું નથી

૧૦માં સૈકામાં આલ્બર્ટ નામના એક આર્ચબિશપ થઈ ગયા. તેઓ તેમનો હોદ્દો ધારણ કર્યા પછી ખૂબ ગંભીર રહેતા હતા. કોઈએ તેમને તેમની ગંભીરતાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે જણાવ્યું કે, "ગળામાં ક્રોસ પહેરવો અને લાંબો ઝભ્ભો પહેરીને ફરવું એ સહેલું છે, પણ જીવતાં તથા મૂએલાંનો ન્યાય કરનાર ઈશ્વરની આગળ ઊભા રહીને હિસાબ આપવો એ એટલું સહેલું નથી. તેથી જ હું મારા કામ સંબંધી અને મારી ફરજ સંબંધી ખૂબ ગંભીર છું."

"તારા કારભારનો હિસાબ આપ" માલિક કહે છે : દરેકે પોતાના જીવનનો પોતે કરેલાં કાર્યોનો હિસાબ આપવો પડે છે. Accountability સરળ નથી. આપણે જે કંઈ કરીએ છીએ તે માટે સર્વથી મહાન ન્યાયાધીશની હજૂરમાં હિસાબ આપવાનો છે.

આપણા શબ્દો, આપણા વિચારો, આપણાં કૃત્યો, આપણાં જીવનો, આપણાં પાપો અને અપરાધો - આ બધાંનો આપણે ન્યાયી ન્યાયાધીશ આગળ હિસાબ આપવો પડશે.

◆◆◆

## ૪૧. દુઃખસહન કરવા લાયક

કહેવાય છે કે રોમન સામ્રાજ્ય દરમિયાન ૫૦ મિલીઅન લોકોને ખ્રિસ્તને ખાતર મારી નાખવામાં આવ્યા હતા. (૧ મિલીઅન ૧૦ લાખ).

ક્વીન મેરીના વખતમાં સતાવણી પામેલા અને જેલમાં ગએલા એક સંત લખે છે : ''ખ્રિસ્તને ખાતર કેદી! મારા જેવા ગરીબ કીડાને આ કેવી કૃપા!'' બધાંને આવું માન મળતું નથી. મારી કોલેજની બે ડિગ્રીઓએ મને જે માન અને સ્થાન નથી આપ્યું તે ખ્રિસ્તને ખાતર દુઃખ સહન કરું તેને માટે ખ્રિસ્તે મને લાયક ગણ્યો તેથી આનંદ કરું છું.''

''ન્યાયીપણાને લીધે જ્યારે તમારી સતાવણી થાય, નિંદા થાય, લોકો પાછળ પડી જાય, તમારી વિરુદ્ધ અસત્ય વાતો ફેલાવે ત્યારે તમને ધન્ય છે, આનંદ કરો'' માથ્થી ૫; ૧૦-૧૨.

◆◆◆

# ૪૨. વ્યાજ સાથે

પ્રભુના મહાન સેવક ચાર્લ્સ સ્પર્જન એક વખત ઇંગ્લાંડમાં મિટિંગો ચલાવતા હતા. તેમની ઇચ્છા હતી કે, પોતાના અનાથાશ્રમનાં બાળકો માટે ત્યાંથી ૩૦૦ પાઉન્ડ મેળવવા. આ તેમની તાત્કાલિક જરૂરિયાત હતી અને તેમને ત્યાંથી ૩૦૦ પાઉન્ડ પણ મળી ગયા. રાત્રે તેમણે ઈશ્વરની વાણી સાંભળી કે, "સ્પર્જન, એ ૩૦૦ પાઉન્ડ જ્યોર્જ મૂલરને આપી દે." સ્પર્જને ઈશ્વરને કહ્યું, "પ્રભુ, આ તો લંડનમાંનાં મારા આશ્રમનાં બાળકો માટે છે અને મારે એની તાત્કાલિક જરૂર છે." ફરી અવાજ સંભળાયો, સ્પર્જન, તે નાણાં જ્યોર્જ મૂલરને આપી દે. આથી સ્પર્જન પ્રભુની વાણીને અને ઇચ્છાને આધીન થયા, "પ્રભુ તારી ઇચ્છા પ્રમાણે હું આ નાણાં આપી દઈશ." પછી રાત્રે સરસ ઊંઘ આવી. બીજે દિવસે સવારે તે નાણાં લઈને મૂલરના આશ્રમે ગયા. ત્યાં જઈને જોયું તો મૂલર ઘૂંટણો પર પડી પ્રાર્થના કરી રહ્યા હતા, આગળ બાઈબલ ખુલ્લું પડ્યું હતું. સ્પર્જને મૂલરના ખભે હાથ મૂક્યો ને ધીમેથી બોલ્યાં, "મૂલર, શું તું આ ૩૦૦ પાઉન્ડ માટે જ પ્રભુની આગળ વિનંતી કરી રહ્યો હતો?" પછી બંને મહાન સેવકો આનંદથી એક બીજાને ભેટ્યા. સ્પર્જન લંડન પાછા આવ્યા ને પોતાના ટેબલ પર એક કવર જોયું, તેમાં ૩૦૦ પાઉન્ડ અને ૩૦૦ શિલિંગ હતા. સ્પર્જન આનંદથી પોકારી ઊઠ્યા કે, "મારા પ્રભુએ મારા ૩૦૦ પાઉન્ડ સાથે ૩૦૦ શિલિંગ વ્યાજના પણ આપ્યા."

પ્રભુની ઇચ્છાને આધીન થનારને અચૂક બદલો (reward) મળે છે.

◆◆◆

# ૪૩. ઘંટ વાગ્યો નહિ

૧૬મી સદીમાં ઓલિવર ક્રોમવેલે હુકમ કર્યો કે, કેટલાક અંગ્રેજ સૈનિકોએ લડાઈમાં ડરપોકપણું બતાવ્યું છે, માટે એવા તમામને ગોળીએ વીંધી નાખવા.'' ગોળીએ વીંધી નાખવાનો સમય નક્કી કરવામાં આવ્યો કે આજે સાંજે ૬ વાગે જ્યારે ઘંટ વાગે ત્યારે બધાને એક સાથે ગોળીએ મારવામાં આવશે. પણ બધાની અજાયબી વચ્ચે નક્કી કરેલા સમયે ઘંટ વાગ્યો નહિ. તપાસ કરતાં માલૂમ પડ્યું કે જેમને શિક્ષા જાહેર કરાઈ હતી એમાંના એક સૈનિકની સગાઈ એક છોકરી સાથે થઈ હતી. આ છોકરી, જેની સાથે પોતાની સગાઈ થઈ છે એવા યુવાન સિપાઈના પ્રેમને કારણે અને એને બચાવવા માટે જ્યાં ઘંટ હતો તે ટાવર પર ચઢી ગઈ હતી અને આ મોટા ઘંટના હથોડાને પકડીને બેસી રહી હતી, જેથી ઘંટ વાગે નહિ અને તેનો થનાર પતિ મરે નહિ. આમ કરવાથી એના હાથ છોલાઈ ગયા હતા અને એમાંથી લોહી નીતરી રહ્યું હતું, પણ આ છોકરી હથોડો છોડતી ન હતી.

ખ્રિસ્ત ઈસુના હાથ જુઓ, લોહીથી ખરડાએલા, ખીલાથી વીંધાએલા, પ્રભુ ઈસુએ આપણા પ્રત્યેના પ્રેમને કારણે વધસ્તંભ ઉપર કેવું ભયાનક દુ:ખ વેઠ્યું છે!

◆◆◆

# ૪૪. ચિટ્ઠી

લડાઈ દરમિયાન એક જુવાન સૈનિક મેદાનમાં થઈને જતો હતો. ત્યાં તેણે પોતાના એક મિત્ર સૈનિકને ઘાયલ થઈને પડેલો જોયો. તે ઘાયલ સૈનિક હવે મરવાની અણી પર હતો. પેલો સૈનિક ઘાયલ મિત્રોની પાસે ગયો, તેના ઘા સાફ કર્યા, લોહી લૂછવા લાગ્યો, પાણી આપ્યું, પછી પૂછ્યું કે, "હવે તારે માટે શું કરું?"

ઘાયલ સૈનિકે કહ્યું, "જો તારી પાસે કાગળનો ટુકડો હોય તો હું લખાવું તેમ લખ. આ ચિઠ્ઠી મારા પિતા ઉપર લખવાની છે, કદાપિ હું તેમાં સહી કરતાં સુધી જીવી શકીશ કે કેમ તે ખબર નથી, પણ તું જલદી લખવા માંડ. મારા પિતા ઉત્તર વિભાગમાં જાણીતા ન્યાયાધીશ છે અને તું આ ચિઠ્ઠી લઈને તેમની પાસે જઈશ તો તેઓ જરૂર તારી મદદ કરશે."

ચિઠ્ઠીમાં આ પ્રમાણે લખાવ્યું:

"વહાલાં પિતા, હું લડાઈના મેદાનમાં અત્યારે મરવાની અણી પર છું. મારો એક મિત્ર મને મદદ કરી રહ્યો છે. જો કોઈ સમયે આ મિત્ર તમારી પાસે આવે તો તેને તમારા પુત્ર ચાર્લ્સની ખાતર મદદ કરજો, તેના પ્રત્યે માયાળુ વર્તન રાખજો." પછી ઉતાવળે તેમાં સહી કરી, ચાર્લ્સ.

કેટલાક સમય પછી આ જુવાન સૈનિક ફાટેલાં-તૂટેલાં કપડાંમાં પેલા ન્યાયાધીશને શોધતો શોધતો તેમને ઘેર પહોંચ્યો. શરૂઆતમાં નોકરોએ તેને અંદર જવા દીધો નહિ. એવાંમાં ન્યાયાધીશ પોતે બહાર આવ્યા. જુવાને પેલી ચિઠ્ઠી તેમને આપી. ન્યાયાધીશને

લાગ્યું કે, આ કોઈ ભિખારી મદદ માટે આવ્યો હશે. ચિઠ્ઠી વાંચી અને નીચે પોતાના દીકરા ચાર્લ્સની સહી જોઈ. ન્યાયાધીશ આનંદથી પેલા સૈનિકને બાઝી પડ્યા. તેને અંદર ઘરમાં લઈ જઈને બેસાડ્યો, અને આંસુઓ સાથે કહેવા લાગ્યા, ''મારા પૈસાથી જે કંઈ તારે માટે થઈ શકે તે બધું હું કરવા તૈયાર છું અને મારી લાગવગ દ્વારા પણ તારે માટે જે કંઈ કરી શકાય તે બધું હું કરીશ.''

ન્યાયાધીશનું વલણ કેમ બદલાયું? કેમ મદદ કરવા તૈયાર થયા? એનું કારણ-ચિઠ્ઠીમાં એમના સગા દીકરા ચાર્લ્સનું નામ હતું, તેની સહી હતી.

પ્રભુ ઈસુએ કહ્યું, ''મારે નામે તમે બાપની પાસે જે કંઈ માગશો ને તે તમને આપશે.'' ઈસુ, ઈશ્વરના પુત્રના નામમાં માગજો. આમેન.

◆◆◆

# ૪૫. બીજા નવ ક્યાં છે?

ઈસુએ દસે દસ કોઢિયાને શુદ્ધ કર્યા, પણ એક જ આભાર માનવા પાછો આવ્યો. બીજા નવ શા માટે ઈસુનો આભાર માનવા આવ્યા નહિ? તેમનાં નહિ આવવાનાં કારણો કંઈક આવાં હોઈ શકે.

પહેલાંએ કહ્યું : "થોભવા દો, જોવા દો. આ સાજાપણું ખરેખર મળ્યું છે કે નહિ, કોઢ ગયો છે કે નહિ?"

બીજાએ કહ્યું : "સાજો તો થયો પણ જોવા દો કે એ કેટલું ચાલે છે. ફરી તો કોઢ નહિ થાય ને!"

ત્રીજાએ કહ્યું : "હમણાં શી ઉતાવળ છે? ફરી કોઈ વાર વખત મળે ઈસુને મળવા જઈશ."

ચોથો કહે છે : "અગાઉ મને કોઢ હતો જ ક્યાં! હું તો સાજો જ હતો."

પાંચમો કહે છે : "હવે શું? ગમે તેમ હું સાજો તો થઈ ગયો છું. ગરજ મટી ગઈ."

છઠ્ઠો કહે છે : "યાજકને માન મળવું જોઈએ, તેનો આભાર માનવો જોઈએ. એણે જ તપાસીને જાહેર કર્યું કે, હવે હું સારો છું ને લોકો મધ્યે રહી શકીશ."

સાતમો કહે છે : "ખરેખર તો ઈસુએ આમાં કશું જ કર્યું નથી. તે મને અડક્યો નથી, કોઈ દવા આપી નથી. પછી ઈસુનો આભાર માનવાની શી જરૂર!"

આઠમો કહે છે : "આમાં શું? આવું તો કોઈ પણ રાબ્બી કરી શકે છે, રોગ મટાડી શકે છે. આમાં શી નવાઈ!"

નવમો કહે છે : "જુઓ, આમ તો હું ઘણા વખતથી ધીમે ધીમે સાજો થઈ રહ્યો હતો. અને લગભગ બધું મટી જ ગયું હતું. મારામાં પહેલેથી જ ઘણો સુધારો થઈ રહ્યો હતો. આ તો "કાગનું બેસવું અને ડાળનું પડવું" એના જેવું થયું છે. શા માટે મારે ઈસુનો આભાર માનવા જવું જોઈએ?"

આજે પણ આવાં બહાનાં કાઢીને લોકો ઈશ્વરના આશીર્વાદો માટે આભાર માનવાનું ચૂકી જાય છે.

◆◆◆

# ૪૬. ઈસુ વિશે વાત કરો

સને ૧૮૩૪માં આલેકઝાંડર ડફ જ્યારે ફર્લો પર એમના વતનમાં ગયા ત્યારે વારંવાર તેઓ વૃદ્ધ વિલિયમ કેરીની મુલાકાત લેતા. પ્રભુના બંને સેવકો-મહાન મિશનરીઓ-આનંદથી વાતો કરતા. વિલિયમ કેરી મરણ પામ્યા તે અગાઉની એમની છેલ્લી મુલાકાત વખતે આલેકઝાંડરે ઘણો સમય તેમની સાથે વીતાવ્યો. આ મુલાકાત દરમિયાન તેમણે કેરીની સેવાઓ અંગે ખૂબ વખાણ કર્યાં, આખરે કેરી આ બધું સાંભળીને થાક્યા એટલે બોલ્યા, "બસ, હવે પ્રાર્થના કરાવો." પ્રાર્થના પછી આલેકઝાંડર ડફ ઊઠીને જતાં હતાં ત્યારે કેરીએ તેમને પાસે બોલાવ્યા ને કહ્યું, "મિ. ડફ, અત્યાર સુધી તમે તમારી વાતમાં મિસ્ટર કેરી વિશે ઘણું બોલ્યા, પણ જ્યારે આ કેરી જતો રહે, મરણ પામે - ત્યારે કેરી વિશે કશું બોલતા નહિ, પણ વિલિયમ કેરીના પ્રભુ વિશે, કેરીના તારનાર વિશે જ બોલજો."

આપણે કોના વિશે વધારે વાત કરીએ છીએ! પોતાના વિશે કે તારનાર વિશે? ઈસુ વિશે વાત કરો.

♦♦♦

## ૪૭. આત્માની ચિંતા

૧. વિલિયમ વિલ્બરફોર્સને અમેરિકાનો મહાન સમાજસેવક અને ઉદ્ધારક માનવામાં આવે છે. એમણે એમનું જીવન દુ:ખીઓની સેવા માટે અને ગુલામોની મુક્તિ માટે સમર્પિત કર્યું હતું.

એક વાર એમના મિત્રે પૂછ્યું, "તમે બીજાઓને તો મુક્ત કરાવ્યા, પણ તમારા આત્માને મુક્ત કર્યો કે નહિ?" જવાબ મળ્યો, "હું મારાં કામમાં એટલો બધો ગળાડૂબ રહ્યો કે મારે પણ આત્મા છે એનો મને ખ્યાલ જ ના રહ્યો."

આપણે પ્રેમ વગરની પ્રવૃત્તિઓમાં ગળાડૂબ રહીને આત્માને વીસરી તો નથી જતા ને!

૨. સી. એચ. સ્પર્જને દાવો કર્યો છે કે તેમણે જેલના કેદીઓ સહિત જેમની મુલાકાત કરી છે તેમાંના ૯૮ ટકા જેટલા લોકોએ કહ્યું છે કે તેઓ બાઈબલમાં માને છે, પણ તેમાંના મોટા ભાગના લોકો તેમના આત્માની કાળજી લેતા નથી. તેમણે ઈસુને પોતાના તારનાર તરીકે કદી સ્વીકાર્યા નથી જે માને છે. તેમને માટે "માનવું" એ ક્રિયાપદ એક્ટિવ કે ક્રિયાશીલ ક્રિયાપદ નથી. જે માને છે તેને તેઓ અમલમાં કદી મૂકતા નથી.

◆◆◆

# ૪૮. સાજાપણું આપતો પડછાયો

તેઓએ માંદાઓને લાવી માર્ગમાં સુવડાવ્યાં, જેથી પીતર પાસે થઈને જાય તો તેનો પડછાયો કોઈના ઉપર પડે અને તેઓ સાજાં થાય. (પ્રે. કૃ. ૫ ; ૧૫).

ઈશ્વરને અર્પિત એ સેવા કેટલા બધા લોકોના પડછાયા દ્વારા બીજાઓને સાજાપણું મળ્યું છે! તેમની સેવાનો પડછાયો - તેની અસરો - કેવી મહાન છે!

ઈશ્વરને અર્પિત એવા સન્ડે સ્કૂલના શિક્ષક મિ. કિમબોલ ૧૮૮૫માં મિ. ડી. એલ. મૂડીને પ્રભુ પાસે દોરી લાવ્યા.

જુવાન મૂડીની સુવાર્તિક સેવાઓ દ્વારા ૧૮૯૯માં ફ્રેડરિક બી. માયરે પોતાનું જીવન પ્રભુને સોંપ્યું અને એક નાની મંડળીના પાળક બન્યા.

એક અમેરિકન કોલેજમાં માયરની સેવાઓ દ્વારા વિલ્બર ચેપમેન પ્રભુની પાસે આવ્યા.

વાય. એમ. સી. એ. માં ચેપમેનની સેવાઓ દ્વારા બીલ સન્ડે પ્રભુને સોંપાયા.

અમેરિકામાં બીલ સન્ડેની આત્મિક જાગૃતિની સભાઓ દ્વારા મોર્દખાય હેમ નામના જુવાને પોતાનું જીવન પ્રભુને સોંપ્યું.

મોર્દખાય હેમે યોજેલી એક સભામાં ડૉ. વિલ્યમ બીલી ગ્રેહામે પોતાનું જીવન પ્રભુને સોંપ્યું અને આજે ડૉ. બીલી ગ્રેહામ દ્વારા હજારો આત્મા જીતાય છે.

સન્ડે સ્કૂલના શિક્ષક મિ. કિમબોલની સેવાની અસરો કેટલી બધી વિસ્તૃત બની ગઈ!

શું કોઈના પર તમારો પડછાયો સાજાપણું લાવે છે?

♦♦♦

## ૪૯. ઈશ્વરને વચ્ચે લાવો

ડૉ. નેપોલીઅન હીલ આધુનિક યુગના મહાન ભૌતિકવાદી ગણાતા હતા. સત્તા અને નાણાં કેવી રીતે મેળવવાં તે વિશે તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. એમના એક પુસ્તકમાં તેમણે પ્રાર્થના વિશે લખ્યું છે. "શરૂઆતમાં જ તમને નવાઈ લાગશે કે મારા જેવા ભૌતિકવાદી માણસે આધ્યાત્મિક વિષય કેમ છેડ્યો છે? પણ મારો અનુભવ કહે છે કે ઈશ્વરને જીવનમાં વચ્ચે લાવ્યા વિના આપણો સંપૂર્ણ ઉદ્ધાર શક્ય નથી."

ઈસુ બાર વર્ષની ઉંમરે ધર્મગુરુઓની વચમાં બેઠેલા હતા.

મરણપ્રસંગે ઈસુ બે ચોરોની વચમાં હતા. પુનરુત્થાન પછી શિષ્યોની વચમાં આવ્યા. સ્વર્ગારોહણ પછી સાત સોનાની દીવીની વચમાં ચાલનાર છે.

આપણે આપણા જીવનમાં પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તને વચમાં લાવીએ. પ્રભુ ઈસુને કેન્દ્રસ્થાને રાખીએ.

◆◆◆

# ૫૦. પાગલ બાદશાહ

૧૩મી સદીમાં બગદાદનો બાદશાહ હારૂન અલ રશીદ થઈ ગયો. તેની પાસે ખૂબ ધન-દોલત હતી. તેનો ત્રીજો વારસ અલ મુસ્તસીમ ધનનો ખૂબ લોભી હતો, લાલચુ હતો અને સંગ્રહખોર હતો. ધનદોલત તેનાથી છૂટતાં ન હતાં.

હવે બન્યું એવું કે મોગલ સેનાપતિ હલાકુએ બગદાદ ઉપર ચઢાઈ કરી. બાદશાહે પોતાનું સૈન્ય લડાઈમાં મોકલી આપ્યું, પણ પોતાનો ખજાનો અનામત રાખ્યો. ખજાનામાંથી લશ્કર પાછળ જરા પણ ખર્ચ કર્યો નહિ. પરિણામે સાધનસામગ્રી ખૂટી પડ્યાં ને બાદશાહનું લશ્કર હાર્યું. હલાકુએ બાદશાહને કેદ કર્યો અને કહ્યું કે, ''તારી પાસે જેટલો ખજાનો હોય તે બધો આપી દે, તો તને જીવતદાન આપવામાં આવશે.'' બીજો કોઈ ઉપાય ન રહેતાં જીવ બચાવવા બાદશાહે પોતાનો ખજાનો હલાકુને બતાવ્યો. હલાકુ ખજાનો જોઈને આભો જ બની ગયો. પછી બોલ્યો, ''અરે પાગલ બાદશાહ, આટલો બધો ખજાનો તારી પાસે હોવાં છતાં તે લશ્કર પાછળ જરા પણ ખર્ચ કર્યો નહિ! જો થોડો ઘણો ખર્ચ કર્યો હોત તો તારું લશ્કર જીતી જાત, પરંતુ તેં જીત કરતાં ખજાનાને વધુ પ્રિય ગણ્યો, માટે જા તું તારા ખજાના સાથે જ રહે ખા, પી, એ જ તારી શિક્ષા છે.'' અને શિક્ષા તરીકે બાદશાહને ખજાનામાં જ કેદ કરવામાં આવ્યો, ખજાનો તે ખાઈ શક્તો ન હતો, આખરે ૨૯ દિવસ બાદ ભૂખેતરસે તે ખજાના પાસે જ મરણ પામ્યો. આ પ્રસંગકથાનું તાત્પર્ય આ છે : ધનનો લોભ રાખવો નહિ.

◆◆◆

# ૫૧. નુકસાનનો ફાયદો

મહાન વૈજ્ઞાનિક એડિસનની પ્રયોગશાળામાં આગ લાગી ગઈ. જરૂરી કાગળો બળીને રાખ થઈ ગયા. ઘણા લાંબા સમયની મહેનત, પરસેવો પાડીને એકત્ર કરેલી સંશોધન સામગ્રી સળગી ગઈ. દુ:ખભર્યા ચહેરે એડિસનનો છોકરો એક ખૂણામાં ઊભો ઊભો બધું જોઈ રહ્યો હતો. એડિસને છોકરાને કહ્યું, "તારી મા ક્યાં છે? એને પણ અહીં બોલાવી લાવ, આવું દશ્ય જિંદગીમાં બીજી વાર જોવા નહિ મળે!"

બીજા દિવસે એડિસને પોતાના કુટુંબના સભ્યોને જણાવ્યું કે, "નુકસાનનો પણ ફાયદો થાય છે. આપણા બધાંની ભૂલો સળગીને રાખ થઈ ગઈ. ઈશ્વરનો આભાર માનો કે આપણે હવે નવેસરથી કામ શરૂ કરી શકીશું."

અનુકૂળ કે પ્રતિકૂળ બધા સંજોગોમાં ઈશ્વરનો આભાર માનો.

♦♦♦

# પર. પીલર (સ્તંભ)

પ્રખ્યાત આર્કિટેક્ટ (સ્થપતિ - ઈમારતો બાંધનાર) સર ક્રિસ્ટોફર રેએ એક ચર્ચનો મિનારો ખૂબ ઝડપથી તૈયાર કર્યો. આથી તેના ઘણા સાથીદારો અને હરીફો તેના પ્રત્યે ઈર્ષા કરવા લાગ્યા. તેઓએ સર ક્રિસ્ટોફર રેને હલકો પાડવા ચર્ચ સત્તાવાળાઓને ફરિયાદ કરી કે, "આ મિનારાને બે પીલરની જરૂર છે. જો બે પીલર નહિ હોય તો આ મિનારો છ મહિનામાં પડી જશે." સર રેએ આનો વિરોધ કર્યો, પણ સત્તાવાળાઓએ આગ્રહ રાખ્યો કે બે પીલર બનાવવા જેથી મિનારો તેના આધારે ટકી રહે. આખરે બે પીલર બનાવવામાં આવ્યા. કેટલાંક વર્ષો પછી રીપેરિંગ કરતાં માલૂમ પડ્યું કે, આ બેમાંથી એક પણ પીલર ઘુમ્મટને અડતો જ નહોતો. ઉપર ઘુમ્મટથી બે ફૂટ દૂર હતા, પણ નીચેથી કોઈને ખબર પડતી નહિ. સર રેએ સત્તાવાળાઓના આગ્રહથી અને ફક્ત લોકોના સંતોષ ખાતર જ બંને પીલરો ઊભા કર્યા હતા.

માણસના જીવનમાં પણ ઘણીવાર સંતોષ ખાતર જ આવા પીલરો ઊભા કરવામાં આવતા હોય છે. ધર્મના અને નીતિનિયમનોના ઘણા પીલરો કે સ્તંભો માણસ ફક્ત સંતોષ ખાતર જ બાંધતા હોય છે.

◆◆◆

# ૫૩. વિદાયની પ્રાર્થના

રેવ. હેનરી એફ. લાઈટ ઘણે ભાગે બીમાર રહેતા હતા. લગભગ બે દસકા સુધી તેમણે ઇંગ્લાંડમાં દરિયાકિનારે આવેલી એક મંડળીના પાળક તરીકે કામ કર્યું. તેમની આશા હતી કે, દરિયાકિનારે રહેવાથી તેમની માંદગીમાં સુધારો થશે અને તે પાછા સાજાં થઈ જશે, પણ એમ થવાને બદલે તેમની તંદુરસ્તી બગડતી ચાલી. તેમના ડૉકટરે સલાહ આપી કે, તેમણે તાત્કાલિક ગરમ પ્રદેશમાં જઈને રહેવાની જરૂર છે.

છેલ્લા રવિવારે તેમણે મંડળી આગળ ઉપદેશ કર્યો, પછી દરિયાકિનારા પર છેલ્લી વાર થોડું ફર્યા, ત્યાં ફરતાં ફરતાં કાગળના એક ટુકડા ઉપર પોતાની વહાલી મંડળી, જેના ઉપર વીસ વર્ષ સેવા કરી હતી તેમને માટે વિદાયની પ્રાર્થના લખી. Farewell Prayer. બીજી સવારે તેઓ ઈટાલી જવા ઊપડી ગયા, અને ત્યાં થોડા મહિનાઓ બાદ મરણ પામ્યા.

તેમણે લખેલી વિદાયની પ્રાર્થના એ જ આપણા ભજનસંગ્રહમાં ૩૩મું ગીત : "મુજ સાથે રહે."

આ ગીતમાં વિશ્વાસ અને પ્રાર્થનાના સામર્થ્ય ઉપરનો તેમનો ભરોસો દેખાય છે.

♦♦♦

# ૫૪. ડાબા હાથની ત્રીજી આંગળી

ઇબ્રાહીમના નોકરે જ્યારે રિબકાહ ઉપર ઇસહાકની પત્ની થવા પસંદગી ઉતારી ત્યારે તેણે રિબકાહને વીંટી આપી હતી, તેમાંથી લગ્ન વખતે વીંટી આપવાની પ્રથા આવી. હવે લગ્ન ક્રિયામાં પાળક વરકન્યાને કહે છે કે, હવે ડાબા હાથની ત્રીજી આંગળીએ વીંટી પહેરાવો. કેમ ડાબા હાથની ત્રીજી આંગળી? કોઈ ખાસ કારણ?

આફ્રિકાના લોકોની માન્યતા છે કે અંગુઠા પાસેની પહેલી આંગળી તે ઝેરી આંગળી છે, તેનાથી કોઈ દવા કે મલમ કોઈના ઘા પર લગાડવો નહિ. પરંતુ ડાબા હાથની ત્રીજી આંગળી શુકનિયાળ દર્દને રૂઝવનારી ગણાય છે.

ઈજિપ્તના લોકો માને છે કે માણસના હ્રદયમાંથી એક પ્રેમની નળી નીકળે છે અને આ નળી ડાબા હાથની ત્રીજી આંગળીને મળે છે. આથી કદાપિ લગ્નની વીંટી ડાબા હાથની ત્રીજી આંગળીએ પહેરાવવાની પ્રથા શરૂ થઈ હશે.

♦♦♦

## ૫૫. દેવનું પુસ્તક

૧. કેનેડાના કેદખાનામાં ટોકીચી ઈશી નામનો ભયંકર ગુનેગાર હતો. ખૂનના આરોપસર તેને ફાંસીની સજા થઈ હતી, ને તે મરણની વાટ જોતો હતો. તેને કોઈએ નવો કરાર આપ્યો તે વાંચતાં તેનું બદલાણ થયું. તેનામાં માનવતા, પ્રેમ, દયા ઉત્પન્ન થયાં. જો કે તેને ફાંસી મળી અને મરણ પામ્યો પણ એક બદલાણ પામેલા ખ્રિસ્તી તરીકે, તે પુનરુત્થાનની આશાનાં પશ્ચાત્તાપ સાથે, મૃત્યુને ભેટ્યો.

૨. છોકરી માને પૂછે છે, ''મા આ કયું પુસ્તક છે?'' મા કહે છે, ''બેટા, એ બાઈબલ છે, દેવનું પુસ્તક છે.'' છોકરી બોલી, ''મા, જો એ દેવનું પુસ્તક હોય તો દેવને આપી દો ને! કારણ કે આપણે તો તેનો ઉપયોગ કરતાં નથી!''

◆◆◆

# ૫૬. ફરિયાદની ટોપલી

બે દૂતોને પૃથ્વી પર મોકલવામાં આવ્યા, અને તેમને જણાવવામાં આવ્યું હતું કે પૃથ્વી પરથી લોકોની આભારસ્તુતિ અને ફરિયાદો ભેગા કરી લાવો. જે દૂતને આભારસ્તુતિ ભેગી કરવાની હતી તેને લાગ્યું કે ઘણા લોકો આભાર માનતા હશે તેથી એ બધો આભાર ભેગો કરવા બહુ મોટી ટોપલીની જરૂર પડશે, આથી તેણે મોટી ટોપલી લીધી.

બીજો દૂત, જેને ફરિયાદો ભેગી કરવાની હતી તેને લાગ્યું કે, ફરિયાદો બહુ મળશે નહિ, તેથી તેણે નાની ટોપલી લીધી. પછી બંને પૃથ્વી પર આવ્યા. અહીં આવ્યા પછી અને પૃથ્વીના લોકોને મળ્યા પછી એમને લાગ્યું કે, હવે અમારે ટોપલીઓની અદલાબદલી કરવી પડશે. આભારસ્તુતિ ભેગી કરનાર દૂતને નાની ટોપલી બસ થઈ રહી, જ્યારે ફરિયાદો ભેગી કરનારને મોટી ટોપલીની જરૂર લાગી.

આપણે આભાર માનવાને બદલે ફરિયાદો વધારે કરીએ છીએ. પ્રે. પાઉલ કહે છે કે, બધા સંજોગોમાં દેવબાપની આભારસ્તુતિ કરો.

◆◆◆

# ૫૭. ઈસુ તરફ જુઓ

૧૮૫૦ના જાન્યુઆરીની ૬ઠ્ઠી તારીખે રવિવાર હતો અને તે સવારે ખૂબ હિમવર્ષા શરૂ થઈ. વાવાઝોડું પણ આવ્યું. આવી સવારે ચાર્લ્સ હેડન સ્પર્જન દેવળમાં જવા નીકળ્યા. રસ્તામાં હિમને કારણે ઘણી ઠંડી લાગતી હતી. હૃદય અને શરીર ઠંડા પડતાં હોય એવું લાગ્યું. તોફાન અને હિમને કારણે આગળ જવું મુશ્કેલ લાગવાથી તે પાસેના એક નાના ચેપલ તરફ વળ્યાં. આ નાનું ચેપલ મેથોડિસ્ટ મંડળીનું ભજનસ્થાન હતું. ચાર્લ્સ જઈને છેલ્લી પાટલી પર બેઠા. ચેપલમાં શાંતિ હતી. થોડીવાર પછી એક લાંબો અને પાતળો માણસ ઊભો થયો ને પુલ્પિટ પર આવ્યો. તેણે કહ્યું, "તોફાનને કારણે આજે આપણા પાળક આવી શક્યા નથી, તેથી હું ભક્તિસભા ચલાવું છું." આ લેમેન ભાઈએ કહ્યું કે, "મને ભાષણ કરવાનું બહુ ફાવતું નથી, પણ જેમ બીજા પાળકો કરે છે તેમ હું પણ બાઈબલમાંથી એક વાક્ય પસંદ કરીશ. મારું આધાર વાક્ય યશા. ૪૫; ૨૨માં મળે છે. "મારી તરફ જુઓ અને તારણ પામો."

હવે આ લેમેનભાઈને ભાષણમાં આગળ શું કહેવું તે આવડતું નહોતું, તેથી વારે વારે આ આધાર વાક્ય દોહરાવતા હતા. "મારી તરફ જુઓ, હું કહું છું કે ઈસુ તરફ જુઓ, મારો પરસેવો લોહીના ટીપાં જેવો થયો છે, મારી તરફ જુઓ, હું વધસ્તંભે લટકાએલો છું, મારી તરફ જુઓ - લોહી વહે છે." હવે ઉપદેશકનો અવાજ મોટો થયો અને છેલ્લી પાટલી ઉપર બેઠેલો જુવાન ચાર્લ્સ તરફ આંગળી કરીને બોલ્યો, "જુવાન, હું તને કહું છું કે ઈસુ તરફ જો."

ચાર્લ્સ સ્પર્જન પાછળથી લખે છે કે, "તે જ વખતે મને તારણનો માર્ગ મળ્યો, મારા મનનો અંધકાર દૂર થયો અને મેં ઈસુ તરફ જોઈને મારું સ્વાર્પણ કર્યું."

પાછળથી આજ ચાર્લ્સ સ્પર્જન મહાન ઉપદેશક બન્યા.

૧૬ વર્ષની ઉંમરે તેમણે સન્ડેસ્કૂલમાં શીખવવાનું શરૂ કર્યું.

૧૭ વર્ષની ઉંમરે વૉટર બીચ ચેપલના પાળક થયા. ૨૧ વર્ષની ઉંમરે તો તેઓ "ઇંગ્લાંડના અજાયબ છોકરા" તરીકે જાણીતા થયા.

"The Boywonder of England"

૨૩ વર્ષની ઉંમરના આ ઉપદેશકની એક સભામાં ૩૩,૬૪૫ (તેત્રીસ હજાર છસો પિસ્તાલીસ) માણસો હાજર હતાં.

તે દિવસે, જે પેલા લાંબા-પાતળા લેમેનભાઈ, પાળકના બદલામાં ઉપદેશક તરીકે આગળ આવ્યા તે ભૂલાઈ ગયા છે, તેમનું નામ સુદ્ધાં કોઈ જાણતું નથી. પરંતુ તેમની ભાંગી-તૂટી સેવાના ફળ રૂપે ચાર્લ્સ સ્પર્જન આજે દુનિયાભરમાં જાણીતા છે.

"હું તમને કહું છું કે ઈસુ તરફ જુઓ."

## ૫૮. રાષ્ટ્રની આબરૂ ખાતર પુત્રનું બલિદાન

બીજા વિશ્વયુદ્ધનો સમય હતો. જર્મનીના હિટલરે રશિયા ઉપર ચઢાઈ કરી. ઘણા રશિયન સૈનિકો પકડાયા. તેમને મારી નાખવામાં આવ્યા. બીજા કેટલાકને પકડીને કેદ કરવામાં આવ્યા. આ કેદ થએલાં સૈનિકોમાં રશિયાના પ્રમુખ સ્તાલીનનો પુત્ર, જે પોતે પણ એક સૈનિક હતો તે પણ સામેલ હતો.

હિટલરે સ્તાલીનને સંદેશો મોકલ્યો કે, સ્તાલીને જર્મન યુદ્ધ કેદીઓને છોડી મુકવા અને જો એમ નહિ કરે તો રશિયન યુદ્ધ કેદીઓને મારી નાખવામાં આવશે અને એ બધાની સાથે સ્તાલીનના પુત્રને પણ ગોળીએ વીંધી નાખવામાં આવશે." સ્તાલીન માટે મોટી કસોટી આવી પડી. હિટલરને સમજાવવો મુશ્કેલ હતો. એક બાજુ પોતાનો પ્રિય પુત્ર હતો અને બીજી બાજુ પોતાનું રાષ્ટ્ર હતું. બેમાંથી એકની પસંદગી કરવાની હતી. સ્તાલીને નિર્ણય કર્યો કે પુત્રને બચાવીને રાષ્ટ્રને ખેદાનમેદાન કરવા કરતાં, પુત્રની આહુતી આપીને રાષ્ટ્રની આબરૂ અડીખમ રાખવી. પોતાનો નિર્ણય તેણે હિટલરને જણાવ્યો. અને હિટલરે બીજા યુદ્ધકેદીઓની સાથે સ્તાલીનના પુત્રને પણ ખતમ કરી નાખ્યો. સ્તાલીનનું હ્રદય પુત્રપ્રેમને કારણે દુઃખી થયું, પણ તેને ગૌરવ હતું કે, "મારું રાષ્ટ્ર બચી ગયું." આમ રાષ્ટ્રની આબરૂ અડીખમ રાખવા માટે રશિયાના પ્રમુખ સ્તાલીને પોતાના પુત્રને માટે બલિદાનનો માર્ગ સ્વીકાર્યો. રાષ્ટ્રનું મસ્તક ઊંચું રાખનાર આ નેતા સામે રશિયન પ્રજાનાં મસ્તકો ઝૂકી ગયાં.

ઈશ્વરે આપણા બચાવ માટે પોતાના પુત્રના બલિદાનનો માર્ગ સ્વીકાર્યો. આવા પ્રેમાળ પિતા આગળ આપણાં મસ્તકો ઝૂકી જવાં જોઈએ.

◆◆◆

# ૫૯. સ્વજનોના ઘા

એક સોની અને લુહારની દુકાન પાસે પાસે હતી. સોની સોનું ઘડતો પણ તેનો અવાજ બહુ ઓછો થતો હતો. પણ લુહાર જ્યારે લોઢું ટીપતો ત્યારે તેનો અવાજ પુષ્કળ આવતો.

એક દિવસે સોનીની દુકાનમાંથી સોનાની એક કરચ ઊડીને લુહારની દુકાનમાં આવી પડી. ત્યાં લોઢાની એક કરચ પડી હતી. આ બંને કરચો વાતો કરવા લાગી સોનાની કરચ બોલી, ''બહેન, આપણે પાસે પાસે રહીએ છીએ છતાં, મળવાના સંજોગો થતાં નથી. પણ આજે તને મળીને આનંદ થયો.''

લોઢાની કરચ બોલી, ''બહેન, આપણે બંનેએ ટીપાવું પડે છે, પણ મારું દુઃખ તારા કરતાં વધારે છે. કારણ કે મને ઘા મારનાર મારો સગોભાઈ હથોડો જ છે; તેથી વસમું લાગે છે.''

ઈસુને પકડાવી દેનાર તેનો એક જ શિષ્ય હતો. યૂસફને વેચી દેનાર તેના જ ભાઈઓ હતા. હાબેલનું ખૂન કરનાર તેનો ભાઈ કાઈન હતો. શામશૂનને ફસાવનાર તેની જ પ્રિયતમા હતી.

કોઈ ગઝલકારે લલકાર્યું છે : -

''જીવનની સંધ્યા ટાણે મારે,<br>
ઝખમોની યાદી જોવી હતી,<br>
બહુ થોડાં પાનાં જોઈ શક્યો,<br>
બહુ અંગત અંગત નામ હતાં.''

◆◆◆

## ૬૦. વત્સલ પિતાનો કરુણ અંજામ

''પુત્રના ઉછેર માટે ફરીથી લગ્ન નહિ
કરનાર વત્સલ પિતાનો કરુણ અંજામ''

ઉપરોક્ત મથાળા હેઠળ તા. ૩-૩-૮૬ના રોજ ગુજરાત સમાચારમાં નીચે પ્રમાણે માહિતી આપવામાં આવી હતી.

નડિયાદમાં જવાહર નગર પાસે, મંજીપુરા રોડ ઉપર એક મકાનમાં રહેતા રમણલાલ છોટાલાલ ખ્રિસ્તી, ઉંમર ૨૫ વર્ષના યુવાને તેના પિતા છોટાલાલ ત્રિકમદાસ ખ્રિસ્તી, ઉંમર ૫૫ વર્ષના ને, ૧૦થી વધારે ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો.

આ બાપ તેના મોટા દીકરાને ત્યાં રહેતા હતા અને બનાવને દિવસે નાના દીકરાને ત્યાં ગયા હતા. પૈસાની બાબતમાં બોલાચાલી થતાં નાના દીકરાએ ઉશ્કેરાઈ જઈને પોતાના પિતા ઉપર હુમલો કરી, ચપ્પુના ઘા મારીને મારી નાખ્યો.

આ બનાવની કરુણતા એ છે કે આ નાનો દીકરો જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે તેની મા ગુજરી ગઈ હતી. આ પિતાએ પોતાના દીકરાને અપર મા દુઃખ ન દે માટે નાના દીકરાની ખાતર બીજા લગ્ન કર્યાં નહિ, અને પોતે જ દુઃખ વેઠીને તેને ઊછેર્યો હતો.

જુવાનો, તમારાં માબાપ પ્રત્યે તમારું વર્તન ને વ્યવહાર કેવાં છે?

◆◆◆

## ૬૧. ધુમ્મસ ઊડી ગયું

અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે ચાલતા યુદ્ધના સમાચાર દરરોજ લંડનમાં એક નોટિસ બોર્ડ પર લખવામાં આવતા હતા. એક દિવસ વહેલી સવારે સમાચાર આવ્યા કે, "વિલિંગ્ટન ડિફિટેડ ધી એનિમિઝ" - આ સમાચાર બોર્ડ ઉપર લખવામાં આવ્યા. એવામાં ખૂબ ધુમ્મસ ચઢી આવ્યું એથી સમાચારના પાછળના કેટલાક શબ્દો ધુમ્મસમાં ઢંકાઈ ગયા. સવારે લોકોએ બોર્ડ પર વાંચ્યું કે "વિલિંગ્ટન ડીફીટેડ - વિલિંગ્ટન હારી ગયો છે." પછી તો આખું બોર્ડ ધુમ્મસથી ઢંકાઈ ગયું. આખા શહેરમાં વાત ફેલાઈ ગઈ કે વિલિંગ્ટન હારી ગયો છે. આખું શહેર શોકમાં ડૂબી ગયું. ત્યાર બાદ સૂર્યનો પ્રકાશ આવતાં ધીમે ધીમે ધુમ્મસ ઊડવા લાગ્યું અને આખા સમાચાર વાંચી શકાયા. આ જીતના સમાચાર પણ શહેરમાં ફરી વળ્યાં અને લોકોમાં આનંદ વ્યાપી ગયો.

આવી જ વાત ઈસુના મરણ અને પુનરુત્થાનની છે. શુક્રવારે ઈસુના મરણથી સઘળે શોક વ્યાપી ગયો, શિષ્યો ગભરાઈ ગયા. યહૂદીઓ ખુશ થઈ ગયા.

પણ ઈસ્ટરની પ્રભાતે ધુમ્મસ ઊડી જતાં સાચી હકીકત બહાર આવી. આશાનો સૂરજ ઊગ્યો. ઈસુ કબરમાંથી સજીવન થયા અને સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો.

◆◆◆

## ૬૨. વીતી ગયેલી ઘટના

પ્રખ્યાત અને મહાન ચિત્રકાર માઈકલ એન્જેલો એક વાર પોતાના સાથીઓ પ્રત્યે ચિઢાઈ ગયો. તેણે પોતાના સાથી ચિત્રકારોને ધમકાવતાં કહ્યું કે, "તમે 'શક્તિહીન થયેલો ખ્રિસ્ત', 'વધસ્તંભે લટકતો ખ્રિસ્ત' અને 'માથું નમાવી રહેલો ખ્રિસ્ત' એવા એક જ વિષય પર ઢગલાબંધ ચિત્રો દોરીને ઓરડાઓ શા માટે ભરી રહ્યા છો? આ તો વીતી ગએલી ઘટના છે અને વીતી ગએલી ઘટનાનાં ચિત્રોનો ઢગલો શા માટે કરો છો? એ ભયંકર દૃશ્ય માત્ર થોડા કલાકો માટે જ રહ્યું હતું. આજે તો ખ્રિસ્ત જીવતો છે, રાજ કરે છે, સત્તા ચલાવે છે, મરણ ઉપર વિજય પામેલો છે."

આ કેટલું સત્ય છે! વધસ્તંભ ઉપર ઈસુએ હાંસલ કરેલા આપણા ઉદ્ધારને લીધે વધસ્તંભ ઘણો જ મહત્ત્વનો છે, પણ આપણે ત્યાં જ અટકી જવાનું નથી. રાત વીતી ગઈ છે, - પ્રભાત ઊગ્યું છે, શોક જતો રહ્યો છે, - આનંદ ફેલાયો છે. મરણ નાબૂદ થયું છે - મરણ ઉપર સનાતન વિજય મેળવીને પ્રભુ ઈસુ સજીવન થયા છે.

◆◆◆

## ૬૩. મને કોઈ ડર નથી

મહાન ઉપદેશક જોન ક્રિસોસ્ટમ તેમના જીવનના છેલ્લા ભાગમાં ઘણી મુશ્કેલીમાં આવી પડ્યા હતા. પણ તેમણે ભયભીત થવાનો ઈન્કાર કર્યો. હિંમત હાર્યા નહિ, વિશ્વાસ ગુમાવ્યો નહિ.

તેમણે કહ્યું, "મને શાનો ડર લાગી શકે, શું મરણનો? પરંતુ તમે જાણો છો કે ખ્રિસ્ત મારું જીવન છે અને મૃત્યુ પામવાથી મને લાભ જ થવાનો છે.

મને શાનો ડર લાગે? શું દેશ-નિકાલ થવાનો? તમે જાણો છો કે પૃથ્વી તથા તેનું ભરપૂરીપણું યહોવાનાં છે.

મને શાનો ડર લાગે? શું સંપત્તિની ખોટનો? પણ તમે જાણો છો કે આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી અને કંઈ જ સાથે લઈ જવાના નથી. તેથી હું સર્વ વાતમાં હરખાઉં છું, મને ગરીબાઈનો ડર નથી, સંપત્તિ માટે નિસાસા નાખતો નથી અને હું મૃત્યુથી પાછો હટતો નથી."

કેવો મહાન વિશ્વાસ!

અયૂબ કહે છેઃ "હું જાણું છું કે મારો ઉદ્ધારનાર જીવે છે."

પ્રે. પાઉલ કહે છે : "આ ધર્મસેવા અમને સોંપેલી હોવાથી અમે નાહિંમત થતા નથી" (૨ કોરિંથી ૪; ૧).

◆◆◆

# ૬૪. નારંગીનો સ્વાદ

એક મોટા ઓડિટોરિયમમાં ઘણા લોકો ભેગા મળ્યા હતા. એક નાસ્તિક માણસે આગળ આવી ત્યાં બેઠેલા લોકોને પડકાર ફેંક્યો કે, "ઈસુ ખ્રિસ્ત અને ખ્રિસ્તી ધર્મ બનાવટી છે, એમાં કોઈ સચ્ચાઈ નથી, ઈસુ દેવ નથી, જે કોઈ આ વાત સાબિત કરવા માગતા હોય તે આગળ આવે અને સાબિત કરી બતાવે." બધે શાંતિ પથરાઈ ગઈ. એવામાં ત્યાં બેઠેલો એક ખ્રિસ્તી જુવાન આગળ આવ્યો. તેના હાથમાં નારંગી હતી. સ્ટેજ પર આવીને નારંગી છોલીને ખાવા લાગ્યો. આમ કરતાં આખી નારંગી તે ખાઈ ગયો. પછી પેલા નાસ્તિકને સવાલ પૂછ્યો કે, "સાહેબ, આ નારંગીનો સ્વાદ કેવો હતો?" પેલાએ કહ્યું, "મને શી ખબર પડે? મેં નારંગી ચાખી નથી પછી હું કઈ રીતે કહી શકું કે તેનો સ્વાદ કેવો હતો?" ખ્રિસ્તી જુવાને કહ્યું, "તમારી વાત તદ્દન સાચી છે. ઈસુ ખ્રિસ્ત વિશે પણ એવું જ છે. તમે કદી ઈસુને ચાખ્યા નથી, કદી ખાતરી કરી નથી, અનુભવ કર્યો નથી તમે કેવી રીતે જાણો કે ઈસુ કોણ છે? દલીલો કરવાનો અર્થ નથી. અહીં તો અનુભવ કરવાનો સવાલ છે."

અનુભવ કરો અને જુઓ કે પ્રભુ ઉત્તમ છે.

◆◆◆

# ૬૫. માતાનો પત્ર

ચીનના મહાન મિશનરી અને ચીનમાં મિશનરી કાર્યના પિતા ગણાતા હડસન ટેલર ૧૪ વર્ષની ઉંમરે પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યા હતા. એમની મા અને બહેનની પ્રાર્થનાનો આ પ્રત્યુત્તર હતો.

જ્યારે તેમણે ચીનમાં મિશનરી તરીકે જવાનો નિર્ણય કર્યો ત્યારે પોતાની માતા એમિલ્યાને પત્ર લખ્યો:-

"મા, મારાં માટે જે મરણ પામ્યા એ ઈસુને માટે હું કેટલો લાંબો સમય મિશનરી તરીકે મારી જાતને ખર્ચી નાખીશ કે ખર્ચાઈ જઈશ, તેનું વર્ણન કરી શકું એમ નથી. મને એમ જ લાગ્યા કરે છે કે હું તેને માટે સઘળું તજી દઉં - પછી ભલેને મરણ ગમે તેટલું મોંઘુ થઈ પડે!"

૧૮૫૩માં ૨૧ વર્ષની ઉંમરે ચીનની મુસાફરી શરૂ કરતાં તેણે ફરી માતાને લખ્યું :-

"મા, તમે રડશો નહિ, આપણે ફરી મળવાનાં છીએ, તમને છોડીને જવા પાછળનો મારો જે હેતુ છે તેનો વિચાર કરો. હું કાંઈ મિલકત કમાવા કે કીર્તિ મેળવવા જતો નથી, પણ નિઃસહાય પાપી લોકોને ખ્રિસ્તના અનુભવમાં લાવવા જઈ રહ્યો છું."

હડસન ટેલરનું સૂત્ર હતું : "દેવ પર વિશ્વાસ રાખો."

◆◆◆

# ૬૬. વહાણના સઢ ચઢાવો

હડસન ટેલર તેમના સૂત્ર પ્રમાણે દેવ પર વિશ્વાસથી પ્રાર્થના કરતા અને ઈશ્વર તેમની માગણી પ્રમાણે આપતા.

એક વાર વહાણમાં આવતાં દરિયામાં મોટું તોફાન થયું, ને વહાણ ડૂબવા જેવી સ્થિતિમાં આવી ગયું. પવન ખૂબ ફૂંકાતો હતો, વહાણ ડોલતું હતું, અને આગળ ચાલી શકે એવી સ્થિતિ નહોતી. વહાણના કપ્તાને આવીને હડસનને વિનંતી કરી કે, "તમે પ્રાર્થના કરો જેથી આ પવન બંધ થાય, તોફાન શાંત પડે, હડસને કપ્તાનને કહ્યું, "જરૂર હું પ્રાર્થના કરીશ, પણ તમે વહાણનાં સઢ ચઢાવો, પછી પ્રાર્થના કરીશ." કપ્તાને કહ્યું, "કેવી વાત કરો છો આવા તોફાનમાં સઢ કેવી રીતે ચઢાવી શકાય? પહેલાં શાંતિ થાય પછી જ સઢ ચઢાવી શકાય." હડસને મક્કમતાથી કહ્યું, "ના, તમે વિશ્વાસ રાખો ને પહેલાં સઢ ચઢાવો. આખરે સઢ ચઢાવવામાં આવ્યા." હડસને પોતાની ઓરડી બંધ કરી અને તે પોતાના ઘૂંટણો પર નમ્યાં. થોડા સમયમાં બારણે ટકોરા પડ્યાં, અને કપ્તાનનો અવાજ સંભળાયો કે, "મિ. હડસન હવે પ્રાર્થના બંધ કરો, કેમ કે તોફાન શાંત પડી ગયું છે. જોઈએ તે કરતાં વધારે શાંતિ થઈ ગઈ છે." હડસને પ્રાર્થના બંધ કરી. આવો હતો વિશ્વાસનો શૂરવીર હડસન જેમ્સ ટેલર.

આપણે આપણા વિશ્વાસરૂપી વહાણના સઢ ચઢાવીએ તો કેવા મહાન ચમત્કારો થાય!

◆◆◆

# ૬૭. લઘુમતી

ડી. એલ. મૂડી કહે છે કે, "એક સમર્પિત વ્યક્તિ + ઈશ્વર, એ કદી લઘુમતીમાં નથી, ન હોઈ શકે."

લોકો સંત થેરેસ્સા સામે જોઈને હસતા હતા, કારણ કે તે એક ભવ્ય અનાથાશ્રમ બાંધવા માંગતા હતાં. અને તેમની પાસે ફક્ત ત્રણ શિલિંગ હતા. આ ત્રણ શિલિંગથી તેઓ શરૂઆત કરવા ઇચ્છતા હતાં. હસતાં લોકોને તેમણે જવાબ આપ્યો તે ત્રણ શિલિંગથી થેરેસ્સા કશું એવું કરી શકે એમ નથી, પણ ઈશ્વર + ત્રણ શિલિંગ ભેગા કરીને, એવું કોઈ કામ નથી જે થેરેસ્સા ન કરી શકે!" ઈશ્વર + વિશ્વાસ = સફળતા.

જળપ્રલય વખતે વહાણ બાંધતાં નૂહ લઘુમતીમાં હતો.

મિદ્યાનીઓ સાથેની લડાઈ વખતે ગિદીઓન લઘુમતીમાં હતો.

કાર્મેલ પર્વત પર બઆલના પ્રબોધકોની સામે એલિયા લઘુમતીમાં હતો.

માર્ટિન લ્યૂથરે જ્યારે દરવાજા પર ૯૫ મુદ્દા લગાડી ધર્મસુધારણાની શરૂઆત કરી ત્યારે રોમન કેથોલિક સત્તાની સામે તે લઘુમતીમાં હતો.

પરંતુ આ લઘુમતીની સાથે ઈશ્વર હતો જેથી તેમની જીત થઈ.

પ્રે. પાઉલ કહે છે : ઈશ્વરના સામર્થ્ય વડે હું સઘળુ કરી શકું છું.

◆◆◆

## ૬૮. માનો પ્રેમ

૧૯૨૮માં સિગરી ઉનસતને નોબલ પ્રાઈઝ આપવાની જાહેરાત થઈ. આ સમાચાર સાંભળી અખબારોના પ્રતિનિધિઓ તેમની મુલાકાતે પહોંચી ગયા. આ સમય રાતનો હતો અને સિગરી પોતાનાં બાળકોને સુવાડવા જઈ રહી હતી. તેના કાર્યક્રમમાં કોઈ ફેરફાર થાય એ અને પસંદ નહોતું. પત્રકારોને મુલાકાત આપવાનો ઈન્કાર કરતાં તેણીએ કહ્યું, ''અત્યારે કેમ મારી પાસે તમે દોડી આવ્યા છો તે હું જાણું છું. મને હમણાં જ ટેલિગ્રામ મળ્યો છે કે આ વખતનું નોબલ પ્રાઈઝ મને મળે છે. મારે માટે આ આનંદના સમાચાર છે, પણ એથી વધુ આનંદ અત્યારે મને મારાં બાળકો પાસે રહેવામાં છે. મારાં બાળકોનો આ સુવાનો સમય છે. ધર્મ, તત્ત્વજ્ઞાન કે સાહિત્ય પર ચર્ચા કરવાનો નહિ.''

માફ કરજો - એમ બોલી તે બીજા રૂમમાં ચાલી ગઈ.

પોતાનાં બાળકો પ્રત્યેની માની જવાબદારી કેટલી મહાન અને આનંદદાયક છે.

### માની જવાબદારી

એક યુવાન જનેતા અરસ્તુ પાસે ગઈ અને પૂછ્યું, ''મારા બાળકનું શિક્ષણ ક્યારે શરૂ કરું?'' અરસ્તુતે પૂછ્યું, ''તારું બાળક કેટલી ઉંમરનું છે?'' જવાબ મળ્યો, ''પાંચ વરસનું.'' અરસ્તુએ મોટેથી કહ્યું, ''અરે બાઈ, ત્યારે તો જલદી ઘેર જા અને ઉતાવળ કર. તું પાંચ વરસ મોડી પડી છે.''

♦♦♦

# ૬૯. કયા જોનને ઓળખો છો?

કયા જોનને તમે જાણો છો ? જોન કિલિન્જ, જે જજ હતા, તેમનું નામ તમે કદી સાંભળ્યું છે? તેમના વિશે કશું જાણો છો? ના, ભાગ્યે જ કોઈ આ જજ વિશે જાણતા હશે, પણ આ જજે એક કેદીને ૧૨ વર્ષની જેલની સજા ફટકારી હતી. એ કેદી કોણ હતો જે ન્યાયાધીશ કરતાં પણ વધારે જાણીતો અને પ્રખ્યાત બની ગયો? આ કેદીનું નામ છે જોન બન્યન. આ કેદી જોન બન્યનને અને તેના પ્રખ્યાત પુસ્તક "Pilgrim's progress" કે ''યાત્રાકારીને'' બધા જાણે છે. જે જોન બન્યન ખ્રિસ્તને ખાતર જેલમાં જવા તૈયાર થયો એ જોન બન્યનને બધા જાણે છે, પણ જે જોન કિલિન્જરે તેને જેલમાં પૂર્યો તેને ભાગ્યે જ કોઈ જાણે છે.

ખૂબ ધનવાન એવા જોન લિવિંગસ્ટનને તમે ઓળખો છો? ભાગ્યે જ તેના વિશે લોકો જાણતા હશે. પણ ખ્રિસ્તને ખાતર મિશનરી બનીને દુઃખ સહન કરનાર અને ગરીબ અવસ્થામાં મરણ પામનાર તેના ભાઈ ડેવિડ લિવિંગસ્ટનને બધા જાણે છે.

♦♦♦

# ૭૦. પડદા પાછળની સેવા

૧. કહાનજી માધવજી રત્નગ્રાહીનાં ગીતો આપણા ભજનસંગ્રહમાં છે. તેઓ પોરબંદરમાં ગાંધીજીના સમકાલીન હતા. તેઓ બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા. પોરબંદરમાં એક ખ્રિસ્તી શિક્ષક કુટુંબ રહેતું હતું. કહાનજી આ કુટુંબના સંપર્કમાં આવ્યા. આ કુટુંબના શિક્ષક પતિ છગ્ગનલાલ અને તેની પત્ની એલિઝાબેથે તેમને ઈસુ વિશે જણાવ્યું. આ ખ્રિસ્તી કુટુંબની અસરોથી કહાનજી ખ્રિસ્ત તરફ આકર્ષાયા, અને આખરે ખ્રિસ્તી બન્યા. છેલ્લે બોરસદ પાસે બ્રુકહીલ નામના પરામાં તેઓ રહેતા હતા. ત્યાં તેઓ મરણ પામ્યા. ત્યારે બોરસદ તાલુકાના લોકોએ હડતાલ પાડી પોતાના કાર્યો બંધ રાખ્યાં અને કહ્યું કે ''આજે પ્રભુનો ફિરસ્તો મરણ પામ્યો છે!''

કેવી અદભુત કહાનજી વિશેની સાક્ષી! પણ એ સાક્ષી પાછળ છગ્ગનલાલ અને એલિઝાબેથ ભુલાઈ ગયાં છે.

૨. પંડિતા રમાબાઈની સાક્ષી અને સેવા ખૂબ પ્રખ્યાત છે, તેમને કોણ ઈસુની પાસે લાવ્યા તે જાણતું નથી. પણ રમાબાઈએ મહારાષ્ટ્રમાં આવેલા કેળગાંવમાં આશ્રમ સ્થાપ્યો, જેમાં વિધવા, બાળ વિધવા, ત્યક્તા એવી બહેનોને આશ્રય મળે છે, કુટુંબનો પ્રેમ અને હૂંફ મળે છે, નવું જીવન મળે છે.

રમાબાઈને ઈસુની પાસે લાવનાર જે વ્યક્તિ હશે તેની સેવા શું નાની ગણી શકાય?

૩. પીતર શિષ્યોમાં મુખ્ય ગણાયો. પીતરની સેવાઓ આગળ પડતી રહી. એના નામનાં ભવ્ય કેથેડ્રલો બંધાયાં છે. ઈસુના

નિકટનાં વર્તુળમાં જે ત્રણ શિષ્યો હતા તેમાં પીતર પણ હતો. જ્યારે પીતરને ઈસુની પાસે લાવનાર તેનો ભાઈ આન્દ્રિયા પાછળ રહી જાય છે. એને ઈસુના નિકટના શિષ્યોના વર્તુળમાં સ્થાન નથી, એના નામનાં ભવ્ય મંદિરો નથી. આન્દ્રિયા પડદા પાછળ રહીને સેવા કરે છે, અને આગળ તેના ભાઈ પીતરને મોકલે છે.

૪. ફ્રેડ હોકિન્સ, સ્પ્રીન્ગફિલ્ડમાં આગળ પડતો વેપારી હતો. તે ઢોરોનો ખોરાક વેચતો. તે મંડળીનો સક્રિય સભ્ય હતો. તેને ત્યાં ઢોરોનો ખોરાક લેવા આવનાર એક દૂધવાળો આવ્યો. તેણે હોકિન્સને પૂછ્યું, ‘‘તમે ખ્રિસ્તી છો?’’ ફ્રેડે કહ્યું, ‘‘હા, બીજા બધાના જેવો હું પણ ખ્રિસ્તી છું.’’ ‘‘પણ તમે તારણ પામ્યા છો? તમે મરણ પામો તમને તો ખાતરી છે કે, સ્વર્ગે જશો?’’ ફ્રેડે કહ્યું, ‘‘એની ખાતરી નથી.’’ દૂધવાળો વારંવાર ફ્રેડની પાસે આવતો અને ઈસુ વિષે કહેતો, ફ્રેડના મન પર ભારે બોજો હતો. એક વહેલી સવારે ૫ વાગે તે બહાર નીકળી ગયો. ત્યાં ઘૂંટણે પડ્યો ને તેમણે ખ્રિસ્તનો તારનાર તરીકે સ્વીકાર કર્યો. પણ આ વાત અહીં અટકી જતી નથી. ત્યાર બાદ ફ્રેડ આત્માઓ જીતનાર બન્યો. મહાન સુવાર્તિક અને ઉપદેશક બન્યો. હજારો આત્માઓ ખ્રિસ્તને ખાતર તેણે જીત્યા.

પેલા દૂધવાળા માણસના નામની કોઈને ખબર નથી, એની સેવાની નોંધ લેવાઈ નથી, પણ દેવના દરબારમાં ફ્રેડના નામની આગળ તેનું નામ હશે.

◆◆◆

## ૭૧. ખ્રિસ્તમાં "હા"

૧૯૬૮ના જુલાઈમાં નૈરોબીમાં મળેલી વર્લ્ડ મેથોડિસ્ટ કોન્ફરન્સનો મુદ્રાલેખ હતો - "Jesus is God's yes, to the world"

ખ્રિસ્તમાં 'હા' છે. ખ્રિસ્તમાં બધા પ્રશ્નોના ઉત્તરો છે. Christ is the answer to all the world - problems. માનવી તરીકે આપણને જે અશક્ય લાગે તે ખ્રિસ્તમાં શક્ય બની શકે છે.

એક કુટુંબ ઘણા વખતથી વિભાજિત હતું. પતિ-પત્ની જુદાં રહેતાં હતાં. ઘણા લોકોએ ઘણા પ્રયત્નો કરી જોયા, પણ સમાધાન શક્ય બન્યું નહિ. એમનો એક નાનો દીકરો અગાઉ મરણ પામેલો. તેની એક મરણતિથિએ પિતા કબરે ફૂલ મૂકવા ગયો. કબરની એક બાજુ પ્રાર્થના કરતો હતો. થોડીવાર પછી તેની પત્ની પણ કબરે આવી અને બીજી બાજુ બેઠી. થોડી વાર બંનેએ ઊંચે જોયું, સામસામે જોયું, આંખોથી વાતો થઈ, ઊભાં થયાં, બંનેએ હાથ મિલાવ્યા અને ત્યાંથી સીધા ઘેર ગયાં. સમાધાન થઈ ગયું.

તમારે ગમે તેની સાથે ગમે તેવા ઝઘડા હોય પણ ખ્રિસ્ત ઈસુમાં સમાધાન શક્ય છે.

◆◆◆

## ૭૨. મરણ પ્રસંગે સ્તુતિ

પ્રિય વ્યક્તિ મરણ પામી હોય, હૈયું ભાંગી ગયું હોય એવા વખતે દિલાસો મળી શકે? માનવી દષ્ટિએ અઘરું લાગે છે, પણ ખ્રિસ્તમાં જવાબ છે 'હા'.

એક પાળક કહે છે, ''મારી બધી સેવાઓમાં જો કોઈ અઘરામાં અઘરું કામ લાગતું હોય તો તે દફનક્રિયા કરાવવાનું, દુ:ખીઓને દિલાસો આપવાનું.''

જનરલ વિલિયમ બૂથ એક સ્ત્રીની દફનક્રિયા કરાવતા હતા. પેટી કબરમાં ઉતારવામાં આવી ત્યારે તેમણે એક હાથ ઊંચો કરીને કહ્યું, ''હાલેલૂયા, દેવની સ્તુતિ થાઓ.'' આ સાંભળીને એક માણસે ટીકા કરી કે, ''આ તો બીજાની સ્ત્રી છે તેથી બુથ આવી સ્તુતિ કરી શકે છે. પોતાની સ્ત્રી મરણ પામી હોય તો ખબર પડે!''

થોડા સમય પછી બૂથનાં પત્ની કેથેરીન મરણ પામ્યાં. પેટી કબરમાં ઉતારવામાં આવી રહી હતી ત્યારે બૂથે બંને હાથ ઊંચા કર્યા અને મોટેથી પોકાર્યું, ''હાલેલૂયા, દેવની સ્તુતિ થાઓ.''

અગાઉ પેલો ટીકા કરનાર માણસ પણ ત્યાં હાજર હતો તેણે આ જોયું, તે આગળ આવ્યો ને તેણે બૂથના પગોમાં પડી માફી માગી.

શું કુટુંબીજનના મરણ પ્રસંગે દેવની સ્તુતિ કરી શકાય? દિલાસો મળી શકે? જવાબ છે, હા, ખ્રિસ્તમાં તે બની શકે છે.

◆◆◆

# ૭૩. સાહિત્યની અસરો

અંગ્રેજીમાં કહેવત છે કે, A drop of ink makes millions think. ગુજરાતીમાં કહ્યું છે કે, જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ. જ્યાં વ્યક્તિ ન પહોંચી શકે ત્યાં સાહિત્ય, ટ્રાકટ કે ચોપાનિયું પહોંચી જાય છે. સુવાર્તા પ્રચારમાં સાહિત્યનો ફાળો અજાયબ જેવો છે. માનવી જીવનોનું પરિવર્તન કરવામાં સાહિત્યની સેવાઓ અજોડ રહી છે.

રિચાર્ડ ગિબ્સ ડૉકટર હતા. તેમણે ''બ્રુઈસ્ડ રેડ'' નામનું પુસ્તક લખ્યું, આ પુસ્તકની એક નકલ રિચાર્ડ બેકસ્ટરના વાંચવામાં આવી, પરિણામે તેમનું બદલાણ થયું પાછળ બેકસ્ટરે "Saints Rest and Call to the unconverted" નામનું પુસ્તક લખ્યું. આ પુસ્તક દ્વારા ઘણા લોકો પ્રભુ તરફ ફર્યા. તેમાનાં એક હતા : ફિલિપ ડોડરિઝ, જે પાછળથી પ્રખ્યાત ઉપદેશક બન્યા, ગીતો રચનાર બન્યા અને તેમણે એક પુસ્તક લખ્યું જેનું નામ હતું - "The Riste and Progress of religion in the Soul."

આ પુસ્તક વિલ્યમ વિલ્બરફોર્સના વાંચવામાં આવ્યું, અને તેમને તેમનાં પાપનું ભાન થયું અને સારા ખ્રિસ્તી બન્યા. તેમણે ગુલામીની પ્રથા નાબૂદ કરવાની ઝુંબેશ ઉપાડી. તેમણે એક પુસ્તક લખ્યું : "Practical Views of Christianity." આ પુસ્તકે લે રિચમન્ડ નામના માણસનું જીવન બદલી નાખ્યું. રિચમન્ડે અસંખ્ય ટ્રાકટો લખી, જે દ્વારા અસંખ્ય લોકો પ્રભુ તરફ વળ્યા છે.

હડસન ટેલરને ''સંપૂર્ણ થયું'' નામની ટ્રાકટ વાંચવા મળી,

જે દ્વારા તેમનું જીવન બદલાઈ ગયું, અને ચીનના મિશનરી-પિતા બન્યા.

એક જુવાન મુસ્લિમ ગાડીમાં મુસાફરી કરતો હતો, તેને એક ટ્રાકટ મળી, જેમાં ઈસુનું આમંત્રણ હતું કે ''ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળા મારી પાસે આવો અને હું તમને વિસામો આપીશ.'' આ ટ્રાકટ વાંચવાદ્વારા તેના હ્રદયમાં મંથન જાગ્યું, તે શોધક બન્યો અને આખરે બાપ્તિસ્મા લઈ ખ્રિસ્તી બન્યો. એટલું જ નહિ પણ ઈશ્વરવિદ્યાની તાલીમ લઈ પાળક બન્યો અને પાળકમાંથી એક દિવસ મેથોડિસ્ટ મંડળીનો બિશપ બન્યો. આ બિશપ બીજા કોઈ નહિ પણ બિશપ જોન સુભાન, જે એક વખતે ગુજરાત કોન્ફરન્સમાં બિશપ તરીકે આવી ગયા.

સાહિત્ય - એટલે કે પુસ્તકો અને ટ્રાકટો કે ચોપાનિયાં કેવાં અજાયબ પરિણામો લાવે છે!

◆◆◆

# ૭૪. પારસમણિ

એક વાર્તા પ્રમાણે એક માણસને કોઈએ પારસમણિ આપ્યો અને કહ્યું કે, ''તમારી અનાજની કોઠીમાં આ પારસમણિ નાખજો, જેથી કોઠી અને અનાજ બધું સોનું થઈ જશે અને તમારી ગરીબાઈ દૂર થશે. તમે જગતના ધનવાન માણસ બની જશો.'' માણસ આનંદથી પારસમણિ લઈને ઘેર આવ્યો અને જલદી જલદી તેની સ્ત્રીને બોલાવી હકીકત કહી, અને બંનેએ મળી પારસમણિને ઘરમાંની એક કોઠીમાં નાખ્યો. પછી રાહ જોતાં બેસી રહ્યાં કે ક્યારે આ બધું સોનું થઈ જાય, પણ કશું થયું નહિ, નિરાશ બની ગયાં, છેતરાઈ ગયાની લાગણી થઈ આવી. પછી કોઠીમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે કોઠીમાં એટલા બધાં જાળિયાં બાઝી ગયાં હતાં કે પારસમણિ એ જાળિયામાં ભરાઈ ગયો હતો અને કોઠીમાં અનાજને અડક્યો જ નહોતો. પછી સોનું ક્યાંથી થાય!

બાઈબલનાં વચનો પારસમણિ સમાન છે. પણ આપણા જીવનમાં જાતજાતનાં એટલા બધાં જાળાં છે કે દેવનાં વચનો તેમાં જ અટવાઈ જાય છે અને હ્રદયના અભ્યંતર સુધી પહોંચીને અસર કરી શકતાં નથી. પ્રથમ આ જાળાં દૂર થવાં જોઈએ.

બાઈબલ એક એવું પુસ્તક છે જેનો અનેક ભાષામાં તરજૂમો થયો છે, નવી નવી આવૃત્તિઓ છપાતી જાય છે. અને છતાં બાઈબલનો ભરાવો થઈ જતો નથી, તેની માંગ ઘટી જતી નથી કે તે નથી થઈ જતું Out of date.

◆◆◆

# ૭૫. ઈશ્વરી ગૌરવનું સન્માન

રાણી વિકટોરીઆ ઇંગ્લાંડની ગાદી પર નવાં સવાં બિરાજ્યાં હતાં. પ્રણાલિકા પ્રમાણે ઈશ્વરનું ગૌરવ પ્રગટ કરતું હેન્ડલનું ''મસીહા'' ગીત-સંગીત સાંભળવા એક કાર્યક્રમમાં ઉપસ્થિત થયાં હતાં. ઈશ્વરનું ગૌરવ પ્રગટ કરતું આ ગીત રેલાય ત્યારે પ્રણાલિકા હતી કે બધાં ઊભાં થાય પણ શાહી સત્તા ધરાવનાર રાજવી પોતાની બેઠક પર જ બેસી રહે. હવે ગીત શરૂ થયું અને બધા સભાજનો ઊભાં થયાં, ફક્ત રાણી પોતાની બેઠક પર બેસી રહ્યાં હતાં. ગાયકગણ હાલેલૂયાના નાદથી ગીત ગાતાં ગાતાં ઈશ્વરનું ગૌરવ પ્રગટ કરી રહ્યું હતું. ગીતના પડઘા ઝીલતાં મહારાણી પરાણે બેઠક પર બેસી રહ્યાં હતાં. ગીત આગળ ચાલતું હતું. હવે રાણીનું હૈયું ઝાલ્યું રહ્યું નહિ, અને તેઓ પ્રણાલિકા તોડીને પોતાની બેઠક પરથી ઊભાં થઈ ગયાં, અને રાજાઓના રાજા સમક્ષ પોતાનું માથું નમાવીને ઊભાં રહ્યાં. જાણે પોતાનો તાજ ઉતારીને ઈશ્વરના ચરણે ધરી દીધો. સભાજનો આભા બની જોઈ જ રહ્યાં.

આપણે ભક્તિસભામાં આવીએ છીએ ત્યારે ઈશ્વરના ગૌરવનું સન્માન જળવાય છે ? માલાખી પ્રબોધક દ્વારા ઈશ્વર પૂછે છે, ''જો હું પિતા હોઉં તો મારું સન્માન ક્યાં છે?''

◆◆◆

## ૭૬. લગ્ન જીવનના નિયમો

મુક્તિફોજના સ્થાપક વિલિયમ બૂથનું લગ્ન ૧૮૫૫માં કેથરિન સાથે થયું, ત્યારે કેથરિને લગ્નજીવન માટે - પોતાને માટે - ચાર નિયમો બનાવ્યા હતા.

૧. તે પોતાના પતિથી કોઈ બાબત કદી છુપાવશે નહિ. તે પતિથી કશું ખાનગી રાખશે નહિ.

૨. તે કદી પૈસાનાં બે પાકિટ રાખશે નહિ. 'આ તારા અને આ મારા' એવું રાખશે નહિ.

૩. બનતાં સુધી તે પતિ સાથે મતભેદ થવા દેશે નહિ.

૪. બાળકોની કે અન્ય કોઈની હાજરીમાં તે કદી પતિ સામે દલીલો કરશે નહિ કે તેને ખોટો પાડશે નહિ.

આથી જ વિલિયમ બૂથે કહ્યું છે કે, પૃથ્વી પર જો સ્વર્ગ કહી શકાય એવું કોઈ સ્થળ હોય તો તે અમારું ઘર છે.

પ્રસિદ્ધ થિયોડોર પાર્કરે લગ્ન કર્યા ત્યારે તેમણે પણ પોતાને માટે નિયમો બનાવી ડાયરીમાં નોંધ્યા હતા જે આ પ્રમાણે છે :

૧. હું કોઈપણ સબળ કારણ વગર મારી પત્નીની ઈચ્છાને આડે આવીશ નહિ.

૨. હું તેને માટે મારી બધી ફરજો છૂટથી અદા કરીશ.

૩. એક પછી એક હુકમ કરી તેને હેરાન કરીશ નહિ.

૪. હું તેના પર પ્રેમ કરીશ, ને તેની ખામીઓ પર સતત નજર રાખીશ નહિ.

૫. હંમેશાં તેને મારી પ્રાર્થનામાં પ્રેમપૂર્વક યાદ કરીશ.

યાદ રાખશો કે લગ્નની સફળતા યોગ્ય વ્યક્તિ શોધવામાં નહિ, પણ પોતે યોગ્ય વ્યક્તિ બનવામાં રહેલ છે.

♦♦♦

## ૭૭. આકાશમાં દીવો

અમેરિકાના એક યુદ્ધ પછી ત્યાંની સરકારે જાહેરાત કરી કે જે કોઈ ઘરમાંથી વ્યક્તિ લડાઈમાં મરણ પામી હોય તે ઘર આગળ દીવો મૂકવામાં આવે, જેથી બધા જાણી શકે કે કયા ઘરમાંથી દેશને માટે બલિદાનો અપાયાં છે. જો કુટુંબની એક વ્યક્તિ યુદ્ધમાં મરી ગયેલ હોય તો એક દીવો મૂકવો, જો બે સૈનિકો માર્યા ગયા હોય તો બે દીવા મૂકવા. એમ દેશને માટે બલિદાન આપનારા વ્યક્તિ પ્રમાણે દીવા મૂકવા. નાતાલની પૂર્વસંધ્યાએ આવા અનેક દીવા અનેક ઘરો આગળ ઝ઼ગમગતા હતા.

એ રાત્રે એક બાપ તેની નાની દીકરી સાથે ફરવા નીકળ્યો. કેટલા ઘર આગળ કેટલા દીવા બળે છે તે જોતાં જોતાં બંને જતા હતા. એવામાં નાની દીકરી બાપનો હાથ પકડી પોકારી ઊઠી, ‘‘બાપા, બાપા, જુઓ આકાશમાં પેલો દીવો!’’ એક ઝગમગતા તારાને દીવો સમજી નાની પુત્રી બાપાને પૂછે છે : ‘‘બાપા, ઈશ્વરબાપે પણ આકાશની બારીએ કેમ દીવો મૂક્યો હશે?’’

પિતા જવાબ આપે છે : ‘‘હા બેટા, આકાશની બારીએ પણ દીવો પ્રગટે છે, કારણ કે ઈશ્વરપિતાએ પણ તેના એકના એક દીકરાને આપી દીધો છે.’’

ઈશ્વરે જગત પર એટલો બધો પ્રેમ કર્યો કે તેણે પોતાના એકાકીજનિત દીકરાને આપણે માટે આપી દીધો.

◆◆◆

## ૭૮. માનું વચન

જોન નિકોલ્સન નામનો એક છોકરો હતો. તેની માએ મરતાં અગાઉ પોતાના દીકરા જોન પાસે વચન લીધું કે, તે દરરોજ બાઈબલ વાંચ્યા પછી જ સૂઈ જશે. જોને માને વચન આપ્યું અને મા શાંતિમાં ઊંઘી ગઈ. જોને તે દિવસથી દરરોજ બાઈબલ વાંચવાનો નિયમ કર્યો. આગળ જતાં તે ખૂબ મોટો બીઝનેસમેન બન્યો, પણ બાઈબલ વાંચવાની તેની ટેવ ચાલુ જ રાખી. એક દિવસ બીઝનેસ અંગે જોન એક હોટલમાં ઊતર્યો હતો, ત્યાં તેને સેમ્યુલ નામની એક વ્યક્તિ મળી. બંને સાથે એક જ રૂમમાં રહ્યા. રાત્રે સૂતાં પહેલા જોને બાઈબલ કાઢી વાંચવાની શરૂઆત કરી. આ જોઈ સેમ્યુલે કહ્યું, "હું પણ ખ્રિસ્તી છું, આપણે બંને સાથે બાઈબલ વાંચીને પ્રાર્થના કરીએ." આમ જ્યારે જ્યારે તેઓ મળતા ત્યારે સાથે બેસીને બાઈબલ વાંચતા અને પ્રાર્થના કરતા. જ્યારે તેઓ ત્રીજી વખત એ જ હોટલમાં ઊતર્યા હતા ત્યારે એક ત્રીજી વ્યક્તિ પણ તેમને મળી જે બાઈબલ વાંચી પ્રાર્થના કરવામાં તેની સાથે જોડાઈ. આ ત્રણે જણે સાથે મળીને પાછળથી એક સંસ્થા શરૂ કરી તેનું નામ "ગીડીઅન્સ". ૧૮૯૯માં આ સંસ્થા શરૂ કરવામાં આવી, જે આજે પણ દુનિયાભરમાં કામ કરી રહી છે. હોટેલોમાં, સ્કૂલો-કોલેજોમાં, જેલોમાં, દવાખાનાંઓમાં બાઈબલ પૂરાં પાડવાની અજાયબ સેવા કરી રહી છે.

એક માતાએ પુત્ર પાસે લીધેલાં વચનનું કેવું અજાયબ પરિણામ! ધન્ય છે એવી માતાઓને!

♦♦♦

# ૭૯. પંદર વર્ષનો વધારો

યશાયાના ૩૮માં અધ્યાયમાં હિઝ્કીકિયાહ રાજાને તેના જીવનમાં ૧૫ વર્ષ ઉમેરી આપવામાં આવ્યાં તેની વીગતો મળે છે. રાજાએ આવાં કોઈ વર્ષો ઉમેરી આપવા માટે ઈશ્વરને કોઈ વિનંતી કરી નહોતી અને છતાં ઈશ્વરે શા માટે તેને જીવનમાં ૧૫ વર્ષ ઉમેરી આપ્યાં?

આની પાછળ ઈશ્વરની તારણની યોજના કામ કરી રહી હતી એ સ્પષ્ટ દેખાય છે. હવે જ્યારે હિઝ્કીકિયાહ માંદો પડ્યો ત્યારે એને દીકરો નહોતો. મનાશેહનો જન્મ હજી થયો નહોતો. જો હિઝ્કીકિયાહ આમ જ મરણ પામે તો મનાશેહનો જન્મ થાય નહિ, જો મનાશેહ ના હોય તો તેનો દીકરો યોશિયા પણ ના હોય અને જો યોશિયા ના હોય તો ઈસુ ખ્રિસ્ત પણ ના હોય અને ઈસુ ખ્રિસ્ત ના હોય તો તારણ ક્યાં હોત? કારણ કે, એ જ લાઈનમાં ઈસુ ખ્રિસ્ત જન્મ્યા. (સરખાવો માથ્થી ૧માં આપેલી વંશાવળી).

મનાશેહ બાર વર્ષનો હતો ત્યારે તેનો પિતા હિઝ્કીકિયાહ મરણ પામ્યો, આ ઉપરથી જાણી શકાય છે કે હિઝ્કીકિયાહને જીવનમાં ૧૫ વર્ષ ઉમેરી આપ્યા પછી ત્રણ વર્ષ બાદ મનાશેહનો જન્મ થયો.

માનવજાતની તારણની યોજના પૂર્ણ થાય માટે હિઝ્કીકિયાહ રાજાને વગર માગે ઈશ્વરે ૧૫ વર્ષ ઉમેરી આપ્યાં.

◆◆◆

# ૮૦. બૂટ પોલીશ

મિ. સેમ્યુલ બ્રેંગલ મુક્તિફોજના બહુ મોટા અમલદાર હતા. એક દિવસ તેમણે ઈશ્વરવિદ્યાની એક કોલેજના પ્રિન્સિપાલને જણાવ્યું કે, ''કોઈ સેવા હોય તો સોંપજો, હું ખુશીથી મદદ કરીશ.'' પ્રિન્સિપાલે તેમને સેવા બતાવતાં કહ્યું કે, ''અમારી આ કોલેજના કેડેટો (તાલીમાર્થીઓ)ના બૂટને પોલીશ કરી નાખો.'' સેમ્યુલ ખૂબ નિરાશ થઈ ગયો. આવી તે સેવા હોતી હશે? હું આવો મોટો અમલદાર અને આ વિદ્યાર્થીઓના બુટને પોલીશ કરું!''

એવા વિચારોમાં તે હતા ત્યારે જાણે તેમને ઈસુની વાણી સંભળાઈ, ''સેમ્યુલ, જેમના પગ મેં ધોયા એમના બૂટને શું તું પોલીશ નથી કરતો?'' સેમ્યુલને ભાન થયું. ''હું સેવા કરવાનો દાવો કરું છું, પણ મારે તો મોટી મોટી માનભરી સેવાઓ જોઈએ છીએ, જ્યારે મારા પ્રભુએ તો શિષ્યોના પગ ધોયા અને લૂછ્યા. શું હું મારા પ્રભુ કરતાં મોટો છું?'' અને સેમ્યુલે પ્રભુને ઉત્તર આપ્યો, ''હા, પ્રભુ, હું કરીશ. હું આ કેડેટોના બુટને પોલીશ કરીશ.''

ઈસુ કહે છે : ''સ્તંભને ઊંચક, બીતો મા, તુજ આગળ આ વાટ ચાલ્યો હું, આજ લગ તેમાં છે મહિમા.''

''સ્તંભ ઊંચક બીતો મા,
તુજ આગળ આ વાટ ચાલ્યો હું,
આજ લગ તેમાં છે મહિમા.''

◆◆◆

## ૮૧. રસ્તો મળી ગયો

એક નાની છોકરી બજારમાં એકલી જ ફરવા નીકળી પડી હતી. બધું જ જોતાં જોતાં આગળ ને આગળ વધતી જતી હતી. એમ કરતાં ખૂબ આગળ નીકળી ગઈ. પછી એને ઘેર પાછા જવાની ઇચ્છા થઈ તેથી પાછી ફરી. પણ મોટી મૂંઝવણ ઊભી થઈ, કારણ કે તે પોતાના ઘરનો રસ્તો ભૂલી ગઈ હતી. યાદ આવતું ન હતું કે કયા રસ્તે ઘેર જવાય. છોકરી લગભગ રડમસ જેવી થઈ ગઈ. એટલામાં એક માણસે તેની વાત જાણી. તે તેને રસ્તો શોધવામાં મદદ કરવા લાગ્યો. બંને ચાલતાં ચાલતાં આવે છે. પેલો માણસ છોકરીને વારંવાર ઘરના રસ્તા વિશે પૂછે છે, પણ છોકરીને કશું યાદ આવતું નથી. એવામાં એક દેવળ પર તેણે વધસ્તંભ જોયો અને જોરથી બોલી ઊઠી, "મળી ગયો, મારા ઘરનો રસ્તો મળી ગયો! આ વધસ્તંભ ક્યાં આવેલો છે તેની મને ખબર છે અને અહીંથી મારું ઘર કયા રસ્તે અને ક્યાં આવ્યું તે પણ મને ખબર છે, હવે હું એકલી ઘેર પહોંચી શકીશ."

વધસ્તંભની પાસે આવો તો રસ્તો મળી જશે, કયા માર્ગે આગળ ઘર તરફ જવાય તે સમજાઈ જશે. મૂંઝવણો, પ્રશ્નો ઊકલી જશે - જો વધસ્તંભની પાસે આવો તો!

◆◆◆

## ૮૨. એસ્પ્રીન કંપનીને પત્ર

''મુરબ્બી,

તમે જે એસ્પ્રીનની ગોળીઓ બનાવી બજારમાં મૂકો છો તેનાથી તાવ, માથાનો દુખાવો, શરદી મટી જાય છે. તેથી ધન્યવાદ. પણ મેં જોયું છે કે આ ગોળીઓની અસર ફક્ત સોમવારથી શનિવાર સુધી જ થાય છે. લોકો આ ગોળીઓ લે છે અને સાજા થઈને પોતાના રોજિંદા કામકાજ અર્થે જઈ શકે છે, પણ રવિવારે આ ગોળીઓ અસર કરતી નથી અને તેથી લોકોને થાક, શરદી, તાવ, દુખાવો વગેરે રવિવારે મટતાં નથી અને પરિણામે લોકો દેવળમાં આવી શક્તાં નથી. તેથી આ ગોળીઓ ફરી તપાસી એમાં એવું કોઈ તત્ત્વ ઉમેરો, જેથી રવિવારે પણ તેની અસર વર્તાય અને લોકો દેવળમાં આવી શકે.''

આમાં કંઈ સત્ય ખરું?

ગીતકર્તા કહે છે, ''ચાલો, આપણે યહોવાના (પ્રભુના) મંદિરે જઈએ.''

જોન સી. માર્ટિન એક વાત લખે છે કે, એક ગરીબ મજૂર ખેતમજૂરી કરતો હતો. જે ધનવાનને ત્યાં તે કામ કરતો હતો તેણે એક રવિવારે પણ તેને કામ પર આવવા સૂચના આપી. આ ગરીબ ખ્રિસ્તી માણસે જવાબ આપ્યો, ''સાહેબ, રવિવારે મારો પ્રભુ મને તેનું ભજન કરવા દેવળે બોલાવે છે અને મારે તેને આધીન થવું જ જોઈએ.''

ગી. શા. ૧૨૨માં પ્રભુમંદિરે જવાનો આનંદ કવિએ વર્ણવ્યો છે.

કોરિયામાં વહેલી સવારે ૫ વાગે દેવળોના ઘંટ રણકી ઊઠે છે અને દેવળો ભરાઈ જાય છે.

અઠવાડિયામાં એક દિવસે એટલે રવિવારે દેવળમાં જવાનું. છતાં રવિવારે આપણે ત્યાં દેવળોમાં ખાલી બાંકડા ઘણું બધું કહી જાય છે.

◆◆◆

# ૮૩. ઉપદેશ

એક વેપારી સ્કોટલાંડના એક શહેરમાં આવ્યો હતો. ખૂબ પ્રખ્યાત હોય એવા ત્રણ ઉપદેશકોને સાંભળવાની તેની ઈચ્છા હતી. તેણે ત્રણેને સાંભળ્યાં તે વિશે તે આમ કહે છે :

પ્રથમ રવિવારે પ્રથમ ઉપદેશકને સાંભળવા ગયો. તેમણે ઈશ્વરની મહાનતા, તેનું સર્વોપરિપણું, તેની પવિત્રતા એ વિશે ઉપદેશ કર્યો; આથી મને એવા મહાન ઈશ્વરનો ડર લાગ્યો.

બીજા રવિવારે બીજા ઉપદેશકને સાંભળ્યા. તેમણે માણસની અધમાવસ્થા વિશે, માણસની પાપી સ્થિતિ અને પાપી હ્રદય વિશે ઉપદેશ કર્યા, આ સાંભળીને મને મારી પોતાની દયા આવી અને મારી દુર્દશા વિશે દુઃખની ઊંડી લાગણી થઈ આવી.

ત્રીજા રવિવારે ત્રીજા ઉપદેશકને સાંભળ્યા. તેમણે ઈશ્વરના અજાયબ પ્રેમ વિશે ઉપદેશ કર્યો. ઈશ્વર પાપી માણસ ઉપર પ્રેમ કરે છે. તે પાપીનાં પાપ માફ કરે છે તે વિશે ઉપદેશ કર્યો, આથી મને દિલાસો મળ્યો, આનંદ થયો અને પ્રભુ મારા જેવા પાપીને પણ ચાહે છે તેથી મેં ઈશ્વરનો આભાર માન્યો.

ઉપદેશકની જવાબદારી ઘણી મોટી છે. **સભાજનો આગળ** ઉપદેશ કરવો એ એક વાત છે અને **સભાજનોને** ઉપદેશ કરવો એ બીજી વાત છે.

◆◆◆

# ૮૪. મિશનરી ઈન વ્હીલચેર

વેનિતા નામની સ્ત્રી કાર અકસ્માતમાં ઘવાઈ. પગ ગયા. હાથની આંગળીઓ ખૂબ નબળી પડી ગઈ. ગરદનમાં નુકસાન થયું. હવે જીવન નકામું બની ગયું હોય એમ લાગ્યું. તેનો પતિ લેરી હજી તેના પર પ્રેમ કરતો હતો. ડૉક્ટરોએ કહ્યું કે, ''વેનિતા હવે ચાલી શકશે નહિ અને બાળકને જન્મ આપી શકશે નહિ.'' પરંતુ થોડા સમય પછી તો બીજા પણ બે બાળકો થયાં. વેનિતા વ્હીલચેરમાં બેસી દેવળે જતી અને ઘરનું કામકાજ પણ કરતી. એક વખત એક મેગેઝિનમાં જાહેરાત વાંચી કે મિશનરીની જરૂર છે. બંને પતિ-પત્ની મિશનરી તરીકે જોડાયાં. વેનિતા વ્હીલચેરમાં બેસીને કોલેજમાં શીખવતી, સાક્ષી આપતી, સુવાર્તા પ્રગટ કરતી. તેની પ્રાર્થના હતી કે, ''પ્રભુ મને હંમેશા આભાર માનતી રાખજો અને મદદ કરજો કે, હું એ કદી ભૂલી ન જાઉં કે, હું ક્યાં હતી અને તમે મને ક્યાં સુધી દોરી લાવ્યા છો.''

કેવી અજાયબ સાક્ષી!

''જેના હ્રદયમાં ખ્રિસ્ત વસે છે તે મિશનરી છે, અને જેના હ્રદયમાં ખ્રિસ્ત નથી એ તમારું મિશનક્ષેત્ર છે.''

◆◆◆

# ૮૫. માફીનો મહિમા

રોમન સમ્રાટ સીઝર ઓગસ્ટસને એક દુશ્મન હતો જેનું નામ સીના હતું. સીઝરે સીનાને પકડીને કેદ કર્યો, એની ઉપર જાત જાતના આરોપો મૂક્યાં, જાત જાતના અત્યાચાર અને જુલમ ગુજાર્યા, તેમ છતાં સીના સીઝરની આગળ ન નમ્યો, અને તેને શરણે ન આવ્યો. સીઝર અકળાતો હતો. તેની પત્નીએ સલાહ આપી કે, "હું સીનાને નમાવવાનો એક ઉપાય બતાવું." "શો ઉપાય?" "એને માફી આપો. ક્ષમા કરો." પત્નીની સલાહ માની સીઝર કારાગૃહમાં ગયો, સીનાને મુક્ત કર્યો, અને કહ્યું, "ભાઈ સીના, તું મુક્ત છે. હું તને ક્ષમા કરું છું. મારે તારી સાથે દુશ્મનાવટ નથી રાખવી. તું પણ મને ક્ષમા આપ."

આ સાંભળી સીના આંખમાં આંસુ સાથે સીઝરના પગમાં પડી ગયો. સીઝરના ચરણોમાં નમી પડતાં તેણે કહ્યું, "દોસ્ત, છેવટે ક્ષમા બક્ષીને તું મારાથી મહાન બની ગયો. તારા જેવા મહાન મિત્રનું શરણ છોડીને હું જવા માગતો નથી."

આજ પળથી બંનેની દુશ્મનાવટ મટી ગઈ ને તે ગાઢ મિત્રો બન્યા.

માફી બક્ષવાનું બળ ઈશ્વરે સૌને આપ્યું છે. વીર પુરુષ ક્ષમા આપે છે, જ્યારે કાયર શસ્ત્રો ઉપાડે છે.

ઈસુએ કહ્યું છે : "તમારી વૈરી ઉપર પ્રેમ કરો, માફી આપો, ભૂખ્યો હોય તો ખવડાવો. માફી આપો અને માફી પામો."

♦♦♦

# ૮૬. સફળતાની સીડી

અમેરિકાના એક દૈનિકપત્રમાં અબ્રાહામ લિંકનના જન્મદિને એક કાર્ટુન આવ્યું હતું.

એક પર્વતની તળેટીમાં વાંસની એક ઝૂંપડી છે, અને પર્વતની ટોચ ઉપર વ્હાઈટ હાઉસ દોર્યું છે. વાંસની ઝૂંપડીથી એક સીધી સીડી વ્હાઈટ હાઉસ સુધી જતી બતાવી હતી. નીચે લખ્યું હતું :

"જે સીડી વડે લિંકન ઝૂંપડીમાંથી વ્હાઈટ હાઉસમાં ગયા તે સીડી હજી ત્યાં જ છે, જેને ચઢવું હોય તે આજે પણ ચઢી શકે છે."

આવી જ સીડીનો ઉપયોગ કરીને ડૉ. રાજેન્દ્રપ્રસાદ એક સામાન્ય ખેડૂતમાંથી ભારતના રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચ્યા. એ જ સીડી વડે સામાન્ય અને ગરીબ લાલ બહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન બન્યા.

જેનામાં કંઈ કરવાની ધગશ હોય છે તે ગમે ત્યાં સફળ થાય છે.

એક યુવાને યુનિવર્સિટીની એન્જીનિયરિંગની તાજી ડિગ્રી મેળવી હતી. પરીક્ષા પછી નોકરીનો પહેલો પ્રયાસ હતો. ઊડતી માહિતી મળી કે અમુક પેઢીમાં જગ્યા ખાલી છે. પેલો યુવક નોકરી માટે ત્યાં પહોંચ્યો, પણ નિરાશ થયો. કારણ કે, નોકરીની જગ્યા ખાલી હતી પણ ટાઈપિસ્ટ માટે. પણ આ યુવકે હિંમત ભેગી કરી કહ્યું, "સાહેબ, હું આ કામ કરીશ, ત્રણ દિવસ પછી હાજર થઈશ. અપોઈન્ટમેન્ટ ઓર્ડર મળી ગયો. ત્રણ દિવસ પછી યુવક હાજર થયો. કામે રાખનાર લૂઈ જેનને પૂછ્યું, "તમે તો ઈજનેર હતા અને આટલા ટૂંકા ગાળામાં ટાઈપિસ્ટ કેવી રીતે બન્યા?" યુવાને ઉત્તર આપ્યો, "મને નોકરીની સખત જરૂર હતી, તેથી હું ભાડે ટાઈપરાઈટર લાવ્યો અને રાત-દિવસ મચી પડ્યો ને ત્રણ દિવસમાં તૈયાર થઈ ગયો."

આ ઉત્સાહી યુવાન હતા અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ હબર્ટ હૂવર. અનેક મુશ્કેલીઓ, મૂંઝવણો ને અવરોધો પાર કરીને સફળતાની સીડીએ ચઢતાં ચઢતાં તે અમેરિકાના પ્રેસિડેન્ટના નિવાસસ્થાન વ્હાઈટ હાઉસમાં પ્રવેશ્યા.

◆◆◆

# ૮૭. નાની સેવાનું પરિણામ

એક શનિવારે અમેરિકાના એક ગામમાં ફિલિપાઈન્સના એક જુવાને માર્ગમાં જતા એક મેથોડિસ્ટ છોકરાને ઊભો રાખી પૂછ્યું કે, ‘‘રોમન કેથોલિક ચર્ચ ક્યાં આવ્યું?’’ કારણ કે બીજે દિવસે રવિવારે તેને તે ચર્ચમાં જવું હતું. જવાબ મળ્યો કે, ‘‘અહીંથી બે-ત્રણ માઈલ દૂર છે અને ત્યાં જવા માટે વાહન નથી. ચાલીને જવું પડે.’’

હવે બીજે દિવસે રવિવારે વરસાદ પડવો શરૂ થયો. તેથી ચર્ચમાં જવાશે નહિ એમ માની આ ફિલિપાઈન્સનાં છોકરાએ ચર્ચમાં જવાનો વિચાર માંડી વાળ્યો. પણ તેની અજાયબી વચ્ચે બારણે ટકોરા પડ્યા. તેણે જોયું તો પેલો મેથોડિસ્ટ છોકરો હાથમાં છત્રી લઈને બહાર ઊભો હતો. આ છોકરો છત્રી લઈને આવ્યો હતો, જેથી તે પેલા છોકરાને રોમન કેથોલિક ચર્ચમાં લઈ જાય. આવી મિત્રતાથી પેલો છોકરાને આનંદ થયો. પછી તેણે કહ્યું, ‘‘આજે વરસાદ પડે છે અને તમારું મેથોડિસ્ટ ચર્ચ પાસે છે તો ત્યાં જઈએ તો કેમ!’’ તેઓ ત્યાં ગયા. ફિલિપાઈન્સના છોકરાને ત્યાં ગમ્યું. પછી તો લાગલગાટ ત્રણ રવિવાર સુધી તે આ મેથોડિસ્ટ ચર્ચમાં ગયો. પછી ચાર વર્ષ સુધી તે આજ ચર્ચમાં જવા લાગ્યો. પોતાનો અભ્યાસ પૂરો થતાં તેણે મેથોડિસ્ટ પાળક બનવાનો નિર્ણય કર્યો, એ માટે તે ઈશ્વરવિદ્યા શાળામાં જોડાયો, ને તાલીમ પૂરી થતાં મેથોડિસ્ટ મંડળીનો પાળક બન્યો. અને પાછળથી બિશપ બન્યો. કોણ આ? બિશપ વેલેન્સીઆસ ઓફ મેથોડિસ્ટ ચર્ચ ઈન ફિલિપાઈન્સ.

◆◆◆

# ૯૮. ત્યાગપૂર્ણ દાન

કોરિયામાં બે ધનવાન માણસો એક ખેતરમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં તેમણે જોયું તો બાપ અને તેનો દીકરો જાતે હળ ખેંચીને જમીન ખેડતા હતા. પેલા ધનવાને ભોમિયાને પૂછ્યું કે, "આ લોકો ખૂબ ગરીબ હશે તેથી બળદ પણ રાખી શકતા નથી." ભોમિયાએ કહ્યું, "હા, તેઓ ગરીબ જરૂર છે, પણ પહેલાં તેમની પાસે સરસ બળદો હતા. પરંતુ અહીં બોમ્બ પડવાથી તેમનું પ્રભુમંદિર નાશ પામ્યું અને તેને ફરી બાંધવાનું હતું ત્યારે તેમાં ફાળો આપવા તેમણે પોતાના બન્ને બળદો વેચી દીધા અને તેનાં જે નાણાં આવ્યાં તે ચર્ચના બાંધકામમાં આપી દીધાં. આથી તેઓ જાતે જ હળ ખેંચે છે."

આ સાંભળી પેલા બન્ને મુસાફરો સ્તબ્ધ થઈ ગયા. એ બેમાંથી જે એક વકીલ હતો તેણે ઘેર જઈને નિર્ણય કર્યો કે, હવેથી તે પોતાની મંડળીમાં પહેલાં આપતો હતો તેનાં કરતાં બમણું દાન આપશે અને સેવા કરવા સમય કાઢશે. આવો નિર્ણય કરવાનું કારણ તેણે જણાવ્યું કે, "આ કોરિયન ખેડૂત ચીનુમ અને તેના દીકરાએ મને શીખવ્યું કે દાન એટલે શું? ત્યાગ એટલે શું? તેઓનું દાન ખરેખર ત્યાગપૂર્ણ દાન હતું." Give till it hurts. પેલી વિધવાએ ભવિષ્યનો વિચાર કર્યા વગર પોતાની પાસે હતું તે બધું જ આપી દીધું. એની પાસે માત્ર એક જ દમડી હતી અને તે પણ તેણે પ્રભુના પ્રેમને ખાતર આપી દીધી.

◆◆◆

## ૮૯. ઈસુને કોણે વધસ્તંભે જડયાં ?

રેમબ્રાન્ડ નામના પ્રખ્યાત ચિત્રકારે ''ત્રણ વધસ્તંભ''નું ચિત્ર દોર્યું છે. આ ચિત્ર જોતાં પ્રથમ વચલા વધસ્તંભ પર આપણી નજર જાય છે, જ્યાં ઈસુને જડવામાં આવ્યો છે. પછી વધસ્તંભની નીચે ઊભેલાં લોકોનાં ટોળા ઉપર નજર જાય છે અને પછી ચિત્રના છેવાડેના ભાગે એક અંધારા ખૂણામાં ઊભેલી એક વ્યક્તિ દેખાય છે. આ આકૃતિ ઝાંખી દેખાય છે.

આ ચિત્રના જાણકારોનું કહેવું છે કે, અંધારામાં અને ખૂણામાં ઊભેલી વ્યક્તિ તે રેમબ્રાન્ડ પોતે છે. તેમણે પોતાનું જ ચિત્ર ત્યાં દોર્યું છે. આ દ્વારા તેઓ એવું દર્શાવવા માગે છે કે, ઈસુને વધસ્તંભે જડાવવામાં મારો પણ ભાગ છે. મારાં પાપને કારણે ઈસુને વધસ્તંભે જડાવું પડયું.

ઈસુએ છેલ્લા ભોજન વખતે શિષ્યોને કહ્યું કે, ''તમારામાંનો એક મને પરસ્વાધીન કરાવશે.'' ત્યારે દરેક જણ પૂછતા હતા, ''પ્રભુ શું તે હું છું?'' આપણે પણ આપણી જાતને આ પ્રશ્ન પૂછવો જોઈએ.

◆◆◆

## ૯૦. વ્યક્તિગત સુવાર્તાપ્રચાર

અમેરિકાના કેલિફોર્નિયામાં જેમ્સ કેનેડી એક મંડળીના પાળક હતા. પણ તેઓ બહુ ચિંતામાં હતા, કારણ કે, રોજબરોજ તેમની મંડળી તૂટતી જતી હતી. સભ્યસંખ્યા ઓછી થતી હતી. છેલ્લે તો મંડળીમાં ફક્ત ૧૭ સભ્યો જ બાકી રહ્યા હતા. પાળક બહુ નિરાશ બની ગયા હતા.

એ અરસામાં બીજી એક મંડળીના પાળકે જેમ્સ કેનેડીને પોતાની મંડળીમાં સંદેશો આપવા આમંત્રણ આપ્યું. કેનેડી ત્યાં ગયા. ત્યાંના પાળક સાથેની વાતચીતમાં કેનેડીએ પોતાની મૂંઝવણ રજૂ કરી. પેલા પાળકે કેનેડીને મંડળીના કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લેવા અને વ્યક્તિગત સુવાર્તાપ્રચાર કરવાની સલાહ આપી. ત્યાંથી પાછા આવી કેનેડીએ પોતાની મંડળીમાં મુલાકાતો શરૂ કરી અને વ્યક્તિગત સુવાર્તાપ્રચાર શરૂ કર્યો, આનું બહુ સારું પરિણામ આવ્યું. મંડળીની સંખ્યા વધતી ગઈ, મંડળીનું કાર્ય વધતું ગયું.

એમ કહેવાય છે કે આજે આ મંડળીમાં ૬૫૦૦ સભાસદો છે, ૧૨ પાળકો છે અને મંડળીનું વાર્ષિક બજેટ એક કરોડ રૂપિયાનું છે. વળી, આ મંડળીમાંથી ૧૨૦ મિશનરીઓ બહાર ગયા છે.

♦♦♦

## ૯૧. ઉત્તમ મિત્ર

ઇંગ્લાંડમાં બે મિત્રો સાથે કોલેજમાં ભણતા હતા. બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. ભણી રહ્યા પછી બંને મિત્રો ભારતમાં આવ્યા. એક મિત્ર કોલેજમાં પ્રોફેસર બન્યો. બીજો ભારતનો વાઈસરોય બન્યો. ઘણા વખત પછી એવું બન્યું કે, જે મિત્ર કોલેજમાં પ્રોફેસર હતો તે કોલેજ ઉપર સંદેશો આવ્યો કે ભારતના વાઈસરોય લોર્ડ કર્ઝન તમારી કોલેજની મુલાકાતે પધારવાના છે. જે દિવસે વાઈસરોય આવવાના હતા તે દિવસે પેલા પ્રોફેસર રજા પાડીને ઘેર રહ્યા. વાઈસરોયે કોલેજમાં તપાસ કરી તો પોતાનો બાળપણનો ગોઠિયો મિત્ર રજા પર હતો, આથી તેમણે પોતાની ગાડી પ્રોફેસરને ઘેર લેવડાવી. ત્યાં પહોંચીને મિત્રને ઠપકો આપતાં કહ્યું કે, "શું તને ખબર નહોતી કે આજે હું કોલેજમાં આવવાનો છું?" પ્રોફેસરે કહ્યું, "ખબર હતી." "તો પછી ઘેર કેમ રહ્યો?" પ્રોફેસરે જવાબ આપ્યો કે "મારે જોવું હતું કે વાઈસરોય પોતાના મિત્રને મળવા ઘેર આવી શકે છે કે નહિ!" અને બંને મિત્રો આનંદથી ભેટી પડયા.

ઈસુ આપણો ઉત્તમ મિત્ર છે. તેણે આપણને દાસ નહિ, પણ મિત્ર કહ્યા છે. તે આપણો મિત્ર છે, શું તમે તેના મિત્ર છો?

"ઈસુ જેવો મિત્ર કોણ છે..."

પ્રેરિત પાઉલનો ઉત્તમ મિત્ર ઓનેસીમસ (૨ તિમોથી ૧; ૧૫-૧૮) હતો.

♦♦♦

# ૯૨. ભારે કિંમત

સભા પૂરી થયા બાદ કોલસાની ખાણમાં કામ કરનાર એક માણસ બ્રિટિશ પાસ્ટર જી. કેમ્પબેલ મોરગન પાસે આવ્યો ને કહ્યું કે, ''પ્રભુ મારાં પાપ માફ કરે તેને માટે જે કંઈ આપવાનું હોય તે આપવા હું તૈયાર છું, પણ તમે કહો છો તે પ્રમાણે ફક્ત વિશ્વાસ કરવાની વાત મારા ગળે ઊતરતી નથી. એવી માફી બહુ સસ્તી કહેવાય.''

મોરગને પૂછ્યું : ''આજે તમે કામ પર ગયા હતા?''

જવાબ : ''હા, ખાણમાં બહુ નીચે સુધી ગયો હતો.''

મોરગન : ''ત્યાંથી ઉપર આવવા તમે મોટી કિંમત આપી?''

જવાબ : ''ના, હું ફક્ત નીચે ઊતારેલા પાંજરામાં બેઠો અને પાંજરું ઉપર ખેંચી લેવામાં આવ્યું.''

મોરગન : ''એ પાંજરામાં તમે બેઠા ત્યારે બીક લાગી નહિ? તમે પાંજરા ઉપર કેમ વિશ્વાસ કર્યો? એ તદ્દન સસ્તી વાત કહેવાય.''

જવાબ : ''નીચેથી ઉપર આવવાની મુસાફરી મફત હોય છે. જોકે અમારી કંપની એને માટે ભારે કિંમત ચૂકવે છે, જેથી દરેક માણસ સલામત ઉપર આવી શકે.''

મોરગન : ''એ જ વાત હું પણ કહું છું, તારણ મફત મળે છે પણ એને માટે ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ ઉપર ભારે કિંમત ચૂકવી આપી છે.''

સોના કે રૂપાથી નહિ, પણ ઈસુના લોહી દ્વારા આપણને ખરીદવામાં આવ્યા છે.

♦♦♦

# ૯૩. કુરબાની

તા. ૨૬-૧૦-૭૧ના રોજ પેપરમાં સમાચાર હતા. એ દિવસોમાં બાંગલાદેશમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં. પોતાનો જીવ બચાવવા માતૃભૂમિ છોડીને ૫૦-૬૦ જણ નાઠા. રસ્તામાં એક શેરડીના ખેતરમાં તેઓ સંતાયા. પાછળ સિપાઈઓનાં પગલાં સંભળાઈ રહ્યા હતાં. જરાક અવાજ થાય અને સિપાઈઓને ખબર પડે તો બધાને ગોળીએ વીંધી નાખે. ભારે ચૂપકીદી હતી. શ્વાસ લેવામાં પણ અવાજ ન થાય તેની બધાં તકેદારી રાખતા હતા. એવામાં ત્યાં સંતાએલી એક સ્ત્રીનું નાનું બાળક રડવા લાગ્યું. ભારે આફત આવી. જો તેના રડવાનો અવાજ પેલા સિપાઈઓ સાંભળી જાય તો બધાનું આવી બને. છોકરું કેમેય શાંત થતું નહોતું. આખરે માએ નિર્ણય કર્યો અને છાતી પર પથ્થર મૂકી પોતાના બાળકનું ગળું દબાવી તેને હંમેશ માટે શાંત કરી દીધો. ફરી શાંતિ પ્રસરી રહી. સિપાઈઓ પસાર થઈ ગયા અને બધાના જીવ બચી ગયા. આ માની કેવી ભવ્ય કુરબાની!

આ માની કુરબાની વિશે કોઈને પ્રશ્ન થાય, પણ પ્રભુ ઈસુની કુરબાની તો સૌથી ભવ્ય છે. એમ જ ઈસુએ પણ આપણને બચાવવા પોતાની કુરબાની આપી છે.

♦♦♦

# ૯૪. રાજાની હજૂરમાં

ડૉ. વી. આર. એડમન્ડ નવ મહિના પછી સપ્ટેમ્બર ૨૨, ૧૯૬૭ને રોજ પહેલી વાર વ્હીટન કોલેજના ચેપલમાં વિદ્યાર્થીઓ આગળ બોલવા ઊભા થયા. હૃદયરોગની બિમારીને કારણે નવ મહિના સુધી તેમને પથારીવશ રહેવું પડ્યું હતું.

તેમણે આ શબ્દોથી શરૂઆત કરી : ''નવ મહિના પછી આ પહેલી જ વાર જાહેરમાં બોલવા હું પ્રયત્ન કરું છું. મારો વિષય છે 'રાજાની મુલાકાતનું આમંત્રણ' આ વિષયમાં તમે પણ મારી સાથે જોડાઓ એમ હું ઇચ્છું છું.''

આ સંદેશાની અધવચ્ચે જ ડૉ. એડમન્ડને ફરી હૃદયરોગનો હુમલો થયો અને તેઓ રાજાની મુલાકાતનું આમંત્રણ મેળવી, રાજાઓના રાજાની હજૂરમાં તેની મુલાકાતે પહોંચી ગયા.

ડો. એડમન્ડ ૯ મે, ૧૯૦૦ માં શિકાગોમાં જન્મ્યા હતા. તેઓ વ્હીટન કોલેજના ૨૫ વર્ષ સુધી પ્રેસિડેન્ટ રહ્યા હતા (૧૯૪૦-૧૯૬૫). અને બે વર્ષ ચાન્સેલર રહ્યા હતા. તેઓ એક કેળવણીકાર અને મિશનરી હતા.

◆◆◆

## ૯૫. આનંદી માણસ

એક વખતે સંત કોન્ફ્યૂસિયસને રસ્તામાં એક એવો માણસ મળ્યો જેણે જૂનાં-ફાટેલાં કપડાં પહેર્યા હતા, કમરે દોરડાંનો પટ્ટો બાંધ્યો હતો અને એક વાજિંત્ર વગાડતો હતો. પણ આ માણસ બહુ આનંદી અને સુખી લાગતો હતો. કોન્ફ્યૂસિયસે તેને પૂછ્યું, ''ભાઈ, કઈ બાબત તને આટલો આનંદી બનાવે છે?''

તેણે જવાબ આપ્યો, ''ઘણી બાબતો. પ્રથમ, માણસ ઈશ્વરની ઉત્પત્તિનો શ્રેષ્ઠ મુગટ છે અને જુઓ હું માણસ છું. કેટલાંક બાળપણમાં જ મરણ પામે છે, પણ જુઓ, હું પુખ્ત ઉંમરનો થયો છું. ઘણા લોકો જેલમાં સબડે છે, બંદીવાન છે પણ જુઓ, હું સ્વતંત્ર છું, જેલમાં નથી. કેટલાક લોકો દવાખાનામાં કે ઘરમાં માંદગીની પથારીમાં પડયા છે, પણ જુઓ, હું તંદુરસ્ત છું. આજે સવારે મેં ખાધું અને સાંજના માટે પણ મારી પાસે પૂરતો ખોરાક છે.

પછી કહો, હું કેમ આનંદી ન હોઉં? આનાથી વધારે બીજું મારે શું જોઈએ?''

''આનંદી મન એ ઉત્તમ ઔષધ છે.''

હસો, હસતાં-આનંદિત રહેતાં શીખો.

હાસ્ય, ઘરસંસારને સુખી બનાવે છે.

હાસ્ય, વેપારધંધામાં વધારો કરે છે.

હાસ્ય, મિત્રતામાં વધારો કરે છે.

હાસ્ય, થાકેલાનો આરામ અને નિરાશામાં આશા છે.

હાસ્ય, દુ:ખી માણસ માટે મફત દવા છે.

હાસ્ય, ખરીદી શકાતું નથી, ભીખ માગવાથી મળતું નથી. ઉધાર મળતું નથી, ચોરી શકાતું નથી, હસે તે હૈયે વસે. હસે તેનું ઘર વસે.

♦♦♦

## ૯૬. આપવાની ધન્યતા

"લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે."

પૉલ નામના એક છોકરાને એના મોટા ભાઈએ એક નાતાલની ભેટ તરીકે નવી કાર આપી. સાંજે તે કાર લઈને ફરવા નીકળ્યો. માર્ગમાં તેનો એક મિત્ર મળી ગયો. મિત્રએ પૂછ્યું, "આ તારી કાર છે?" પૉલે કહ્યું, "હા, મારા ભાઈએ મને ભેટમાં આપી છે." મિત્રે કહ્યું, "હાશ, હું પણ... " પૉલ સમજ્યો કે આ મિત્ર એમ કહેવા માગતો હશે કે મને પણ મારો ભાઈ આવી કાર ભેટમાં આપે તો, અથવા મારે પણ આવો ભાઈ હોય તો કેવું સારું! પણ પૉલની અજાયબી વચ્ચે મિત્રે વાક્ય પૂરું કર્યું, કે "હાશ, હું પણ તારા ભાઈના જેવો થાઉં તો કેવું સારું!" પછી મિત્રે પૉલને કહ્યું, "મારા ઘર સુધી તું તારી કાર લઈને ન આવે?" પૉલ સમજ્યો કે એ બધાને બતાવવા માગતો હશે કે જુઓ, હું કેવી નવી કારમાં ફરું છું! પણ જ્યારે તેઓ બંને ઘર આગળ આવ્યા ત્યારે થોડે દૂર કાર ઊભી રાખી અને પેલો મિત્ર એના અપંગ નાના ભાઈને ઊંચકીને લાવ્યો અને કાર બતાવતાં પોતાના અપંગ નાના ભાઈને કહેવા લાગ્યો, "જો, આ કાર પૉલને એના ભાઈએ આપી છે. એક દિવસ આવી જ કાર હું તને આપીશ. પછી તું એમાં બેસીને જોવાલાયક સ્થળો જોવા જજે."

લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે એનો ખરો અર્થ પૉલ તે દિવસે સમજ્યો.

♦♦♦

## ૯૭. છાપરા વગરનું ઘર

સ્કોટલેન્ડમાં એક છોકરાને મજૂર તરીકે એક ધનવાન ખેડૂત એના ઘેર લઈ ગયો. ખેડૂતે એના ઘરમાં જ તેને રહેવા એક નાની ઓરડી આપી. બધી જ સગવડો પણ આપી. તેમ છતાં થોડા દિવસો બાદ આ છોકરો કામ છોડીને જતો રહ્યો. બીજા દિવસે તેનો એક મિત્ર મળ્યો ને પૂછ્યું કે, "તેં કામ કેમ છોડી દીધું? શું પગાર સારો નહોતો?" "ના, પગાર તો સારો હતો." "તો પછી ખેડૂત સારો નહોતો?" "ના, ખેડૂત અને તેના ઘરનાં બધાં જ બહુ ભલા અને માયાળુ હતાં." "તો પછી તું કેમ ત્યાંથી નાસી આવ્યો?" છોકરાએ જવાબ આપ્યો, "કારણ કે ઘરને છાપરું નહોતું."

સ્કોટલેન્ડમાં ઘરને છાપરું ના હોવું એનો અર્થ થાય છે કે એ ઘરમાં પ્રાર્થના થતી નથી. .

આપણા ઘર પર છાપરું સલામત છે ?

♦♦♦

# ૯૮. બલઆમની ગધેડી

બલઆમની ગધેડીને વાચા ફૂટી અને તે બોલવા લાગી. આ વાત જૂના કરારમાં મળે છે, આ વિશે બે મિત્રો વચ્ચે વાદવિવાદ ચાલતો હતો.

એક મિત્રે કહ્યું, ''આવું બની શકે જ નહિ, હું માનવા તૈયાર નથી.''

બીજો મિત્ર કહે છે, ''ના કેમ બની શકે?''

''ચાલ, તું એક ગધેડી બનાવ અને હું તેનામાં વાચા મૂકીશ અને એ ગધેડી બોલશે.''

પહેલો મિત્ર કહે, ''આ કેવી રીતે બને? હું કેવી રીતે ગધેડી ઉત્પન્ન કરી શકું? એ તો માત્ર ઈશ્વર જ કરી શકે. શું કોઈ માણસ ગધેડી કે બીજું કશું પણ ઉત્પન્ન કરી શકે?''

આથી બીજો મિત્ર બોલ્યો, ''તો તું જે નથી કરી શકતો એ ઈશ્વર કરે છે એવું તો તું કબૂલ કરે છે ને! જો ઈશ્વર ગધેડી ઉત્પન્ન કરી શકે તો શું એનામાં વાચા ન મૂકી શકે! એમાં અશક્ય શું છે?''

ઈશ્વરને સર્વ શક્ય છે. તે શૂન્યમાંથી સર્જન કરે છે. ઘડપણમાં પણ ઇબ્રાહીમ અને સારાહને દીકરો આપી શકે છે. પુરુષબીજ વગર કુંવારી મરિયમને પવિત્ર આત્મા દ્વારા ગર્ભવતી બનાવી શકે છે. તે જબરાં પાણીમાં પણ માર્ગ કરી શકે છે. ઈશ્વરને કશું અશક્ય નથી.

◆◆◆

## ૯૯. આ પણ જતું રહેશે

કહેવાય છે કે દાઉદ રાજાએ એક વાર સોનીને બોલાવીને આજ્ઞા કરી કે, "તું મારે માટે એક સોનાની વીંટી બનાવ. જેને જોઈને જ્યારે હું દુઃખી હોઉં ત્યારે મને આનંદ થાય અને જ્યારે આનંદિત હોઉં ત્યારે દુઃખ થાય."

બે દિવસની મુદત આપવામાં આવી. રાજાએ કહ્યું, "જો તું એવી વીંટી બનાવી લાવીશ તો તને મોં માગ્યું ઈનામ મળશે, અને નહિ બનાવી શકે તો તારું માથું ધડથી જુદું કરવામાં આવશે."

સોની તો વિમાસણમાં પડી ગયો. "આ તો રાજા, વાજાં અને વાંદરા, એનો શો ભરોસો? આવી વીંટી હું ક્યાંથી બનાવું. નક્કી મારું મોત પાસે છે."

જ્યારે તે રાજમહેલ છોડીને પોતાને ઘેર જતો હતો ત્યારે બહાર નાનો સોલોમન રમતો હતો. સોનીને દુઃખી જોઈને તેણે કારણ પૂછ્યું. સોનીએ રાજાની આ મૂર્ખાઈભરી માગણીની વાત કરી.

સોલોમન હસવા લાગ્યો. "અરે, એમાં શી મોટી વાત છે? આમાં આટલા દુઃખી કેમ થઈ ગયા! જુઓ હું તમને રસ્તો બતાવું. ઘેર જઈને એક વીંટી બનાવો અને એના ઉપર લખો કે "આ પણ જતું રહેશે." "This also will pass away."

જ્યારે રાજા દુઃખના સમયમાં હશે અને આ શબ્દો વાંચશે કે આ પણ જતું રહશે ત્યારે તેમને દિલાસો મળશે, આનંદ થશે. અને જ્યારે આનંદના સમયમાં હશે અને આ વીંટી ઉપરના શબ્દો

વાંચશે ત્યારે તેમને ખાતરી થશે કે આ આનંદ પણ જતો રહેશે અને તે દુઃખી બની જશે. આ જીવન ક્ષણિક છે એનું ભાન થતાં દુઃખી થશે.

સોનીએ આવી વીંટી બનાવી અને રાજાને આપી. રાજાએ ખુશ થઈ મોટું ઈનામ આપ્યું.

આમાં કેટલું મોટું સત્ય છે. તમારો જે કંઈ બોજો છે, ચિંતા છે, બીક છે તે બધું જતું રહેશે. એ કાયમ રહેવાનું નથી. એ જ પ્રમાણે આ જગતનો આનંદ એ પણ ક્ષણિક છે, જતો રહેશે.

It come to pass. એક લેખક કહે છે : અઠવાડિયામાં બે દિવસો એવા છે જેને માટે હું કદી ચિંતા કરતો નથી, કે દુઃખી થતો નથી. આ બે દિવસો છે - ગઈકાલ અને આવતીકાલ.

એક દર્દી ડૉક્ટરને પૂછે છે : ''ડૉક્ટર, મારે કેટલા દિવસ સુધી પથારીમાં રહેવું પડશે?'' ડૉક્ટર જવાબ આપે છે : ''રોજનો ફક્ત એક જ દિવસ.''

માર્ટિન લ્યૂથરને સાંજના સમયે બારી પાસે જઈને રોજ એમ બોલવાની ટેવ હતી કે, ''ઈશ્વર, આ જગત તારું છે કે મારું? આ મંડળી તારી છે કે મારી? જો જગત અને મંડળી તારી છે તો તું જ એની ચિંતા રાખ. હું થાકી ગયો છું ને ઊંઘી જાઉં છું.

ગુડ નાઈટ, ઈશ્વર.''

◆◆◆

# ૧૦૦. મજબૂત કારણ બતાવો

કેનેડામાં એક સંત સ્ત્રી થઈ ગઈ. તેને Holy Ann કહેતા હતા. તે સો વરસ જીવી હતી, જ્યારે તે જુવાન હતી ત્યારે એક ક્રૂર માલિકને ત્યાં નોકર તરીકે રહેતી હતી. આ માલિક તેને દૂર દૂર સુધી પાણી ભરવા મોકલતો, કારણ કે ત્યાં પાણીની તંગી હતી. કૂવામાં પાણી સૂકાઈ ગયાં હતાં. એક વખત આન એક સૂકા કૂવા પાસે ઊભી હતી, ને પાણી માટે પ્રાર્થના કરતી હતી. ત્યારે તેને યશા. ૪૧; ૨૧ નું વચન યાદ આવ્યું, જેમાં ઈશ્વર કહે છે કે તમારું કારણ બતાવો, મજબૂત કારણ બતાવો, તમારો દાવો રજૂ કરો, તમારી દલીલો જાહેર કરો.

હોલી આને પોતાની જરૂરિયાત અને મજબૂત કારણ ઈશ્વરની આગળ રજૂ કર્યા પોતાનો દાવો રજૂ કર્યો, અને ઘૂંટણે પડીને પ્રાર્થના કરી.

બીજા દિવસે વાસણ લઈને કૂવે જતી હતી. લોકો કહેતા કે, "આ તો ગાંડી થઈ છે કે શું? કૂવામાં પાણી તો છે નહિ અને આન પાણી ભરવા જાય છે." પણ ત્યાં જઈને આને જોયું તો ૮૩ ફૂટ ઊંડો કૂવો મીઠા અને ઠંડા પાણીથી ભરેલો હતો. ત્યાર પછી આ કૂવો કદી સુકાઈ ગયો નહિ.

આ બનાવ બાદ લોકો આનને "હોલી આન" કહેવા લાગ્યા.

♦♦♦

## ૧૦૧. દુ:ખને તમે જાણો છો

વેલોર હોસ્પિટલમાં ડૉ. વર્ગીસની સેવાઓ જાણીતી છે. તેઓનું કમરથી નીચેનું અંગ નકામું થઈ ગયું હતું, પણ વ્હીલચેરમાં બેસીને ફરતાં ફરતાં તે અન્ય દર્દીઓની મુલાકાત લેતા.

એક વખત બીજા એક ડૉક્ટરને અકસ્માત નડયો અને તેમને વેલોર હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા. અકસ્માતને કારણે આ ડૉક્ટરનું પણ કમરથી નીચેનું અંગ લકવાથી જૂઠું પડી ગયું હતું. એક દિવસ ડૉક્ટર વર્ગીસ પોતાની ખુરશીમાં બેસી ફરતાં ફરતાં આ ડૉક્ટર દર્દી પાસે આવ્યા. દર્દી આંખો બંધ કરીને પડયા હતા. ડૉ. વર્ગીસે પૂછ્યું, ''હલો, ડૉક્ટર કેમ છે?'' દર્દીએ આંખો બંધ રાખીને જવાબ આપ્યો, ''ઘણું જ દુ:ખ છે, સહન થતું નથી. પણ જવા દો, તમે એ નહિ સમજી શકો.'' ડૉ. વર્ગીસે હસીને કહ્યું, ''આંખો ખોલીને મને જુઓ.'' દર્દીએ આંખો ખોલીને ડૉ. વર્ગીસની સ્થિતિ જોઈ, તેમને વ્હીલચેરમાં જોયા અને તે સમજી ગયા અને બોલ્યા, ''માફ કરજો, મારી ભૂલ થઈ. ના, દુ:ખ શું છે તે તમે જાણો છો. મારું દુ:ખ તમે સમજી શકો છો; કારણ કે, તમે પણ એમાંથી પસાર થયેલા છો.''

પ્રભુ ઈસુ સર્વ વાતે આપણી પેઠે પરીક્ષણ પામેલો છતાં નિષ્પાપ છે. તેથી આપણાં દુ:ખ, આપણાં પરીક્ષણ તે સમજી શકે છે અને મદદ કરી શકે છે.

◆◆◆

# ૧૦૨. એ ત્યાં હતો

જોન ફોસ્ટર તેમના એક પુસ્તકમાં આ વાત નોંધે છે : એક દિવસે સાંજે તેઓ બહારથી આવ્યા ત્યારે તેમની દીકરી રેડિયો આગળ બેઠેલી હતી અને રડતી હતી. તેમણે રડવાનું કારણ પૂછ્યું. કારણ જણાવતાં તે બોલી કે, "હમણાં રેડિયો પરના સમાચારમાં મેં સાંભળ્યું કે જાપાનીઝ સૈનિકો એમની ટેન્કો સાથે આજે કેન્ટોનમાં પ્રવેશી ચૂક્યા છે."

બીજા ઘણાએ આ સમાચાર સાંભળ્યા હશે પણ તેમને આ સમાચારની બહુ અસર કે લાગણી થઈ નહિ હોય, પણ ફોસ્ટરની દીકરી આ સમાચારથી રડતી હતી, લાગણીસભર બની ગઈ હતી, કારણ કે તે પોતે કેન્ટોનમાં જન્મી હતી, ત્યાં તેની સ્કૂલ હતી, ત્યાં તેના મિત્રો હતા. પોતે કેન્ટોનને સારી પેઠે જાણતી હતી.

ઈરાક કે કુવૈતમાં અમેરિકન બોમ્બ પડે તો તે જાણીને અહીં આપણને બહુ લાગણી થતી નથી, દુઃખ લાગતું નથી, રડવું આવતું નથી, કારણ કે, આપણે ત્યાં રહ્યા નથી. પણ જેઓ ત્યાં વસે છે તેમને પૂછો કે તેઓ કેવી ભારે દુઃખની લાગણી અનુભવે છે!

પ્રભુ ઈસુ આપણાં દુઃખ, યાતનાઓ, પરીક્ષણો વખતે દુઃખી થાય છે, કારણ કે પોતે તેવા અનુભવમાંથી પસાર થયેલા છે. તે બધું જાણે છે. એવા અનુભવમાં તે પોતે પણ હતા. He was there.

◆◆◆

# ૧૦૩. મારા બાપા દોરડું પકડે તો

એક વૈજ્ઞાનિક કોઈક પક્ષીનાં ઇંડાની શોધમાં હતો. એક ઝાડ ઉપર છેક છેવાડાની ડાળ ઉપર આવેલા માળામાં તેણે આવા પક્ષીનાં ઇંડા જોયાં. આ ડાળી દરિયા ઉપર નમેલી હતી. હવે આ ઇંડા ત્યાંથી લાવવા એ મુશ્કેલ કામ હતું, તેણે એક છોકરાને શોધી કાઢયો અને માળામાંથી પક્ષીનાં ઇંડા લાવી આપવા કહ્યું. છોકરો આનાકાની કરતો હતો. કારણ કે પેલી છેવાડાની ડાળી સુધી જવામાં મોટું જોખમ હતું. વૈજ્ઞાનિકે તેને સારા એવા પૈસા આપવાની લાલચ આપી. જો કે જવામાં જોખમ હતું તેમ છતાં છોકરો તૈયાર થયો. પણ તેણે શરત મૂકી કે, ‘‘મારી કમરે બાંધેલું દોરડું મારા બાપા પકડી રાખે તો હું ઉપર ચઢું.’’

આ છોકરાને એના બાપા ઉપર સંપૂર્ણ ભરોસો હતો કે ગમે તે થશે પણ જો દોરડું મારા બાપાના હાથમાં હશે તો તે મને કદી પડવા દેશે નહિ.

આપણા જીવનમાં પણ દોરડું ઈશ્વરપિતાના હાથમાં મૂકીએ. એ કદી આપણને પડવા દેશે નહિ.

◆◆◆

## ૧૦૪. મારા દીકરા, હું તને ચાહું છું.

એક રશિયન વાર્તા પ્રમાણે એક મંડળીમાં એક જુવાન છોકરી પાપમાં પડીને ગર્ભવતી બની, ને તેણે બાળકને જન્મ આપ્યો. હવે પ્રશ્ન થયો કે આ બાળકનું શું કરવું? કોને માથે દોષનો ટોપલો મૂકવો? છોકરીનો બાપ ખૂબ ગુસ્સામાં હતો. વારે વારે છોકરીને ધમકાવતો અને પૂછતો કે, ‘‘આ કોનું પાપ છે?’’ આખરે છોકરીએ કહ્યું : ‘‘આપણા પાળક સાહેબનું આ બાળક છે.’’ રવિવારે ભક્તિસભા ચાલતી હતી અને ધૂવાંપૂવાં થતો બાપ પેલા બાળકને લઈને દેવળમાં આવ્યો અને પુલ્પિટ પર બાળકને મૂકીને, પાળકને કડવાં વચનો કહી ગુસ્સામાં ત્યાંથી ચાલ્યો ગયો.

સભાજનો અવાક બની જોઈ રહ્યાં. તેઓ વિચારતા હતા કે, હમણાં પાળક આનો ખુલાસો આપશે, પોતે નિર્દોષ અને આ આરોપ ખોટો છે, તેઓ આ બાળકના પિતા નથી એમ જાહેર કરશે. પણ બધાના આશ્ચર્ય વચ્ચે પાળકે કોઈ ખુલાસો કર્યો નહિ. પોતાની નિર્દોષતાની કોઈ સાબિતી આપી નહિ, પણ બાળકને હાથમાં લઈને તે તેને ચૂમ્યા અને કહ્યું, “you are my son, I love you.” લોકો પાળક ઉપર ગુસ્સે થયા અને તેમને એ મંડળીમાંથી છૂટા કર્યા. પાળક કંઈ પણ બોલ્યા વિના એ બાળકને લઈને ત્યાંથી જતા રહ્યા.

કેટલાક મહિનાઓ વીત્યા અને પેલી છોકરીને પસ્તાવો થયો, ભૂલનું ભાન થયું, આથી એક રવિવારે ભક્તિસભામાં રડતાં રડતાં તેણે સાક્ષી આપતાં કહ્યું કે, ‘‘તે દિવસે મેં આપણા પાળકસાહેબને ખોટી રીતે બદનામ કર્યા હતા. મારાં પાપનો દોષ

તેમને માથે નાખ્યો હતો, પણ તેઓ સંપૂર્ણ નિર્દોષ હતા. મારાં પ્રેમી, જેનાથી મને બાળક થયું હતું તેનું નામ હું મારા બાપાને આપી શકું એમ નહોતી, કારણ કે મારા બાપાને અને એમને બહુ જૂનું વેર છે. જો મેં મારા પ્રેમીનું નામ આપ્યું હોત તો મારા બાપા મને અને એને મારી નાખત. તેથી બચવા માટે સલામત એવું પાળકનું નામ દઈ દીધું, પાળક નિર્દોષ હોવા છતાં તેમણે પોતાનો બચાવ કર્યો નહિ, દલીલો કરી નહિ પણ શાંત રહ્યા અને બાળકને સ્વીકારી જતા રહ્યા. આમ કરી તેમણે મારા પર બહુ મોટો ઉપકાર કર્યો. આ વાત હું ભૂલી શકતી નથી, ખાઈ શકતી નથી, રાત્રે ઊંઘી શકતી નથી."

આ કબૂલાત સાંભળી સભાજનો ફરી વિમાસણમાં મૂકાઈ ગયા. પાળકને કાઢી મૂકવા બદલ પસ્તાયા, અને ત્યાર પછી એ પાળકને શોધી કાઢી, ખૂબ માનભેર એમને પોતાની મંડળીનો ચાર્જ સોંપ્યો.

ઈસુ નિર્દોષ હોવા છતાં તેણે આપણા અપરાધ પોતાને માથે લીધા. આપણે માટે તે કચડાયો, વીંધાયો છતાં મૂંગે મોઢે બધું સહન કર્યું. શા માટે?

◆◆◆

## ૧૦૫. શોધ

એક માણસ રાતના સમયે જાહેર રસ્તા પર આવેલી બત્તી નીચે કંઈક શોધતો હતો. કોઈકે પૂછ્યું, "શું શોધે છે?" જવાબ મળ્યો, "મારું પાકીટ પડી ગયું છે તે શોધું છું." પેલાએ ફરી પૂછ્યું, "તને પાકી ખાતરી છે કે પાકીટ અહીં જ પડી ગયું છે?" જવાબ મળ્યો, "ના, પાકીટ અહીં નથી પડી ગયું, પણ ત્યાં દૂર ખૂણામાં જ્યાં અંધારું છે ત્યાં પડી ગયું છે." પેલાએ ફરી જવાબ પામી પૂછ્યું, "તો પછી અહીં શા માટે શોધે છે?" જવાબ મળ્યો, "કારણ કે, અહીં અજવાળું છે, ત્યાં અંધારું છે અને અંધારામાં ક્યાંથી મળે? અત્યારે અહીં અજવાળું છે એટલે અજવાળામાં શોધું છું."

**ખોટી જગ્યાએ શોધ :**

એક આંધળો માણસ એક અંધારા ઓરડામાં એક કાળી બિલાડીને શોધે છે કે જે એ ઓરડામાં જ નથી.

**વ્યર્થ ફાંફાં :**

નામાન કોઢિયો વ્યર્થ જગ્યાએ સાજાપણું શોધતો હતો. મરિયમ અને યૂસફ લોકોના ટોળામાં ખોવાએલા ઈસુને શોધતા હતાં.

સંત પીતર કહે છે : "પ્રભુ અમે બીજા કોની પાસે જઈએ, કેમ કે અનંત જીવનની વાતો તો તમારી પાસે છે."

◆◆◆

# ૧૦૬. બાઈબલ

૧. એક પાળકે સરસ તૈયારી કરીને સંદેશો આપ્યો. તેઓ માનતા હતા કે આજે મારા સંદેશાની સારી અસર પડી હશે. એક બહેને પાળકને ઊભા રાખ્યાં. પાળકે પૂછ્યું, ''બહેન, તમને મારાં સંદેશાની શરૂઆતની અસર થઈ કે અંતની? બહેને કહ્યું, ''કશાની નહિ. હા, પણ એક વાક્યની અસર થઈ. ''કયું વાક્ય?'' જવાબ મળ્યો, ''યોહાન ૩; ૧૬.''

૨. આફ્રિકાનો એક કાળો હબસી બાઈબલ વાંચતો હતો. એક ગોરાએ પૂછ્યું, ''તું બાઈબલ કેમ વાંચે છે? તને એમાં શી સમજ પડે!'' હબસીએ કહ્યું, ''એમાં મારું નામ છે.'' ''કયાં છે? બતાવ.'' હબસીએ ''પાપી'' શબ્દ ઉપર આંગળી મૂકી કહ્યું, ''આ મારું નામ છે.''

૩. યોહાન ૩; ૧૬ માટે ઈશ્વરનો આભાર. ''જે કોઈ તેના પર વિશ્વાસ કરશે તે ઉદ્ધાર પામશે.'' આ ''જે કોઈ''માં મારો સમાવેશ થઈ જાય છે. જો ઈશ્વરે એમ કહ્યું હોત કે બેન્જામીન... ઉદ્ધાર પામશે તો આ નામના તો ઘણા બધા માણસો હશે. એ પણ ''જે કોઈ''માં હું પણ આવી ગયો.

૪. ડેનીઅલ વેબ્સસ્ટર સાક્ષી આપે છે કે, ''હું મારી માના પગ આગળ બેસીને અને મારા પિતાના ઘૂંટણો પર બેસીને બાઈબલ શીખ્યો. મારાં માબાપે મારામાં દેવનાં વચનો પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કર્યો જેના માટે હું તેમનો આભારી છું.''

♦♦♦

# ૧૦૭. ગેટ, કીપર

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ઇંગ્લાંડમાં એક ખેડૂતે તેના ખેતરમાં કામ કરતા નોકરને કહ્યું કે, “જો સામેથી કેટલાક ઘોડેસ્વારો આવતા લાગે છે. જો તેઓ આ ખેતરમાંથી પસાર થશે તો આપણો પાક બગડી જશે, કચડાઈ જશે, માટે તું જઈને ખેતરનો દરવાજો બંધ કરી દે, કોઈને અંદર આવવા દેતો નહિ.” છોકરાએ દરવાજો બંધ કર્યો, પણ એટલામાં ઘોડેસ્વારો આવી પહોંચ્યા. છોકરાને કહ્યું, “દરવાજો ઉઘાડ.” પણ છોકરાએ ઉઘાડવાની ના પાડી. છોકરાને લાલચો આપી, ધમકીઓ આપી પણ તેણે કહ્યું, “મારા માલિકનો હુકમ છે તેથી હું કોઈ પણ સંજોગોમાં દરવાજો ઉઘાડીશ નહિ.” પછી એક આગળ પડતો ઘોડેસ્વાર આગળ આવ્યો અને છોકરાને કહ્યું, “તને ખબર છે, હું કોણ છું? હું ડયુક ઑફ વેલિંગ્ટન છું, જેણે નેપોલિયનને વૉટરલૂની લડાઈમાં હરાવ્યો હતો. હવે હું તને આજ્ઞા આપું છું કે દરવાજો ઉઘાડ.”

છોકરાએ પોતાની ટોપી ઊંચી કરી અને જેને આખું ઇંગ્લાંડ માન આપતું હતું તેવા જનરલ ડયુક ઑફ વેલિંગ્ટનની આગળ ઊભા રહીને હિંમતથી કહ્યું, “હું ખાતરીથી માનું છું કે ડયુક ઑફ વેલિંગ્ટન કદી એવું નહિ ઇચ્છે કે હું મારા માલિકની આજ્ઞાનો ભંગ કરું? મારા માલિકની આજ્ઞા વગર દરવાજો ઉઘાડીને હું કોઈને પસાર થવા દઈ શકું નહિ.”

જનરલ ડયુકે પોતાની હેટ આ છોકરા આગળ ઉતારી અને ખુશ થતાં બોલ્યો, “હું એવા છોકરાની કદર કરું છું ને માન આપું છું કે, જેણે લાંચ લીધી નહિ કે ગભરાયો નહિ પણ વિશ્વાસુપણે

પોતાના માલિકની આજ્ઞા પાળી." પછી તેને ઇનામમાં એક સોનાનો સિક્કો આપી, ઘોડેસ્વારોને પાછા વળી જવાની આજ્ઞા આપી.

આપણે **gate keeper** છીએ અને આપણી ફરજમાં મરણપર્યંત વિશ્વાસુ રહીએ એવું પ્રભુ આપણી પાસે માગે છે.

## સ્વર્ગની ત્રણ અજાયબીઓ :

જોન ન્યૂટન કહે છે કે, હું સ્વર્ગમાં જઈશ ત્યારે ત્યાં ત્રણ અજાયબીઓ જોઈશ.

(૧) ઘણાં માણસો, કે જેઓ વિશે હું નહોતો ધારતો કે તેઓ ત્યાં હશે, તેઓ પણ ત્યાં મારા જોવામાં આવશે.

(૨) ઘણાં માણસો, જેઓ વિશે હું એમ ધારતો હતો કે તેઓ ત્યાં મને મળશે તેઓ ત્યાં દેખાશે નહિ.

(૩) સૌથી મોટી અજાયબી તો એ હશે કે હું પોતે ત્યાં હોઈશ.

◆◆◆

## ૧૦૮. ટીકા

બેન્જામીન ફ્રેન્કલિન તેની સફળતાની ચાવી બતાવતાં કહે છે કે, ''હું કોઈ પણ માણસ માટે ખરાબ બોલીશ નહિ, પણ દરેક જણમાં રહેલી ભલાઈ વિશે બોલીશ.''

કોઈ પણ બેવકૂફ માણસ ટીકા કરી શકે છે, બીજાને વખોડી શકે છે. ઘણા મૂર્ખાઓ તેમ કરે છે, પણ બીજાઓને સમજીને માફી બક્ષવા માટે ચારિત્ર્ય અને આત્મસંયમની જરૂર પડે છે.

ટીકા એક ભયંકર ચિનગારી છે, જે મગરૂરીના દારૂગોળામાં પડતાં જ ધડાકો થાય છે. કેટલીક વાર મરણ પણ થાય છે.

જનરલ લિઓનાર્ડ વૂડ સામે ટીકા કરીને તેમને ફ્રાન્સ જવાની પરવાનગી આપવામાં ન આવી. આથી તેની મગરૂરી પર થયેલા ઘાને કારણે તેનું અકાળ અવસાન થયું.

અંગ્રેજી સાહિત્યને ઊંચા તબક્કા ઉપર લઈ જનાર નવલકથાકાર થોમસ હાર્ડી સામે કડવી ટીકાનો મારો થવાથી તેનું મન એટલું દુભાયું કે તેણે લખવાનું બંધ કરી દીધું.

હોલિવુડની ફિલ્મોના પ્રખ્યાત કલાદિગ્દર્શક, ધનાઢ્ય અને જેમને પ્રખ્યાત ''ઓસ્કાર'' એવોર્ડ આપવામાં આવ્યો હતો તેઓને ટીકાને કારણે આપઘાત કરવો પડેલો.

અંગ્રેજી શાયર થોમસ ચેસ્ટરટને પણ ટીકાને કારણે આપઘાત કરવો પડેલો.

અબ્રાહામ લિંકન કહેતા કે, ''લોકોને દોષ ના દો, તેમના જેવા સંજોગોમાં આપણે જે કરત તે જ એ લોકો કરી રહ્યા છે.''

સંત કોન્ફ્યૂસિયસે કહ્યું છે કે, “તમારું પોતાનું ઘર બળતું હોય ત્યારે લંકા ઓલવવા ના જાઓ.”

“Do not complain about the snow on your neighour's roof when your own doorstep is unclean.”

યાદ રાખજો કે ટીકા પાળેલા કબૂતર જેવી છે, પાળેલાં કબૂતર હંમેશાં પોતાના માલિકને ઘેર પાછાં ફરે છે.

“Those who stay in glasshouses should not throw stones at others.”

♦♦♦

## ૧૦૯. ધાર્મિકતા

અમેરિકાના છઠ્ઠા પ્રેસિડેન્ટ જોન ક્વિન્સી આદમનો પૌત્ર હેનરી આદમ તેની પોતાની આત્મકથામાં આ પ્રમાણે લખે છે :

"હું અને મારાં ભાઈ બહેન નાનાં હતાં ત્યારે દેવળમાં જતાં. દર રવિવારે બે વખત જતાં. સવારે અને સાંજે. બાઈબલ વાંચતાં, પ્રાર્થના કરતાં છતાં અમારાંમાંથી કોઈ ખરાં ધાર્મિક ખ્રિસ્તી નહોતાં. અમે ધર્મને ખરા અર્થમાં ઓળખ્યા વગર જ મોટાં થયાં.'

સો વર્ષ પૂર્વે આ લખાયું હતું અને છતાં આજે પણ આપણાં ખ્રિસ્તી કુટુંબોમાં આવું નથી હોતું! હેનરી આદમના કથનમાં બધું જ છે. ચર્ચ, બાઈબલ, પ્રાર્થના, નિયમો વગેરે, પણ ઈસુ ખ્રિસ્ત નથી.

◆◆◆

# ૧૧૦. ધોળો રંગ જોવાની ટેવ પાડો

સર વૉલ્ટર મૂર એક પ્રખ્યાત થિયોલોજિસ્ટ હતા. તેમનાં વ્યાખ્યાનો ઈશ્વરવિદ્યાના જ્ઞાનથી ભરેલાં હતાં. તેઓ બધે ફરીને વ્યાખ્યાનો આપતા. વ્યાખ્યાન આપતી વખતે તેઓ હંમેશાં બાજુમાં એક મોટો ધોળો પડદો રાખતા, આ ધોળા પડદા ઉપર વચમાં એક નાનો કાળો ડાઘ રાખતા.

સૌ પ્રથમ, આવેલા શ્રોતાઓને પૂછે કે, ''તમને શું દેખાય છે?'' શ્રોતાઓ ઉત્તર આપતા કે, ''કાળો ડાઘ'' ત્યારે ઠપકા સાથે તેઓ શીખવતા કે, ''આટલો મોટો ધોળો રંગ તમને દેખાતો નથી, અને આ નાનો કાળો ડાઘ તરત તમને દેખાય છે. આમાં તમારી દૃષ્ટિની ખામી છે.''

બીજાના ગુણો જુઓ, અવગુણ નહિ, સારી બાજુ જોતાં શીખો, ભૂલો નહિ. ધોળો રંગ જોતાં શીખો, કાળો નહિ.

બે કેદીઓ જેલની બારીમાંથી બહાર જુએ છે. એક બોલ્યો, ''બહાર કેવું સરસ લીલું લીલું ઘાસ છે, ઝાડ પર પાણીનાં કેવાં બુંદ ઝળકે છે, રસ્તા કેવા ચોખ્ખા લાગે છે! મને લાગે છે કે સરસ વરસાદ પડયો છે.''

બીજો એ જ બારીમાંથી જોઈને મોં ચઢાવીને બોલ્યો, ''અરેરે! કેટલો ગંદવાડ બહાર છે! પાણીનાં ખાબોચિયાં ભરાયાં છે, હવે મચ્છરો થશે!''

પેલી બિલાડી લંડનમાં બંકિંગહામ પેલેસમાં જઈ આવી, તો પણ ખુશ નહોતી, કારણ કે તેને ત્યાં એક પણ ઉંદર જોવા મળ્યો નહિ. ઉંદર સિવાય બીજું કશું જોવાની એણે પરવા રાખી નહિ.

◆◆◆

# ૧૧૧. દોરડું પકડી રાખજો

વર્ષો અગાઉ જ્યારે પરદેશમાં મિશનરીઓ મોકલવાની ચળવળ શરૂ થઈ, તે વખતે ભારતમાં મિશનરીઓ મોકલવાની ચર્ચા ચાલી. ત્યારે પ્રભુના એક વૃદ્ધ સેવકે કહ્યું કે, "ભારતમાં સોનાની ખાણ છે પણ એટલી ઊંડી છે જેટલું પૃથ્વીનું મધ્યબિંદુ ઊંડું છે. કોણ ત્યાં જવા તૈયાર થશે, હિંમત કરશે? એ ઊંડી ખીણમાં ઊતરવા કોઈ તૈયાર છે?"

ત્યારે વિલિયમ કેરી ઊભા થયા અને કહ્યું કે, "હું જઈશ. હું એ ઊંડી ખીણમાં ઊતરવા તૈયાર છું, પણ તમે દોરડું પકડી રાખજો." દોરડું પકડી રાખજો એનો અર્થ કે તમે આર્થિક સહાય કરજો અને એમ વિલિયમ કેરી ભારતમાં મિશનરી તરીકે આવ્યા. સિરામપોરમાં મોટી યુનિવર્સિટી શરૂ કરી. આ બધા કામ પાછળ અમેરિકાની મંડળીઓએ આર્થિક સહાયનું દોરડું પકડી રાખ્યું; અને કામની વૃદ્ધિ થતી ગઈ.

આજે ગુજરાતમાં પાળકો, મિશનરીઓ સુવાર્તિકો, સુવાર્તિક કાર્ય માટે ઊંડી ખીણમાં ઊતરેલા છે, ત્યારે મંડળીઓ સહાયનું દોરડું પકડી રાખે. Hold the ropes firmly.

◆◆◆

## ૧૧૨. પ્રાર્થનાનો જવાબ

જે. ગાઉલ્ડ નામનો એક માણસ યુરોપની મુસાફરીએ નીકળ્યો હતો. માર્ગમાં તેની મોટર બગડી જતાં ટેકસાસ નામના એક નાના ગામમાં તેને રાત રોકાવાની ફરજ પડી. સમી સાંજે તેણે જોયું તો ત્યાંના દેવળનું લીલામ થઈ રહ્યું હતું. કોન્ટ્રાકટર દેવળનું લીલામ કરી રહ્યો હતો. ગાઉલ્ડે જોયું તો એ દેવળમાં કેટલાક લોકો ઘૂંટણે પડીને પ્રાર્થના કરી રહ્યા હતા કે કોઈ પણ માર્ગ કાઢીને ઈશ્વરના દેવળના થતા લીલામને બચાવી લે. મિ. ગાઉલ્ડે લીલામમાં ભાગ લીધો અને ૧૫૦૦ ડોલરની ઓફર કરી. ત્યાર બાદ બીજી કોઈ બોલી નહિ થવાને કારણે દેવળની માલિકી ગાઉલ્ડને સોંપવામાં આવી. દેવળના ટ્રસ્ટીઓ ગાઉલ્ડને મળીને પૂછ્વા લાગ્યા કે, ''હવે તમે આ દેવળનો શો ઉપયોગ કરશો? અમારા ઘણા બધા લોકો હજી પણ દેવળ બચી જાય માટે પ્રાર્થના કરી રહ્યા છે.'' મિ. ગાઉલ્ડે કહ્યું, ''ઈશ્વરના ભજન માટે બાંધેલું આ દેવળ ભજન માટે જ વપરાશે.'' એમ કહી દેવળના દસ્તાવેજો ટ્રસ્ટીઓને સોંપી દીધા. એમ પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં દેવળ બચી ગયું.

ડૉ. સામ કમલેશન જ્યારે મદ્રાસમાં પાળક તરીકે મેથોડિસ્ટ ચર્ચમાં સેવા આપતા હતા ત્યારે તેમની સેવાનાં ઘણાં ફળ આવ્યાં હતાં. કોઈકે તેમને તેમની સફળતાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે દેવળની એક બારી ખોલીને કહ્યું, ''જુઓ આ મારી સફળતાનું કારણ.'' જોયું તો ત્યાં કેટલાક લોકો પ્રાર્થના કરી રહ્યા હતા.

◆◆◆

## ૧૧૩. મહત્ત્વનો સમય

જેમ્સ ઈરવીન ચંદ્ર ઉપર જઈને પાછા આવ્યા હતા. તેમની મુલાકાત લેતાં એક પાળકે સવાલ પૂછ્યો કે, "મિ. ઈરવીન, તમારા જીવનમાં મહત્વનો સમય કયો હતો?"

જવાબમાં ઈરવીને કહ્યું કે, "કેટલાક ધારે છે કે અમેરિકાના પ્રેસિડેન્ટ દ્વારા ચંદ્ર ઉપર જવા મારી પસંદગી થઈ છે, એવો આમંત્રણ આપતો કાગળ મને મળ્યો એ મારે માટે મહત્વનો પ્રસંગ હશે, પણ ના, એ મહત્ત્વનો સમય નહોતો.

અમારું રોકેટ પૃથ્વી પરથી ઊડયું તે એક રોમાંચક પ્રસંગ અને સમય હતો, પણ મારે માટે તે મહત્ત્વનો નહોતો.

ચંદ્રની આસપાસ અમારું રોકેટ ચકરાવા લઈ રહ્યું હતું ત્યારે ખૂબ આનંદ થતો હતો પણ મારા જીવનનો એ મહત્ત્વનો સમય નહોતો.

અમે ચંદ્ર ઉપર પ્રથમ પગ મૂક્યો એ એક અજાયબ અનુભવ હતો પણ એ મહત્ત્વનો સમય નહોતો.

આ બધા કરતા મારા જીવનમાં સૌથી મહત્ત્વનો સમય અને પ્રસંગ જ્યારે હું આઠ વર્ષની ઉંમરનો હતો ત્યારે બન્યો હતો, તે દિવસે મેં ઈસુને મારા તારનાર તરીકે સ્વીકાર્યો."

આપણા માટે મહત્ત્વનો સમય કયો? કોને મહત્વનો સમય ગણો છો ?

◆◆◆

# ૧૧૪. દરવાજો બંધ કરો

બે માણસો વાતો કરતા કરતા જતા હતા. તેમની વાતોનો વિષય હતો કે કઈ રીતે ટૂંકા રસ્તે જઈ શકાય. આ રીતે ચાલતાં તેઓ એક ખેતરમાં આવ્યા, જેમાં ઘણા ઘેટાં-બકરાં ચરતાં હતાં. એક નાનો દરવાજો ઉઘાડીને તેઓ ખેતરમાં પ્રવેશ્યા અને સામે છેડે પહોંચ્યા. પછી એક જણને યાદ આવ્યું કે આપણે દરવાજો તો બંધ કરવાનું ભૂલી ગયા! કદાપિ ત્યાં થઈને ઘેટાં-બકરાં બહાર નાસી જાય તો! તેથી એક જણ પાછળ રોકાયો ને દરવાજો બંધ કરવા ગયો. દરવાજો બંધ કરતો હતો ત્યારે એક વૃદ્ધ માણસે પોતાના મરણ અગાઉ તેના દીકરાને કહેલું વાક્ય યાદ આવ્યું. તેણે કહ્યું હતું કે, ''તમે જ્યારે જીવનની મુસાફરીમાં આગળ વધો ત્યારે પાછળનો દરવાજો બંધ કરવાનું ભૂલતા નહિ.''

આનો અર્થ એ છે કે જીવનમાં આગળ વધો ત્યારે પાછળની નિષ્ફળતાઓ, ભૂલો અને પ્રશ્નોને ભૂલી જાઓ. ફરીથી એનું પુનરાવર્તન કરશો નહિ.

પ્રે. પાઉલ કહે છે : જે પછવાડે છે તેને વીસરીને... હું આગળ ધસું છું.

**વર્ષના અંતે** પાછળનો દરવાજો બંધ કરો.

◆◆◆

# ૧૧૫. હું આવવા તૈયાર છું.

કેટલાંક વર્ષો અગાઉ પ્રખ્યાત ઉપદેશક ચાર્લ્સ જી. ફીની ન્યૂયોર્કના રોચેસ્ટરમાં મિટિંગો ચલાવતા હતા. દૂર બાલ્કનીમાં એક પ્રભાવશાળી માણસ બેઠો હતો. તે ન્યૂયોર્કની કોર્ટનો મુખ્ય ન્યાયાધીશ હતો. જેમ જેમ ઉપદેશકનો સંદેશો આગળ વધતો હતો તેમ તેમ આ ન્યાયાધીશના મનમાં અજંપો વધતો હતો. તેને લાગ્યું કે, ''મારે અત્યારે જ મારાં પાપની કબૂલાત કરી, માફી મેળવી, ખ્રિસ્તનો સ્વીકાર કરવો જોઈએ.'' પણ એક અવાજ સંભળાયો : ''જો જે, એવી ભૂલ કરતો. તું કોર્ટનો ન્યાયાધીશ છે, અને જો તું તારાં પાપોની કબૂલાત કરશે તો તારી શી આબરૂ રહેશે?'' તરત બીજો અવાજ આવ્યો, ''ગમે તે થાય પણ મારે આજે જ નિર્ણય કરવો છે.''

હજી તો સંદેશો ચાલતો હતો એટલામાં આ ન્યાયાધીશ ઊઠીને ઊભા થયા અને પુલ્પિટ પાસે જઈને મિ. ફીનીને કહ્યું, ''જો તમે આજે altar call આપવાના હો તો હું આગળ આવવા તૈયાર છું.'' તેમની આ હિંમતભરી સાક્ષી અને નિર્ણયથી તેમને તો ખ્રિસ્ત મળ્યા પણ સાથે સાથે તે દ્વારા આખા શહેરમાં મોટી જાગૃતિ આવી.

''ઓ ખ્રિસ્ત, તુજ સ્વર મધુર, મુજને બોલાવે છે,<br>
તે સુણી આવું શુદ્ધ થવા, તુજ રક્તની મારફતે.''

♦♦♦

## ૧૧૬. આપણે ગીત ગાઈએ

૧૯૧૮ની સાલની આ વાત છે. કોરિયન ચર્ચની આ વાત છે. સતાવણી વેઠતી મંડળીની આ વાત છે. ગીત ગાતી મંડળીની આ વાત છે.

૧૯૧૮ની સાલમાં એક મેથોડિસ્ટ પાળકને જાપાનીસ પોલીસોએ આવી ધમકી આપતાં કહ્યું કે, "તમે આ ચર્ચમાં ભક્તિસભા કરી શકશો નહિ." થોડો વખત ભક્તિસભા બંધ રહી. પછી એક દિવસે પોલીસે આવીને પાળકને કહ્યું કે, "હવે તમે ભક્તિસભા ભરી શકશો." આથી પાળકે આનંદના સમાચાર બધે વહેતા કર્યા, અને રવિવારે દરેકને ભક્તિસભામાં આવવા આમંત્રણ આપ્યું. લોકોનાં ટોળેટોળાં મંદિર ભણી ચાલી નીકળ્યા. ૧૨ માઈલ દૂરથી પણ કેટલાક લોકો ભજન કરવા આવ્યા હતા. રવિવારની પ્રભાતે દેવળ ખીચોખીચ ભરાઈ ગયું હતું. લોકોના મોં પર આનંદ ઉલ્લાસ માતો નહોતો અને નિર્ધારિત સમયે ભક્તિસભા શરૂ થઈ.

જ્યારે લોકો દેવળની અંદર ભજન કરી રહ્યા હતા ત્યારે પોલીસ આવી પહોંચી. બહારથી ચર્ચના બારણાં-બારીઓ બંધ કરી દીધાં. કેરોસીન છાંટ્યું અને દેવળને સળગાવ્યું. દેવળ સળગી રહ્યું હતું ત્યારે પાળકે કહ્યું, "આપણે ગીત ગાઈએ."

શોકનાં આંસુ નહિ વાળે<br>
પ્રેમનું મુજ દેવું એ,<br>
અર્પાઉં તને હું આ કાળે,<br>
ધર્મ મુજ માનું તે.

અને બધાં ગીત ગાતાં ગાતાં સળગીને મોતને ભેટ્યાં.

◆◆◆

## ૧૧૭. ખાલી હાથ

એક ખાટકીની દુકાન આગળ મટન લેવા માટે ઘણા બધા લોકો આખી રાત ઊભા રહ્યા. સવારે દુકાનનો ડાયરેક્ટર આવ્યો અને કહ્યું, ''આજે ફક્ત યોર્કનું જ મટન મળશે અને તે પણ થોડું છે તેથી યહૂદીઓ હોય તેઓ ઘેર જતા રહે. તેમને આજે મટન મળશે નહિ.'' આથી યહૂદીઓ બધા ઘેર જતા રહ્યા. બીજા ઊભા રહ્યા.

એક કલાક પછી ફરી ડાયરેક્ટર બહાર આવ્યા અને બોલ્યા કે, ''અમને મટનનો જે જથ્થો મળવાનો હતો તેમાં કાપ આવ્યો છે, માટે જેઓ કામધંધો કરે છે તેઓને જ મળશે. જેઓ રિટાયર્ડ હોય તેઓ ઘેર જાય. તેમને મળશે નહિ.'' આથી જે રિટાયર્ડ હતા તે બધા ગયા. બાકીના ઊભા રહ્યા.

બે કલાક પછી બીજી જાહેરાત આવી કે, ''આજે મટન બહુ થોડું છે તેથી ફક્ત પક્ષના સભ્યો હોય તેઓને જ મળશે, બાકીના બધા ઘેર પાછા જાય.'' આથી કોમ્યુનિસ્ટ પાર્ટીના સો એક સભ્યો ઊભા રહ્યા. બાકીના જતા રહ્યા.

એવામાં વરસાદ શરૂ થયો. લોકો પલળતા ઊભા રહ્યા. એક કલાક પછી ડાયરેક્ટરે બહાર આવી કહ્યું, ''હમણાં જ ફોનથી સમાચાર આવ્યા કે આજે મીટ મળશે નહિ. તમે જઈ શકો છો.''

એક કોમ્યુનિસ્ટે ટીકા કરી કે, ''આમાં ફાયદો ફક્ત યહૂદીઓને જ થયો, કારણ કે તેઓ સૌથી પહેલા ઘેર ગયા. બીજા બધા ઊભા રહ્યા, પણ અંતે તેઓ પણ ખાલી હાથે જ ઘેર ગયા.''

આ વાર્તામાં આત્મિક ઊંડાણ છે. અંતે તો આપણે બધા જ આ જગતમાંથી ખાલી હાથે જ જવાના છીએ. હાલમાં તો બધા લાઈનમાં ઊભા છે, પણ જ્યારે પાછા ફરવાનું થશે ત્યારે હાથ ખાલી હશે. જેઓ વહેલા પાછા જાય છે તેઓને ફાયદો છે. બીજા થાકીને અંતે ખાલી હાથે જ જાય છે.

અયૂબ કહે છે : "હું વસ્ત્ર વિના આવ્યો હતો અને વસ્ત્ર વિના જ પાછો જવાનો છું.

મહાન સિકંદર વિષે કહેવાય છે કે તેણે પોતાના મરણ અગાઉ એવી સૂચના આપી હતી કે, "હું મરી જાઉં ત્યારે મારા શબને દફનાવવા માટે લઈ જાઓ ત્યારે મારા બંને હાથ ખુલ્લા રાખજો. જેથી લોકો જાણી શકે કે દુનિયાને જીતનાર સિકંદર ખાલી હાથે જગતમાં આવ્યો હતો અને આજે ખાલી હાથે જ પાછો જઈ રહ્યો છે."

◆◆◆

# ૧૧૮. નો રિગ્રેટસ

૧૯૪૦ની સાલમાં બોર્ડન ડેરીનો એક માત્ર વારસદાર વિલ્યમ બોર્ડન શિકાગોની યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયો. તેના આનંદમાં તેના બાપે તેને વર્લ્ડ ટ્રીપની ટિકિટ લઈ આપી, જેથી તે આખી દુનિયામાંની સફર કરે.

આ મુસાફરી દરમ્યાન તેને સેવાનું દર્શન મળ્યું, અને તેણે તેના પિતાને પત્રમાં જણાવ્યું કે, "હું મારું જીવન મિશનરી સેવા માટે સોંપી દઉં છું" ત્યારે તેના બાઈબલના છેલ્લા પાન પર બે શબ્દો લખ્યા - "No Reserves" - "કશું પાછું રાખતો નથી."

ગ્રેજ્યુએટ થયા પછી તેને બહુ ઊંચા પગારની નોકરી મળતી હતી તે તેણે ઠુકરાવી દીધી. અને બાઈબલમાં અગાઉ બનેલા શબ્દોની નીચે બીજા બે શબ્દો લખ્યા : "No Regrets" "પાછા હઠવાનું નથી."

પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી બાઈબલનો સેમિનારીનો અભ્યાસ પૂરો કરી ચીનમાં મુસ્લિમો મધ્યે સેવા કરવા ચાલી નીકળ્યો. માર્ગમાં થોડી તૈયારી માટે ઈજિપ્તમાં રોકાયો. પણ ત્યાં તેને મેનેનજોઈટીસનો રોગ લાગુ પડ્યો ને એક જ મહિનામાં મરણ પામ્યો. મરતાં અગાઉ તેણે પોતાના બાઈબલમાં બીજા બે શબ્દો ઉમેર્યા : "No Regrets" કોઈ દુઃખ નથી.

શું આપણે જીવનના અંતે કહી શકીએ કે, "No Regrets?"

પ્રે. પાઉલ જીવનના અંતે એવું જ કહે છે, "હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે. હવે પ્રભુ મને ગમે ત્યારે બોલાવે : "No Regrets."

હનોખ પણ કંઈક આવું જ કહે છે, ''હું દેવની સંઘાતે ચાલ્યો છું, મેં દેવને પ્રસન્ન કર્યા છે, હવે ઈશ્વર ગમે ત્યારે બોલાવે . ''No Regrets''

''તમે કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.''

''આપણા સાચા શિક્ષણની શરૂઆત ઘોડિયામાંથી થાય છે અને કબરમાં જઈએ ત્યારે ગ્રેજ્યુએટ બનીએ છીએ.''

''માણસ વર્ષોમાં જીવતો નથી, પણ કાર્યોમાં જીવે છે.''

♦♦♦

## ૧૧૯. છેતરનાર વચન

કિંગ કાનુટેનો એક હરીફ હતો, જેનું નામ કિંગ એડમન્ડ હતું. બંને વચ્ચે હરીફાઈ ચાલતી. એક વાર કિંગ કાનુટેએ જાહેર કર્યું કે, ''જે કોઈ વ્યક્તિ કિંગ એડમન્ડને મારી નાખશે અને મારા માર્ગમાંથી હઠાવશે તેને ઇંગ્લાંડમાં ઊંચામાં ઊંચું સ્થાન અપાવશે.'' ઊંચું સ્થાન મેળવવાની લાલચમાં એક માણસ તૈયાર થયો અને તેણે કૂનેહથી એડમન્ડને મારી નાખ્યો. પછી કાનુટેએ આપેલા વચન પ્રમાણે ઊંચામાં ઊંચું સ્થાન મેળવવા - મોટું ઈનામ મેળવવા કાનુટે પાસે ગયો. કાનુટેએ ફરમાન કર્યું કે, ''એની માગણી પ્રમાણે એને લંડનના ઊંચામાં ઊંચા ટાવર પર લઈ જાઓ અને ત્યાંથી ધક્કો મારી નીચે ફેંકી દો.''

શેતાનનાં લોભામણાં અને મીઠાં વચનો પણ આવાં જ છેતરનારા હોય છે.

આદમ-હવાને શેતાને કહ્યું, ''તમે આ ફળ ખાશો તો દેવના જેવા બની જશો.'' કેવી લલચામણીભરી ઓફર! પણ પરિણામ?

◆◆◆

# ૧૨૦. ખાલી કબરનો સંદેશો

ઈસુની ખાલી કબર વિજ્ઞાનને પડકાર આપે છે કે, ''આ બનાવ સમજાવો.''

ઈતિહાસને કહે છે, ''એનું પુનરાવર્તન કરો.''

સમયને કહે છે, ''આ બનાવને ભૂંસી નાખો.''

વિશ્વાસને કહે છે, ''આ બનાવ પર વિશ્વાસ કરો.''

સંત ઓગસ્ટિનની મા મોનિકાએ મરણ અગાઉ કહ્યું કે, ''મને ગમે ત્યાં દફનાવજો, પણ પુનરુત્થાનને દિવસે પ્રભુ મને જ્યાં હોઈશ ત્યાંથી શોધીને ઊઠાડશે.''

મહાન મિશનરી મિ. મોફેટ એક વખત આફ્રિકાના લોકોના એક આગેવાનને પુનરુત્થાનની વાત સમજાવતા હતા. આ આગેવાને કહ્યું, ''મૂએલાં પાછાં ઊઠશે એ વાત હું સાંભળવા માગતો નથી, મૂએલાં ઊઠશે નહિ, અને ઊઠવા પણ ના જોઈએ. કારણ કે મેં જે હજારો લોકોને મારી નાખ્યા છે, દુઃખ દીધું છે એ બધાં જો પાછાં ઊઠે તો મારું શું થાય!''

◆◆◆

# ૧૨૧. બેનહર

ડેવિડ જેમ્સ બેરલ એક સત્ય ઘટના વર્ણવે છે -

બે નાસ્તિકો નાઝરેથના ઈસુ વિશે ચર્ચા કરતા હતા. એકે કહ્યું, "હું વિચારું છું કે આના વિશે એક રસપ્રદ પ્રેમકથા લખી શકાય." બીજાએ કહ્યું, "તે લખવા માટે તમે જ યોગ્ય વ્યક્તિ છો. તમે લખવા માંડો, અને એ લખતાં તમે ખ્રિસ્તી ધર્મની પ્રચલિત માન્યતાઓ તોડી પાડો. ઈસુ દેવપુત્ર નથી પણ સામાન્ય માણસ છે એ સાબિત કરો." અને આ પુસ્તક લખવાની શરૂઆત થઈ, અને લખાયું.

પુસ્તક લખવાનું સૂચન કરનાર હતા કર્નલ ઈન્ગરસોલ, અને લેખક હતા જનરલ લ્યૂ વૉલેસ - અને જે નવલકથા લખાઈ તે બેનહર - જેના પરથી ફિલ્મ પણ બની ચૂકી છે.

પણ સૌથી અજાયબ વાત તો એ છે કે આ નવલકથા લખતાં લખતાં વૉલેસને ખાતરી થતી ગઈ કે ઈસુ અજોડ છે, દેવ છે અને છેવટે તે બૂમ પાડી ઊઠ્યો કે, "ખરેખર, ઈસુ જીવતા દેવનો દીકરો છે!" અને તેમણે ઈસુનો તારનાર તરીકે સ્વીકાર કર્યો.

બેનહર નવલકથા દ્વારા પણ ઘણાંનાં જીવનો બદલાયાં છે. એવું જ સત્ય એક બીજા પુસ્તક વિશે પણ છે, જેનું નામ છે : 'Who moved the stone?'

આ પુસ્તક લખનારે એવા હેતુથી તેની શરૂઆત કરી કે જેથી તે ઈસુનું પુનરુત્થાન થયું નથી તે સાબિત કરે. પણ જેમ જેમ

પુસ્તક લખાતું ગયું તેમ તેમ તેને ખાતરી થતી ગઈ કે પુનરુત્થાન એ દંતકથા નથી પણ વાસ્તવિક્તા છે, સત્યઘટના છે. અને જ્યારે આ પુસ્તક પૂરું થયું ત્યારે તે ઈસુના પુનરુત્થાનની સત્યતા સાબિત કરનારું બની ગયું. "Who moved the stone?"

રશિયામાં લેનિનના મરણ બાદ કેટલાંક વર્ષો પછી પેપરમાં આ મથાળા નીચે સમાચાર હતા કે, "અવસાન બાદ ત્રેપન વર્ષ પછી પણ રશિયામાં લેનિન જીવે છે." લેનિનવાદની અસર રશિયામાં અને દુનિયાભરમાં ભારે થઈ હતી. પણ આખરે તે મરણ પામ્યો. તેના શબમાં મસાલા ભરીને તેને ટકાવી રાખવામાં આવ્યું, જેનાં દર્શન કરવા દરરોજ સવારે લોકોની એક માઈલ લાંબી કતાર લાગતી.

ઈસુના મૃત્યુ પછી કબરમાં શબ શોધવા ગયેલી સ્ત્રીઓને દૂતે સમાચાર આપ્યા કે, "તે અહીં નથી, પણ ઊઠ્યો છે."

◆◆◆

# ૧૨૨. ચૂપ રહેવાનો વખત

"ડાહ્યો માણસ ચૂપ રહેશે. કેમ કે આ સમય ભૂંડો છે." આમોસ ૫; ૧૩.

એક સ્ત્રી એક વિદ્વાન પાસે સલાહ લેવા આવી. અડધો કલાક તેણે બોલ્યા જ કર્યું. પછી પાછા જતી વખતે વિદ્વાન પાસે પોતાની મૂંઝવણ અંગે સલાહ માગી. વિદ્વાને કહ્યું, "હવે તમે જ્યારે કોઈને પણ મળો ત્યારે સામા માણસને બોલવાની તક આપજો - આ મારી સલાહ છે."

જોન વેસ્લી એક દાખલો ટાંકે છે, "એક વાર મેં બે સ્ત્રીઓને લડતી જોઈ. આમાંની એક સ્ત્રી ખૂબ બોલતી હતી અને પોતાનો ગુસ્સો ઠાલવતી હતી, જ્યારે બીજી સ્ત્રી શાંત રહીને સાંભળતી હતી. સામે કશો જવાબ આપતી નહોતી. આખરે પેલી પહેલી સ્ત્રી બોલી બોલીને થાકી, પછી ડગ પછાડીને બોલી, "બોલ, કશુંક તો બોલ, જેથી હું તને થોડું વધારે ભાંડી શકું!"

ચૂપ રહેવામાં શાણપણ છે, એમાં સામર્થ્ય છે.

સપ્ટેમ્બર ૧૧, ૧૯૭૪ના રોજ એક વિમાન તૂટી પડ્યું અને ૭૨ માણસો માર્યા ગયા. કારણ શું હતું? ઉડ્ડયનની નોંધ લેનારે તેનું રહસ્ય જણાવ્યું કે જ્યારે પાયલોટ વિમાનને નીચે ઉતારી રહ્યો હતો ત્યારે પોતે વાતોમાં મશગૂલ હતો. અને આ વાતોનો વિષય હતો - માનવજાતનું એકીકરણ, નિકસનની માફી, જાપાનની મોટરોની ખૂબી - વગેરે વગેરે. પરિણામે ૭૨ વ્યક્તિઓ મરી ગઈ.

ડાહ્યો માણસ આવે વખતે ચૂપ રહેશે. બોલવાનો વખત હોય છે, ચૂપ રહેવાનો વખત પણ હોય છે.

કોઈકે કહ્યું છે કે, પુરુષ દિવસમાં ૨૯ હજાર શબ્દો બોલે છે, એમાંના ૨૪ હજાર ઘરની બહાર બોલે છે, જ્યારે ૫ હજાર ઘરમાં બોલે છે. જ્યારે સ્ત્રી દિવસમાં ૩૫ હજાર શબ્દો બોલે છે, જેમાં ૭ હજાર ઘરની બહાર અને ૨૮ હજાર ઘરની અંદર. હવે શું થાય છે કે પુરુષ સાંજે થાક્યો પાક્યો ઘેર આવે છે ત્યારે ઘરમાં બોલવા માટે તેની પાસે ફક્ત ૫ હજાર શબ્દો જ છે. અને સ્ત્રી પાસે તો ૨૮ હજાર શબ્દોનો જથ્થો છે. તેથી તે બોલવા લાગે છે. વાતો કરવા માગે છે. ફરિયાદો કરવા લાગે છે. પણ પુરુષ પાસે માત્ર ૫ હજાર શબ્દો હોવાથી તે ઓછું બોલે છે. બોલી બોલીને કેટલું બોલે! આથી તે પેપરમાં મોં ઘાલીને બેસી રહે છે. સામે બોલતો નથી, આથી સ્ત્રી ઉશ્કેરાય છે, ગુસ્સે થાય છે અને પછી વાસણો ખખડવા માંડે છે.

◆◆◆

# ૧૨૩. ફરી મળીશું

ક્વીન વિકટોરીઆ એમના સમયનાં મહાન સ્ત્રી હતાં. લાંબા સમય સુધી તેમણે બ્રિટિશ પ્રદેશો પર હકૂમત ચલાવી. ૧૮ વર્ષની ઉંમરે તેઓ ઇંગ્લાંડનાં રાણી બન્યાં. સને ૧૮૭૬માં તેમને "ભારતની સામ્રાજ્ઞી" એવું ઉપનામ આપવામાં આવ્યું હતું. એક વખત એવો હતો કે દુનિયાનો ૧/૪ ભાગ તેમની સત્તા તળે હતો.

આ વિકટોરીઆને સ્કોટલેન્ડનો પર્વતવાળો પ્રદેશ અને ત્યાંના લોકો ખૂબ ગમતા. ઘણી વાર ઉનાળાની રજાઓ ગાળવા ત્યાં જતાં. શરૂઆતના સમયમાં ત્યાંના ગામડાની એક સ્ત્રી સાથે તેમની મુલાકાત થઈ, અને આ મુલાકાત મૈત્રીમાં પરિણમી. આ મિત્રતા લગભગ ૫૦ વર્ષ સુધી રહી.

જ્યારે તેઓ સ્કોટલેન્ડ રજા ગાળવા જાય ત્યારે આ સામાન્ય અને ગરીબ એવી સ્ત્રીના ઘેર જાય, ચા પીએ અને વાતો કરે. ઘણા વર્ષો સુધી આ સંબંધ રહ્યો. પછી બંને સ્ત્રીઓ વૃદ્ધ થઈ. એક વાર આવી મુલાકાત પછી રાણીએ પેલી સ્ત્રી મિત્રને કહ્યું કે, "કાલે હું પાછી લંડન જઈશ." આ સાંભળી પેલી સ્ત્રી નિરાશ થઈ અને પૂછ્યું, "હવે ફરી હું આપને ક્યારે મળી શકીશ?" રાણીએ કહ્યું, "ચિંતા ન કર, આવતા ઉનાળામાં હું ફરી પાછી અહીં આવીશ ત્યારે મળીશું." પેલી સ્ત્રીએ કહ્યું, "પણ એક વર્ષ પછી તમે આવો ત્યારે તમને મળવા હું જીવતી ના રહી હોઉં તો!" રાણીની આંખોમાં પાણી ભરાઈ આવ્યું, થોડીવાર તે મૌન બની ગયાં. પછી ધીમેથી બોલ્યાં, "હું આવું ત્યારે તું નહિ હો તોપણ, ખ્રિસ્ત ઈસુના લોહીને આશરે આપણે ફરી મળીશું."

"ફરી મળીશું, મળીશું, ઈશ્વર તમ સંઘાતે રહેજો રે."

◆◆◆

# १२४. (१) વિજ્ઞાન અને બાઈબલ

(१) યિર્મેયા અને આકાશના તારા.

ઈ.સ. પૂર્વે १५०માં હિપરક્યૂસ નામના વૈજ્ઞાનિકે પોતાની આંખો મસળી અને પેન નીચે મૂક્તાં જાહેર કર્યું કે આકાશમાં १०२२ તારાઓ છે. એના સમયમાં તે ખૂબ જાણીતો વૈજ્ઞાનિક હતો અને એની ગણતરીઓ ચોક્કસ ગણાતી. २५० વર્ષ સુધી આ માન્યતા અસ્તિત્વમાં રહી.

ત્યાર બાદ ટોલેમી નામનો ખગોળશાસ્ત્રી આવ્યો. તેણે પણ તારાની ગણતરી કરી અને જાહેર કર્યું કે આકાશમાં १०२६ તારાઓ છે. હિપરક્યૂસની ગણતરીમાં ચાર તારાની ભૂલ હતી.

હવે હિપરક્યૂસ અને ટોલેમી યિર્મેયા પ્રબોધક વિષે જાણતા હતા. હિપરક્યૂસના જન્મ અગાઉ ४०० વર્ષ પૂર્વે આ મહાન પ્રબોધકે બાઈબલમાં લખ્યું હતું કે આકાશનાં સૈન્યો ગણી શકાય એમ નથી. તારાઓની ગણતરી થઈ શકે નહિ. આથી ઉપરના બંને ખગોળશાસ્ત્રીઓ યિર્મેયાની મશ્કરી કરતા હશે. "યિર્મેયા, તું કેવી રીતે કહી શકે કે તારાઓની ગણતરી થઈ ના શકે! પણ જો, અમે ગણતરી કરી છે. અમે બાઈબલમાં ભૂલ છે તે શોધી કાઢ્યું છે. અમે બાઈબલને ખોટું ઠરાવ્યું છે."

આ પ્રમાણે બીજાં १३०० વર્ષ નીકળી ગયાં. ત્યાર બાદ મેડિકલ સાયન્સનો એક જુવાન વિદ્યાર્થી ઊભો થયો એનું નામ ગેલિલીઓ. એણે પોતાનું ટેલિસ્કોપ આકાશ ભણી ધર્યું અને જાહેર કર્યું કે આકાશમાં તો લાખો ને લાખો તારાઓ છે. પછી તો નવાં નવાં સાધનો શોધાતાં ગયાં અને આકાશના તારાની

ગણતરીઓ બદલાતી ગઈ. હવે તેઓ કહેવા લાગ્યા કે ૪૦૦ મિલિયન (મિલિયન = દસ લાખ) તારા છે. ત્યાર પછી પણ નવાં સાધનો શોધાયાં અને હવે કહે છે બીલીઅન અને બીલીઅન અને બીલીઅન તારાઓ આકાશમાં છે.

યિર્મેયા સાચો હતો, બાઈબલ સાચું હતું, વિજ્ઞાન ખોટું હતું. વિજ્ઞાનને આ શોધતાં સેંકડો વર્ષો લાગ્યાં, પણ યિર્મેયાએ તો ક્યારનુંય લખ્યું હતું કે આકાશના તારા ગણી શકાય એમ નથી.

◆ ◆ ◆

# ૧૨૫. (૨) પૃથ્વીનો આધાર

સૈકાંઓ સુધી જગતના ભૂસ્તરશાસ્ત્રીઓ શીખવતા હતા કે પૃથ્વી સપાટ છે અને એની સપાટીની બહાર કશું જ નથી, મોટું ઊંડાણ છે, પોલાણ છે. જો કોઈ માણસ એ સપાટીરેખા ઓળંગે તો એ ઊંડા પોલાણમાં જાય.

પણ પ્રશ્ન ઊભો થયો કે પૃથ્વીનો આધાર શાના પર છે? શાના પર ટકી રહી છે? કેટલીક સ્કૂલો શીખવતી કે ચાર મોટા કાચબાની પીઠ પર આ પૃથ્વી ટકી રહી છે. પણ આ કાચબા શાના પર ઊભા છે? આ સવાલનો જવાબ વિજ્ઞાન પાસે નહોતો.

પછી કેટલાક બીજા વિજ્ઞાનના વિચારકો આવ્યા, તેમણે કહ્યું, કે એક મોટા રાક્ષસ જેવા માણસના ખભા ઉપર પૃથ્વી ટકી રહી છે પણ આ જાયન્ટ જેવો માણસ શાના પર ઊભો છે, એનો વિચાર તેમને આવતો નહિ.

પણ બાઇબલના લેખકો તો જાણતા હતા અને તેમણે એ લખ્યું કે, પૃથ્વી કોઈ રાક્ષસી માણસના ખભા ઉપર કે કાચબાની પીઠ ઉપર ટકી રહી નથી. પ્રભુ ઈસુ આ જગતમાં આવ્યા તેના ૧૫૦૦ વર્ષે પૂર્વે દેવના ભક્ત અયૂબે લખ્યું : “તે ઉત્તરને ખાલી આકાશમાં ફેલાવે છે, અને પૃથ્વીને અદ્ધર લટકાવે છે” (અયૂબ ૨૬; ૭).

♦♦♦

## १२६. (३) લોહીમાં જીવન છે

સને ૧૭૯૯ના ડિસેમ્બરની અધવચમાં જનરલ જ્યોર્જ વોશિંગ્ટનને ગળાની તકલીફ થઈ અને માંદા પડ્યા. રાતનો સમય હતો. કોઈ કુટુંબીજનને પણ રૂમમાં આવવાની મનાઈ હતી. ડૉકટરો સારવાર કરી રહ્યા હતા. તેમણે તેમની સમજ પ્રમાણે જરૂરી લાગતાં જનરલના શરીરમાંથી બગડેલું એવું ૧૪ અંશ લોહી કાઢી નાખ્યું.

બીજા દિવસની સવારે ૧૧ વારે ડૉકટરોએ જોયું તો જનરલની તબિયતમાં કોઈ સુધારો નથી. તેમણે બીજા એક્ષ્પર્ટ ડૉકટરોને બોલાવ્યા. સાંજના ચાર વાગે બીજા બે ડૉકટરો આવ્યા. આ બે ડૉકટરો ત્યાં પહોંચે તે પહેલાં જનરલના શરીરમાંથી બે વખત લોહી ખેંચી લેવામાં આવ્યું હતું. આ નવા આવેલા ડૉકટરોએ તપાસીને કહ્યું બીજું લોહી ખેંચવું પડશે અને બીજું ૩૨ અંશ લોહી ખેંચી કાઢવામાં આવ્યું. અને કહેવાની જરૂર નથી કે ડિસેમ્બર ૧૪, ૧૭૯૯ની રાત્રે ૧૧ વાગે જનરલ જ્યોર્જ વોશિંગ્ટન મૃત્યુ પામ્યા.

આપણે ડૉકટરોને દોષ દઈએ, પણ એમાં એમનો શો દોષ? તે વખતના મેડિકલ સાયન્સની જાણમાં હતા એ બધા ઉપાયો તેમણે કર્યા. તે પછી બીજા સૈકામાં વિજ્ઞાને શોધ કરી કે માણસના શરીરમાં લોહીની કેટલી કિંમત છે! વોશિંગ્ટનના જમાનામાં લોહીની અગત્યતા વિશે માણસો પૂરતું જાણતાં નહોતાં. લોહીની કમી અને ડી-હાઈડ્રેશનથી થતા નુકસાન વિષે વિજ્ઞાન અજાણ હતું, હવે વિજ્ઞાને જાણ્યું કે શરીરમાં લોહી કાઢવાને બદલે નવું લોહી આપવું આવશ્યક છે.

એ કેવું વિચિત્ર કે આવા બુદ્ધિવંતોએ બાઈબલમાં આ ન વાંચ્યું. વોશિંગ્ટન અગાઉ ૩૦૦ સૈકાઓ પહેલાં મૂસા દ્વારા પવિત્રઆત્માએ બાઈબલમાં લખાવ્યું હતું કે જીવ લોહીમાં છે. વર્ષો પહેલાં જે બાઈબલમાં લખ્યું હતું તેને હવે આજે વિજ્ઞાનીઓ સ્વીકારવા લાગ્યા છે.

◆◆◆

# ૧૨૭. (૪) પૃથ્વી ગોળ છે

જ્યારે કોલંબસે મુસાફરી શરૂ કરી ત્યારે તેના સમયના વિદ્વાનોએ તેને ટકોર કરી હતી કે, ''સંભાળજે, પૃથ્વી સપાટ છે, અને છેડે તું ક્યાંય નીચે પડી જઈશ!'' હજારો વર્ષોથી વિજ્ઞાનનાં પુસ્તકો ખોટું શીખવતાં હતા કે પૃથ્વી સપાટ છે. ટેબલના જેવી સપાટ છે. પણ કોલંબસે મુસાફરી કરી પણ તે કોઈ છેડેથી નીચે પડી ગયો નહિ. તેના પછી ૨૯ વર્ષ બાદ એક પોર્ટુગીઝ ખલાસી ફરર્જાનાન્ડ મેગેલાને પણ દુનિયાની મુસાફરી કરી પણ તે પડી ગયો નહિ. જો કે એને ફિલિપાઈન્સમાં મારી નાખવામાં આવ્યો. ત્યાર પછી તો ઘણા બધા વહાણવટીઓએ મુસાફરી કરી પણ એમાનું કોઈ પૃથ્વીના છેડા પર આવીને પડીને મરી ગયું નહિ. આથી પ્રોફેસરો તેમનાં પુસ્તકો ફરી લખવા માંડ્યાં, સુધારવા લાગ્યાં. કોલંબસે અમેરિકાની પોતાની મુસાફરી કરી તે અગાઉ બે હજાર વર્ષ પૂર્વે યશાયા પ્રબોધકે પવિત્રઆત્માની પ્રેરણાથી ચાલતી તેમની પેન દ્વારા બાઈબલમાં લખ્યું હતું કે ''એ (ઈશ્વર) તો પૃથ્વી ઉપરના નભોમંડળ પર બિરાજમાન છે.'' - અંગ્રેજીમાં આ પ્રમાણે છે - ''It is He that sitteth upon the circle of the earth.'' (યશા ૪૦; ૨૨)

♦♦♦

# ૧૨૮. (૫) ખૂટતી કડી

સો વર્ષ પૂર્વે મંડળે બાઈબલ અને વિજ્ઞાન વચ્ચેના મતભેદોની યાદી તૈયારી કરી હતી. પણ જેમ જેમ નવા મુદ્દા મળતા ગયા, નવી નવી શોધ થતી ગઈ એમ એમ એ યાદી ઘટતી ગઈ. વિજ્ઞાનની શોધોમાં ફેરફાર થયા છે, બાઈબલમાં નહિ.

વિજ્ઞાન ચાર હજાર વર્ષ મોડું આવ્યું છે. ૧૯૪૯માં નેયો ક્લિનિકમાં ૫૬૮ સ્ત્રીઓને તપાસવામાં આવી. તેમાં એક પણ યહૂદી સ્ત્રીને ગર્ભાશયનું કેન્સર નહોતું. કેમ? ડૉકટરો વિચારતા હતા આનું કારણ શું? તપાસ કરતાં કારણ મળી આવ્યું કે યહૂદીઓમાં સુન્નતની જે પ્રથા છે તેને કારણે યહૂદીઓને ગર્ભાશયનું કેન્સર થતું નથી. ડૉકટરોએ આ ઘણું મોડું શોધ્યું. ઈશ્વરે તો દરેક નર બાળકને સુન્નત કરવાની આજ્ઞા ઈબ્રાહીમને ક્યારનીય આપી હતી (ઉત્પ. ૧૭ ; ૯-૧૪).

ડાર્વિને ઉત્ક્રાંતિવાદ શીખવ્યો. એમાં આખી થિયરીનો આધાર એ વાત પર છે કે એક જીવ પલટાઈને એમાંથી બીજો થયો. પણ નિરીક્ષણ કરતાં વચગાળાની સ્થિતિમાં પલટાતા સ્વરૂપમાં કોઈ પ્રાણી-પંખી ક્યાંય જોવા મળતાં નથી. ડાર્વિન પોતે આ વાત સ્વીકારે છે અને આને "ખૂટતી કડી" કહી છે. પણ બાઈબલમાં તો શરૂઆતથી જ એ ખૂટતી કડી કાઢી નાખવામાં આવી છે. ઉત્પતિના વર્ણનમાં વારંવાર આ શબ્દો મળે છે, "પોત પોતાની જાત પ્રમાણે" આનો અર્થ કે બાઈબલના વર્ણનમાં કોઈ કડી ખૂટતી નથી. વિજ્ઞાનમાં કડી ખૂટે છે.

◆◆◆

## ૧૨૯. (૬) ઈશ્વરની અજાયબ વ્યવસ્થા

(૧) માણસના શરીરનાં બીજાં બધાં હાડકાં વધે છે, કારણ કે એની જરૂર છે વૃદ્ધિ માટે. પણ કાનના મધ્યભાગનું હાડકું વધતું નથી. કેમ? જો એ હાડકું વધે તો માણસ બહેરો થઈ જાય. ઈશ્વરની કેવી અદભુત યોજના! શરીરમાં આટલો અપવાદ ઈશ્વરે રાખ્યો છે.

(૨) પદાર્થ વિજ્ઞાનના નિયમ પ્રમાણે વસ્તુ ગરમીથી ફૂલે છે અને ઠંડીથી સંકોચાય છે. પણ ઈશ્વરે એક અપવાદ રાખ્યો છે કે પાણી ઠંડીમાં ફૂલે છે ને બરફ બને છે. જો એ સંકોચાય તો તેની અંદર રહેલાં જીવ જંતુઓ મરી જાય.

(૩) પ્રાણીઓ અને મનુષ્યો શ્વાસમાં ઓક્સિજન (પ્રાણવાયુ) લે છે અને અંગારવાયુ બહાર કાઢે છે. જો આમ ચાલ્યા જ કરે તો ઓક્સિજન ખૂટી જાય અને અંગારવાયુનું પ્રમાણ વધી જાય. પણ ઈશ્વરે એનું સમતોલપણું જળવાય રહે માટે એવી વ્યવસ્થા કરી કે ઝાડ-વનસ્પતિ અંગારવાયુ શ્વાસમાં લે અને ઓક્સિજન બહાર ફેંકે. જો આવું પ્રમાણ જળવાઈ ન રહેતું હોત તો માણસો અને પ્રાણીઓ ઓક્સિજન વગર મરણ પામત.

(૪) પૃથ્વીની ધરી ૨૩.૫ અંશે વાંકી છે, નમેલી છે. આમ કેમ? જો આમ ન હોત તો અથવા બરાબર સીધી હોત તો પૃથ્વીના અમુક પ્રદેશો અતિશય ગરમીથી બળીને કોલસો થઈ જાત અને બાકીનો ભાગ અતિશય ઠંડીમાં ઠરીને ઠીકરું થઈ જાત. વળી આ ધરી ૨૩.૫ અંશથી વધારે કે ઓછી નમેલી હોત તોપણ વિપરીત પરિણામો આવત. ઉપરાંત પૃથ્વીની ધરી ૨૩.૫ નમેલી હોવાને કારણે ઋતુઓ બદલાય છે. ઈશ્વરની આ કેવી અદભુત યોજના! કેવી વ્યવસ્થા!

◆◆◆

# ૧૩૦. (૭) વૈજ્ઞાનિકોનાં, ઈશ્વર અને ધર્મ વિષે મંતવ્યો

(૧) આઈનસ્ટાઈન : "ધર્મ વિનાનું વિજ્ઞાન અને વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે." વળી, તે કહે છે કે "ઈશ્વરના મહાન જ્ઞાનની સાથે અમારું વૈજ્ઞાનિક જ્ઞાન સરખાવતા તે ભૂમધ્ય સમુદ્રમાંના જળમાંનું માત્ર એક ટીપું છે."

(૨) 'Return to the Religion' નામના પુસ્તકમાં લેખક લખે છે : "જે વિજ્ઞાન મને ઈશ્વરથી દૂર ખેંચી ગયું હતું, તે જ વિજ્ઞાન મને ઈશ્વર પાસે પાછું ખેંચી લાવ્યું છે."

(૩) એડિંગ્ટન : "કોઈક કશું કરે છે, પણ કર્તા, કર્મ કે ક્રિયાપદ વિષે આપણે કંઈ જાણતા નથી"

(વિજ્ઞાનની સ્થિતિ આવી છે)

(૪) બાવિન્ક નામનો જર્મન વૈજ્ઞાનિક કહે છે : "શક્તિઓ ઈશ્વર તરફથી જ છે એમ માનવું જ રહ્યું."

(૫) સર આઈઝેક ન્યૂટન : તેઓ આગ્રહપૂર્વક માનતા કે ભૌતિક દુનિયાનો આધાર ઈશ્વર પર છે અને તે જ તેને ધરી રાખે છે.

(૬) ડાર્વિન : દુનિયાની ઉત્ક્રાંતિ થાય છે એમ તે શિખવતો હતો ખરો, પરંતુ એ ઉત્ક્રાંતિની તમામ યોજના ઈશ્વરે કરેલી છે એ વિષે તેને જરાય શંકા નહોતી.

♦♦♦

# ૧૩૧. વ્યવસ્થા

એક જર્મન સૈનિક ઘવાયો. સારવાર માટે મિલિટરી હોસ્પિટલ ગયો. હોસ્પિટલનું બિલ્ડિંગ ભવ્ય હતું. પહેલાં રૂમમાં દાખલ થયો ત્યાં બે દરવાજા હતા. એકના ઉપર લખ્યું હતું "સાધારણ ઘવાએલા" અને બીજા ઉપર લખ્યું હતું "સિરિયસ." આ સૈનિક પ્રથમ દરવાજેથી અંદર દાખલ થયો. આગળ મોટો હોલ આવ્યો. ત્યાં પણ બે દરવાજા હતા. એકના ઉપર લખ્યું હતું, "ઓફિસરો માટે" અને બીજા ઉપર લખ્યું હતું "નોન ઓફિસર માટે" સૈનિક બીજા દરવાજેથી અંદર ગયો. ત્યાં બીજા બે દરવાજા હતા. એકના ઉપર લખ્યું હતું, "પક્ષના સભ્યો માટે" અને બીજા ઉપર લખ્યું હતું, "બિનસભ્યો માટે" સૈનિક બીજા દરવાજેથી દાખલ થયો. ત્યાં એક નાની રૂમ હતી. ત્યાં એક દરવાજો હતો તેના ઉપર લખ્યું હતું "બહાર જવાનો રસ્તો" અને એ દરવાજો ખોલતાં તે રસ્તા ઉપર આવી ગયો.

ઘેર તેની માએ પૂછ્યું, "બેટા, કેવી સારવાર રહી?" દીકરાએ જવાબ આપ્યો, "મા, ત્યાં મને કશી સારવાર મળી નહિ, કોઈ મદદ મળી નહિ, પણ મા, તને શું કહું! ત્યાંની વ્યવસ્થા બહુ ગજબની હતી!"

આપણી મંડળીઓમાં, કોન્ફરન્સોમાં, સિનડોમાં કોઈને મદદ મળે છે, સારવાર મળે છે કે પછી એ બધી ઊભી કરેલી ગજબની વ્યવસ્થાઓ જ છે ?

સાર્દીસની મંડળીમાં વ્યવસ્થા ઘણી હતી પણ તે મરેલી મંડળી હતી.

♦♦♦

# ૧૩૨. એક વેધક સવાલ

અમેરિકામાં બનેલી એક સત્ય ઘટના.

એક જુવાન છોકરી રાતના સમયે એકલી ઘર તરફ જઈ રહી હતી. માર્ગમાં તેને એકલી જોઈ એક ગુંડો તેની પાછળ પડ્યો. છોકરીએ ચાલવાની ઝડપ વધારી, પણ તેના કરતાં વધુ વેગથી ગુંડો તેની નજદીક આવી ગયો અને પાછળથી તેની પીઠમાં ખંજરનો ઘા કર્યો. છોકરી ત્યાં ઢળી પડી. બૂમો પાડવા લાગી... "બચાવો... બચાવો." બૂમો સાંભળી આજુબાજુના ઘરોમાં બત્તીઓ થઈ, બારીના પડદા હટ્યા, બારીમાં ડોકાં દેખાયાં. તેમણે જોયું તો એક છોકરી રસ્તા ઉપર મદદ માટે તરફડી રહી હતી. એક ગુંડા જેવા જુવાનને તેમણે નાસતા જોયો. થોડી વાર બત્તીઓ સળગતી રહી પણ કોઈ મદદ માટે બહાર નીકળ્યાં નહિ. થોડીવાર પછી બત્તીઓ બંધ થઈ અને લોકો પાછા સૂઈ ગયા, અને પેલી છોકરી પણ લાંબી-સદાની ઊંઘમાં પોઢી ગઈ.

સવારે પોલિસ આવી. આજુબાજુ રહેતા લોકોને પૂછતી હતી, "તમે શું જોયું?" લોકો જોએલી વાતનું વર્ણન કરતા હતા. પછી પોલિસે બીજો સવાલ કર્યો, "પછી તમે શું કર્યું?" અને લોકો આ સવાલનો જવાબ આપી શક્યા નહિ, કારણ કે મદદ માટે તેમણે કશું જ કર્યું નહોતું.

એક દિવસ આ વેધક સવાલ તમામ લોકોને પૂછાશે. "મરતા-નાશમાં જતા- આત્માઓની દર્દભરી ચીસો તમે સાંભળી પછી તમે શું કર્યું? જવાબ આપી શકશો?"

♦♦♦

## ૧૩૩. દારૂ પીશો?

પર્વતીય પ્રદેશમાં થઈને એક વટેમાર્ગુ એકલો જઈ રહ્યો હતો, રસ્તામાં સામે શેતાન મળ્યો, મુસાફર તો શેતાનને જોઈ ગભરાઈ ગયો. તેણે શેતાનને વિનંતી કરી કે, ‘‘મહેરબાની કરી મને જવા દો.’’ શેતાને કહ્યું, ‘‘જવા દઉં, પણ એક શરતે!’’ ‘‘શી. શરત?’’ ‘‘હું તને ત્રણ બાબતો કહું એમાંથી કોઈ પણ એક તારે કરવાની.’’ ‘‘ભલે, કહો.’’

‘‘પહેલી વાત, તારી પત્નીનું ખૂન કરી નાખ.’’ ‘‘અરે, એ શું બોલ્યા? મારી પત્ની બહુ ભલી છે મને પ્રિય છે, મારી બહુ સંભાળ રાખે છે. તેને કેવી રીતે મારી શકું! ના, ના એ મારાથી નહિ બને.’’

‘‘ભલે, તો બીજી વાત કર તારાં બાળકોને ઘરમાંથી કાઢી મૂક.’’

‘‘બાળકો! અરે મારાં બાળકો તો મને બહુ વહાલા છે, બહુ આજ્ઞાંકિત છે, તેમને કેમ કાઢી મૂકાય? એ નહિ બને.’’ શેતાન બોલ્યો, ‘‘વારુ, જો એ પણ તારાથી ના થઈ શકે તો હવે એક છેલ્લી બાબત - દારૂ પીશો?’’

મુસાફર હસ્યો. ‘‘અરે! એમાં શી મોટી વાત છે? દારૂ હું પી નાખીશ, પણ મને જવા દો.’’ અને મુસાફરે દારૂ પીધો. પછી દારૂના નશામાં તેની પત્નીને મારી નાખી અને છોકરાંને ઘરમાંથી કાઢી મૂક્યાં.

‘‘આખરે તે સર્પની પેઠે કરડે છે અને નાગની પેઠે ડંસે છે.’’ (નીતિવચન ૨૩; ૩૨).

બીજા વિશ્વયુદ્ધ પછી સ્વિટઝરલેન્ડનું એક સર્વે (નિરીક્ષણ) આ પ્રમાણે જણાવે છે :-

(૧) દારૂ પીનારાંની સંખ્યામાં ૩૦ ટકા વધારો થયો છે.

(૨) ૨૦ ટકાના કોર્ટ કેસો દારૂને કારણે થાય છે.

(૩) ૨૩ ટકાના ફારગતીના કેસો દારૂને કારણે થાય છે.

(૪) ૧/૩ ટકા અકસ્માતોનું કારણ દારૂ છે.

(૫) દર વર્ષે ૧૩૦૦ માણસોને દારૂ પીવાની આદતને કારણે માનસશાસ્ત્રીઓની સેવા લેવી પડે છે. ભારત દેશમાં એથી મોટા આંકડા હોઈ શકે! ગુજરાતના ખ્રિસ્તી સમાજની હાલત કેવી છે?

◆◆◆

# ૧૩૪. હિંમતનો વિજય

સને ૧૯૧૯ના ઉનાળામાં બોસ્ટનની પોલિસ ધમાલે ચઢી. તેમના કામ વિષે, સગવડો વિષે તેમની ફરિયાદો હતી અને આથી તેઓ એક યુનિયન રચવા માગતા હતા. પોલિસ કમિશ્નરે તેમને સમજાવ્યું કે, "તમે પ્રજાનું રક્ષણ કરનાર છો, તમે શપથ લીધા છે. હવે તમે કોઈ પ્રકારનું યુનિયન બનાવી શકો નહિ." તેમ છતાં ખાનગીમાં પોલીસોની મિટિંગ મળી અને તેમણે યુનિયન રચી દીધું. આથી નિયમનો ભંગ કરવા બદલ ૯૦ પોલિસોને તપાસ પર લીધા. સપ્ટેમ્બર ૯ના રોજ ૧,૧૧૭ પોલિસોને સસ્પેન્ડ કર્યા.

મધરાતે આખું બોસ્ટન શહેર પોલિસ વગરનું હતું. તોફાની ટોળાંએ ઠેર ઠેર તોફાનો કર્યા, લુંટફાટ થઈ. જુગાર રમાયો. વગેરે, વગેરે.

૧૧મી સપ્ટેમ્બરે ગવર્નર કેલ્વિન કુલીજે પોલિસ ખાતાનો હવાલો લીધો અને શહેરને પોતાના કબજા હેઠળ લીધું. યુનિયનના આગેવાનો તેમને મળવા આવ્યા અને ધમકી આપી કે સસ્પેન્ડ કરાએલા પોલિસોને ફરી કામ પર લો, નહિ તો તેઓ મોટી હડતાલ કરાવી બધું ઠપ કરી દેશે.

ગવર્નર કુલીજે તેમને સાંભળ્યા, ત્યાર બાદ હડતાલ પર જનારા પોલિસ અધિકારીઓની જગ્યાએ તેમણે નવી ભરતી કરી. આથી યુનિયનના આગેવાનો વધુ રોષે ભરાયા અને ગવર્નરને ધમકી આપી કે, "આવતા મહિને ફરી ચૂંટણીઓ આવે છે અને જો તેઓ યુનિયનના કહેવા પ્રમાણે નહિ કરે તો ફરી કદી તેઓ

ચૂંટણી જીતશે નહિ.'' કુલીજ થોડીવાર મૌન રહ્યા, પછી બોલ્યા કે, ''ચૂંટણીમાં જીતું અને બીજી ઓફિસ મેળવું એ મારે માટે બહુ મહત્ત્વનું નથી.''

થોડાં અઠવાડિયાં બાદ ચૂંટણી થઈ અને અગાઉ તેમણે કદી મેળવ્યાં નહોતા એટલાં જંગી મતોથી તેઓ ફરી ગવર્નર તરીકે ચૂંટાયા. અને ચાર વર્ષ બાદ તેઓ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા.

જો કોઈ માણસ પોતાના અંતરાત્માના અવાજને પ્રામાણિકપણે આધીન થાય છે, તો તેણે કોઈ પણ બાબતનાં પરિણામોથી બીવાની જરૂર નથી.

◆◆◆

## ૧૩૫. પ્રામાણિક માણસ

હંગેરીના ફ્રાન્સિસ ડીકના કામથી હંગેરીનો રાજા બહુ ખુશ હતો. તેને ખૂબ માન આપતો. એક વખત રાજાએ તેને કહ્યું, "ડીક, તારે જે જોઈએ તે માગ. મોટી પદવી, હોદ્દો, રત્નજડિત ઝવેરાત-જે જોઈએ તે માગ. હું આપવા તૈયાર છું." ડીકે કશું લેવાની ના પાડી. રાજાએ આગ્રહ કર્યો, "માગ, કંઈક તો માગ!" ત્યારે ડીકે નમ્રતાથી કહ્યું, "મહારાજા, મારા મૃત્યુ પછી તમે બસ એટલું જ કહેજો કે ડીક પ્રામાણિક માણસ હતો, - તેથી વધારે મારે કશું માગવું નથી."

આપણા મરણ બાદ લોકો આપણે માટે શું બોલે? તમે શું ઈચ્છો છો?

♦♦♦

## ૧૩૬. અદભુત યંત્ર

આપણી મુઠ્ઠી જેવડું હૃદય એ ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. કુદરતનું અદભુત યંત્ર છે.

આખા શરીરમાં લોહીની એક પરિક્રમા દોઢ મિનિટમાં થાય છે. હૃદય અને ફેફસાં વચ્ચેનું અંતર પૂરું કરતાં ૬ સેકંડ લાગે છે, જ્યારે લોહીને મગજ સુધી પહોંચતાં ૮ સેકંડ લાગે છે. લોહી ફરતું બંધ થઈ જાય તોપણ ૬ મિનિટ સુધી હૃદય જીવતું રહે છે, જ્યારે મગજ ત્રણ જ મિનિટમાં નિષ્ક્રીય થઈ જાય છે. સામાન્ય રીતે મનુષ્યના શરીરમાં ૬ લીટર જેટલું લોહી હોય છે. એમાંથી ૫ લીટર લોહી ફરતું રહે છે અને ૧ લીટર મુશ્કેલીના સમયમાં કામ આવે માટે રીઝર્વ્ડ-સુરક્ષિત રાખવામાં આવે છે. ૨૪ કલાકમાં હૃદયમાંથી કુલ ૧૩ હજાર લીટર લોહીની આયાત-નિકાસ થાય છે.

પાણી ખેંચવાનો એક ડબલ સેટ પંપ એક દિવસમાં ૩૨૫૦ ગેલન પાણી ખેંચી શકે છે, પણ જો તેને વચ્ચે વચ્ચે એકાદ કલાક પણ બંધ રાખવામાં ન આવે તો મશીન એટલું ગરમ થઈ જાય છે કે તે બળી જવાનો ભય રહે છે. આથી તેને થોડી થોડી વારે આરામ આપવો પડે છે. જ્યારે આપણા શરીરમાં હૃદય એક એવો પંપ છે જે જીવનભર એક ક્ષણનોય આરામ લીધા વગર સતત ચાલ્યા જ રહે છે. ઉપરાંત શરીરમાં કોઈ જગ્યાએ વાગે કે કપાઈ જવાથી લોહી નીકળે ત્યારે હૃદય તેની કેટલીક વિશેષ ધમનીઓ દ્વારા વધારાનું લોહી ત્યાં પહોંચાડે છે. (ઓવરટાઈમ કરે છે)

આવું અદભુત યંત્ર હૃદય એ ઈશ્વરની અદભુત ભેટ છે.

◆◆◆

## ૧૩૭. પડ્યું રે પડ્યું, મોટું બાબેલોન પડ્યું!

બાબેલોન શહેર સદાકાળ ટકવું જોઈતું હતું, કારણ કે, તેનો કોટ ૬૦ માઈલ લાંબો, ૩૦૦ ફૂટ ઊંચો અને ૮૦ ફૂટ પહોળો હતો. ઉપરાંત આ શહેરને યુફ્રેટિસ નદી દ્વારા રક્ષણ મળતું હતું. વળી, આજુબાજુ ખીણો આવેલી હતી જેનાથી પણ શહેરને રક્ષણ મળતું હતું. વળી તેને આજુબાજુ ૨૫૦ ઊંચા ઊંચા મિનારા આવેલા હતા. ઉપરાંત શહેરને ફરતા ૧૦૦ પિત્તળના તોતિંગ દરવાજા હતા, જેમાં ૨૪ કલાક ભરી બંદૂકે અને હાથમાં તરવાર લઈને રક્ષકો પહેરો ભરતા હતા. - અને છતાં, આ શહેર એક જ દિવસમાં તૂટી પડ્યું, અને તેનો નાશ થયો.

વેન્ચેસ્ટર કેથેડ્રલ ઘણું જ ભવ્ય અને મજબૂત હતું. ૧૯૦૫માં તેમાં ફાટો પડી અને પડી જાય એવું થઈ ગયું. એન્જીનિયરોને જાત જાતની સલાહ આપી. આખરે પાયો ખોદવામાં આવતાં ખબર પડી કે કેથેડ્રલ બંધાયું તે જગ્યા ઉપર અગાઉ મોટું ઝાડ હતું. તેને જો કે કાપી નાખવામાં આવ્યું, પણ તેનું એક મૂળિયું જમીનમાં રહી ગયું હતું, જે વરસો બાદ ફૂટ્યું અને વધવા લાગ્યું અને તેની અસર લાંબા ગાળે મકાન પર પડી ને તેમાં ફાટો પડી ગઈ.

કોલોરાડોમાં એક ખૂબ મોટું ઝાડ છે. તે ૪૦૦ વર્ષથી અડીખમ ઊભું હતું. ૧૪ વખત તેના પર વીજળી પડી હતી, અનેક વાવાઝોડાં તેના પરથી પસાર થઈ ગયાં હતાં. પણ એક દિવસે અચાનક આ ઝાડ પડી ગયું. તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેના મૂળમાં નાનાં નાનાં જંતુઓ દાખલ થયાં હતાં અને તેમણે તેનાં મૂળિયા ખાઈ નાખ્યાં હતાં, આથી ઝાડ એકદમ પડી ગયું.

નાનાં શિયાળવાં વાડીને ભેલાડે છે. "જે કોઈ પોતાને સ્થિર ઊભેલો ધારે, તે સાવધ રહે, વખતે તે પડી જાય."

◆◆◆

## ૧૩૮. આગમનના સમાચાર

રાણી વિકટોરીઆએ જ્યારે સ્કોટલેન્ડની પ્રથમ મુલાકાત લીધી હતી ત્યારે એવો પ્રબંધ કરવામાં આવ્યો હતો કે, તેમના આગમનના સમાચાર દરેક જણને પહોંચાડવામાં આવે. એડિનબર્ગથી દરેક પ્રદેશમાં નિશાની દ્વારા આ સમાચાર પહોંચાડવા. આ માટે આખા પ્રદેશમાં આવેલા પર્વતો ઉપર રોશની કરવામાં આવી. આ મુજબ લીથથી સ્ટર્લિંગ, સ્ટર્લિંગથી ઈન્વરનેસ, ઈન્વરનેસથી કેથનેસ સુધી એકે એક પર્વત પર ઝળહળતી રોશની કરવામાં આવી. મહારાણીના આગમનના આનંદી સમાચાર આ રીતે પ્રગટ કરવામાં આવ્યા હતા.

રાજાઓના રાજા ઈસુ ખ્રિસ્તે જ્યારે આ પૃથ્વીની મુલાકાત લીધી ત્યારે તેમના આગમનના સમાચાર આપવા આકાશમાં રોશની કરવામાં આવી. પૂર્વનો તારો ફરતો ફરતો બેથલેહેમ આવીને થંભ્યો.

◆◆◆

## ૧૩૯. વિવેકી જુવાન

કોલેજના બગીચામાં કેટલાક જુવાનિયા બેઠા બેઠા વાતો કરતા હતા. એવામાં એક જુવાનને બીજા જુવાને પૂછ્યું, "જીમ, તારી એક વાત સમજાતી નથી, સ્ત્રીઓ પ્રત્યે તું કેમ આટલો બધો વિવેકી બની ગયો છે? તેમના પ્રત્યે તારામાં બહુ પ્રેમ ઊભરાતો દેખાય છે. એનું શું કારણ?"

જીમનો ચહેરો ગંભીર બન્યો. આંખો ઝીણી થઈ અને બોલ્યો, "સાંભળો :

એક વખત એક હોસ્પિટલ હતી. આ હોસ્પિટલમાં એક મોટો હોલ હતો, તેની પાસે એક નાની રૂમ હતી. ઘણાં વર્ષો પૂર્વે એ હોસ્પિટલના હોલમાં રાત્રીના સમયે એક જુવાન માણસ ગંભીર મુદ્રામાં આમ તેમ આંટા મારી રહ્યો હતો. થોડી થોડી વારે થોભીને પાસેની પેલી રૂમમાં ડોકિયાં કરતો હતો.

એ રૂમમાં કશીક મુશ્કેલી ઊભી થઈ હતી. ડૉકટરો અને નર્સો ઉતાવળે ઉતાવળે આવજા કરતા હતા. પછી ડૉકટર ઉતાવળે બહાર આવ્યા અને પેલા જુવાનનો હાથ હાથમાં લીધો અને રૂમની અંદર જે જુવાન સ્ત્રી પથારીમાં પડી હતી તેના તરફ બંનેએ જોયું. થોડી વાર પછી ડૉકટર ધીમા અવાજે બોલ્યા, "જુવાન, હવે તમારે નિર્ણય કરવો જ પડશે. અમે અમારાં બધા પ્રયત્નો કરી ચૂક્યાં છીએ. હવે બીજો ઉપાય નથી. કાં તો સ્ત્રી મરણ પામશે, કાં તો બાળક. બંનેને બચાવવા અશક્ય છે. તમે હવે નિર્ણય કરો શું કરવું? કોને બચાવવા છે? તમારી પત્નીને કે તમારા બાળકને!" પેલો જુવાન થોડીવાર વિચારમાં પડી ગયો. નિર્ણય કરવો અઘરો

હતો. પછી વિચાર કરીને બોલ્યો, ''ડૉકટર, કોઈ પણ ભોગે મારી પત્નીને બચાવી લો. જો કે અમારે બાળક જોઈતું હતું. પણ જો આવી જ પરિસ્થિતિ હોય તો મારી પત્નીને બચાવી લો.''

એવામાં બધાંની અજાયબી વચ્ચે રૂમમાંથી ઝીણો અવાજ આવ્યો. પથારીમાં પડેલી સ્ત્રી બોલી, ''પ્રિય, તમે જે કહ્યું તે મેં સાંભળ્યું, પણ મારા વહાલા પતિ, મારી આ એક વિનંતી તમે ઠુકરાવશો નહિ. હું હાથ જોડીને તમને વિનંતી કરું છું કે મારા આવનાર બાળકને જીવવા દો, એમ કરતાં મારે મરવું પડે તો હું મરવા તૈયાર છું, પણ મારા બાળકને આ જગતમાં પ્રવેશતો અટકાવશો નહિ.''

પેલા જુવાને હકારમાં માથું હલાવ્યું અને ડૉકટરે રૂમમાં જઈને બારણું બંધ કર્યું. થોડી વાર પછી એ રૂમમાં છોકરાનો રડવાનો અવાજ આવ્યો. બેબી બોય આ જગતમાં પ્રવેશ્યો, અને તે જ ઘડીએ પેલી જુવાન સ્ત્રીએ શ્વાસ છોડી દીધો - હમેશને માટે.

''મિત્રો,'' જીમ બોલ્યો, ''એ બેબી બોય હું હતો.''
જીમની આંખોમાં વિષાદ હતો,
મિત્રોની આંખોમાં આંસુ હતાં.

♦♦♦

## ૧૪૦. રાજ્યનો ગુનેગાર

ન્યૂયોર્કના બ્રુક્લીનમાં બનેલો બનાવ :-

એક ડિટેકટીવ એક ગુનેગારની શોધમાં ફરતો હતો. દવાની દુકાનમાં દવા લેતા એક શખ્સ પર તેની નજર પડી. તેને ખભે હાથ મૂકીને ડિટેકટીવ બોલ્યા, "તારી ધરપકડ કરવામાં આવે છે." પેલો માણસ આશ્ચર્ય બતાવતાં બોલ્યો, "પણ શા માટે?" જવાબમાં ડિટેકટીવે કહ્યું, "તું સારી પેઠે જાણે છે. કેટલાક વર્ષ પહેલાં તું જેલમાંથી ભાગી છૂટેલો. પછી અહીં આવી લગ્ન કર્યાં. ઘણા વખતથી તારી તપાસ માટે હું તારી પાછળ ફરું છું." પેલાએ કબૂલાત કરી અને કહ્યું, "તમે મને પાછો જેલમાં લઈ જાઓ તે પહેલાં મારા કુટુંબની મુલાકાત કરાવો." ઓફિસરે હા પાડી. તેના ઘેર પહોંચીને તેની પત્નીને કહેવા લાગ્યો, "શું હું એક સારો પતિ નથી? સારો પિતા નથી? તમારી કાળજી લેતો નથી, તમારે માટે કમાતો નથી?" પત્નીએ કહ્યું, "હા, પણ તેનું અત્યારે શું છે?" પતિએ પોતાની ધરપકડની વાત કરી, તે એમ માનતો હતો કે હું સારો પતિ અને પિતા છું તેવી સાક્ષી મારી પત્ની આપશે એટલે મને છોડી મૂકવામાં આવશે, પણ તેને જેલમાં મોકલવામાં આવ્યો. તે સારો પતિ અને પિતા હતો પણ રાજ્યનો ગુનેગાર હતો.

સારા હોવું એ પૂરતું નથી.

નિકોદેમસને ઈસુએ શું કહ્યું? "તારે નવો જન્મ પામવો જ જોઈએ."

♦♦♦

## ૧૪૧. સેવાનું મહત્ત્વ

સર માઈકલ કોસ્ટા સંગીત પ્રોગ્રામનું રિહર્સલ કરી રહ્યા હતા. જાત જાતનાં વાજિંત્રો વાગી રહ્યા હતા. એવામાં એક નાની વાંસળી વગાડનાર થંભી ગયો એને લાગ્યું કે આટલાં બધાં મોટાં મોટાં વાજિંત્રોના અવાજમાં મારી પીપુડીનું શું મહત્ત્વ! એનો અવાજ નહિ સંભળાય તોપણ સંગીતમાં કંઈ જ ખામી આવવાની નથી.

એવામાં એકદમ સર માઈકલનો અવાજ ગાજી ઊઠ્યો, "બંધ કરો, વાંસળીનો અવાજ ક્યાં છે? એનો અવાજ સંભળાતો નથી." આટલાં બધાં વાજિંત્રોના અવાજમાં સર માઈકલને વાંસળીના અવાજ વગર સંગીત અધૂરું લાગ્યું.

ઈશ્વરની સેવામાં આપણી સેવા નાની હોય, દાન નાનું હોય પણ ઈશ્વરની નજરમાં તેની કિંમત છે, તે ઉપયોગી છે. એના વગર ચાલશે એવું માની લેવાની જરૂર નથી.

"રસ્તે પડ્યા તો,
રણ મહીં રસ્તા પડી ગયાં,
બેસી રહ્યા જે મંઝિલે,
ભૂલા પડી ગયા."

◆◆◆

## ૧૪૨. આપણા ઝઘડાઓ

એક યુવક અને યુવતી પ્રેમમાં પડ્યાં અને લગ્ન કરી નાખ્યાં. તેઓ સાંજના જમવા માટે ટેબલ પાસે બેઠાં. એક બીજાને બહુ ચાહતાં હતાં. એક બીજાને આલિંગન આપતાં હતાં. અચાનક યુવતી બીકની મારી ચીસ પાડી ઊઠી. તેણે યુવકને કહ્યું, "તમે જોયું! એક મોટો ઉંદર ત્યાંથી દોડીને જમણી તરફના દરમાં ભરાઈ ગયો." યુવકે યુવતીને શાંત કરી કહ્યું, "ગભરા નહિ, એ કશું નુકસાન કરશે નહિ. મેં પણ જોયો, એ ડાબી તરફના દરમાં ભરાઈ ગયો." યુવતીએ આગ્રહપૂર્વક કહ્યું, "ના, જમણી તરફ ગયો." યુવકે પતિ તરીકેનો રોફ જમાવતાં કહ્યું "ના, હું કહું છું તે ખરું છે, તે ડાબી તરફ ગયો." આ પ્રશ્ન વધી પડ્યો અને આખરે તેઓએ છૂટાછેડા લીધા.

સાત વર્ષ છૂટાં રહ્યા પછી મિત્રોની સમજાવટથી તેમની વચ્ચે સમાધાન થયું. તેઓ સાંજે એ જ રૂમમાં એ જ ટેબલ પાસે સાથે જમવા બેઠાં. યુવતી બોલી, "આપણે કેવા મૂર્ખ કહેવાઈએ કે એક ઉંદર જે જમણી તરફના દરમાં પેસી ગયો એવી નાની વાતને કારણે ઝઘડો કર્યો." યુવકે ફરી ગર્જના કરી, "શું તું ફરી ઝઘડો શરૂ કરવા માગે છે? મેં કહ્યું કે ઉંદર ડાબી બાજુના દરમાં ગયો, ના જમણી બાજુ, ના -"

અને ફરી તેઓ હંમેશાને માટે છૂટાં પડી ગયાં.

બે ભરવાડ મિત્રો સાંજના સમયે મેદાનમાં બેઠાં બેઠાં વાતો કરતા હતા. એકે કહ્યું, "મને આકાશ જેવડું મોટું સરસ મેદાન મળે તો કેવું સારું! બીજાએ કહ્યું, "મને આકાશના તારા જેટલાં

ઘેટાં મળે તો કેવું મઝાનું!" પહેલાએ કહ્યું, "રહેવા દે, એટલું મોટું ઘેટાંનું ટોળું લઈને ચરાવવા ક્યાં જઈશ?" બીજાએ કહ્યું, "એમાં શી મુશ્કેલી છે! તારું જે આકાશ જેટલું મેદાન છે. એના ઉપર ચરશે." પહેલો બરાડી ઊઠ્યો, "ના, હોં, મારા મેદાન પર તારાં ઘેટાં ના જોઈએ. "ના" કેમ? મારાં ઘેટાં ત્યાં જ ચરશે, ના નહિ ચરે, ના ચરશે..." અને બંને લડી પડ્યા.

એકની પાસે મેદાન નથી, બીજા પાસે ઘેટાં નથી. પણ તેમની પાસે જે નથી એને માટે લડવા લાગ્યા.

કેટલી વાર આપણા ઝઘડાઓ આવા અર્થ વગરના નથી હોતા! ઝઘડાના મૂળમાં જુઓ તો કશું હોય નહિ, પણ ઝઘડો ભારે લાંબો ચાલે.

કવિ ઉમાશંકર જોષીની પંક્તિઓ :-

"આવી ચઢે જો પ્રભુ, તું કદીક,<br>
તો આવજે તું થઈને મનુષ્ય,<br>
મનુષ્યથી ના અદકું કંઈ જ -<br>
મનુષ્યમાંય શિર જેનું ઊર્ધ્વ"

કવિ નથી જાણતો કે પ્રભુ ઈસુ મનુષ્ય થઈને નાતાલે આ પૃથ્વી પર આવ્યા છે.

◆◆◆

## ૧૪૩. ફુરસદની પળો

"ઓહ, જમવા બેસવાને હજી દસ મિનિટની વાર છે, બીજું કંઈ કરવાનો હવે સમય નથી." આવી વાત સર્વસામાન્ય બની ગઈ છે. પરંતુ આવી ક્ષણોના ટુકડામાંથી ઘણાએ કેવી આલિશાન ઈમારતો રચી છે! જેને મોટા ભાગના લોકો જીવનના ઉકરડામાં ફેંકી દે છે એવી ફાજલ મિનિટો, અધૂરા કલાકો, અણધારી રજાઓ, અનિયમિત મુલાકાતીઓની વાટ જોવાનો સમય વગેરે વગેરેને ઘણાએ ઉપયોગિતામાં બદલી નાખ્યા છે.

મેરીઓન હારલેન્ડ, બાળકો સૂઈ જાય પછી મળતી ફુરસદની પળોમાં પોતાની નવલકથાઓ અને પત્રોમાંના લેખો લખ્યા હતા.

અબ્રાહમ લિંકન રસ્તામાં ચાલતાં ચાલતાં પુસ્તકો વાંચી નાખતા.

બીચરે ફ્રાઉડેનું 'ઇંગ્લાંડ' પુસ્તક રોજ જમવાની રાહ જોતી વખતે જ વાંચેલું.

લોંગફેલોએ ઈન્ફેર્નોનો અનુવાદ કોફી ઊકળે તેની રાહ જોતી વખતે કરેલો.

હ્યુ મિલરે કડિયા કામ કરતાં કરતાં વિજ્ઞાનનાં પુસ્તકો વાંચેલાં.

મેડમ ડી જેનલીસ ફ્રાન્સની રાજકુંવરીને શિક્ષણ આપતી. આ કુંવરી આવે તેની રાહ જોતી વખતે જે સમય મળે એમાં એણે પુસ્તકો લખેલાં.

બર્ન્સે ખેતરમાં કામ કરતી વખતે મળતા થોડા સમયનો ઉપયોગ કરી કાવ્યો રચેલાં.

"પેરેડાઈઝ લોસ્ટ" ના અંધકવિ મિલ્ટને પોતાની વ્યસ્ત જિંદગીમાં મળેલી ફુરસદની પળોમાં આ કાવ્ય રચેલું.

ગેલિલિયો સર્જન-ડોકટર હતો, છતાં એની કેટલીક મહાનતમ શોધો નવરાશના સમયમાં કરેલી.

માઈકલ ફેરેડેને અમુક પુસ્તક, બાંધવાના કામમાં રોકવામાં આવ્યો ત્યારે ફુરસદના સમયમાં તે વિજ્ઞાનના પ્રયોગો કરતો. એમાંથી તે મોટો વિજ્ઞાની બન્યો.

અલેકઝાંડર વોન હમ્બોના દિવસો ખૂબ પ્રવૃત્તિમાં જતા, આથી રાત્રે જ્યારે બીજા ઊંઘમાં હોય ત્યારે તે પોતાની વૈજ્ઞાનિક સાધના કરતો.

વરમાઉન્ટનો વિખ્યાત મોચી રોજ એક કલાક કાઢીને અભ્યાસ કરી ખ્યાતનામ ગણિતશાસ્ત્રી બન્યો.

સુથારી કામથી જીવન શરૂ કરનાર હન્ટરે ફુરસદની પળોમાં એકઠા કરેલા શરીરવિદ્યાના ૨૪ હજાર નમૂનાઓ ગોઠવતાં પ્રોફેસર ઓવનને દસ વર્ષ લાગ્યા.

ફ્રેન્કલિને પોતાનાં ઉત્તમ પુસ્તકો "ઈમ્પ્રુવમેન્ટ ઓફ નેવિગેશન" અને "સ્મોકી ચીમનીઝ" જહાજના તૂતક પર લખેલાં.

ગ્રોટેએ પોતાનું અજોડ પુસ્તક "ગ્રીસનો ઈતિહાસ" બેન્કર તરીકેની ફરજોમાંથી મળેલા ફાજલ સમયમાં લખેલું.

જ્યોર્જ સ્ટીફન એન્જીનિયર હતો ત્યારે રાતપાળી દરમિયાન તે અંકગણિત શીખ્યો.

મોઝાર્ટે પોતાની મરણ પથારીમાં હતો ત્યારે પોતાનું વિખ્યાત પુસ્તક "રેક્વિયમ" લખ્યું.

સીઝરે કહ્યું છે કે, "ભયંકર યુદ્ધના સંઘર્ષ દરમિયાન પણ મારા તંબૂમાં મને બીજી ઘણી બાબતો વિષે વિચારવાનો સમય મળ્યો છે."

ડૉ. મેસન ગુડે "લ્યુક્રેટ્યુસ"નું ભાષાંતર લંડનમાં પોતાના દર્દીઓની મુલાકાતે જતાં રસ્તામાં કરેલું.

હર્ની કીર્કે વ્હાઈટ, વકીલની ઓફિસે કામ કરવા જતાં-આવતાં ચાલતી વખતે ગ્રીક ભાષા શીખ્યો.

ડૉ. બર્ન ઘોડા ઉપર સવારી કરતા હોય તે વખતે ઈટાલિયન અને ફ્રેન્ચ ભાષા શીખ્યા.

જમીન માપણીનું કામ કરતાં મળેલી પળોમાં લિંકને કાયદાનો અભ્યાસ કરેલો.

ઘણી બહેનો નવરાશના સમયમાં વાતો કરતાં કરતાં, અથવા ગાડી કે બસની મુસાફરી કરતાં કરતાં ઝભલાં, મોજાં કે સ્વેટર ગૂંથે છે.

આ પુસ્તક જે તમે વાંચી રહ્યા છો તે, ૧૯૯૨ના નાતાલના દિવસોમાં અમદાવાદમાં તોફાનોને કારણે પડેલા કરફ્યુ દરમિયાન (સંચારબંધી) મળેલી ફુરસદની પળો અને દિવસોમાં તૈયાર થયું.

**કટોકટીની પળે ઈસુની છેલ્લી સેવા કરનાર :-**

સિમોન કુરેની - વધસ્તંભ ઊંચક્યો.
અરિમથાઈનો યોસેફ - ઈસુની દફનવિધિ કરી.
રૂમી સિપાઈ - સરકો પીવા આપ્યો.
વિરોનીકા - ઈસુનો પરસેવો લૂછ્યો.

**એક આંસુ :-**

"હજારો લાખ હાસ્યોનાં
હશે કૈં મૂલ રૂદનોનાં,
આંક્યાં ન મૂલ્ય અંકાતાં
અનુતાપી એક આંસુનાં."

♦♦♦

## ૧૪૪. ભલે પધારો

અમેરિકન સુવાર્તિક જોન મોરિસન ઘણા દેશોની સુવાર્તિક મુસાફરી કરીને અને દસ હજાર આત્માઓને પ્રભુને ખાતર જીતીને ઘણા મહિને ઘેર આવી રહ્યા હતા. હવે એવું બન્યું કે તે વખતના અમેરિકાના પ્રેસિડેન્ટ થીઓડોર રૂઝવેલ્ટ શિકાર પરથી પાછા ફરી રહ્યા હતા. આ બંને જણ એક જ વહાણમાં મુસાફરી કરી રહ્યા હતા. ન્યૂયોર્કના બંદર પર હજારો માણસો આનંદથી કિકિયારીઓ પાડી આવકાર આપી રહ્યા હતા. મોરિસને માન્યું કે, "આ મારો આવકાર થઈ રહ્યો હશે, પણ પછી જાણ્યું કે આ મારો આવકાર નહિ પણ પ્રેસિડેન્ટનો આવકાર થઈ રહ્યો છે, જે આફ્રિકામાં અનેક મૂંગાં પ્રાણીઓનો શિકાર કરીને પાછા ફરી રહ્યા હતા." ત્યાં કોઈને જોન મોરિસનમાં રસ નહોતો. ત્યાંથી તેઓ એક જ ગાડીમાં સાથે મુસાફરી કરતા હતા. પ્લેટફોર્મ પર પણ એમ જ હજારો લોકો રૂઝવેલ્ટનો આવકાર કરવા આવ્યા હતા. મોરિસનનો નહિ.

માનવી સ્વભાવ પ્રમાણે મોરિસનને ખોટું લાગ્યું, તેમણે પ્રભુને ફરિયાદ કરી. "પ્રભુ, હું આત્માઓ જીતીને ઘેર પાછો આવ્યો, ત્યારે આવો મારો આવકાર!" ત્યારે એક દૈવી અવાજ આવ્યો, "મોરિસન, તું હજી ઘેર આવ્યો નથી. તું જ્યારે "ઘેર" આવશે (સ્વર્ગમાં) ત્યારે જોજે. અહીં તારો કેવો ભવ્ય આવકાર થશે, કેવું માન મળશે!"

આપણી સેવાનો બદલો, માન અને સત્કાર પ્રભુ આપણને સ્વર્ગમાં આપશે, તે દિવસની રાહ જોઈએ. રાહ જોતાં સેવામાં વિશ્વાસુ રહીએ.

શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર!

◆◆◆

## १४५. ઈસુ તમને ચાહે છે

૧૯૬૯ની સાલમાં કેન્યામાં ખ્રિસ્તીઓ મુસીબતમાં આવી પડ્યા હતા. તેઓએ અન્ય દેવોના નામે શપથ લેવાની ના પાડી હતી. આને કારણે ઘણાંને મારી નાખવામાં આવ્યા, ઘણાંને મરણ પામતાં સુધી મારવામાં આવ્યા. એક ખ્રિસ્તીભાઈને આ રીતે ખૂબ માર્યા હતા. તેઓ હોસ્પિટલમાં હતા, તેમનાં પત્નીને પણ મારવામાં આવ્યાં હતાં. બંને હોસ્પિટલમાં હતાં અને ત્યાં પેલા ભાઈ મરણ પામ્યાં. તેમની દફનક્રિયામાં હજારો માણસો આવ્યાં પત્નીને પણ દફનક્રિયામાં ભાગ લેવા લાવવામાં આવી. ગીત ગાયા પછી આ વિધવા સ્ત્રી ઊભી થઈ અને જે બોલી તે બીજા દિવસે પેપરોમાં છાપવામાં આવ્યું. આ સ્ત્રીએ આ પ્રમાણે કહ્યું : "મારા પતિએ મરતાં અગાઉ મને જે કહ્યું હતું તે હું તમને કહેવા માગુ છું. તેમણે કહ્યું હતું કે, મને મારનારા તમામને માટે હૃદયમાં પ્રેમ લઈને હું સ્વર્ગે જાઉં છું. તેમણે જે કર્યું હતું તેની તેમને માફી આપવામાં આવી છે, કારણ કે, પ્રભુ ઈસુ તેઓના ઉપર પણ પ્રેમ કરે છે. હું તેમની વિધવા તરીકે મારા પતિના શબ આગળ કહું છું કે જેઓએ તેમને માર્યા છે તેઓના પ્રત્યે મને જરાપણ નફરત નથી. ઈસુ તેઓને માટે પણ મરણ પામ્યા છે, એ જાણીને હું પણ તેમને માફી આપું છું."

"બાપ, તેઓને માફ કર, કેમ કે, તેઓ શું કરે છે તે તેઓ જાણતા નથી."

◆◆◆

## ૧૪૬. છાપરા ઉપર ઊંટ

રાજા ઈબ્રાહીમ ઈશ્વરને શોધતો હતો, પણ ઈશ્વર મળ્યા નહિ. એક રાત્રે તેના છાપરા ઉપર કોઈ બૂટ પહેરીને ચાલતું હોય એવો અવાજ તેણે સાંભળ્યો. ઉપર જઈને જોયું તો તેનો એક મિત્ર છાપરા ઉપર ઊભો હતો, રાજાએ પૂછ્યું, ''અહીં રાત્રે શું કરે છે?'' મિત્રે જવાબ આપ્યો, ''મારું ખોવાયેલું ઊંટ શોધવા નીકળ્યો છું.'' ''તું મૂર્ખ છે, રાતના સમયે છાપરા ઉપર ઊંટ શોધવા નીકળ્યો છે.'' મિત્રે જવાબ આપ્યો, ''ગાદી ઉપર બેસીને ઈશ્વરને શોધવા એ પણ એટલું જ મૂર્ખાઈ ભર્યું છે.'' રાજા મતલબ સમજી ગયા.

''ઈશ્વર મળે છે એટલામાં તેને શોધો,
તે પાસે છે એટલામાં તેને હાંક મારો''

♦♦♦

## ૧૪૭. માનવંતા મહેમાનો

બીજા વિશ્વયુદ્ધ પછી સોવિયેટ લશ્કરે રોમાનીઓનો કબજો લીધો. મોટા ભાગના જર્મન સૈનિકોને કેદમાં પૂરવામાં આવ્યા. એક રાત્રે જ્યારે કેટલાક સૈનિકોને સ્થળાંતર કરાવવામાં આવી રહ્યું હતું ત્યારે બે જર્મન સૈનિકો રાતના અંધકારનો લાભ લઈ ભાગી છૂટ્યા. તેઓ પોતાના સૈનિકો પોષાકમાં હતા અને જ્યાં જાય ત્યાં જીવનું જોખમ હતું. એવામાં તેમણે એક મકાન જોયું, જેના ઉપર લખવામાં આવ્યું હતું, "ઈવેન્જલિકલ લ્યૂથરન ચેપલ" તેમણે વિચાર્યું કે લ્યૂથરન અને રોમાનીઆ બંને લગભગ જર્મન પશ્ચાદભૂમિકા ધરાવે છે તેથી આપણને અહીં આશ્રય મળશે. આમ ધારીને તેઓ અંદર પેઠા. ત્યાંના પાળકે તેમને આવકાર આપ્યો. પછી પાળકે કહ્યું, "હું યહૂદી-ખ્રિસ્તી પાળક છું. મારા કુટુંબને જર્મન લોકોએ મારી નાખ્યું. પણ ખ્રિસ્તનો પ્રેમ, માફી આપવા શીખવે છે. જર્મનોએ જે કર્યું છે તેને માટે હું તમને દોષિત ઠરાવતો નથી. અહીં તમે ભયમુક્ત છો. તમે મારા ચર્ચમાં આશ્રય લીધો છે અને તેથી તમે મારા માનવંતા મહેમાનો છો."

એક જર્મન સૈનિકે કહ્યું, "જો તમે ખ્રિસ્તી છો તો અમે સલામત છીએ."

જ્યારે આપણે ઈશ્વરના દુશ્મન હતા ત્યારે તેના દીકરા ઈસુ ખ્રિસ્તના મરણદ્વારા તેની સાથે આપણું સમાધાન કરાવ્યું. (રૂમી ૫ : ૧૦)

◆◆◆

# ૧૪૮. ઈખાબોદ

એક જુવાન પાળક, ઉત્સાહી અને દેવના અગ્નિથી સળગતો, સુવાર્તાનો વિશ્વાસુ સેવક, દેવ સિવાય કોઈનું ભય રાખતો નહિ. એની મંડળીનું બધું સારું ચાલતું હતું.

એક દિવસે એની મંડળીના એક માનવંતા સભ્યે તેને સલાહ આપતાં કહ્યું, ''પાળક સાહેબ તમે જુવાન છો પણ તમારી બુદ્ધિ ધારદાર છે. સારા સંદેશા આપો છો અને બધા લોકો સાથે હળીમળીને રહો છો. પણ એક વાત છે કે તમારા સંદેશાઓ બહુ કડક હોય છે. જો અહીં રહેવું હોય તો જરા ધીમા પડો અને મીઠા સંદેશાઓ આપો.'' થોડી વાર અટકીને પછી બોલ્યા, ''જુઓ પાળક, અહીંથી થોડે દૂર એક સારી અને મોટી મંડળી છે જે પાળકની શોધમાં છે, ત્યાં તમને પગાર પણ સારો મળશે અને ખ્યાતિ પણ મળશે. પણ ત્યાં જવા માટે તમારે તમારા સંદેશાઓ સુધારવા પડશે. નરમ વલણ અપનાવો. પુલ્પિટ પર જાઓ ત્યારે શાંતિ રાખો.''

જુવાન પાળકને લાગ્યું કે આ ભાઈ ખરું કહે છે, મારે બહુ કડક રીતે બોલવું ના જોઈએ. લોકો ને ગમે તેવા મીઠા સંદેશાઓ આપવા જોઈએ. પછી તે પાળક પેલી નવી મોટી મંડળી પર ગયા. સંદેશાઓ આપતા સંભાળ રાખતા કે લોકોને સાંભળવું ગમે એવું બોલવું. થોડો સમય ઠીક ચાલ્યું, પછી પાળકને લાગ્યું કે સંદેશો આપવામાં તકલીફ પડે છે. પછી તો જાણે લોકોને આપવા માટે તેમની પાસે કોઈ સંદેશો જ ના હોય એવું લાગ્યું. તેમણે સંદેશા ગુમાવ્યા. ઘૂંટણે પડીને ઈશ્વર પાસે પોતાના અગાઉના જેવા સંદેશા માગ્યા, પણ કોઈ ઉત્તર મળ્યો નહિ. પાળક કહે છે : ''મેં સંદેશાનું સામર્થ્ય ગુમાવ્યું. અગાઉના જેવા સંદેશા હું કદી આપી શક્યો નહિ.'' દેવનું ગૌરવ ચાલ્યું ગયું. - ઈખાબોદ (જેનામાંથી ગૌરવ ચાલી ગયું છે તેવો માણસ) અપકીર્તિમાન - ૧ શમૂ. ૪ : ૧૯-૨૨.

◆◆◆

## ૧૪૯. પક્ષીની સલાહ

એક ટેક્સી ડ્રાઈવરે એક સુંદર નાનું પક્ષી પકડયું. તે તેની ગરદન મરડી નાખવા જતો હતો એટલામાં પક્ષી બોલ્યું, ''મને મારશો નહિ મારે નાનાં બચ્ચાં છે. જો તમે જીવનદાન આપો તો બદલામાં હું તમને ખૂબ ઉપયોગી એવી ત્રણ સલાહ આપું.'' પેલો માણસ નવાઈ પામ્યો અને તેણે પક્ષી પાસે સલાહ માગી. પક્ષીએ આ પ્રમાણે સલાહ આપી :

''પહેલું : કોઈની પણ મૂર્ખાઈભરી વાત માનવી નહિ, પછી એ કહેનાર ગમે તે હોય.''

બીજું : ''કોઈ પણ સારી બાબત કરી હોય તો તેનો કદી પસ્તાવો કરવો નહિ.''

ત્રીજું : ''જેને મેળવી શકાય એમ ના હોય તેની પાછળ આંધળી દોટ મૂકવી નહિ.''

ટેક્સી ડ્રાઈવરને આમાં ડહાપણ લાગ્યું, આથી પક્ષીને છોડી મૂક્યું. પક્ષી ઊડીને પાસેના ઝાડની પહેલી ડાળ ઉપર જઈને બેઠું અને મશ્કરી કરતાં કહેવા લાગ્યું, ''અરે મૂર્ખ, તેં મને કેમ છોડી દીધું? મારા પેટમાં તો હીરો છે. જો આ હીરો તારા હાથમાં આવ્યો હોત તો તું દુનિયાનો ધનવાન માણસ બની જાત!''

આ સાંભળીને ટેક્સી ડ્રાઈવરને પસ્તાવો થયો કે અરેરે, મેં ક્યાં આને છોડી દીધું! પછી પક્ષીને પકડવા ઝાડ ઉપર ચઢ્યો. પહેલી ડાળીએ પહોંચ્યો ત્યારે પક્ષી ઊડીને બીજી ડાળીએ જઈ બેઠું. ડ્રાઈવર બીજી ડાળીએ પહોંચ્યો ત્યારે પક્ષી ત્રીજી ડાળીએ જઈ બેઠું. ડ્રાઈવર ત્રીજી ડાળીએ ચઢવા ગયો ત્યાં તો પગ લપસ્યો

અને ભોંય ભેગો થયો, અને બંને પગ ભાંગી ગયા.

પક્ષી ઊડીને તેની પાસે આવ્યું અને બોલ્યું, "ભલા માણસ, મારી સલાહ પાંચ મિનિટ તો યાદ રાખવી હતી!"

"મેં તને કહ્યું હતું કે કોઈની મૂર્ખાઈભરી વાત માનવી નહિ. તો પછી મારા પેટમાં હીરો છે એવી વાત મેં કહી તે કેમ માની લીધું? શું પક્ષીના પેટમાં તે હીરો કદી હોતો હશે?

બીજું, મેં કહ્યું હતું કે સારું કામ કર્યા પછી પસ્તાવો કરવો નહિ, તો પછી મને છોડી મૂકવાનું સારું કામ કર્યા પછી તને કેમ પસ્તાવો થયો?

ત્રીજું, મેં કહ્યું હતું કે મેળવી શકાય નહિ એવી વસ્તુ પાછળ આંધળી દોટ મૂકવી નહિ. હવે તું જાણે છે કે પક્ષીને આ રીતે ઝાડ પર કદી પકડી શકાય નહિ, તોપણ તું મને પકડવા દોડ્યો.

તેં મારી સલાહ સાંભળી પણ માની નહિ, માટે હવે તેનાં ફળ ભોગવ."

"વચનના માત્ર સાંભળનારા જ નહિ પણ પાળનારા થાઓ."

"તમે મને પ્રભુ, પ્રભુ કહો છો, પણ હું જે કહું છું તે કરતાં નથી."

♦♦♦

## ૧૫૦. નાટક

મોસ્કોના એક થિયેટરમાં નવું નાટક ભજવાઈ રહ્યું હતું. હોલ ચિક્કાર હતો. મુખ્ય હીરો એલેકઝાંડર કટ્ટર માર્કિચિસ્ટ પંથનો હતો, અને તેણે ઈસુનું પાત્ર ભજવવાનું હતું. સ્ટેજ ઉપર ઈસુની મશ્કરીરૂપે દારૂની બાટલીઓનો ક્રોસ બનાવીને મૂકવામાં આવ્યો હતો. સાધ્વીઓ પત્તા રમી રહી હતી. આ દરમિયાન મશ્કરીરૂપે ખ્રિસ્તી ભજન સેવા ચાલતી હતી.

એલેકઝાંડર ઈસુના પાત્રમાં લાંબો ઝભ્ભો પહેરીને સ્ટેજ પર આવ્યો. એના હાથમાં નવો કરાર હતો. એને આપેલા પાત્ર પ્રમાણે એણે પહાડ પરના ભાષણમાંથી બે-ત્રણ વાક્યો વાંચવાનાં હતા અને પછી નવો કરાર ફેંકી દેવાનો હતો. તેણે વાક્યો વાંચવાનાં શરૂ કર્યા પણ કશું અવનવું કે નવીન બન્યું. એલેકઝાંડર બે-ત્રણ વાક્યો વાંચીને થોભી ગયો નહિ કે નવો કરાર ફેંકી દીધો નહિ, પણ એલેકઝાંડર આખું ભાષણ વાંચી ગયો. પડદા પાછળથી ઘણાં ઈશારા કર્યા, 'હવે બંધ કર.' જ્યારે તે છેલ્લા વાક્ય ઉપર આવ્યો ત્યારે હાથથી ક્રોસનું નિશાન કર્યું, અને મોટેથી બોલ્યો, "પ્રભુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે." - અને સ્ટેજ છોડીને ચાલ્યો ગયો. ફરી કદી દેખાયો નહિ, કારણ કે સામ્યવાદીઓએ તેને ખતમ કરી નાખ્યો.

દેવનું વચન કદી ખાલી પાછું ફરશે નહિ.

◆◆◆

# ૧૫૧. માફી આપતો પ્રેમ

સામ્યવાદી દેશમાં બનેલી ઘટના.

જેલની એક કોટડીમાં ફક્ત બધા ખ્રિસ્તી કેદીઓને રાખવામાં આવેલા. ત્યાં એક સવારે એક નવા કેદીને ધકેલવામાં આવ્યો. શરૂઆતમાં તો કોઈએ એને ઓળખ્યો નહિ, પણ થોડી મિનિટો પછી એક જણે બૂમ પાડી, "અરે! આ તો પેલો કેપ્ટન, જેણે ખ્રિસ્તીઓને સતાવવામાં કંઈ બાકી રાખ્યું ન હતું." બધા તેની આજુબાજુ ટોળે વળી ગયા, અને પૂછ્વા લાગ્યા કે, "તમે અહીં શી રીતે આવ્યા?" આંખોમાં આંસુ સાથે તેણે નીચે પ્રમાણે જણાવ્યું :

"કેટલાક મહિના પહેલા હું મારી ઓફિસમાં બેઠો હતો ત્યારે બાર વર્ષનો એક છોકરો હાથમાં ફૂલનો ગુચ્છો લઈને આવ્યો અને બોલ્યો, "કેપ્ટન તમે મારાં મા અને બાપને કેદમાં પૂર્યાં હતાં. આજે મારી માનો જન્મદિવસ છે અને દર વખતે હું મારી માને તેના જન્મદિવસે ફૂલો આપું છું. પણ તમારે કારણે આજે મારી મા હયાત નથી. પણ મારી માએ મને શીખવ્યું હતું કે દુશ્મનો ઉપર પણ પ્રેમ કરવો, તેથી મેં વિચાર્યું કે તમારાં બાળકોને માટે આજે હું ફૂલો લાવું. મહેરબાની કરીને આ ફૂલો તમારી પત્નીને આપો અને તેમને મારા પ્રેમ વિશે અને ખ્રિસ્તના પ્રેમ વિશે કહો." હું તે છોકરાંને ભેટી પડ્યો. મેં નિર્ણય કર્યો કે હું મારી નોકરી છોડી દઈશ અને હવેથી ખ્રિસ્તીઓની સતાવણી મારે હાથે કદી થશે નહિ. મારા આવા નિર્ણયને કારણે મને અહીં જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. પણ જેઓને મેં જેલમાં પૂર્યાં હતા તેમની સાથે એક જ કોટડીમાં મને પૂરવામાં આવ્યો છે તેને હું મારું અહોભાગ્ય સમજું છું. હું પણ તમારામાંનો એક છું."

માફી આપતો પ્રેમ એ જ વિજયવંત ખ્રિસ્તી જીવન જીવવાની ચાવી છે.

◆◆◆

# ૧૫૨. એકંદરે સઘળું હિતકારક

એક માણસને એક અજાણ્યા ટાપુ પર ફેંકી દેવામાં આવ્યો. આખા ટાપુ પર એ એક જ માણસ હતો. તેણે હિંમત કરી પોતાને રહેવા માટે એક નાની લાકડાની ઝૂંપડી બનાવી. રોજ ઈશ્વરને પ્રાર્થના કરતો કે કોઈ વહાણ અહીં થોભે અને તેને લઈ જાય.

એક દિવસ તે શિકાર કરીને પાછો આવ્યો તો તેની નાની ઝૂંપડીમાં આગ લાગી હતી અને બધું ભડકે બળી રહ્યું હતું. એને માટે આ કરુણ બીના હતી. પણ ઈશ્વરની યોજનામાં આ કરુણ બીના આશીર્વાદિત બની ગઈ. આ તો એની પ્રાર્થનાનો જવાબ હતો. થોડી જ વારમાં એક વહાણ ત્યાં આવીને થંભ્યું. કેટલાક માણસો ત્યાં આવ્યા. તેમણે કહ્યું, "તમારી આ ધુમાડાની અને આગની નિશાની અમે દૂરથી જોઈ અને તપાસ કરવા અમે અહીં થોભ્યા." પેલો માણસ આનંદથી નાચી ઊઠ્યો.

લાજરસનું મરણ પણ ઈશ્વરને મહિમા આપનારું બની ગયું. યોહાનને માટે પાત્મસ બેટ જેલ નહિ, પણ ભવિષ્યમાં બનનાર બીનાઓ અને સ્વર્ગીય મહિમા જોવાનું સ્થળ બની રહ્યું.

"જેઓ ઈશ્વર પર પ્રેમ રાખે છે તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે." (રૂમી ૮ : ૨૮)

♦♦♦

## ૧૫૩. કેપ્ટન

એક દિવસે નેપોલીઅન પોતાના ઘોડા ઉપર બેસીને જઈ રહ્યા હતા. અચાનક ઘોડો ભડક્યો અને ચારેબાજુ ફરવા લાગ્યો. નેપોલીઅન ઘોડા પરથી પડી જવાની તૈયારીમાં હતો એવામાં એક સિપાઈ આ જોઈને દોડી આવ્યો અને ઘોડાની લગામ પકડી તેને કાબૂમાં આણ્યો. નેપોલીઅન બચી ગયા. તેમણે તે સિપાઈને કહ્યું, ‘‘કેપ્ટન, તમારો આભાર.’’

પછી તે સિપાઈ ત્યાંથી સીધો ઓફિસરોની મેસમાં ગયો. અને કેપ્ટનની અદાથી ખોરાક લાવવા હુકમ કર્યો. બીજાઓએ તેને કહ્યું, ‘‘અરે, આવી રીતે હુકમ કરવાનો તને શો અધિકાર છે?’’ સિપાઈએ કહ્યું, ‘‘કેમ? હું કેપ્ટન છું.’’ બીજાઓએ તેની મશ્કરી કરતાં કહ્યું, ‘‘કેપ્ટન? તું? પણ તારી પાસે કેપ્ટનનો બિલ્લો નથી, તેં કેપ્ટનની તાલીમ લીધી નથી અથવા તારા હાથ નીચે કોઈ ટુકડી મૂકવામાં આવી નથી. પછી તું શાનો કેપ્ટન!’’

તેણે ઉત્તર આપ્યો, ‘‘હા, હું કેપ્ટન છું, કારણ કે નેપોલીઅને પોતે મને કેપ્ટન કહ્યો છે.’’

‘‘જેટલાંએ તેના નામ પર વિશ્વાસ કર્યો તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો.’’ (યોહાન ૧ : ૧૨). દેવે પોતે આપણને તેનાં છોકરાં કહ્યાં છે, ઈસુએ પોતે આપણને તેના મિત્રો કહ્યાં છે. આ પૂરતું છે.

◆◆◆

## ૧૫૪. તું પણ જઈને એમ કર

મકારીઅસને કોઈક શોધકે સવાલ પૂછ્યો કે, “જગત સંબંધી મરણ પામવું એનો શો અર્થ? એ કેવી રીતે બની શકે?”

મકારીઅસે જવાબ આપ્યો, “તમે કબરસ્તાનમાં જાઓ, ત્યાં જેઓ સૂતેલાં છે તેઓનાં જોરશોરથી વખાણ કરો, તેમની પ્રશંસા કરો અને જગતમાં જેઓ જીવતાં છે તેમની જોરશોરથી નિંદા કરો, અપમાન કરો - પછી મારી પાસે આવીને કહો કે ત્યાં શું બન્યું?”

શોધકે તેના કહ્યા પ્રમાણે કર્યું. પછી મકારીઅસ પાસે પાછો આવ્યો. તેને પૂછ્વામાં આવ્યું કે, “ત્યાં શું બન્યું?” શોધકે જવાબ આપ્યો કે, “ત્યાં સૂતેલાંમાંથી કોઈએ કશો જ જવાબ આપ્યો નહિ.” મકારીઅસે તેને કહ્યું, “તું પણ જઈને એ પ્રમાણે કર.”

“તમે જગતનું રૂપ ન ધરો.”

ઈસુ ખ્રિસ્ત પોતાને મારનારાઓની સામે શાંત રહ્યા. પ્રેરિત પાઉલ કહે છે : હું વધસ્તંભે જડાઈ ગએલો છું. હવેથી હું નહિ પણ મારામાં ખ્રિસ્ત જીવે છે.

◆◆◆

## ૧૫૫. ન્યાયી વિશ્વાસથી જીવશે

યહૂદી રાબ્બી સિમ્લા કહે છે તાલ્મુદમાં (શાસ્ત્રમાં પાંચ પુસ્તકો) મૂસાએ ૬૧૩ આજ્ઞાઓ આપી છે. પણ દાઉદે ઘટાડીને ફક્ત ૧૧ આજ્ઞાઓ કરી નાખી. આ અગિયાર આજ્ઞાઓ આ પ્રમાણે છે. (૧) સાધુશીલતા પાળવી. (૨) ન્યાયથી વર્તવું. (૩) હૃદયમાં સત્ય બોલવું. (૪) જીભે ચાડી કરવી નહિ. (૫) મિત્રનું ભૂંડું કરવું નહિ. (૬) પડોશી ઉપર તહોમત મૂકવું નહિ. (૭) પાજી માણસને ધિક્કારવો. (૮) યહોવાના ભક્તોને માન આપવું. (૯) સોગન ખાઈને ફરી જવું નહિ. (૧૦) નાણાં વ્યાજે મૂકવાં નહિ. (૧૧) નિરપરાધી વિરુદ્ધ લાંચ લેવી નહિ. (ગી. શા. ૧૫).

પછી યશાયા આવ્યા અને તેમણે ઘટાડી છ આજ્ઞાઓ કરી. તે આ પ્રમાણે છે : (૧) ન્યાયથી વર્તવું. (૨) સત્ય બોલવું. (૩) જુલમની કમાઈને ધિક્કારવી. (૪) લાંચ લેવી નહિ. (૫) ખૂન વિશે પોતાના કાન બંધ કરવા અને (૬) ભૂંડું ન જોવા માટે આંખ બંધ કરવી (યશા. ૩૩ ; ૧૫, ૧૬).

પછી મિખાહ પ્રબોધક આવીને તેમાં પણ ઘટાડો કરીને ત્રણ આજ્ઞા કરી નાખે છે : (૧) ન્યાયથી વર્તવું. (૨) દયાભાવ રાખવો અને (૩) દેવની સાથે નમ્રતાથી ચાલવું (મીખાહ ૬ ; ૮) અને છેલ્લે હબાકુક આવીને એક જ આજ્ઞા આપે છે :

"ન્યાયી વિશ્વાસથી જીવશે."

વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરી શકાતો નથી. ધર્મસુધારણા વખતે લ્યુથરે આ આજ્ઞાનો જ ઉપયોગ કર્યો હતો.

♦♦♦

# ૧૫૬. દુનિયાની માંદગીનો ઉપાય

અબ્રાહમ લિંકન એ એવી પ્રથમ વ્યક્તિ હતી. જેમણે પોતાના રક્ષણ માટે મશીનગન ખરીદી હતી. પરંતુ એ એમનું રક્ષણ કરી શકી નહિ અને તેમનું ખૂન થઈ ગયું.

અમેરિકાના આર. જે. ગેટલીંગ નામના માણસે મશીનગનની શોધ કરી હતી. તેમની આશા હતી કે, આ મશીનગનથી એક સિપાઈ સો સિપાઈનું કામ કરી શકશે અને હવે વધુ લશ્કરી સિપાઈઓની જરૂરત રહેશે નહિ. પરંતુ લશ્કરોની સંખ્યા તો વધતી અને વધતી જ ગઈ છે.

ત્યાર બાદ હિરામ મેકસીમ નામની વ્યક્તિએ વધુ સારી જાતની મશીનગન બનાવી. એનાથી તે ઘણાં નાણાં કમાયો. પણ આ મશીનગને અમેરિકામાં અને અન્ય દેશોમાં એકબીજાનાં ગળાં કાપવાનું કામ કર્યું છે.

ત્યાર બાદ તો જાતજાતના બોમ્બ અને અણુબોમ્બ શોધાયા અને દુનિયાની પાયમાલી થતી જ રહી.

વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને કહ્યું હતું કે ત્રીજું વિશ્વયુદ્ધ શેનાથી લડાશે તે હું જાણતો નથી (કયા હથિયારો વપરાશે તે) પણ મને ખાતરી છે કે ચોથું વિશ્વયુદ્ધ પુરાતન લોકોની પ્રથા પ્રમાણે લાકડીઓ અને પથ્થરોથી લડાશે.

સ્વ. ઈન્દિરા ગાંધીનું ખૂન થયું તે દિવસે પેપરમાં કાર્ટુન હતું તે આ પ્રમાણે છે :

ઈન્દીરા ગાંધી સ્વર્ગમાં ગયાં, ત્યાં ગાંધીજી મળ્યા. ગાંધીજીએ પૂછ્યું, "બેટા ઈન્દિરા, ભારતે કેટલી પ્રગતિ કરી?" ઈન્દિરાએ

કહ્યું, "બાપુ, ભારત દેશે બહુ પ્રગતિ કરી છે. જુઓને, તમને ગોડસેએ પિસ્તોલની ગોળીથી માર્યા હતા, જ્યારે મને તો મશીનગનથી વીંધવામાં આવી, આ તે કંઈ ઓછી પ્રગતિ કહેવાય! ભારત દેશ પિસ્તોલથી મશીનગન સુધી પહોંચી ગયો છે."

જ્યારે સ્વ. કેનેડીનું ખૂન કરવામાં આવ્યું ત્યારે પણ એક કાર્ટુન હતું કે, સ્વર્ગમાં કેનેડીને લોહીથી લથબથ શરીરે પ્રવેશતા જોઈને અબ્રાહમ લિંકન બોલ્યા કે, "સો વર્ષ પછી હજી અમેરિકાના લોકો સુધર્યાં નથી?"

આનો ઉપાયો શો? આ માંદી દુનિયાને સાજી કરવાનો ઉપાય ૧ કોરિંથી ૧૩માં અધ્યાયમાં મળે છે. વિજ્ઞાન અને બાઈબલ આજે આ બાબત ઉપર સંમત થાય છે કે મોટા ભાગના પ્રશ્નોનો જવાબ એ પ્રેમ છે. પ્રેમથી પ્રશ્નો ઉકેલી શકાય છે.

માનસશાસ્ત્રી કાર્લ મેનિજર કહે છે કે દુનિયાની માંદગીનો ઉપાય (દવા) તે પ્રેમ છે. શાંતિ બંદૂકથી નહિ પણ પ્રેમથી સ્થાપી શકાશે. "જેવો પોતા પર તેવો તારા પાડોશી પર પ્રેમ કર."

◆◆◆

## ૧૫૭. આસ્તિક કે નાસ્તિક?

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના વિચારો અને શિક્ષણથી ઘણા બધાએ બાઈબલમાંથી અને ઈશ્વરમાંથી વિશ્વાસ ગુમાવ્યો હશે. પરંતુ એક એવી વ્યક્તિ હતી જેણે કદી પોતાનો વિશ્વાસ ગુમાવ્યો નહોતો - અને તે છે ડાર્વિન પોતે.

ડાર્વિનના શિક્ષણને કારણે ઘણા તેને નાસ્તિક સમજવાની ભૂલ કરી બેસે પણ હકીકતમાં તે નાસ્તિક નહોતો. ડાર્વિનના મરણ અગાઉ લેડી હેપ નામની એક બ્રિટિશ મહિલા વારંવાર તેની મુલાકાતે આવતી હતી. ડાર્વિન લાંબા સમય સુધી પથારીવશ રહ્યો હતો અને આ સમય દરમિયાન તે બાઈબલ વાંચતો હતો.

એક દિવસ પેલી મહિલાએ તેને પૂછ્યું, શું વાંચો છો? ડાર્વિને જવાબ આપ્યો, 'હેબ્રીઓને પત્ર' વાંચું છું. તે એક રોયલ પુસ્તક છે. પછી એક વાક્ય ઉપર આંગળી મૂકીને તેનો ખુલાસો આપવા લાગ્યો. પેલી મહિલાએ તેની સાથે વાત કરતાં જણાવ્યું કે, "ઉત્ક્રાંતિવાદના તમારા વિચારો અને લખાણે બહારની દુનિયામાં અનેક વમળો પેદા કર્યાં છે. અને ખાસ કરીને પૃથ્વીની ઉત્પત્તિ સંબંધી." ડાર્વિને કહ્યું, "એક જુવાન માણસ તરીકે મેં મારા અપરિપક્વ વિચારો વ્યક્ત કર્યા છે, મેં કેટલાંક સૂચનો કર્યાં, તપાસનો પડકાર આપ્યો, વિચારો પ્રદર્શિત કર્યા છે અને મને નવાઈ લાગે છે કે મારા એ વિચારોએ અગ્નિની જ્વાળા જેવું કામ કર્યું છે. લોકોએ એમાં ધર્મને શોધ્યો." પછી થોડી વાર અટકીને તે ઈશ્વરની પવિત્રતા વિશે બોલ્યો અને પછી તેના હાથમાં જે પુસ્તક હતું (બાઈબલ) તે વિશે વાત કરી.

પછી એકદમ તે બોલ્યો, ''મારું ઉનાળામાં રહેવાનું એક ઘર છે. તેમાં ત્રીસ માણસો સમાઈ શકે એવું મોટું છે.'' પછી આંગળી કરીને બારીમાંથી બતાવ્યું કે, ''જુઓ પેલું દેખાય. મારી ઈચ્છા છે કે ત્યાં તમે એક મિટિંગ ભરો અને ઉપદેશ આપો. અહીંના બધા નોકરો અને બીજા આજુ બાજુના થોડા લોકો આવશે. શું તમે ઉપદેશ કરશો?'' લેડી હેપે પૂછ્યું, ''શાના ઉપર બોલું?'' ડાર્વિને કહ્યું, ''ઈસુ ખ્રિસ્ત વિષે અને તેના દ્વારા મળતા તારણ વિષે બોલો. શું આ સૌથી ઉત્તમ વિષય નથી? હું અહીં પથારીમાં રહીને તમારી સાથે ગીતો ગાવામાં જોડાઈશ. બપોરે ત્રણ વાગે તમે મિટિંગ શરૂ કરો અને તે વખતે આ બારી ઉઘાડી હશે અને હું તમારી સાથે ગીત ગાવામાં જોડાએલો હોઈશ.''

ઉત્ક્રાંતિવાદ વિષે ડાર્વિન શીખવતો હતો ખરો, પરંતુ ઉત્ક્રાંતિની તમામ યોજના ઈશ્વરે કરેલી છે એ વિષે તેને જરા પણ શંકા નહોતી. એ નાસ્તિક નહોતો.

''જે વાતો તું શીખ્યો અને જેના વિષે તને ખાતરી થઈ છે તેઓને વળગી રહે'' (૨ તીમોથી ૩ ; ૧૪)

◆◆◆

## ૧૫૮. હોટેલ

શિયાળાની એક રાત્રે એક ભિખારી જેવા લાગતા માણસે એક મોટા બંગલાના બારણે ટકોરા માર્યા. ધનવાન માણસે બારણું ઉઘાડ્યું. ભિખારીએ આજીજી ભર્યા સ્વરે કહ્યું, "આજની રાત મને તમારી ઓરડીમાં આશ્રય આપશો?" ધનવાન માણસે ગર્જનાભર્યા અવાજમાં કહ્યું, "હું તને અંદર આવવા દઈશ નહિ. તું તારા મનમાં શું સમજે છે? આ હોટેલ છે કે તને અહીં આશ્રય આપું?"

ભિખારીએ નમ્ર અવાજે કહ્યું, "માફ કરજો, હું બીજે ક્યાંક આશરો શોધી લઈશ. આ તો તમારું સુંદર ઘર જોઈને મને અંદર આવવાની ઈચ્છા થઈ આવી. પણ એક સાદો સવાલ પૂછું, મારી જિજ્ઞાસા સંતોષવા ખાતર પણ મને કહો કે આવું સરસ ઘર કોણે બાંધ્યું?" ધનવાન માણસ જરા નરમ પડ્યો અને કહ્યું, "મારા બાપાએ આ ઘર બંધાવ્યું હતું." "ઘણું સરસ, શું તમારા બાપા હજી જીવે છે?" "ના, એ તો મરણ પામ્યા, પણ વારસામાં આ ઘર મને મળ્યું છે." "શું તમારે બાળકો છે?" "તમે જ્યારે મરણ પામશો ત્યારે આ ઘરનો વારસ કોણ થશે?" "મારો પ્રથમ દીકરો, જે હજી હમણાં જ પરણ્યો છે. મારા મરણ બાદ તે વારસ થશે." - "અને પછી?" "પછી એનો દીકરો વારસ થશે."

ભિખારીએ જવાબ આપ્યો, "હું ધારતો હતો એવું જ આ ઘર છે - એક હોટેલ. મેં પહેલી જ વખત આવું જોયું કે કોઈક ઉતારો માગે છે ત્યારે હોટેલનો માલિક ગુસ્સે થાય છે."

આપણાં ઘરો - બંગલાઓ એ હોટેલો જ છે ને! આપણી અગાઉ તેમાં કોઈ રહ્યા, અને આપણા પછી તેમાં કોઈ રહેશે - આપણે ઉતારુની જેમ આવીએ છીએ અને પ્રવાસીની જેમ જઈએ છીએ - બધું અહીં મૂકીને." માટે કલોસી ૩; ૧ ને અનુસરો.

♦♦♦

## ૧૫૯. પાણીનો દ્રાક્ષારસ

નાસ્તિક લોકોની એક મિટિંગ મળી હતી. ઘણા લોકોને એમાં ફરજિયાત લાવવામાં આવ્યા હતા. એક પ્રોફેસર ઊભા થઈને સ્ટેજ ઉપર આવ્યા. તેમના હાથમાં પાણી ભરેલો ગ્લાસ હતો. તેમણે લોકોની આગળ તેમના દેખતાં ગ્લાસમાં કોઈ પ્રકારનો પાવડર નાખ્યો આથી પાણી જાંબુઆ રંગનું બની ગયું. પછી ઓડિયન્સને સંબોધીને બોલ્યા, ''જુઓ, મેં પાણીમાંથી દ્રાક્ષારસ બનાવ્યો. ઈસુએ પણ કાના ગામમાં પોતાના કપડામાં સંતાડી રાખેલો આવો પાવડર પાણીની કોઠીઓમાં નાખીને પાણીનો દ્રાક્ષારસ બનાવેલો.'' લોકો આ પ્રોફેસરની ચાલાકીથી નવાઈ પામ્યા. આ પ્રોફેસર ઈસુએ કાના ગામમાં કરેલા ચમત્કારને હાથચાલાકીમાં ખપાવવા માગતો હતો જાણે ઈસુ મારા જેવો જાદુમંતર કરનાર હતો એવી છાપ ઊભી કરવા માગતો હતો. પછી તેણે લોકોને કહ્યું, ''જુઓ હવે હું ઈસુના કરતાં વધારે ચમત્કાર કરી બતાવું. હવે આ દ્રાક્ષારસને પાણીમાં ફેરવી નાખું છું.'' પછી બીજો પાવડર એમાં નાખ્યો એટલે પાણી બની ગયું. ''એ ફરી હું આને દ્રાક્ષારસ બનાવું.'' એમ કહી વળી પાવડર નાખ્યો અને પાણીનો રંગ બદલાઈ ગયો. લોકો તો આશ્ચર્ય પામ્યા.

હવે આ સમૂહમાં એક ખ્રિસ્તી છોકરો બેઠો હતો તે ઊભો થયો. તેણે પેલા પ્રોફેસરને ઉદ્દેશીને કહ્યું, ''સાહેબ, તમે તમારી ચમત્કારિક શક્તિથી બધાને આંજી નાખ્યા છે, પરંતુ હું તમને એક વાત પૂછવા માગું છું. શું તમે આ તમારા બનાવેલા દ્રાક્ષારસમાંથી

થોડો પી શકો છો? જો પી શકતા હો તો પી બતાવો.''

પ્રોફેસરે કહ્યું, ''જુવાન, માફ કરો; જે પાવડર મેં એમાં નાખ્યો છે તે તો ઝેરી અસરવાળો પાવડર છે. એથી આ પાણી પીને હું મરવા તૈયાર નથી.''

છોકરાએ જવાબ આપ્યો કે, ''તમારામાં અને ઈસુમાં આ મોટો તફાવત છે. તમારો બનાવેલો દ્રાક્ષરસ પીને માણસ મરી જાય છે, જ્યારે ઈસુએ બનાવેલો દ્રાક્ષારસ પીવાથી માણસનું મન અને હૃદય પ્રફુલ્લિત બને છે. તમારો પોતાનો બનાવેલો દ્રાક્ષારસ તમે પોતે પીવા તૈયાર નથી, જ્યારે ઈસુએ બનાવેલો દ્રાક્ષારસ હજારો લોકોએ પીધો અને ખુશ થયા, અને વખાણ્યો.''

પ્રોફેસર હારીને જતો રહ્યો.

''પ્રભુ ઈસુના રક્તમાં જીવન છે.''

◆◆◆

## ૧૬૦. અમાનત

એક વિશ્રામવારે એક યહૂદી રાબ્બી સિનેગોગ (સભાસ્થાન) ગયો હતો. જ્યારે તે ત્યાં હતો તે સમયે તેના બે નાના દીકરા એક ઝાડ પર ચઢ્યા અને ત્યાંથી પડી જવાથી મરણ પામ્યા. રાબ્બીની પત્નીએ તે બંને દીકરાઓના શબને લાવીને ચોખ્ખાં કપડામાં લપેટીને ઉપરની રૂમમાં મૂક્યા. એ પછી પોતાના પતિ માટે જમવાની તૈયારી કરવા લાગી. તેનો પતિ ઘરે આવ્યો અને ટેબલ પર જમવા બેઠો. પ્રાર્થના પછી તેણે પત્નીને પૂછ્યું કે, ‘‘બંને દીકરા ક્યાં છે?’’ પત્નીએ કહ્યું, ‘‘એ તો છોકરાંઓ છે, એમનું શું ઠેકાણું ! એમની પાસે શી અપેક્ષા રાખી શકાય!’’

જ્યારે રાબ્બી જમી રહ્યો, ત્યારે તેની પત્નીએ કહ્યું, ‘‘મારો એક સવાલ છે. તમારી સલાહ જોઈએ છીએ. આપણી એક પડોશણ સ્ત્રીએ તેનાં કીમતી સોનાનાં એરિંગો મને રાખવા આપ્યાં હતાં, કારણ કે તેનો પતિ દારૂડિયો છે અને કદાપિ વેચી ખાય એથી તે મારી પાસે મૂકી ગઈ છે. હવે થોડા દિવસ પહેલાં તેનો પતિ મરણ પામ્યો છે તેથી હવે તે પેલાં એરિંગ પાછાં લેવા આવી હતી. હવે આ એરિંગ મને બહુ ગમે છે. ઘણી વાર તમે ઘેર ના હો ત્યારે તે પહેરીનું હું અરીસા આગળ ઊભી રહી ખુશ થતી હતી. પણ હવે તેણે આ એરિંગ પાછાં માગ્યાં છે, તો શું તેને આપી દઉં?’’

રાબ્બી બોલ્યો, ‘‘તારો સવાલ કેવો વિચિત્ર છે? તારે એ એરિંગ તે સ્ત્રીને પાછા આપી દેવાં જોઈએ. તેનો આભાર માનવો જોઈએ કે, આટલો લાંબો સમય તેણે તને રાખવાં આપ્યાં.’’

સ્ત્રીએ કહ્યું, ''મારી સાથે આવો, હું તમને બતાવું કે તે બે એરિંગ કેટલાં સુંદર છે!'' તે તેના પતિને ઉપરની રૂમમાં લઈ ગઈ, ચાદર ખસેડીને બંને દીકરાની લાશ બતાવતાં બોલી, ''જુઓ આ બે એરિંગ! જ્યારે તેઓ આપણી પાસે હતા ત્યારે આપણે તેમની સાથે ઘણો આનંદ કર્યો. હવે તે આપનાર માલિકે પાછાં માગી લીધા છે, તો આભાર સાથે તેમને પાછાં આપી દઈએ.''

રાબ્બી બોલ્યો, ''જેની પત્ની જ્ઞાની અને સમજણી છે તે પતિને ધન્ય છે. ઈશ્વરે આપ્યું હતું અને ઈશ્વરે લીધું છે. તેના નામને ધન્યવાદ હો!''

આપણાં વહાલાંઓના મરણ પ્રસંગે આ વિચાર અને ભાવના યાદ કરીએ.

◆◆◆

# ૧૬૧. જ્યોર્જ વોશિંગ્ટન

'માઉન્ટ વેરનોન' એ વોશિંગ્ટનનું પોતાનું નિવાસસ્થાન હતું. અહીં તેઓ ઘણાં વર્ષો રહ્યા હતા. અહીં તેમના જીવનના અગત્યના નિર્ણયો કર્યાં હતા. નિવૃત્ત થયા પછી તે અહીં આવીને રહેતા હતા અને અહીં જ તેમનું મરણ થયું હતું. અહીંથી થોડા અંતરે જ તેમની અને તેમની પત્ની માર્થાની કબર આવેલી છે.

જ્યોર્જ વોશિંગ્ટનની કબર ઉપર શું લખવામાં આવ્યું હશે? કદાપિ આવું લખી શકાયું હોત -

રાષ્ટ્રપિતા -

લશ્કરના કમાન્ડર -

અને યુનાઈટેડ સ્ટેટસના પ્રથમ પ્રેસિડેન્ટ

પણ ના, આવા મહાન માણસની કબર ઉપર આવું કશું લખવામાં આવ્યું નથી. તેની તદ્દન સાદી કબર ઉપર લખવામાં આવ્યું છે તેમનું નામ "જ્યોર્જ વોશિંગ્ટન." એ પછી નીચે આ મહાન વાક્યો લખાએલાં છે.

"પુનરુત્થાન તથા જીવન હું છું. જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તોપણ સજીવન થશે. અને જે કોઈ જીવે છે અને મારા પર વિશ્વાસ કરે છે તે કદી મરશે નહિ."

મહાન સાક્ષીરૂપ કબરલેખ.

◆◆◆

## ૧૬૨. ભેટ

અમેરિકાના પ્રેસિડેન્ટ વિલ્સન એક વખતે ટ્રેઈન દ્વારા યુનાઈટેડ સ્ટેટસની સફરે નીકળ્યા હતા. માર્ગમાં એક સ્થળે નાની સભાને સંબોધવા રોકાયા. સભામંચ પર તેમની સાથે તેમનાં પત્ની અને બીજા બોડીગાર્ડો  હતા. એવામાં બે નાના છોકરાં ધીમે ધીમે આગળ આવ્યા. એક છોકરાંએ પ્રેસિડેન્ટને જોયા અને તેના હાથમાં નાનો રાષ્ટ્રધ્વજ હતો તે તેમની સામે ઊંચો કર્યો. મિસિસ વિલ્સન પ્લેટફોર્મ પરથી નીચે ઊતર્યા અને પેલા છોકરાં પાસેથી રાષ્ટ્રધ્વજ લીધો અને આ ભેટ બદલ હસીને તેનો આભાર માન્યો.

બીજા છોકરાં પાસે આવો ધ્વજ નહોતો. તેથી તે વિચારતો હતો કે હું શું આપું? અચાનક તેનો હાથ તેના ખિસ્સામાં ગયો અને તેને એક નાનો સિક્કો (સેન્ટનો) મળ્યો. આ છોકરાંએ આ નાનો સિક્કો પ્રેસિડેન્ટ તરફ ધર્યો અને મિસિસ વિલ્સને તે વાંકા વળીને લઈ લીધો અને તેનો આભાર માન્યો.

પણ આ વાત અહીં પૂરી થતી નથી. પાંચ વરસ પછી પ્રેસિડેન્ટ વિલ્સન મરણ પામ્યા. તેમના મરણ પછી મિસિસ વિલ્સન બધો સામાન જોતાં હતાં. ત્યારે પ્રેસિડેન્ટની અંગત બ્રીફકેસ તેમણે ઉઘાડી, તો એક કપડામાં વિંટાળીને મૂકેલો પેલો ધ્વજ અને નાનો સિક્કો મળી આવ્યા, જે પેલા છોકરાઓએ તેમને ભેટ આપ્યા હતા. પાંચ વરસ સુધી આ ભેટો પ્રેસિડેન્ટે સંભાળી રાખી. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં આ ભેટો તેમની બ્રીફકેસમાં સાથે સાથે ગઈ. જાણે મોટો ખજાનો હોય એમ તેમને સંભાળી રાખી.

ઈશ્વરનું વલણ પણ આવું જ છે. ઈશ્વર ગરીબ નથી, ધનવાન છે, છતાં તેનાં બાળકોએ તેના નામે આપેલી નાની ભેટો, ધનોનો તે હસીને સ્વીકાર કરે છે, તેને યાદ રાખે છે અને આશીર્વાદ આપે છે.

◆◆◆

# ૧૬૩. વિદ્યાર્થી પાળક

ઈશ્વરવિદ્યાની તાલીમ લેતા એક વિદ્યાર્થીને ઉનાળાની રજાઓમાં પાળકનું કામ જોઈતું હતું. જેથી થોડી આવક કરીને પોતાની ફી ભરી શકે. દૂરના એક ગામમાં એક જૂનું દેવળ હતું, જે ઘણા સમયથી વપરાશમાં નહોતું. આ ખાલી પડેલા દેવળે આ વિદ્યાર્થીને પડકાર આપ્યો. આ વિદ્યાર્થીએ ઘેર ઘેર ફરીને લોકોને કહ્યું કે, ''ફક્ત આ ઉનાળા પૂરતું હું આ ચર્ચ ચલાવું તો તમે લોકો દેવળમાં આવશો?'' તેણે કહ્યું, ''હું દેવળ ઉઘાડીશ અને બંધ કરીશ, હું પોતે તે સાફ પણ કરીશ અને દર રવિવારે તમે આવો તો આપણે ભજનસેવા શરૂ કરીએ.''

લોકોને આ વિચાર ગમ્યો અને હા પાડી. પેલા જુવાને આભાર માન્યો અને કામે લાગી ગયો. ચર્ચની સાફસૂફી કરી નાખી. બીજા રવિવારે લોકો આવ્યા ને ભક્તિસભા ચાલી. એ પછીના શનિવારે ચર્ચની તૈયાર કરતો હતો એવામાં બહુ કીમતી મોટર કંપાઉન્ડમાં આવી અને ઊભી રહી. સુંદર કપડામાં સજ્જ એક ઉમરાવ જેવો લાગતો માણસ બહાર આવ્યો અને પૂછ્યું, ''આવતી કાલે અહીં ભજનસેવા ચાલશે? તેનો સમય શું છે? કેટલાં માણસો ભજનસેવામાં આવશે? અને કોણ ભક્તિસભા ચલાવશે?''

જુવાન પાળકે બધા સવાલોના જવાબ આપ્યા. પછી પેલા માણસે તેની સાથે હસ્તધૂનન કરી કહ્યું, ''હું યુનાઈટેડ સ્ટેટસના ગુપ્તચર વિભાગનો અધિકારી છું. અને પ્રેસિડેન્ટ કુલીજ ઉનાળાની રજાઓ આ ગામની આજુબાજુના ભાગમાં ગાળવા આવવાના છે.

અને તેમણે મને કહ્યું છે કે અહીં આટલામાં કોઈ દેવળ હોય તો તેની તપાસ કરી લાવો જેથી તેઓ અને તેમનું કુટુંબ આ રજાઓ દરમિયાન તે ચર્ચની ભક્તિસભામાં ભજન કરવા આવી શકે. હું માનું છું કે આવતી કાલે સવારે તમારી ભક્તિસભામાં અમેરિકાના પ્રેસિડેન્ટ કુલીજ હાજર હશે."

રવિવારે પ્રેસિડેન્ટ કુલીજ અને તેમનું કુટુંબ ભક્તિસભામાં આવ્યા. વિદ્યાર્થી પાળકનો સંદેશો સાંભળ્યો અને એ વિભાગમાં રહ્યા ત્યાં સુધી દર રવિવારે ભક્તિસભામાં હાજરી આપી. અને વિદ્યાર્થી પાળકે પ્રેસિડન્ટને સંદેશો આપ્યો. પાળકનો કેવો અજાયબ અનુભવ, કેવો લ્હાવો! કેવું માન!

દરેક પાળકે પુલ્પિટ ઉપર જતાં યાદ રાખવું જોઈએ કે તે તેના શ્રોતાજનોમાં તેનો સંદેશો સાંભળનાર એક એવી વ્યક્તિ હાજર છે, જે પ્રેસિડેન્ટથી પણ મહાન છે - ઈશ્વર પોતે.

◆◆◆

## ૧૬૪. પદાર્થપાઠ

એક રાતની સભામાં એક પાળકને સારું જીવન જીવવા વિષે સંદેશો આપવો હતો, પણ તેણે વિચાર્યું કે આ સંદેશો હું નવી રીતે આપું. આથી પુલ્પિટ ઉપર આવીને તેણે સંદેશો આપવાનું શરૂ કર્યું, અને અગાઉથી કોઈ સૂચના આપ્યા વગર તે વચ્ચે અટકી ગયો. સભાજનોમાંથી ત્રણ મોટી ઉંમરના લાગતા એવા સજ્જનોને તેણે પુલ્પિટ ઉપર બોલાવ્યા. પછી તેણે તેઓને કહ્યું, "હું તમને સવાલો પૂછું તેનો ખરો ઉત્તર આપજો." પેલા વૃદ્ધ તરફ ફરીને તેણે પૂછ્યું, "સાહેબ, આટલી લાંબી ઉંમર સુધી જીવવા માટે તમે શું કર્યું?" વૃદ્ધે જવાબ આપ્યો, "જુઓ, હું નિયમિત ઊઠું છું અને નિયમિત સૂઈ જાઉં છું. નિયમિત ખોરાક લઉં છું. દારૂ સિગારેટ કદી પીતો નથી. નિયમિત દેવળમાં જાઉં છું. પ્રાર્થના કરું છું, સખત કામ પણ કરું છું."

પાળકે કહ્યું, "ઘણું સરસ, હવે બીજો એક સવાલ પૂછું : "આપની ઉંમર કેટલી?"

વૃદ્ધે જવાબ આપ્યો, "નેવ્યાસી વર્ષ."

પછી બીજા વૃદ્ધ તરફ ફરીને એ જ સવાલ પૂછ્યો, અને લગભગ એવો જ જવાબ મળ્યો.

તેમને પણ પૂછ્યું, "તમારી ઉંમર કેટલી?"

વૃદ્ધે કહ્યું, "ઈઠોતેર વર્ષ."

પછી ત્રીજા વૃદ્ધને એ જ સવાલ પૂછ્વામાં આવ્યો, "તમે આટલું લાંબું જીવન જીવવા શું કરો છો?"

ત્રીજા વૃદ્ધ માણસે કહ્યું, "પાળક, મારા જવાબથી તમને નિરાશા મળશે, કારણ કે અગાઉના માણસો કરતાં મારો જવાબ તદ્દન જુદો છે. હું દારૂ, સિગારેટ પીઉં છું, બહું મોંઘી અને કીમતી દારૂની બાટલીઓ મારા રૂમમાં રાખું છું. હું નાનો હતો ત્યારથી જ મને જુગાર રમવાની ટેવ છે...."

થોડી વાર માટે તો પાળક આ બધું સાંભળીને અવાક્ બની ગયા. તેમને લાગ્યું કે મારા સંદેશાનો પદાર્થપાઠ નિષ્ફળ ગયો. પછી તેમણે પૂછ્યું, "સાહેબ, તમારી ઉંમર કેટલી?"

વૃદ્ધે જવાબ આપ્યો, "બાવન વર્ષ"

બાવન વર્ષે આ દારૂડિયો માણસ અકાળે વૃદ્ધ બની ગયો હતો.

◆◆◆

# ૧૬૫. લાગણી

એક જુવાને અકસ્માતમાં આંખો ગુમાવી અને ઘણું સહન કર્યું પછી તેણે વિચાર કર્યો કે તે કોઈ અંધશાળામાં દાખલ થાય. કેવી રીતે અંધ માણસે જીવન જીવવું જોઈએ તે તે શીખી શકે.

આ અંધ જુવાન એક અંધશાળામાં આવ્યો, જ્યાં સ્કૂલના પ્રિન્સિપાલે તેનો ઇન્ટર્વ્યૂ લીધો. પછી કહ્યું, ''હવે આ સ્કૂલના સ્ટાફના એક સભ્ય તમને આ સ્કૂલ બતાવશે.'' પછી એક શિક્ષક ઓફિસમાં દાખલ થયા અને આ નવા આવેલા જુવાનનો હાથ પકડીને મુખ્ય દરવાજા આગળ લઈ ગયા. પછી તેમણે કહ્યું, ''હવે આપણે અહીંથી દસ પગથિયાં ઊતરીને ડાબી તરફ વળીશું જ્યાં સુંદર ફૂલો છે. પછી આપણે બાગની ચારેબાજુ ફરીશું એટલામાં જમવાનો વખત થશે. હવે મેં કહ્યું તેમ ગણીને દસ પગથિયાં નીચે ઊતર, પણ જો કંઈ મુશ્કેલી જેવું લાગે તો હું તારી પડખે જ હોઈશ.''

શિક્ષકની સૂચના પ્રમાણે તેઓ ત્યાં ફર્યા અને આનંદ મળ્યો. પછી એ જ રીતે જમવાના ખંડમાં પાછા આવ્યા. જુવાનનો આત્મવિશ્વાસ વધવા લાગ્યો, તેને અહીં ગમવા લાગ્યું. જમ્યા પછી શિક્ષક તેને તેની રૂમ ઉપર લઈ ગયા. ત્યાં કેવું ફરનીચર ગોઠવેલું છે, કઈ વસ્તુ ક્યાં છે તે બધું તેને કહ્યું. પછી શિક્ષક જવા માટે ઊઠયા. જુવાનનું હૃદય આનંદ અને આભારથી ભરાઈ ગયું. કેવી રીતે આ શિક્ષકનો આભાર માનવો તે તેને સૂઝયું નહિ. તેણે કહ્યું, ''ગુરુજી, તમારો ખૂબ આભાર. તમે મારા પ્રત્યે ખૂબ માયા અને લાગણી બતાવી છે. ખરેખર તમે અંધ માણસોની લાગણીઓ અને મુશ્કેલીઓ સમજી શકો છો.''

શિક્ષકે જવાબ આપ્યો, ''હા, તારી સાથે મને પૂરી માયા અને લાગણી છે, કારણ કે હું પોતે પણ સંપૂર્ણ અંધ છું.''

પ્રભુ ઈસુ આપણી પેઠે પરીક્ષણ પામેલો હોવાથી તે આપણી લાગણીઓ જાણે છે, અને પરીક્ષણને વખતે મદદ કરે છે.

♦ ♦ ♦

# ૧૬૬. ધનવાન માણસ

ખેતીવાડીનો માલિક ઘોડા ઉપર ફરવા નીકળ્યો હતો. એક ઝાડ નીચે ગુલામો બેઠા હતા અને બપોરનું ખાણું ખાતા હતા. થોડે દૂર એક વૃદ્ધ ગુલામ જેનું નામ જોન હતું તે પાસે બાઈબલ ઉઘાડું રાખીને બેઠો હતો. માલિક જોન પાસે આવ્યો અને પૂછ્યું, ‘‘કેમ જોન, આજે તું ઉદાસ દેખાય છે? શાથી તારું મોં ઊતરી ગયું છે?’’

જોને જવાબ આપ્યો, ‘‘ગઈ રાત્રે મને સ્વપ્ન આવ્યું હતું કે, ‘‘આવતી કાલ સવાર સુધીમાં આ ખેડીવાડીમાંથી એક સૌથી ધનવાન માણસ મરણ પામશે.’’

આ સાંભળીને માલિક જરા ડગી ગયો, પણ ડરને છુપાવીને હસીને બોલ્યો, ‘‘જોન, તું આ બાઈબલ વાંચવાનું બંધ કર, આ બાઈબલે તને ગાંડો કરી નાખ્યો છે.’’ પછી પોતાનો ભય છુપાવીને ત્યાંથી નીકળી ગયો. જેમ જેમ દિવસો વધવા લાગ્યા એમ એની ચિંતા વધવા લાગી. સાંજે વાળુ પણ બરાબર કરી શક્યો નહિ. રાત્રે તેને ઊંઘ આવી નહિ, તેથી ઊઠીને આરામખુરશીમાં બેઠો. રાત પસાર થતી હતી એમ તેની ચિંતા વધતી જતી હતી. બરાબર પાંચ વાગે દરવાજાની ઘંટડી વાગી. માલિક ગભરાઈ ગયો અને પિસ્તોલ લઈને ઊઠયો. દરવાજો ઉઘાડયો તો સામે એક ગુલામ ઊભો હતો. તેણે કહ્યું, ‘‘શેઠ, મને ગોળી મારશો નહિ. હું તો ફક્ત તમને એટલું જ કહેવા આવ્યો હતો કે, હમણાં થોડી વાર પહેલા જ વૃદ્ધ જોન મરણ પામ્યો.’’

◆◆◆

## ૧૬૭. સમાચારપત્ર

એક વેપારી દરિયાકિનારે ઊંડા વિચારોમાં ખોવાયેલો બેઠો હતો. એવામાં પાછળ કંઈ અવાજ આવતાં તેણે પાછળ ફરીને જોયું તો એક સુંદર પરી ઊભી હતી. વેપારી ખુશ થઈ ગયો. તેણે પરીને કહ્યું, "નાની પરી, તેં મારી મુલાકાત લીધી માટે મને આનંદ થયો. બોલ, હું તારે માટે શું કરું?" પરીએ કહ્યું, "તારે કંઈ જ કરવાની જરૂર નથી. પણ તારે જે જોઈએ તે માગ, હું તે આપીશ." વેપારી ખુશ થતાં બોલ્યો, "પરી, જો તું લાવી આપી શકે તો મને આજની તારીખથી એક વર્ષ આગળનું છાપું લાવી આપ, જેથી એમાં વેપાર વિષે હું અગાઉથી જાણી શકું." પરી બોલી, "તથાસ્તુ!" પરી ઊડી ગઈ અને એક નવું જ છાપું એક વર્ષ આગળનું તેના હાથમાં આવી પડયું. વેપારી તો ખુશ થઈ ગયો. એણે વેપારની કોલમમાં જોવા માંડયું. આજથી એક વર્ષ પછી કઈ વસ્તુના કેટલા ભાવ હશે. શામાં નફો મળશે, આજે કઈ વસ્તુઓનો સંગ્રહ કરી રાખવો જેથી વધુ નફો મળે અને ધનવાન બની જવાય, આ છાપામાં તેને આજથી એક વર્ષ પછીના વેપારના તમામ ભાવો અને માહિતી મળી ગઈ. વેપારી તો ખુશ ખુશ થઈ ગયો.

પછી બીજું પાનું ફેરવ્યું. ત્યાં એક ખૂણામાં મરણનોંધ છાપેલી હતી. વેપારીને એ જોવામાં રસ પડયો કે એક વરસ પછી કોણ કોણ મરી જવાના છે. આ લિસ્ટમાં તેણે પોતાનું નામ પણ વાંચ્યું. નીચે લખ્યું હતું, 'ગઈ કાલે તેમને દફનાવવામાં આવ્યા છે.'

કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં સમાએલું નથી.

♦♦♦

## ૧૬૮. મારે માટે બંને સરખાં છે.

એક માનો દીકરો અમેરિકામાં વસતો હતો, તેણે માને અમેરિકા બોલાવી. તે દિવસોમાં લોકો વહાણ મારફતે લાંબી મુસાફરી કરતા હતા. મા બહેન વહાણદ્વારા અમેરિકા જવાની મુસાફરી શરૂ કરી, રસ્તામાં દરિયામાં મોટું તોફાન આવ્યું. વહાણ ડોલવા લાગ્યું અને હમણાં ડૂબી જશે એમ લાગ્યું. મુસાફરો ગભરાઈ ગયા. પણ આ બહેન શાંતિથી બેઠાં હતાં. તેમને પૂછવામાં આવ્યું કે, "શું તમને મરણની બીક લાગતી નથી? મરવાનું તમને ગમે છે?"

બહેને ઉત્તર આપ્યો, "હું મરું કે જીવું. બંને રીતે મને ફાયદો જ છે."

"એ કેવી રીતે?"

બહેને કહ્યું, "જો આ વહાણ સહિસલામત પહોંચશે તો હું મારા નાના દીકરાને અમેરિકામાં મળીશ, પણ જો વહાણ ડૂબી જશે અને હું મરી જઈશ, તો આજથી ત્રણ વર્ષ અગાઉ મારો મોટો દીકરો જે મરણ પામ્યો છે, તેને સ્વર્ગમાં મળીશ. મારે માટે તો બંને સરખું છે. જીવીશ તો નાના દીકરાને મળીશ અને મરીશ તો મોટા દીકરાને મળીશ." કેવો વિશ્વાસ!

પ્રેરિત પાઉલ લખે છે, "મારે માટે જીવવું તે ખ્રિસ્ત અને મરવું તે લાભ છે."

◆◆◆

# ૧૬૯. સ્કોલરશીપ

સ્વ. બિશપ મંગલસિંગ ગુજરાતમાં બિશપ હતા ત્યારે તેમના મુખે સાંભળેલી ઘટના.

બિશપ મંગલસિંગ એક વખત કોઈ કોન્ફરન્સમાં ભાગ લેવા અમેરિકા ગયા હતા. ત્યાંથી એક નાની મંડળીની મુલાકાતે ગયા. મંડળીની કમિટીના સભ્યો સાથે ચા-નાસ્તો લેતી વખતે એક સભ્યે બિશપને પૂછ્યું કે, ''બિશપ, ઘણાં વર્ષો પહેલાં અમારી મંડળી ભારતમાં કોઈ એક ગરીબ વિદ્યાર્થીની ફી પેટે નાની રકમ નિયમિત મોકલતી હતી. પરંતુ ઘણા વર્ષોથી વિદ્યાર્થી સંબંધી કોઈ માહિતી અમને મળી નથી. આ વિદ્યાર્થી અત્યારે ક્યાં છે, શું કરે છે એ જાણવા અમે આતુર છીએ. તમે કોઈ માહિતી આપી શકો?''

બિશપે કહ્યું, ''તમે મને એ વિદ્યાર્થીનું નામ, ઠેકાણું અને બીજી કોઈ માહિતી હોય તો તે આપો અને હું ભારત પાછો જઈશ ત્યારે તપાસ કરીને તમને જણાવીશ.''

મંડળીના સેક્રેટરીએ ઓફિસમાં ફાઈલો શોધવા માંડી. તપાસ કરતાં જૂની ફાઈલ મળી આવી જેમાં આ વિદ્યાર્થીનો ફોટો હતો, નામ હતું અને અન્ય થોડી માહિતી હતી. સેક્રેટરીએ ફાઈલ લાવીને બિશપના હાથમાં મૂકીને કહ્યું, ''જુઓ, આમાં ફોટો, નામ અને અન્ય માહિતી છે.''

બિશપે ફાઈલ હાથમાં લઈ નામ અને ફોટો જોયાં, અને બિશપની આંખમાંથી આંસુઓ વહેવા માંડયાં. કમિટીના સભ્યોને નવાઈ લાગી, આંસુઓનું કારણ પૂછતાં બિશપે જણાવ્યું કે, ''જે

ગરીબ છોકરાની તમે ફી ભરતા હતા તે છોકરો બીજો કોઈ નહિ, પણ ભારતની મેથોડિસ્ટ મંડળીનો બિશપ મંગલસિંગ છે. હાલ તમારી સામે જ ઊભો છે. એ ગરીબ છોકરો તે હું પોતે."

જે ગરીબ છોકરાની ફી આ મંડળી ભરતી હતી તેને અત્યારે બિશપ તરીકે જોઈને મંડળીને કેટલો આનંદ થયો હશે!

"તારું અન્ન પાણી પર નાખ, કેમ કે ઘણા દિવસો પછી તે તને પાછું મળશે." (સભાશિક્ષક ૧૧; ૧)

◆◆◆

# ૧૭૦. સંસારની હોળી

"નાના નાના ખાડા ખોદીને ઘણી સ્ત્રીઓ પોતાના સંસારની કબર તૈયાર કરે છે."

"કહેવત પડી ગઈ છે કે દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી રહેલી છે." આ સ્ત્રી તેની પત્ની હોઈ શકે છે, યા તો અન્ય સ્ત્રી પણ હોઈ શકે. જો ફક્ત પત્ની જ હોય તો જગતના મહાન અને સફળ ગણાતા ત્રણ પુરુષો - ફ્રાન્સનો સમ્રાટ નેપોલીઅન, અમેરિકાનો પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકન અને મહાન લેખક લીઓ ટોલસ્ટોય કદી સફળ અને મહાન બની શક્યા ના હોત.

આ ત્રણે પુરુષોનો ઘરસંસાર હોળી જેવો હતો.

નેપોલીઅને ખૂબસૂરત એવી યુઝે ઈનીઆસ સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. શરૂઆતમાં તે સુખી હતા. પણ પાછળથી યુઝેના કકળાટ અને કંકાસથી તેનો સંસાર ઝેર જેવો બની ગયો. દોલત, રાજગાદી, સત્તા અને વૈભવ હોવા છતાં આ સ્ત્રી કદાપિ ધરાઈ નહિ. તે તેના પતિ સાથે હંમેશાં ઝઘડયા કરતી, તેના ઉપર શંકા લાવતી, તેને બદનામ કરતી. નેપોલીઅન પાસે દશ-બાર રાજમહેલ હોવા છતાં ફ્રાન્સનો આ રાજા તેની કજિયાખોર પત્નીને કારણે કોઈ પણ ખૂણામાં શાંતિ મેળવી શકતો નહિ.

અબ્રાહમ લિંકનના જીવનની કરુણતા પણ તેના લગ્નને આભારી હતી. ૨૩ વર્ષ સુધી તેની પત્નીએ તેની સાથે કજિયાકંકાસ કરીને તેના જીવનને કચડી નાખ્યું હતું. તે હંમેશાં તેના પતિ વિરુદ્ધ ફરિયાદ કરતી. તેનો દોષ કાઢતી, ખામીઓ કાઢતી. લિંકનના શરીરના અવયવોની ઠેકડી ઉડાડતી. આજુબાજુના લોકો સાંભળે એટલે મોટેથી તે ઝઘડા કરતી અને તેના ધણીને મારવા પણ ક્યારેક તો ધસી જતી. એક વાર ગરમાગરમ કોફીનો કપ તેણે પતિ ઉપર છૂટો ફેંક્યો હતો. આવા સ્વભાવને કારણે લિંકન હંમેશાં તેની પત્નીથી દૂર રહેવા પ્રયત્ન કરતો. આમ તેણીએ કજિયા કંકાસથી પોતાના સંસારને ધૂળધાણી કરી નાખ્યો હતો.

લીઓ ટોલસ્ટોયની પત્નીએ પોતાના મરણ અગાઉ તેની પુત્રીઓ આગળ એકરાર કર્યો હતો કે, "તમારા પિતાના મરણ માટે હું જ કારણભૂત હતી."

ટોલસ્ટોય પાસે કીર્તિ હતી, સામાજિક મોભો હતો, દોલત હતી અને તેના પ્રશંસકો તેનો પડયો બોલ ઝીલી લેવા તૈયાર હતા; આમ છતાં તેનું લગ્નજીવન એક કરુણ નાટક હતું. તેની પત્ની દોલત, મોજશોખ અને કીર્તિ પાછળ ગાંડી હતી. જ્યારે ટોલસ્ટોયના વિચારો તેનાથી તદ્દન જુદા હતા. તેણી તેના પતિ સાથે ઝઘડો કરતી, આપઘાત કરવાની ધમકી આપતી, પાછલા જીવનમાં તો ટોલસ્ટોય તેની પત્નીનું મોં જોવા પણ ઈચ્છતો નહિ, આખરે ૮૨ વર્ષની ઉંમરે ટોલસ્ટોય માટે પોતાનો ઘરસંસાર એટલો અસહ્ય થઈ પડયો કે ૧૯૧૦ની સાલમાં ઓકટોબર મહિનાની કડકડતી ઠંડીમાં એક રાતે પત્નીને તજીને કયાં જવું, તેના ભાન વગર ઘરમાંથી નીકળી ગયો. અગિયાર દિવસ પછી એક રેલવે સ્ટેશન પર ન્યુમોનિયાથી મરણ પામ્યો, મરતી વખતે તેણે એવી ઈચ્છા દર્શાવી હતી કે તેની લાશ પાસે તેની પત્નીને આવવા દેવી નહિ. કેવી કરુણતા!

આ સ્ત્રીઓએ પોતાના સંસારની કેવી હોળી સળગાવી હતી! કબર ખોદીને પોતાના સુખી સંસારને એમાં દાટી દીધો.

બાઈબલ કહે છે : "પુરુષે પોતાની પત્ની પર પ્રેમ કરવો અને પત્નીએ પોતાના પતિને આધીન રહેવું."

"સદ્‌ગુણી સ્ત્રી કોને મળે? તેના પતિનું અંતઃકરણ તેના પર ભરોસો રાખે છે અને... સર્વ દિવસો તે તેનું ભલું જ કરે છે, ભૂંડું નહિ." (નીતિ. ૩૧).

યહૂદી રાબ્બીઓ કહેતા :-

"There is nothing in this world as good as a good woman, and nothing as bad as a bad woman."

◆◆◆

# ૧૭૧. ઉછીનું હૃદય

૧૯૭૪માં ડૉ. બર્નાડે દક્ષિણ આફ્રિકામાં બે હૃદયોને એક સાથે કામ કરતા કર્યાં. ઈવાન ટેલર નામના ૫૮ વર્ષના માણસનું ડાબું હૃદય કામ કરતું અટકી જતું હતું. બીજું હૃદય બેસાડવામાં આવે તો જ આ માણસ જીવી શકે તેમ હતું. આ જ અરસામાં દશ વર્ષની એક છોકરી સારવાર માટે આવી. આ છોકરી બચી શકે એમ નહોતી. તેના મરણ બાદ તેનું હૃદય કાઢી લઈને પેલા દર્દીના હૃદયની પડખે આ છોકરીનું હૃદય બેસાડવામાં આવ્યું. થોડા મહિના સુધી ઈવાન જીવ્યો.

એમ જ લિઓનાર્ડ ગ્રોસ ૪૭ વર્ષનો હતો. તેના દુ:ખતા હૃદય સાથે ૧૭ વર્ષની એક છોકરી જે મરણ પામી હતી તેનું હૃદય જોડવામાં આવ્યું અને તેને સ્વસ્થ જીવન જીવતો બનાવ્યો. થોડાં વરસ જીવીને તે મરણ પામ્યો.

પરંતુ આ ઉછીનું હૃદય કેટલો વખત ચાલે?

ઈશ્વર કહે છે, ''હું તમને નવું હૃદય આપીશ.'' ઉછીનું નહિ પણ નવું હૃદય.

Transplantation નહિ, પણ Transformation.

◆◆◆

# ૧૭૨. કીમતી આંસુ

ઈશ્વરે એક દૂતને કહ્યું, "જા, પૃથ્વી પર જઈને જે કીમતી વસ્તુ હોય તે આ સોનાના પ્યાલામાં લઈ આવ." દૂત પૃથ્વી પર આવ્યો. એક માણસને ઉનાળાની સખત ગરમીમાં કામ કરતો જોયો. આ માણસ પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. દૂતને લાગ્યું કે આ પરસેવો કીમતી છે; તેથી પ્યાલામાં ભરી લીધો ને ઈશ્વર પાસે ગયો. ઈશ્વરે કહ્યું, "ઠીક છે, પણ કીમતી નથી."

દૂત ફરી પૃથ્વી પર આવ્યો. એક ઘરમાં એક મા પોતાના એકના એક છોકરાના મરણને કારણે હૈયાફાટ રૂદન કરતી હતી. દૂતને લાગ્યું કે આ આંસુ કીમતી છે. તેથી પ્યાલામાં ભરીને ઈશ્વર પાસે પાછો સ્વર્ગમાં ગયો. ઈશ્વરે કહ્યું, "આનાથી વધારે કીમતી વસ્તુ લઈ આવ."

દૂત ફરી પાછો પૃથ્વી પર આવ્યો, એક ઘરમાં એક માણસ આગ્રહથી આંસુઓ સાથે પ્રાર્થના કરતો હતો. દૂતે તે આંસુ પ્યાલામાં ભર્યાં ને ઈશ્વર પાસે ગયો. ઈશ્વરે કહ્યું, "શાબાશ! બીજાઓ માટે પ્રાર્થનામાં પાડેલાં આંસુ અને પસ્તાવાના આંસુ કીમતી છે. બંને આંસુ કીમતી છે."

"હજારો લાખ હાસ્યોનાં હશે કે મૂલ રૂદનોનાં,
આંક્યા ન મૂલ્ય અંકાતાં અનુતાપી એક આંસુનાં"

પ્રકટી. ૫ : ૮માં વડીલોની પાસે સોનાના પ્યાલા છે અને એમાં છે ધૂપ. આ ધૂપ એ તો સંતોની પ્રાર્થનાઓ છે. સંતોની પ્રાર્થનાઓ ઈશ્વર આગળ કીમતી છે.

પ્રે. પાઉલ લખે છે : "દેવની આગળ આંસુઓ પાડીને તમારે માટે પ્રાર્થના કરવાનું હું ચૂક્યો નથી."

પીતરનાં પસ્તાવાનાં આંસુ કીમતી હતાં, જેનાથી એનું પરિવર્તન થયું અને ઈસુ ખ્રિસ્તે તેને મંડળીની જવાબદારી સોંપી. "મારાં હલવાનને પાળ." પીતર જેવા ખડક ઉપર પ્રભુ ઈસુએ પોતાની મંડળી બાંધી.

◆◆◆

# ૧૭૩. સંપૂર્ણ થયું

૧૯૪૭ ની ૧૪ ઓગષ્ટની મધરાતે જ્યારે ભારતનું સુકાન ભારતના સુકાનીઓને (નેતાઓને) સોંપવામાં આવ્યું. તે રાત્રે સ્વાતંત્ર્ય સંગ્રામના મુખ્ય હીરો મહાત્મા ગાંધીજી કલકત્તામાં ઘસઘસાટ ઊંઘતા હતા. બીજે દિવસે પણ આખો દિવસ તેમણે રેંટિયો કાંતવામાં ગાળ્યો. તેમને મન ભારતની આઝાદી અધૂરી સિદ્ધિ હતી. ૧૪મીની રાત્રે પ્રાર્થના સભામાં તેમણે જણાવ્યું કે, "આવતી કાલે આપણો દેશ બ્રિટીશ શાસનની ગુલામીમાંથી મુક્ત થશે, પરંતુ આજે મધરાતે ભારતના બે ભાગલા પડી જશે."

આમ, ભારતના બે ભાગલા ન થવા દેવાનો નિર્ધાર કરનાર ગાંધીજી માટે આઝાદી એક અધૂરી સિદ્ધિ હતી. માટે જ ૧૫મી ઓગસ્ટે જ્યારે આખો દેશ આનંદ-ઉત્સવ મનાવી રહ્યો હતો ત્યારે ગાંધીજી રેંટિયો કાંતતા હતા.

વધસ્તંભ ઉપર માનવજાતની મુક્તિનું કાર્ય પ્રભુ ઈસુએ સિદ્ધ કરતાં કહ્યું હતું, "સંપૂર્ણ થયું."

◆◆◆

## ૧૭૪. સત્ય

૧૬માં સૈકામાં કોપરનિક્સ નામનો એક ખગોળશાસ્ત્રી થઈ ગયો. તેણે શોધી કાઢ્યું કે સૂર્ય નહિ પણ પૃથ્વી ફરે છે. પણ તે સમયે આ સત્ય જણાવવું એ જોખમ ખેડવા બરાબર હતું. આથી તેણે ત્રીસ વરસ સુધી એ સત્યને દબાવી રાખ્યું. પણ જ્યારે તે મરણ પથારીએ હતો ત્યારે તેણે પોતાનું ચિત્ર દોરવા આપ્યું. આ ચિત્રનું નામ હતું - ''રિવોલ્યુશન ઓફ હેવન્લી બોડિઝ.'' આ ચિત્રે ઘણો તરખાટ મચાવ્યો. કોપરનિક્સનાં મરણ બાદ સત્તરમી સદીમાં ગેલીલીઓએ આ સત્ય સ્વીકાર્યું અને પ્રગટ કર્યું. આ માટે તેને ઘણું વેઠવું પડયું. તેને જેલમાં પૂરવામાં આવ્યો અને તેની પાસે લખાણ લેવામાં આવ્યું કે તેણે પ્રગટ કરેલી વાત ખોટી છે. જીવનના અંત સુધી તેને જેલમાં રાખવામાં આવ્યો. આ બધું કરવા છતાં સત્ય દબાઈ શક્યું નહિ.

ગાંધીજીનું ખૂન કરવામાં આવ્યું ત્યારે હિંદુઓ માનતા હતા કે કોઈ મુસલમાને ખૂન કર્યું છે. તેથી હિંદુ-મુસલમાન વચ્ચે રમખાણો ફાટી નીકળ્યાં. ત્યારે લોર્ડ માઉન્ટબેટને જવાહરલાલ નહેરુને કહ્યું કે, ''તમે સત્ય બીના પ્રગટ કરો કે, કોઈ મુસલમાને નહિ પણ એક હિંદુએ ગાંધીજીનું ખૂન કર્યું છે.'' જવાહરલાલે રેડિયો પરથી આ સત્ય હકીકત જણાવી અને હિંદુઓ શરમાયા ને રમખાણો અટકી ગયાં.

એન્ડ્રુઝ મેલવિન કહે છે કે, ''સત્યને કદી ફાંસી આપી શકાતી નથી, તેમ દાબી શકાતું નથી. સત્ય ઉપર હુમલાઓ થયા છે, છતાં સત્ય તે સત્ય જ રહ્યું છે. સત્યનો આખરે વિજય થાય છે.''

પિલાત સવાલ પૂછે છે, "સત્ય શું છે?"

પ્રભુ ઈસુ કહે છે, "સત્ય, માર્ગ તથા જીવન હું છું."

* સોક્રેટિસે સત્ય પ્રગટ કર્યું ત્યારે તેને ઝેર આપી ચૂપ કરી દેવામાં આવ્યો.

* ગાંધીજીએ સત્ય-અહિંસાના સિદ્ધાંતો શીખવ્યા તો તેમને ગોળીએથી ચૂપ કદી દેવામાં આવ્યાં.

* અબ્રાહમ લિંકને ગુલામોને આઝાદી આપવાની વાત કરી તો તેમને ચૂપ કરી દેવામાં આવ્યાં.

* કેનેડી-માર્ટિન વગેરેએ રંગભેદની નીતિ સામે અવાજ ઉઠાવ્યો તો તેમને જગતે ચૂપ કરી દીધાં.

* યોહાન બાપ્તિસ્મીએ હેરોદના પાપ વિષે સત્ય જણાવ્યું તો તેને ચૂપ કરી દેવામાં આવ્યો.

* પ્રભુ ઈસુએ પ્રેમ, સત્ય, દયા, ન્યાયના પાઠો શીખવ્યા ત્યારે જગતે તેમને વધસ્તંભે જડી દીધા. આમ છતાં સત્યને કોઈ મારી શક્યું નથી.

◆◆◆

# ૧૭૫. ટેલિવિઝન (ટી.વી.)

અમેરિકન એન્જીનિયર બ્લાડી મીર ઝોરિકીને ટેલિવિઝન બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. કેટલાક સમય પહેલાં 'હેરલ્ડ ટ્રિબ્યૂન' નામના પત્રના રિપોર્ટરે તેમને પૂછ્યું કે, "આધુનિક જગતના આકર્ષણ તરીકે ટી.વી. તમને કેવું લાગે છે?" ઝોરિકીને કડવાશથી કહ્યું કે, "આજના ટી.વી.માં મને એક જ વસ્તુ ગમે છે. અને તે છે તેને બંધ કરી દેવાની સ્વીચ." રિપોર્ટરે આ નિરાશાનું કારણ પૂછતાં ઝોરિકીને જવાબ આપ્યો કે, "બ્રોડકાસ્ટિંગનો વિકાસ થયો ત્યારે મેં આશા સેવેલી કે ટી.વી. જગતની પ્રજાઓમાં પ્રેમ વધારવા તથા સંસ્કૃતિની આપ-લે કરવા માટે ઉપયોગી માધ્યમ બની રહેશે, પણ અત્યારે તો ટી.વી.ની સ્વીચ ચાલુ કરો કે તરત ધડાધડ ધાણીની જેમ છૂટતી ગોળીઓનાં દૃશ્યો દેખાય છે અને ઢળી પડતી લાશો જોવા મળે છે. મારું સ્વપ્ન અધૂરું રહ્યું લાગે છે. મને પસ્તાવો થાય છે."

ઉત્પત્તિ ૬; ૬ "અને યહોવાએ પૃથ્વી પર માણસને ઉત્પન્ન કર્યું તેનો તેને પશ્ચાત્તાપ થયો ને તે હૃદયમાં ખેદિત થયો."

આજે પણ એવું લાગે છે, છતાં પ્રભુ સ્વીચ બંધ કરી દેતા નથી, પણ ધીરજ રાખી રહ્યા છે.

♦♦♦

# ૧૭૬. દિનુનું બિલ

ઘણાં ઘણાં વર્ષો પહેલાં દિનુ નામના નાના છોકરાએ રાત્રે સૂતી વખતે તેની માનાં તકિયા પાસે બિલ મૂકી મા પાસે પૈસાની ઉઘરાણી કરી.

આજે તા.

| | |
|---|---|
| ચિઠ્ઠી-ચપાટી પહોંચાડવાના | ૪ આના. |
| શાકભાજી લાવવાના | ૪ આના. |
| માસીને ત્યાં સંદેશો પહોંચાડવાના | ૪ આના. |
| દાતણ લાવી આપવાના | ૪ આના. |
| | રૂા. ૧ = ૦૦ |

આમ રૂા. ૧=૦૦ નું બિલ મૂક્યું.

સવારે દિનુના તકિયા પાસે માએ મૂકેલું બિલ તેને મળ્યું :-

| | |
|---|---|
| તને નવ મહિના પેટમાં રાખ્યો તેનું કંઈ નહિ | ૦-૦-૦ |
| તારી ચાકરી કરી તેનું કંઈ નહિ | ૦-૦-૦ |
| તારી માંદગીમાં ઉજાગરા કર્યા તેનું કંઈ નહિ | ૦-૦-૦ |

આમ માએ રૂા. ૦- અને ૦ પૈસાનું બિલ મૂક્યું.

કેટલીક વાર આપણે ઈશ્વર પાસે આવું જ બિલ ધરીએ છીએ. દાનાર્પણ આપવા માટે, દેવળમાં જવા માટે, મંડળીમાં સેવા કરી હોય તેને માટે અને પછી કહીએ છીએ કે ઈશ્વર હવે આ બધાના બદલામાં તું મને આશીર્વાદ આપ.

પણ આપણા આ બિલ સામે ઈશ્વર બીજું બિલ ધરે છે. આ બિલ વાંચો-ભજનસંગ્રહમાંથી ગીત નં. ૩૯૪.

◆◆◆

## ૧૭૭. કર્તવ્યપાલન

ગયા વિશ્વયુદ્ધ વખતે બે ડૉકટરોની નિમણૂક હવાઈ આક્રમણના સ્થાને થઈ હતી. ભારતીય ડૉકટરની ફરજ સવારે સાત વાગે પૂરી થતી હતી ત્યારે એક અંગ્રેજી ડૉકટરની ફરજ શરૂ થતી હતી. રોજ એ અંગ્રેજી ડૉકટર નિયમિત સમયે ફરજ પર હાજર થઈ જતો. પરંતુ એક દિવસ સમય થઈ ગયો હોવા છતાં તે આવ્યો નહિ. ભારતીય ડૉકટરે ૨૫-૩૦ મિનિટ રાહ જોઈ. એટલામાં તો તે અંગ્રેજી ડૉકટર દોડતો દોડતો આવી પહોંચ્યો. તેનો ચહેરો ખિન્ન જોઈને પૂછ્યું કે, "કેમ, આજે તમારી તબિયત સારી નથી કે શું?" અંગ્રેજ ડૉકટરે જવાબ આપ્યો, "આજે સવારે હું દૂધ કેન્દ્ર પર દૂધ લેવા ગયો હતો. પાછો આવીને જોઉં છું તો બોમ્બ પડવાથી મારું ઘર નાશ પામ્યું હતું. મારી પત્ની અને મારી વહાલી પુત્રી તથા ઘરની તમામ વસ્તુઓ નાશ પામી હતી." પછી તેણે ગદ્‌ગદ્‌ કંઠે ઉમેર્યું. "માફ કરજો, ડયુટી પર આવતાં જરા મોડો પડયો."

ઇંગ્લાંડના નાગરિકો આવા કર્તવ્યનિષ્ટ હોવાથી જ તે સમયના વડાપ્રધાન ચર્ચિલ, હિટલરને આત્મવિશ્વાસપૂર્વક કહી શક્યાં કે, "તારા વિમાનમાંથી ભલે આગનો વરસાદ વરસાવ, પણ તારો પરાજ્ય થશે ત્યાં સુધી અમે લડીશું."

◆◆◆

## ૧૭૮. મેં મારી ફરજ બજાવી છે.

છ માળના એક ઊંચા ઘરમાં આગ લાગી હતી. છઠ્ઠા માળે એક સ્ત્રી બચાવ માટે બૂમો પાડતી હતી. નીચે લોકોનું ટોળું જમા થયું હતું. પણ ઉપર જવાની કોઈની હિંમત ચાલતી નહોતી. એક લશ્કરી માણસ દોરડા વાટે ઉપર ચઢયો અને છેક બારી પાસે પહોંચીને કહેવા લાગ્યો કે, "બારી પાસે બહાર આવો, હું તમને બચાવી લઈશ." જ્વાળાઓને કારણે તે દાઝતો હતો છતાં બચાવની બૂમો પાડતો હતો. પરંતુ પેલી સ્ત્રી જ્વાળાઓને લીધે બીકની મારી બારી પાસે બહાર આવતી નહોતી.

આખરે થાકીને માણસ નીચે ઊતરી ગયો. તેના અમલદારની આગળ તે આંસુ સાથે ઊભો રહીને કહેવા લાગ્યો કે, "મેં બચાવ માટે ઘણી બૂમો પાડી પણ તે સ્ત્રી પોતે બચવા તૈયાર નહોતી, મેં મારી ફરજ બજાવી છે."

હઝકીએલ ૩૩; ૧-૬. "ચોકીદારે રણશિંગડું વગાડવાનું છે. લોકો તે સાંભળીને ચેતે, જો ન ચેતે તો તેનું રક્ત તેને માથે. પણ જો ચોકીદાર રણશિંગડું ન વગાડે, ફરજ ન બજાવે તો લોકોના રક્તનો બદલો હું ચોકીદાર પાસેથી લઈશ."

"શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર."

◆◆◆

## ૧૭૯. શાંત, પૂરી શાંત

જોન વેસ્લીએ પોતાના જર્નલમાં (રોજની નોંધપોથી) તેમની માતાના મૃત્યુ સંબંધની નોંધ આ પ્રમાણે કરી છે :

"ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધીમાં રૂપેરી દોરી તૂટતી જતી હતી અને સોનેરી પ્યાલો ભાંગી જવા લાગ્યો હતો. ગાગર ઝરા આગળ ફૂટતી હતી અને ચાકળો ટાંકી આગળ ભાંગી પડયો હતો. આત્મા હવે દેહમાંથી મુક્ત થઈ ગયો હતો. અમે બધાં માતાની અંતિમ પળે પથારીની આસપાસ ઊભાં હતાં. માની છેલ્લી માગણી હતી, "મારાં વહાલાં બાળકો, મારો આત્મા ઈશ્વર પાસે ચાલ્યો જાય કે તરત તમે ઈશ્વરસ્તુતિનું ગીત ગાજો."

અમે માની એ અંતિમ માગણી પૂરી કરવા સ્રોતો ગાયાં.

"શાંત, પૂરી શાંત? ઘેરે છે મૃત્યુભય?<br>
ઈસુએ મૃત્યુ ઉપર કીધો જય"<br>
ભજનસંગ્રહ ગીત ૩૭૧.

♦♦♦

# ૧૮૦. આપણું શરીર

"યહોવા દેવે ભૂમિની માટીનું માણસ બનાવ્યું."

આપણા શરીરમાં જાતજાતનાં તત્ત્વો, રસાયણો અને ખનીજ દ્રવ્યો ઈશ્વરે મૂક્યાં છે. એ સંબંધી શરીરશાસ્ત્રીઓ આ પ્રમાણે જણાવે છે :-

+ માણસના શરીરમાં એટલી ચરબી છે કે તેમાંથી સાબુની એક ગોટી બનાવી શકાય.

+ એટલું ફોસ્ફરસ છે કે બે હજાર દિવાસળી બનાવી શકાય.

+ એટલું કાર્બન છે કે તેમાંથી ૮૫૦૦ પેન્સિલો બની શકે.

+ એટલું લોખંડ છે કે એક ખીલો બની શકે.

+ એટલો ચૂનો છે કે એક નાની ઓરડી ધોળી શકાય.

+ એટલું પાણી છે કે એક પીપ ભરી શકાય.

+ માણસના મગજમાં ૧૨ અબજ કોષો રહેલા છે.

+ ફેફસામાં હવા ભરવાનાં અનેક ખાનાં આવેલાં છે.

+ બે મૂત્રપિંડો તદ્દન ઝીણી નળીઓના બનેલા છે. આ નળીઓને એક બીજી સાથે જોડી દેવામાં આવે તો આશરે ૪૫૦ કિલોમીટર લાંબી થઈ શકે.

+ શરીરમાં હાથના અંગૂઠા જેવી જાડી નસોથી માંડીને વાળ કરતાં પણ ઝીણી નસો આવેલી છે. આ બધી નસો જોડવામાં આવે તો ૧ લાખ ૬૦ હજાર કિલોમીટર લાંબી થાય.

+ પુખ્તવયના માણસના શરીરમાં આશરે ૨૫ હજાર અબજ રક્તકણો પેદા થાય છે અને નાશ પામે છે.

+ ૨૪ કલાકમાં હ્રદય ૧ લાખ આઠસો વખત ધબકે છે. ૨૪ કલાકમાં એમાંથી જેટલું લોહી પસાર થાય છે એટલા લોહી વડે માલગાડીનો એક ડબ્બો ભરી શકાય. હ્રદય ૧ મિનિટમાં ૫ લીટર લોહીનું પંપીંગ કરે છે.

+ બે કલાકમાં હ્રદય જેટલી શક્તિ વાપરે છે તેટલી શક્તિ વડે ૬૦ ટન વજનને એક ફૂટ ઊંચે ઊંચકી શકાય.

ઈશ્વરે અજાયબ રીતે માણસને ઘડયા છે. પણ એથી વિશેષ, ‘‘શું તમે નથી જાણતા કે તમારું શરીર જીવતા દેવનું મંદિર છે અને પવિત્ર આત્મા તેમાં વસે છે?’’

તમારાં શરીરોથી દેવને મહિમા આપો.

◆◆◆

# ૧૮૧. અંદર-બહાર

**અફીણનું જીંડવું :-**

અફીણના જીંડવાને ચારે બાજુ ચીરા કરી તેમાંથી રસ કાઢવામાં આવે છે, તેમાં ઝેરનું પ્રમાણ હોય છે. આ રસમાંથી અફીણ બને છે. જે ખાવાથી માણસ થોડી વાર આનંદ અનુભવે છે અને પછી અફીણ ચઢવાથી ભાન ગુમાવે છે.

પણ એ જીંડવાને તોડવામાં આવે છે ત્યારે અંદરથી જે સફેદ નાના નાના દાણા નીકળે છે તેનો ઉપયોગ ખાવામાં થાય છે, જેને આપણે ખસખસ તરીકે ઓળખીએ છીએ. આ ખસખસને આપણે લાડવા ઉપર નાખીને આનંદથી ખાઈએ છીએ અને મસાલામાં પણ ખસખસ વાટવામાં આવે છે. અનેક રીતે તેનો ઉપયોગ ખાવામાં થાય છે.

**ઈન્દ્રવરણીનું ફળ :-**

આ ફળ નારંગી જેવું દેખાય છે, બહારથી દેખાવમાં સુંદર લાગે છે. ખાવાનું મન થાય એવું પરંતુ અંદરથી તે તદ્દન કડવું હોય છે, જે ખાઈ શકાય નહિ.

ઘણા માણસો આવા હોય છે.

કેટલાક બહારથી ખરાબ લાગે પણ અંદરખાને સારાં હોય. બીજા કેટલાક બહારથી સુંદર લાગે પણ અંદર કડવા વખ જેવા.

◆◆◆

## ૧૮૨. ધન્ય છે તેઓને ....

પહાડ પરના ભાષણમાં (નવ ધન્યતાઓ) આ શબ્દ વારંવાર મળે છે. "તેઓને ધન્ય છે." - (તેઓ પરમસુખી છે). અંગ્રેજીમાં "blessed" અને ગ્રીકમાં "મકારીઓસ." 'મકારીઓસ'નો અર્થ થાય છે "દૈવી અને ઈશ્વરના જેવો આનંદ." તેથી આ શબ્દનો તરજુમો સુખી, આનંદી અને ધન્ય થઈ શકે. કયા લોકો આનંદી અને સુખી ગણી શકાય તે આમાં બતાવ્યું છે.

પરંતુ આજે લોકો ધનમાં, કીર્તિ અને સત્તામાં આનંદ શોધે છે.

ટેકસાસના એક કરોડપતિએ કહ્યું કે, "હું ધારતો હતો કે, મારા ધન વડે હું જગતનો આનંદ ખરીદી શકું છું. પણ મારી એ ધારણા ખોટી હતી."

એક સિનેતારિકાએ કહ્યું કે, "મારી પાસે ધન, સૌંદર્ય અને ખ્યાતિ છે અને તેથી સંસારની સૌથી સુખી યુવતી મારે હોવું જોઈએ, પરંતુ હું અતિ નિરાશ અને દુઃખી છું."

સિનેતારિકા સ્વ. મીનાકુમારી અને સ્વ. ગીતા દત્ત, આ બંને પાસે બધું જ હતું. ધન, કીર્તિ, સૌંદર્ય, ખ્યાતિ. પરંતુ જ્યારે તેઓ મરણ પામી ત્યારે પેપરોમાં વાંચ્યું કે તેઓ બંને તેમના અંગત જીવનમાં દુઃખી અને નિરાશ હતી. પતિથી તરછોડાએલી હતી.

ફ્રાન્સના એક નેતાએ કહ્યું હતું કે, "જો સંસારમાં લોકોની પાસે ખોરાક માટે નાણાં અને મૃત્યુ સામે ઝઝુમવાનું સાધન હોય તો તેમને બીજા કશાની જરૂર નથી. આમાં કેટલું તથ્ય?"

બ્રિટનના એક સામાજિક નેતાએ કહ્યું કે, ''જીવન જીવવાનાં સઘળાં સાધનો મારી પાસે છે, તેમ છતાં જીવન જીવવાની મારી ઇચ્છા નથી.''

એક માણસે માનસશાસ્ત્રી પાસે જઈને કહ્યું, ''સાહેબ, હું નિરાશ અને એકલો અટૂલો થઈ ગયો છું. મારી મદદ કરો.'' ડૉકટરે તેને સલાહ આપી કે, ''આ શહેરમાં ચાલે છે તે સરકસના જોકર પાસે જા.'' તે દુઃખીઓને હસાવી શકે છે. પેલા માણસે કહ્યું, ''સાહેબ, હું જ એ સરકસનો જોકર છું.''

પ્રભુ ઈસુએ કહ્યું, ''ધન્ય છે તેઓને, સુખી અને આનંદી છે તે લોકો, જેઓ...

(પરમ) ખરા સુખની અને સાચી ધન્યતાની ચાવી ઈસુએ બતાવી.

♦♦♦

# ૧૮૩. તૂરનો માર્ટિન

તૂરનો માર્ટિન એક ખ્રિસ્તી રોમન સૈનિક હતો. એક ઠંડી રાતે તે શહેર તરફ આવતો હતો. રસ્તામાં તેને એક ભિખારી મળ્યો. આ ભિખારી ઠંડીથી ધ્રૂજતો હતો. તેણે માર્ટિન પાસે કંઈક મદદ માગી. માર્ટિન પાસે તે વખતે પૈસા તો હતા નહિ, તેથી પોતાનો ઓવરકોટ કાઢી તેના બે ભાગ કર્યા. એક ભાગ પોતે ઓઢયો અને બીજો ભાગ પેલાં ભિખારીને ઓઢાડયો.

તે રાત્રે તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે સ્વર્ગનું દશ્ય જોયું. ઈસુ સિંહાસન પર બેઠા છે. અને આજુબાજુ દૂતો ઊભા છે. સ્વપ્નમાં તેણે જોયું તો ઈસુ અડધો કોટ પહેરીને બેઠા હતા. દૂતો ઈસુને પૂછે છે, ‘‘પ્રભુ, આપે આવો જૂનો અને ફાટેલો કોટ કેમ પહેર્યો છે?’’ ઈસુ જવાબ આપે છે, ‘‘મારા સેવક માર્ટિને મને આ આપ્યો છે.’’

માર્ટિનની આંખ ખૂલી ગઈ.

ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે, ‘‘આ નાનાંઓમાંથી એકને તમે કર્યું એટલે મને કર્યા બરાબર છે.’’ ઠંડા પાણીનું પ્યાલું - પણ બદલો ખોશો નહિ.

બર્નાડ શો કહે છે : ‘‘મારું જીવન સમાજને માટે છે, અને જ્યાં સુધી હું જીવું ત્યાં સુધી સમાજને માટે હું જે કંઈ કરી શકું તે કરવા તૈયાર છું.’’

ચાર્લ્સ લેમ્બ એક માણસ સેમ્યુલ ગ્રીસ માટે આ પ્રમાણે કહે છે : ગ્રીસના જીવનમાં ત્રણ તબક્કા હતા :-

જ્યારે તે જુવાન હતો ત્યારે લોકો તેને વિષે કહેતા કે જો તે ધારે તો બીજાઓ માટે કંઈક કરી શકે એમ છે. અને -

જ્યારે તે ઘરડો થયો ત્યારે લોકો કહેવા લાગ્યા કે જો તેણે ઇચ્છ્યું હોત તો કંઈક કરી શક્યો હોત, પરંતુ તેણે કશું કર્યું નહિ.

પછી પ્રભુ ઈસુ કહેશે, ‘‘હું ભૂખ્યો હતો ત્યારે તમે મને ખવડાવ્યું, તરસ્યો હતો ત્યારે મને પાણી પાયું, હું માંદો હતો ત્યારે મારી ખબર જોવા આવ્યા...’’

◆◆◆

# ૧૮૪. સંપૂર્ણ ભરોસો

નાયગ્રા દુનિયાનો સૌથી મોટો ધોધ, એક તરફ અમેરિકા અને બીજી તરફ કેનેડા આવેલા છે. ધોધનું પાણી ગર્જના સહિત નીચે પથ્થરો પર પડે છે. નદીના બંને કિનારા વચ્ચે ૧૧૦૦ ફૂટનું અંતર છે. ૧૯૫૮ના જૂનની ૩૦મી તારીખે આ ધોધ ઉપર એક દોરડું બાંધવામાં આવ્યું. અને જગવિખ્યાત ચાર્લ્સ બ્લોટીન તે દોરડા પર ચાલવાનો હતો. હજારો માણસો આ હૃદય થંભાવી દે તેવા દ્રશ્યને જોવાં એકઠાં થયાં હતાં. હાથમાં સમતોલપણું જાળવવા ચાર્લ્સે ૩૮ ફૂટ લાંબો અને ૪૦ પૌંડ વજનનો એક વાંસ હાથમાં પકડ્યો હતો. ચાર્લ્સ સાહસપૂર્વક, સાવધાનીપૂર્વક દોરડા પર ચાલીને સામે કિનારે પહોંચી ગયો. લોકોએ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. ચાર્લ્સે કહ્યું, "હવે મારી પીઠ પર એક માણસને બેસાડીને હું પાછો બીજા કિનારે જઈશ. જે કોઈ આવવા તૈયાર હોય તે આવે." લોકો અંદરો અંદર ગૂસપૂસ કરવા લાગ્યા, કોણ જવા તૈયાર થાય? આ તો જીવનું જોખમ હતું. કોઈ જોખમ લેવા તૈયાર થયું નહિ. છેવટે ચાર્લ્સે હેનરી કોલ્કાર્ડને સીધું પૂછ્યું, "તમે મારી પીઠ પર બેસવા તૈયાર છો? તમને મારામાં ભરોસો છે?" હેનરીએ કહ્યું, "હા, હું ભરોસો રાખું છું." અને ચાર્લ્સ હેનરીને પોતાની પીઠ પર બેસાડીને સડસડાટ સામે કિનારે પહોંચી ગયો.

પ્રભુ ઈસુએ કહ્યું, "તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો, તમે દેવ પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો."

દાઉદ ભક્ત કહે છે, "હે પ્રભુ યહોવા, હું તારા પર ભરોસો રાખું છું."

◆◆◆

## ૧૮૫. રોગ અને રસી

**શીતળા :**

શીતળાના રોગમાં ચાઠા પડી જાય છે. નિશાનીઓ રહી જાય છે. શીતળાના રોગના ઉપાય માટે રસી બનાવવામાં આવી છે. પ્રથમ ગાય ઉપર પ્રયોગ કરવામાં આવે છે. તેમાં સફળતા મળી પછી એ રસી માણસોને આપવામાં આવે છે. માણસો શીતળાના રોગથી બચે માટે ગાયને ભોગ આપવો પડે છે.

**ધનૂર :**

ધનૂરમાં માણસ મરી જઈ શકે છે. ધનૂરની રસી ઘોડાના લોહીમાંથી બનાવવામાં આવે છે. ઇંજેક્શન આપવાથી ઘોડો મરી જાય છે. પણ તેમાંથી બનાવેલી રસી માણસોને ધનૂરના રોગમાંથી બચાવે છે.

**હડકવા :**

હડકવાનો રોગ જે માણસને થયો હોય એની સ્થિતિ ભયંકર બની જાય છે. આ રોગની રસી ઘેટાંના માથામાંથી કેટલાક પદાર્થો લઈને તેમાં રાસાયણિક પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવે છે. ઘેટો મરી જાય છે પણ આ રસી દ્વારા હડકવાના રોગથી માણસ બચી જાય છે.

પાપનો રોગ એથી પણ ભયંકર છે જે શરીર અને આત્માને મારી નાખે છે. આ રોગની રસી ખ્રિસ્ત ઈસુના લોહીમાંથી તૈયાર કરવામાં આવેલી છે.

આજે વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે જગતમાં સૌથી

કાતિલ ઝેરી પદાર્થ એ 'ટોક્સીન' છે. આ ઝેરનો પ્રયોગ પ્રાણી ઉપર કરવામાં આવ્યો એના પરથી શોધી કાઢવામાં આવ્યું છે કે આ ઝેરનો માત્ર એક અંશ લેવામાં આવે તો આટલા ઝેરથી ૩૧ લાખ માણસોને મારી નાખી શકાય. અને આખી દુનિયાને સાફ કરી નાખવી હોય તો આવા ૬ ગેલન ઝેરની જરૂર પડે.

બાઈબલ પાપને આના કરતાં વધારે કાતિલ ઝેર ગણાવે છે. અને એ પાપથી બચવાના ઉપાય માટે ખ્રિસ્તના મૂલ્યવાન લોહીનો ઝરો વહેતો કરવામાં આવ્યો છે.

◆◆◆

## ૧૮૬. પ્રાર્થનાનું મહત્ત્વ

ડૉ. હર્બર બાર્કર પોતાનો અનુભવ જણાવે છે :-

મેં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે અન્ય ડૉકટરો મારી અદેખાઈ કરતા હતા. મારા પર તેમણે એક ખોટો કેસ કર્યો જેથી મારી પ્રેક્ટિસ બંધ થાય. પરંતુ આ કેસમાં મને જીત મળી. પણ મારે માટે આ સૌથી આનંદનો પ્રસંગ નહોતો.

એક સમય આવ્યો કે મારી પ્રેક્ટિસ ધમધોકાર ચાલવા લાગી અને મને ખૂબ ખ્યાતિ મળી પણ આ મારે માટે મહત્ત્વનો સમય ન હતો.

આગળ જતાં મને રાજકુટુંબના હાડવૈદ તરીકે નીમવામાં આવ્યો. અને મારી સેવાની કદર રૂપે મને 'સર'નો ઈલ્કાબ આપવામાં આવ્યો. મારા માથા ઉપર તાજ મૂકીને મહારાજાએ કહ્યું, "સર હાર્બર બાર્કર, ઊઠો." મારે માટે આ માન અને આનંદનો સમય હતો. પણ એનાથી વધારે માન અને આનંદનો સમય ત્યારે આવ્યો જ્યારે -

એક ડોશીમા મારી પાસે આવ્યાં, ઘણાં વર્ષોથી તેઓ ટટાર ચાલી શકતા નહોતાં. તેમના ઘૂંટણો વાંકા વળી ગયા હતા. મેં તેમની સારવાર કરી અને આરામ થયો. પછી ઓપરેશન કરવામાં આવ્યું. થોડા વખત પછી મેં તેમને જણાવ્યું કે, "માજી, હવે તમે સાજાં થઈ ગયાં છો અને ટટાર ચાલી શકો છો." માજીના આનંદનો પાર રહ્યો નહિ. માજીએ કહ્યું, "ડૉકટર સાહેબ, શું હું ઘૂંટણે પડી શકું?" મેં કહ્યું, "જરૂર, વાંધો નથી." ડોશીમા ઘૂંટણે

પડયાં અને પ્રાર્થના કરવા લાગ્યાં. પછી ઊભા થઈને કહેવા લાગ્યાં, "સાહેબ, ઘણા વરસોથી હું ઘૂંટણે પડીને પ્રાર્થના કરી શકતી નહોતી એનું મને દુઃખ હતું. આજે આપે મારું આ દુઃખ દૂર કર્યું. હવે હું ઘૂંટણે પડીને પ્રાર્થના કરી શકીશ."

જ્યારે માજીએ મને આ વાત કરી ત્યારે મારા આ માટે જીવનનો સૌથી આનંદનો અને મહત્ત્વનો પ્રસંગ હતો. તે વખતે હું પ્રાર્થનાનું મહત્ત્વ સમજ્યો.

પસ્તાવો : ડોડ નામના પ્રખ્યાત ઉપદેશકે કહ્યું છ "જો પુલ્પિટ ઉપર મારું મરણ થાય તો મારી ઈચ્છા છે કે મારું એ છેં ભાષણ પસ્તાવા વિષે હોય, અને જો પુલ્પિટ બહાર મારું મરણ થાય તો મારી ઈચ્છા છે કે પસ્તાવો કરતાં કરતાં હું મરણ પામું."

◆◆◆

## ૧૮૭. કારખાનામાંથી કેન્દ્ર

પૂના પાસે નસરાપુરમાં એક આધ્યાત્મિક જીવન કેન્દ્ર આવેલું છે. એક વાર મને ત્યાં જવાની તક મળી હતી, ત્યારે નીચે પ્રમાણે જાણવા મળ્યું.

આ વિભાગમાં સારું આધ્યાત્મિક જીવન કેન્દ્ર સ્થપાય એ માટે કેટલાક મિત્રો પ્રાર્થના કરતા હતા.

એ સમયમાં કોઈ એક અમેરિકન ધનવાન માણસ મહારાષ્ટ્રમાં કોઈક સ્થળે મોટું કારખાનું નાખવા માગતો હતો. તેણે નસરાપુરાને પસંદ કર્યું. ત્યાં એક ઊંચા ટેકરા ઉપર તેણે કેટલાંક મકાનો બાંધ્યા. પરંતુ પછી તે માંદો પડી ગયો ને અમેરિકા પાછો ચાલ્યો ગયો. હવે તે પાછો આવી શકે એમ નહોતો તેથી તેણે એ બધી જમીન અને મકાનો દાનમાં આપી દેવાનો વિચાર કર્યો. પ્રાર્થના કરતી પેલી ટોળીએ આ જાણ્યું એટલે તેમનો સંપર્ક કર્યો. પરિણામે એ જમીન અને મકાનો તેમને દાનમાં - મફત મળ્યાં. ત્યાં આજે ધમધોકાર આધ્યાત્મિક કેન્દ્ર ચાલે છે.

મુંબઈની મેથોડિસ્ટ કોન્ફરન્સો વારંવાર ત્યાં ભરાય છે.

કેવી અજાયબ રીતે ઈશ્વર પ્રાર્થનાનો જવાબ આપે છે!

◆◆◆

## ૧૮૮. ભલું નામ

આફ્રિકામાં જોન સેલ્વીન નામે એક બિશપ થઈ ગયા. તેઓ એક સ્કૂલ ચલાવતા હતા. આ સ્કૂલમાં એક છોકરો બહુ તોફાની હતો. ઘણું સમજાવ્યો છતાં તે સુધર્યો નહિ. એક વાર તોફાન માટે બિશપે તેને ઠપકો આપ્યો, ત્યારે આ છોકરાએ બિશપના મુખ પર તમાચો મારી દીધો. બિશપ કંઈ પણ બોલ્યા વિના પોતાની રૂમમાં ચાલ્યા ગયા.

ઘણાં વર્ષો પછી બિશપ વૃદ્ધ થઈ ગએલા. એક દિવસ દૂરના ગામમાંથી તેમના પર એક સંદેશો આવ્યો કે એક માણસ મરણપથારીએ છે અને તેની ઇચ્છા મરણ પામતાં પહેલાં બાપ્તિસ્મા લેવાની છે. જોન સેલ્વીન આ માણસને ઘેર ગયા. તેને બાપ્તિસ્મા આપતાં પૂછ્યું, "તારું નામ શું પાડું?" મરણપથારીએ પડેલા માણસે જવાબ આપ્યો, "મારું નામ જોન સેલ્વીન પાડો, કેમ કે, જે દિવસે મેં તેમને લાફો માર્યો તે દિવસે ઈસુ ખ્રિસ્ત કેવો છે એ તેમણે મને દેખાડી આપ્યું."

"ભલું નામ એ પુષ્કળ દ્રવ્ય કરતાં ઇચ્છવાજોગ છે."

"જે જીતે છે તેના પર હું મારું નવું નામ લખીશ."

◆◆◆

## ૧૮૯. મા

અંગ્રેજી ભાષામાં ચાર શબ્દો સ્વીટ (Sweet) ગણાય છે. Heaven, Home, Love અને Mother.

'મા' એટલે શું? પશ્ચિમના દેશોમાં લી પાર અને જો સ્કોવીએ સર્વે (ઝીણવટભરી તપાસ) કર્યું, અને નવ વર્ષ સુધીનાં બાળકોને સવાલ પૂછ્યો કે, "મા એટલે તમે શું સમજો છો?" તેમના જવાબો આ પ્રમાણે હતા :-

"મા, આરપાર જોનાર છે."

"મા, બધી વાતો જાણે છે."

"મા, અદ્ભુત છે."

"મા, ઈશ્વર જેવી છે." વગેરે વગેરે.

ડી. એલ. મૂડી લખે છે કે, "દરેક ઘરમાં ઈશ્વર દૈહિક રીતે હાજર રહી શક્તો નથી તેથી તેણે "મા"નું સર્જન કર્યું.

મા તે મા, બીજા બધા વગડાના વા. ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર. બધું થજો, પણ કોઈની મા મરશો નહિ. સો શિક્ષકો કરતાં એક સારી માતા વધારે છે. જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ.

આ વિશ્વને માતાઓએ ઘણાં અમૂલ્ય રત્નો ધર્યાં છે. ડી. એલ. મૂડીએ પોતાની માતાની દફનક્રિયા વખતે કહ્યું કે "મારી મા જેવી દરેકને મળે. જો આ જગતનું જતન આવી માતાઓથી થાય તો જેલોની જરૂર રહેશે નહિ."

અબ્રાહમ લિંકન પોતાની મા માટે હંમેશાં ઈશ્વરનો આભાર માનતા હતા.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ જેમ્સ ગાર્ફિલ્ડની જ્યારે પ્રેસિડન્ટના હોદ્દા માટે સોંગદવિધિ કરવામાં આવી ત્યારે સોંગદવિધિ પછી તરત તેમણે મંચ પરથી ઊતરીને છેલ્લે તેમની વૃદ્ધ મા જ્યાં બેઠાં હતાં ત્યાં

ગયા. તેમને ચુંબન કર્યું અને તેમના આશીર્વાદ લીધા.

કિપ્લિંગ નામનો લેખક લખે છે :

If I were hanged on the higest hill, I know, whose love would follow me still-

"Mother."

*

એક રાત્રે એક ઘરમાં ધાડપાડુઓ ઘૂસ્યા. ઘરમાં નાનું બાળક અને તેની મા બે જ હતાં. ધાડપાડુઓએ બંદૂકની અણીએ માગણી કરી કે, "તારું બધું ઝવેરાત-ધન આપી દે અથવા તારા બાળકને." માતા આગળ બે ખજાના હતા. આખી જિંદગીની કમાઈ અને બીજું બાળક. બેમાંથી પસંદગી કરવાની હતી. માની મમતા જાગી ઊઠી. તેણે ઝવેરાત-રોકડ જે કંઈ હતું તે લાવીને ડાકુઓને ચરણે ધરી દીધું.

માનો પ્રેમ ઝવેરાત કરતાં પણ કીમતી છે.

*

ભાવનગર રાજ્યના ચતુર અને વિદ્વાન દિવાન સર પ્રભાશંકર પટ્ટણીનાં મા મરણ પામ્યાં ત્યારે આ દિવાન ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. તેમને આશ્વાસન આપનારાઓને તેમણે જવાબ આપ્યો કે, "ઘણા મને 'બાપુ' કહીને બોલાવે છે, કેટલાક મને 'પી.ડી.' કહે છે, કોઈ 'દિવાન સાહેબ' કહીને બોલાવે છે. પણ મારી મા મને 'દીકરા પરભા' એમ કહીને બોલાવતાં, હવે મને 'પરભો' કહીને કોણ સંબોધશે? મારી માનો પ્રેમ મને હવે આ ભવમાં કદી પણ નહિ મળે, એ વાતના દુઃખથી જ મને રડવું આવે છે."

એક ગીતમાં કવિ ઠપકો આપતાં લખે છે :-
“તારી જનેતાએ નવ માસ રાખ્યો,
લીલેથી લઈને નવ માસ સુવાડ્યો
તોય તેને કામ ના આવ્યો, ઓ માનવી.”

*

એક વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ગ્રેજ્યુએટ થયો. ગ્રેજ્યુએશન વખતે તેણે પોતાની ગરીબ માને બોલાવી, પ્રિન્સિપાલે આ જુવાનની તેજસ્વી કારકિર્દીનાં વખાણ કર્યાં. જુવાન ઉત્તરમાં ઊભો થઈને પોતાની મા જ્યાં છેલ્લા ખૂણામાં બેઠી હતી ત્યાં ગયો અને તેને આગળ દોરી લાવ્યો. પછી તેણે બધાને સાંભળતાં કહ્યું, “આજે હું જે કંઈ છું તે આ મારી માને લીધે છું. બધું માન તેને મળવું જોઈએ, કારણ કે તેણે લોકોનાં દળણાં દળીને, વાસણ માંજીને, કપડાં ધોઈને, પેટે પાટા બાંધીને મારી ફી ભરી મને ભણાવ્યો.” આમ કહીને તે પોતાની માની કોટે વળગી પડ્યો.

*

સુલેમાન રાજા દરબાર ભરીને બેઠા હતા ત્યારે તેમની મા તેમને મળવા આવ્યાં ત્યારે રાજાએ ઊભા થઈને તેને નમન કર્યું.

*

ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પરથી પોતાની માની ચિંતા કરી યોહાનને સોંપણી કરી.

*

“ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહિ.
કર્યા અગણિત ઉપકાર જેણે, તેનું દિલ દૂભવશો નહિ.
મા, તમને લાખો લાખ - કોટિ કોટિ વંદન!”

◆◆◆

# ૧૯૦. આત્મ વિશ્વાસ

એક વખત એક માણસ અમેરિકાના સુપ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક નેપોલીઅન હીલ પાસે આવ્યો. ખિસ્સામાંથી હીલનું લખેલું પુસ્તક ''આત્મ વિશ્વાસ'' કાઢીને બતાવ્યું અને પૂછ્યું, ''શું આપ જ આના લેખક છો ને!'' જવાબ મળ્યો હા. પછી પેલા માણસે પોતાની વીતક તેમને જણાવતાં કહ્યું કે, ''હું સુખી માણસ હતો. નાનો વેપાર હતો. એવામાં યુદ્ધ થયું અને લોકોની દેખાદેખીથી મારી થોડી મૂડી હતી તે મોટા વેપારમાં રોકી પણ તેમાં હું હારી ગયો ને પાયમાલ થઈ ગયો. ચિંતામાં ને ચિંતામાં મારી પત્ની અને બાળકોને છોડીને આપઘાત કરવાનો વિચાર આવ્યો. પરંતુ એટલામાં આપનું આ પુસ્તક મારા જોવામાં આવ્યું; અને મને લાગ્યું કે આપ કોઈક રીતે મારી મદદ કરી શકશો. તેથી મદદની આશાએ આપની પાસે આવ્યો છું.''

હીલે થોડી વાર તેની સામે જોઈને પછી કહ્યું, ''ભાઈ, હું તમારી કશી મદદ કરી શકું એમ નથી.'' આ સાંભળી પેલો માણસ નિરાશ થઈને ચાલવા લાગ્યો. હીલ તેને પાછો બોલાવી કહ્યું, ''એક માણસને હું ઓળખું છું જે તમારી મદદ કરી શકશે.'' પેલો માણસ આ વ્યક્તિનું નામ જાણવા ઉત્સુક બન્યો. હીલે તેને બીજા ઓરડામાં લઈ ગયા. ત્યાં પડદા પાછળ મોટો અરીસો હતો. હિલે પડદો ખસેડ્યો આથી પેલા માણસનું પ્રતિબિંબ તેમાં દેખાયું. હીલે કહ્યું, ''જુઓ, આજ તે વ્યક્તિ છે, જે તમને મદદ કરી શકે તેમ છે.''

પેલો માણસ કંઈ બોલ્યા વગર જતો રહ્યો. થોડા સમય બાદ અચાનક હીલ અને પેલા માણસની રસ્તામાં મુલાકાત થઈ. પેલા માણસે કહ્યું, "સાહેબ, મને ઓળખ્યો? હું જ એ વખતે નિરાશાની સ્થિતિમાં મદદ માટે તમારી પાસે આવ્યો હતો, અને નવી આશા અને વિશ્વાસ લઈને પાછો વળ્યો હતો. આજે હું અમેરિકાનો સુપ્રસિદ્ધ વેપારી છું. એક સંસ્થાનો અધ્યક્ષ છું. મારો વેપાર મેકસિકોથી કેનેડા સુધી ફેલાએલો છે." પછી ખિસ્સામાંથી કોરો ચેક કાઢી કહ્યું, "આપને જોઈએ તે રકમ આમાં લખી લો."

આ કઈ શક્તિ હતી! કયો ચમત્કાર હતો કે એક નિરાશ અને મોતને આરે પહોંચેલો માણસ પ્રસિદ્ધિના શિખરે પહોંચી શક્યો? "આત્મ વિશ્વાસ."

રશિયાનો ભાગ્યવિધાતા સ્ટાલીન મોચીને ઘેર જન્મ્યો હતો. ક્રુશ્ચેવે એક ખાણના મજૂર તરીકે જીવનની શરૂઆત કરી હતી. અબ્રાહમ લિંકને ઝૂંપડીમાં જીવનની શરૂઆત કરી હતી. અને છતાં આત્મવિશ્વાસ, ધગશ અને મહેનતથી તેઓ સફળતાનાં શિખરો સર કરી શક્યા.

દોરી-લોટો લઈને આવેલા મારવાડીઓ લાખોપતિ બની શક્યા.

◆◆◆

## ૧૯૧. જેલ અને સાહિત્ય

જેલ કેટલાક માટે સાધના અને ચિંતન-મનન માટેનું પવિત્ર સ્થળ બની ગયું છે. જેલના એકાંત અને સાધનામય જીવનમાં વિશ્વનું શ્રેષ્ઠ સાહિત્ય લખાયું છે.

(૧) વિશ્વ વિખ્યાત નવલકથાકાર દોસ્તો વસ્કી કહે છે કે સજાને લીધે હું સદાચારી બન્યો. ૧૮૪૯માં તેને સામ્યવાદીઓનો મિત્ર હોવાના આરોપસર જેલમાં પૂરવામાં આવ્યો હતો. ત્યાં તેણે તેની અમરકૃતિ "Crime & Punishment" લખી.

(૨) દુનિયાનો પ્રસિદ્ધ શબ્દકોશ ''ઓક્સફર્ડ ડિક્ષનેરી''ની શરૂઆત ડૉ. વિલ્યમ સી માઈનરે જેલમાં કરી હતી.

(૩) જોન બન્યને તેના બાર વર્ષના જેલજીવન દરમિયાન ''યાત્રાકારી'' લખ્યું. જે બાઈબલથી બીજે નંબરે ગણાય છે.

(૪) હિટલરે પોતાની આત્મકથાનો ઘણો ભાગ જેલમાં લખ્યો હતો.

(૫) વિશ્વની સૌથી લોકપ્રિય હાસ્યકથા ''ડોન કિહોટે'' તેના લેખક માઈગેલે જેલમાં લખી હતી.

(૬) ઈંગ્લાંડમાં વોલ્ટર રેલેએ ૧૪ વર્ષની જેલ દરમિયાન સખત ઠંડી અને અંધારી કોટડીમાં પોતાની મહાનકૃતિ ''History of the world'' નું સર્જન કર્યું.

(૭) ગાંધીજીએ પોતાની આત્મકથા જેલમાં લખી હતી.

(૮) જ્વાહરલાલ નહેરૂએ પોતાની કૃતિ ''ડિસ્કવરી ઓફ ઈન્ડિયા'' અને આત્મકથા જેલમાં લખી હતી.

(૯) લોકમાન્ય તિલકનું પ્રસિદ્ધ ''ગીતારહસ્ય'' જેલમાં લખાયું હતું.

(૧૦) પ્રે. પાઉલે ફિલિપીઓને પત્ર, કોલોસીને પત્ર, ફિલેમોનને પત્ર, એફેસીઓને પત્ર વગેરે જેલમાં લખ્યાં હતા.

(૧૧) પ્રે. યોહાને પાત્મસ બેટ, જ્યાં તેને જેલનિકાલ કરવામાં આવ્યો હતો, ત્યાં ''પ્રકટીકરણ'' લખ્યું.

◆◆◆

## ૧૯૨. અભયદાન

સને ૧૭૫૨ના યુદ્ધમાં અહમદશાહે લાહોર જીત્યું, અને ત્યાંના સૂબા મૂઈનને શરણાગતિ સ્વીકારવા બોલાવ્યો. ત્રણ અંગરક્ષકો સાથે મૂઈન હાજર થયો. સૂબાએ કહ્યું, ‘‘મૂઈન, આ લડાઈમાં તમે જીત્યા હોત તો શું કરત?’’ સહેજ પણ સંકોચ રાખ્યા વગર મૂઈને જવાબ આપ્યો, ‘‘હું જીત્યો હોત તો તમારું માથું વાઢીને દિલ્હી મોકલી આપત.’’

‘‘એમ,... તો, પછી મારે તમારું શું કરવું તે જરા કહેશો?’’

મૂઈને કહ્યું, ‘‘તમને સલાહ આપવાનો મને લગીર હક નથી, આમ છતાં તમે પૂછો છો તો કહું :-

‘‘તમારામાં વેપારી વૃત્તિ હોય તો મને ગુલામ તરીકે વેચી શકો છો; કસાઈની વૃત્તિ હોય તો મને રહેંસી નાખી શકો છો અને બાદશાહને છાજે એવું વર્તન દાખવવું હોય તો માનભેર મુક્તિ આપી શકો છો. ત્રણમાંથી જે નિર્ણય કરવો હોય તે આપની ઇચ્છાને આધીન છે.’’

મૂઈનની વીરવાણી હવામાં ગૂંજી રહી. એનો આવો વીરતાભર્યો જવાબ સાંભળી બાદશાહ ખુશ થયો, અને પોતાની પાઘડી તેને પહેરાવી પ્રેમથી ભેટી પડ્યો અને અભયદાન આપ્યું.

◆◆◆

# ૧૯૩. નવો ધર્મ

લેપોક્ષ નામના એક ફ્રેન્ચ માણસે બહુ અભ્યાસ કરીને એક નવો ધર્મ શોધી કાઢ્યો. આ ધર્મનું નામ આપ્યું, "થિઓફીલ એન્થ્રોપી." પરંતુ થોડા વખતમાં તેને આ ધર્મથી નિરાશા ઉપજી ને કંટાળી ગયો. પછી ટેલેરન્ડ નામના માણસ આગળ આ ધર્મની નિષ્ફળતા અંગે વાત કરી. ટેલેરન્ડે કહ્યું, "નવો ધર્મ સ્થાપવો એ સહેલું નથી. હવે તમારે શું કરવું એ તમને કહું. હું કહું એમ કરો તો તમે સફળ થશો." લેપોક્ષે ઇંતેજારીથી કહ્યું, "જણાવો."

જવાબ મળ્યો, "જાઓ જઈને વધસ્તંભે જડાઈ જાઓ. પછી દટાઈ જાઓ અને ત્રીજે દિવસે પાછા ઊઠો. પછી બધે ફરીને ચમત્કારો કરો, માંદાઓને સાજા કરો, મરેલાંઓને સજીવન કરો, ભૂતોને કાઢો - એમ કરવાથી તમે સફળ થશો."

આ સાંભળીને લેપોક્ષ ચાલ્યો ગયો.

◆◆◆

# ૧૯૪. ઈસુને હાથ સલામત

એક ઘાયલ સૈનિકનું ઓપરેશન કરવાનું હતું, પણ તેની સ્થિતિ ઓપરેશન સહન કરી શકે એમ નહોતી. તેનું હૃદય નબળું પડી ગયું હતું. સૈનિકે કહ્યું, ''મારી એક શરત માન્ય રાખો તો હું ઓપરેશન કરી શકીશ.'' શરત એ હતી કે, ''ઓપરેશન દરમિયાન ફ્લોરેન્સ નાઈટિન્ગેલ મારો હાથ તેમના હાથમાં પકડી રાખે.'' પછી એ પ્રમાણે કરવામાં આવ્યું અને ઓપરેશન સફળ થયું.

પાછળથી ડૉકટરોએ પૂછતાં સૈનિકે કહ્યું કે, ''મારો હાથ ફ્લોરેન્સ નાઈટેન્ગલના હાથમાં હતો તેથી મને વિશ્વાસ અને હિંમત મળતાં હતાં.''

''ઈસુને હાથ સલામત.''

આપણો હાથ પ્રભુના હાથમાં મૂકીએ તો સલામતિ, શાંતિ અને હિંમત મળે છે.

♦♦♦

## ૧૯૫. પ્રેમનો અનુભવ

હેલન કેલર નાનપણથી મૂંગી, બહેરી અને અંધ છોકરી હતી. તે નાની હતી ત્યારે તેની મા તેને પારણામાં સુવાડતી. એક વખતે, આ રીતે હેલનને તેની મા વાંકા વળીને પારણામાં સુવાડતી હતી તે વખતે માની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં અને હેલનના ગાલ ઉપર પડ્યાં. પછી માએ કહ્યું, "ઓ હેલન, તારી મા તારા પર કેટલો બધો પ્રેમ કરે છે, તું એ અનુભવી શક્તી નથી. હું મારો પ્રેમ તને દર્શાવવા ઘણી આતુર છું, પણ તું સાંભળી શક્તી નથી. કારણ કે તારા કાન બંધ છે. તું જોઈ શક્તી નથી, કારણ કે તારી આંખો બંધ છે. તું પ્રેમનો પ્રત્યુત્તર આપી શક્તી નથી કારણ કે તારી જીભ બંધ છે."

ઈશ્વરના આપણા પ્રત્યેના પ્રેમ પ્રતિ આપણી આંખો, કાન અને જીભ બંધ તો નથી ને! જો ખુલ્લાં રાખીએ તો ઈશ્વરના પ્રેમનો અનુભવ આપણે પામી શકીએ છીએ.

◆◆◆

## ૧૯૬. ગુસ્સો

એક માણસ માંદો હતો. ડૉકટરે એને ગુસ્સો નહિ કરવાની સલાહ આપી હતી. એક દિવસે આ માણસ મેડા ઉપર હતો. એવામાં નીચે ઘરકામ કરનારી બાઈથી કાચની પ્લેટ પડી ગઈ અને ભાંગી ગઈ. આ માણસ દાદરા આગળ આવીને ખૂબ ગુસ્સામાં બાઈને બોલવા લાગ્યો. ગુસ્સાને કારણે અચાનક હૃદય પર દબાણ વધવાથી તે બેભાન બનીને દાદરા પરથી પડી ગયો ને મરી ગયો.

માનસશાસ્ત્રીઓ જણાવે છે કે ૬૦ % ની બિમારી તે માનસિક બિમારી હોય છે. ગુસ્સો, તિરસ્કાર, વેરભાવ, ચિંતા વગેરે બાબતો માણસને માનસિક અને શારીરિક રીતે બિમાર બનાવે છે.

શેક્સપિયરના એક નાટકમાં ડંકનનું ખૂન થાય છે. આ ખૂનને કારણે લેડી મેકબેથ બિમાર પડી જાય છે. પછી તે ડૉકટર પાસે જઈને બિમારીનું કારણ પૂછે છે ત્યારે ડૉકટર જવાબ આપે છે કે, "તમે ખરેખર બિમાર નથી, પણ તમારા મનમાં ગૂઢ તરંગોને કારણે તમે બિમાર છો. તમારી શાંતિ ચાલી ગઈ છે. તમે માનસિક રીતે બિમાર છો."

ડૉકટરો કહે છે કે વધુ પડતો ગુસ્સો કે ક્રોધ કરવાથી બ્રેઈન હેમરેજ થાય છે. અતિ ગુસ્સા વખતે લોહી મગજમાં વધુ પ્રમાણમાં ભરાય છે. વધુ પડતું લોહી મગજની નસોમાં ભરાવાથી નસો ફાટી જાય છે. અને બ્રેઈન હેમરેજથી માણસ મરી જાય છે.

વધુ પડતો ગુસ્સો કરવાથી હાર્ટ એટેક પણ આવે છે. ગુસ્સો કરવાથી માનસિક લાગણીઓ ઉશ્કેરાય છે, તેને કારણે હૃદય પર

બોજ વધે છે અને એટેક આવે છે ને માણસ મરી જાય છે.

ગુસ્સાને કારણે બ્લડપ્રેશર વધી જાય છે. એક ૮૦ વર્ષની બાઈ રોજ ડૉક્ટર પાસે પોતાનું બ્લડપ્રેશર મપાવવા આવતી હતી. મોટે ભાગે તેનું બ્લડપ્રેશર ૨૦૦ જેટલું રહેતું હતું. એક દિવસ ૨૩૦ થઈ ગયું. ડૉક્ટરે કહ્યું, "આજે તમારું બ્લડપ્રેશર થોડું વધી ગયું છે." પેલી સ્ત્રીએ કહ્યું, "હા, ડૉક્ટર હું જાણું છું. કારણ કે અંદર આવતાં પહેલાં બહાર એક માણસ સાથે ખૂબ જ ઉશ્કેરાટમાં ચર્ચા થઈ હતી. તેને કારણ મારું બ્લડપ્રેશર વધ્યું છે."

આ રોગોનો ઉપાય શો? ગોળીઓ લેવાથી રોગ મટી જશે? મેકમિલન નામનો માનસશાસ્ત્રી કહે છે કે Peace does not come in Capsules. આનો ઉપાય મળે છે ૧ કોરિંથી ૧૩મો અધ્યાય 'પ્રેમ' વિશે વાંચો.

♦♦♦

## ૧૯૭. મિશનરીઓ મોકલો

ડૉ. જોન ફોસ્ટર તેમના પુસ્તક "Then and Now" માં આ દાખલો આપે છે.

૧૨૭૧માં તે સમયના જાણીતા સૌથી મોટા રાજ્યનો રાજા કુબલાઈખાન હતો. એનું રાજ્ય ઉરલ પર્વતથી હિમાલય સુધી ફેલાએલું હતું. તેણે તે સમયના પોપ ગ્રેગરી ૧૦માંને એક પત્ર લખ્યો. પત્ર આ પ્રમાણે હતો :-

"તમે તમારા મુખ્ય યાજક પાસે જાઓ, અને અમારા વતી વિનંતી કરો કે તેઓ તમારા ધર્મમાં પ્રવીણ હોય એવા ૧૦૦ માણસો મારા રાજ્યમાં મોકલી આપે. પછી હું બાપ્તિસ્મા લઈ ખ્રિસ્તી બનીશ, એટલે મારા વાલી વારસો પણ ખ્રિસ્તી બનશે. ત્યાર પછી રાજ્યના અમલદારો અને આખી પ્રજા ખ્રિસ્તી બનશે. આથી તમારા પ્રદેશમાં જેટલા ખ્રિસ્તીઓ છે એના કરતાં આ પ્રદેશમાં વધારે ખ્રિસ્તીઓ થશે."

આ પત્ર લઈને નીકોલો અને માફીઓ પોલો પોપ પાસે ગયા.

પણ શું બન્યું? પોપે આ પત્ર પર ધ્યાન આપ્યું નહીં, તેમ જ ત્યાર પછીના ૧૮ વર્ષ સુધી કોઈ મિશનરીને ત્યાં મોકલવામાં આવ્યા નહિ. અને પછી તો પરિસ્થિતિ બદલાઈ ગઈ.

જો પોપે આ તક ઝડપી લીધી હોત તો એનાં કેવાં મીઠાં પરિણામો આવ્યાં હોત! પણ દુઃખની વાત કે મંડળી નિષ્ફળ ગઈ.

**ફરિયાદ :-**

એક પાળકે પોતાના ટેબલ પર એક નોટ રાખી હતી. તેના પર લખ્યું હતું, "સભાસદોની સભાસદો વિરુદ્ધ ફરિયાદો."

જ્યારે કોઈ સભાસદ બીજા સભાસદની વિરુદ્ધ ફરિયાદ કરવા આવે ત્યારે પાળક કહેતા કે તમારી ફરિયાદ હું આ નોટમાં લખી લઉં છું. અને તમે તેના પર સહી કરો, જેથી જ્યારે આ બાબતનો નિકાલ કરવાનો હોય ત્યારે તમે સાક્ષી આપી શકો. આ સાંભળી ફરિયાદી ના પડતો કે, "લખશો નહિ" કોઈ સહી કરવા તૈયાર થતા નહિ.

આ પાળક કહે છે કે આ નોટ ૪૦ વર્ષ સુધી મેં મારા ટેબલ પર રાખી, પણ તે કોરી જ રહી. એક પણ ફરિયાદ એમાં લખાઈ નહિ.

◆◆◆

## १९८. ખ્રિસ્ત વગરનો ખ્રિસ્તી ધર્મ

પંડિતા રમાબાઈએ ભારતના ઘણા ધર્મો પાળી જોયા પણ કોઈ ધર્મમાં તેમને સંતોષ થયો નહિ. છેવટે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. આથી તેમને સંતોષ થયો. ખ્રિસ્તી ધર્મ અપનાવ્યા બાદ તેઓ ઇંગ્લાંડ ગયા અને ત્યાં બાપ્તિસ્મા લીધું. ત્યાંની મંડળીમાં જોડાયાં, અને ૮ વર્ષ સુધી આદર્શ જીવન જીવ્યાં.

એક રાત્રે એક સભામાં 'નવા જન્મ' વિષે સાંભળ્યું. આ અગાઉ તેમણે નવા જન્મ વિષે સાંભળ્યું ન હતું, અથવા નવા જન્મની જરૂર વિષે તેમને કહેવામાં આવ્યું નહોતું. ત્યાર પછી તેમણે નવા જન્મનો અનુભવ કર્યો. અને ખરા અર્થમાં ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકાર્યો. તેઓ તેમની સાક્ષીમાં લખે છે કે "મેં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો પણ ખ્રિસ્તને અપનાવ્યો નહોતો. ૮ વર્ષ સુધી હું ખ્રિસ્તી હતી પણ ખ્રિસ્ત વગરની."

આજે પણ કેટલાક લોકો આવી ભૂલો નથી કરતાં? તેઓ ખ્રિસ્તી છે, દેવળમાં આવે, દાન આપે, પ્રાર્થના કરે, બાઈબલ વાંચે - પણ તેમને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં નવા જન્મનો અનુભવ નથી. તેમને માટે ખ્રિસ્ત અંગત તારનાર બન્યો નથી.

ખ્રિસ્ત વગરના ખ્રિસ્તીઓ.

◆◆◆

# ૧૯૯. આભારસ્તુતિ

જોન વેસ્લી ૨૧ વર્ષની ઉંમરે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણતા હતા ત્યારે કોલેજના પટાવાળા પાસે તેઓ મોટો પાઠ શીખ્યા. આ પટાવાળો જેની પાસે એક જ કોટ હતો, સૂવાની એક જ પથારી હતી અને ગરીબ હતો છતાં ખુશ હતો, અને ઈશ્વરનો આભાર માનતો હતો. વેસ્લીએ તેને આભાર માનવાનું કારણ પૂછતાં તેણે જવાબ આપ્યો કે, "ઈશ્વરે મને જીવન આપ્યું છે, પ્રેમ કરવા હૃદય આપ્યું છે, સેવાની ઈચ્છા આપી છે - આ બધાને માટે હું ઈશ્વરનો આભાર માની ખુશ રહું છું." જોન વેસ્લીને આ સાંભળી શરમ લાગી અને પોતે ધ્રૂજી ઊઠ્યા. તેમણે કહ્યું, "આ પટાવાળો આભારસ્તુતિનો ખરો અર્થ સમજે છે, ત્યારે પોતે નથી સમજ્યા."

ત્યાર પછી ૧૭૯૧માં ૮૮ વર્ષની ઉંમરે વેસ્લી મરણપથારી પર હતા ત્યારે આ ગીતનું રટણ કરતા, "જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી હું મારા ઉત્પન્ન કરનારની સ્તુતિ કરીશ."

"I will praise my maker while I have breath."

"If Christians Praise God more, the world would doubt him less."

"હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન અને તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા."

◆◆◆

# ૨૦૦. માનવતાનો માંડવો

જૂની ચોપડીમાં એક વાર્તા હતી જોગીદાસ ખુમાણની. આ જોગીદાસ બહારવટીઓ હતો. રાજાનો ખજાનો લૂંટવા વારંવાર જતો. રાજા આ બહારવટીઆથી ભારે પરેશાન હતો. એને પકડનારને ભારે ઈનામની જાહેરાત પણ રાજાએ કરી હતી.

એક દિવસે રાજાનો એકનો એક જુવાન દીકરો મરણ પામ્યો. આખું રાજ્ય શોકમાં ડૂબી ગયું હતું. જ્યારે જોગીદાસ ખુમાણે આ વાત જાણી ત્યારે પોતે બહારવટીઓ હોવા છતાં તેની આંખમાં આંસુ આવ્યાં. તેના મનમાં માનવતા જાગી ઊઠી. તેણે નક્કી કર્યું કે મારે પણ રાજાના શોકમાં ભાગીદાર બનવું જોઈએ. રાજાને દિલાસો આપવા જવું જોઈએ. પણ ત્યાં જવું શી રીતે? રાજ્યમાં જવું એ જોખમ ખેડવાનું કામ હતું. તેમ છતાં એ જોખમ ઉઠાવીને ત્યાં જવા નીકળ્યો. માથે કપડું ઓઢી લીધું જેથી પોતે ઓળખાઈ ન જાય. બીજા લોકોની સાથે તે ભળી ગયો અને ટોળામાં ત્યાં પહોંચ્યો. લોકોની સાથે બેસીને જોગીદાસ પણ રડતો હતો ને શોક કરતો હતો. તેનો રડવાનો અવાજ સાંભળી રાજા તેને ઓળખી ગયો; અને બોલ્યો, ''જોગીદાસ ખુમાણ, હવે રડવાનું બંધ કરો.''

જોગીદાસનું નામ સાંભળતાં જ ત્યાં ઊભેલા સિપાઈઓની તરવારો ખેંચાઈ. જેના માથા માટે મોટું ઈનામ જાહેર થયું છે એ પોતે જ અત્યારે અહીં હાજર હતો.

પરંતુ રાજાએ કહ્યું, ''થોભો, આજે જોગીદાસ રાજ્યને લૂંટવા આવ્યા નથી, પણ રાજ્યના શોકમાં ભાગ લેવા આવ્યા છે; આજે તેઓ મારા હમદર્દ થઈને આવ્યા છે, માટે તમારી તરવારો મ્યાન કરો.''

રાજાએ પણ પોતાની માનવતા દીપાવી અને જોગીદાસનો આભાર માની માનભેર તેમને વિદાય કર્યા.

માનવતા અને માણસાઈ વેચવા માટે કે વેડફી દેવા માટે નથી. કોઈ માણસ પૂરેપૂરો ખરાબ નથી કે કોઈ પૂરેપૂરો અને સંપૂર્ણ સારો પણ નથી.

માનવી તેજ અને અંધારાનું પૂતળું છે. તમારી માનવતાનો માંડવો પડી ના જાય એ જો જો.

◆◆◆

# ૨૦૧. ચૂંટેલાં ફૂલ અને વીણેલાં મોતી

૧. સોક્રેટિસ : "હું એક વાત જાણું છું કે, હું કંઈ જાણતો નથી."

૨. તમારા હક માટે લડવા જતાં કૂતરો કરડી બેસે તેના કરતાં કૂતરાને રસ્તો આપવો બહેતર છે.

૩. નાના નાના ખાડા ખોદીને ઘણી સ્ત્રીઓ પોતાના સંસારની કબર તૈયાર કરે છે.

૪. એક માણસનું હાસ્ય સામા માણસને કહે છે, તમે મને ગમો છો, તમને મળવાથી આનંદ થયો. મોટા સ્ટોરનો માલિક કોઈ ગંભીર મોં વાળા ફિલસૂફીને નોકરીએ રાખવાને બદલે અધકચરી કેળવણી પામેલા પણ મોહક હાસ્યવાળી રમણીને કેમ નોકરીએ રાખવાનું પસંદ કરે છે? હાસ્ય, આપનારને ગરીબ બનાવ્યા વગર લેનારને શ્રીમંત બનાવે છે.

ચીની કહેવત છે : A man without a smiling face must not open a shop.

૫. ચીનમાં ધરતીકંપ થાય એના કરતાં પોતાની દુઃખતી દાઢનું દુઃખ માણસને વધારે હોય છે.

૬. પ્રામાણિકપણે સામા માણસના દષ્ટિબિંદુથી પરિસ્થિતિ નિહાળવાનો પ્રયાસ કરો.

૭. દરેક નવજાત શિશુ એ માનવજાતમાં ઈશ્વરે મૂકેલા વિશ્વાસનું પ્રમાણપત્ર છે.

૮. મિત્રતા નિભાવવા માટે ત્રણ બાબતોથી દૂર રહેજો :

(૧) મિત્ર સાથે વાદવિવાદથી (૨) નાણાંની લેવડ-દેવડથી (૩) મિત્રની પત્નીથી.

૯. ગમે તે ભાષા વાપરો, પણ તમે જેવા હશો એવા જ શબ્દો તમારા મોંમાંથી બહાર આવશે.

૧૦. માણસ સાથે કામ પાડતી વખતે યાદ રાખજો કે તમે તર્કશાસ્ત્રના પૂતળા સાથે નહિ પણ લાગણીના પૂતળા સાથે કામ પાડો છે, જે અભિમાન અને મગરૂરીથી ભરપૂર છે.

૧૧. ફ્રેન્ચ ક્રાંતિ વખતે કોઈએ બિશપ ટેલેરેન્ડને પૂછ્યું કે, “ખ્રિસ્તી ધર્મ શું છે? એના જેવો ધર્મ સ્થાપવા શું કરવું જોઈએ?”

બિશપે કહ્યું, “એને માટે વધસ્તંભે જડાવું પડે, અને ત્રીજા દિવસ ,પાછા ઊઠવું પડે.”

૧૨. બર્નાડ શો કહે છે - “જીવનમાં સૌથી મોટી બે કરુણતા છે - એક પરણવું અને બીજું નહિ પરણવું તે.”

૧૩. લોર્ડ લિંગે ડેઈલ કહે છે : એક પલ્લામાં મારી મા મૂકો અને બીજા પલ્લામાં જગત મૂકો તો મા વાળું પલ્લું નીચે નમશે.

૧૪. Do not criticise your neighbour until you have walked half a mile in his shoes.

૧૫. Mostly people come to church to be blessed rather then to be a blessing.

૧૬. I went out to find a friend,
but could not find one there.
I went out ot be a friend,
and friends were everywhere.

◆◆◆

# ૨૦૨. છેલ્લા શબ્દો

વધસ્તંભ પર ઈસુના છેલ્લા શબ્દો આ પ્રમાણે હતા : ''પિતા, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું.'' અને તે મરણ પામ્યા.

આગ્રમીના (નીરો બાદશાહની મા) ના છેલ્લા શબ્દો : ''આવા ક્રૂર રાજવીને (નીરોને) જન્મ આપનાર કૂખ સદાને માટે ભૂંસાઈ જાય તે બરાબર છે.''

અબ્રાહમ લિંકનના છેલ્લા શબ્દો : ''હજારો હાથમાંથી હજારો ગોળીઓ ભલે છૂટે, અને મારા જેવી હજારો લાશો ભલે ઢળી પડે, પણ તમે તમારા સેવેલા આદર્શોમાંથી ચલિત થશો નહિ.''

જુલિયસ સીઝરના છેલ્લા શબ્દો : ''બ્રુટસ, શું તું પણ મને મારવામાં સામેલ હતો?''

ઓસ્કાર વાઈલ્ડ : ''હું મારાં સાધનોથી જે રીતે જીવ્યો એ જ રીતે મરી રહ્યો છું.''

મહાન અર્થશાસ્ત્રી લેન્ગી મરણ પથારીએ બોલી શક્તો નહોતો. મિત્રોના કોઈ પ્રશ્નનો જવાબ આપી શક્તો નહોતો, પણ એક મિત્રએ અર્થશાસ્ત્રીને સવાલ પૂછ્યો,, ''૬૭ x ૬૭ = કેટલા થાય?'' અને તરત લેન્ગી હસ્યો અને કહ્યું, ''૪૪૮૯'' અને મરણ પામ્યો.

ક્રિસ્ટલના છેલ્લા શબ્દો : ''શું મરણ આવું છે? તો તે સારું છે.''

જર્મન કવિ હિને : ''ફૂલો! ફૂલો! કુદરત કેટલી સુંદર છે!''

ફ્રેન્ચ લેખક રાબેલિયસ : ''પડદો પડી જવા દો, નાટક પૂરું થયું.''

જોન વેસ્લીના મૃત્યુના પૂર્વેના છેલ્લા શબ્દો : ''સૌથી ઉત્તમ વાત તો આ છે કે દેવ આપણી સાથે છે.''

જોન ક્રિસોસ્ટમ : ''સઘળાંને માટે ઈશ્વરને ધન્યવાદ.''

થોમસ બિકેટ (આર્ચ બિશપ ઓફ કેન્ટરબરી) શહીદ થયા ત્યારે એમના મુખમાં છેલ્લા શબ્દો હતા - ''હું રાજીખુશીથી મરું છું. ઈસુ ખ્રિસ્તના નામને કારણે અને મંડળીના રક્ષણાર્થે.''

◆◆◆

## ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વરી સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારોબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | |
| ૨૭ | ચિરાયેલો પડદો | |
| ૨૮ | નિર્મળા | |
| ૨૯ | યોનેકો | |
| ૩૦ | અને કમાની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |

27BGP2